सम्यग्-दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः ।

# શ્રી
# નવતત્ત્વ પ્રકરણ
# સાર્થ

અર્થ, વિવેચન, યંત્રાદિ સહિત

: પ્રકાશક :

(સદ્ગત શેઠશ્રી વેણીચંદ સુરચંદ સંસ્થાપિત)

**શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા**

અને

**શ્રી જૈન શ્રેયસ્કર મંડળ - મહેસાણા**

કિંમત રૂા. ૩૬=૦૦

છાપેલી કિંમતથી વધારે કિંમત લેવી નહિ.

सम्यग्-दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः ।

॥ नमो अरिहंताणं ॥

# શ્રી નવતત્ત્વ પ્રકરણ
# સાર્થ

## અર્થ, વિવેચન, યંત્રાદિ સહિત




: પ્રકાશક :

(સદ્ગત શેઠશ્રી વેણીચંદ સુરચંદ સંસ્થાપિત)

**શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા**

અને

**શ્રી જૈન શ્રેયસ્કર મંડળ - મહેસાણા**

વીર સં. ૨૫૩૨ ઈ.સ. ૨૦૦૬ વિ.સં. ૨૦૬૨

આવૃત્તિ : ૧૦મી નકલ : ૫,૦૦૦

**કિંમત રૂા. ૩૬=૦૦**

છાપેલી કિંમતથી વધારે કિંમત લેવી નહિ.

## સંબંધ

આ જગત્ ઘણા જ ચિત્ર-વિચિત્ર બનાવોવાળું જે રીતે છે, તે રીતે જો કે જ્ઞાની પુરુષોએ તેને પૂરેપૂરૂં જોયું છે – જાણ્યું છે.

છતાં તેનું પૂરેપૂરૂં વર્ણન આજસુધીમાં કોઈ કરી શક્યું નથી, હાલમાં કોઈ કરી શકતું નથી, અને ભવિષ્યમાં કોઈ કરી શકશે નહીં.

તોપણ, સર્વજ્ઞ શ્રી વીતરાગ પ્રભુઓએ ઉપદેશેલા અને શ્રી ગણધર ભગવંતોએ રચેલાં શ્રી જૈન શાસ્ત્રોમાં જુદી જુદી અનેક દષ્ટિઓથી જગત્નાં જુદાં જુદાં મૂળતત્ત્વો, તેનો વિસ્તાર, અને એકંદર જગત્ની તમામ ઘટનાઓનો ખ્યાલ આપવા પ્રયત્ન કરવામાં આવ્યો છે.

તેમાંની એક દષ્ટિ એ છે કે જેનાં "મોક્ષમાર્ગ, આધ્યાત્મિક જીવન, આત્માના વિકાસનો માર્ગ, આત્મકલ્યાણનો રસ્તો" વગેરે નામો છે.

તે દષ્ટિથી પણ આખું જગત્ મૂળ નવતત્ત્વોમાં સમાવેશ પામી જાય છે જેનો વિસ્તાર જૈન શાસ્ત્રોમાં ઘણો જ સમજાવ્યો છે.

પરંતુ સાધારણ બુદ્ધિના બાળ જીવોને તેમાં બરાબર સમજણ ન પડી શકે માટે પૂર્વના કોઈ ઉપકારી આચાર્ય મહારાજાએ આપણા માટે આ સરળ નાનકડું પ્રકરણ રચી આપેલું છે.

મહેસાણા જુન ૨૦૦૬ | ડૉ. મફતલાલ જે. શાહ
સંવત : ૨૦૬૨ અસાડ | ઓનરરી સેક્રેટરી

© સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન

**પ્રાપ્તિસ્થાનો**

| શ્રી જૈન શ્રેયસ્કર મંડળ | શ્રી જૈન શ્રેયસ્કર મંડળ |
|---|---|
| સ્ટેશન રોડ | ઠે. બાબુ બિલ્ડીંગ |
| મહેસાણા-૩૮૪૦૦૧ | પાલીતાણા-૩૬૪૨૭૦ |

: મુદ્રક :

**ભરત પ્રિન્ટરી**

કાન્તિલાલ ડી. શાહ

ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રીલીફ રોડ, અમદાવાદ-૧.

ફોન : ૨૨૧૬૪૭૯૮

# પ્રસ્તાવના

સિનોર નિવાસી માસ્તર ચંદુલાલ નાનચંદ પાસે ખાસ લખાવેલા નવતત્ત્વ પ્રકરણના વિસ્તરાર્થના કેટલાક સુધારા-વધારા સાથેની બહાર પડેલી છઠ્ઠી આવૃત્તિ ઉપરથી નવમી આવૃત્તિ ખલાસ થવાથી તે ઉપરથી આ દશમી આવૃત્તિ બહાર પાડવામાં આવે છે તે સંક્ષેપ કે વિસ્તારથી નવતત્ત્વનું રહસ્ય સમજવા માટે આ પુસ્તક લોકપ્રિય થતું જાય છે, એ સ્પષ્ટપણે સમજી શકાય છે.

## નવતત્ત્વો

આ ચિત્ર-વિચિત્ર ઘટનાઓથી ભરપૂર સંસાર અને જગત્‌ની ગોઠવણ તથા રચના કેવા પ્રકારની છે ? એ એક અદ્ભુત કોયડો ઉકેલવાને અનેક બુદ્ધિશાળી મહાત્મા પુરુષોએ જિંદગીની જિંદગી અર્પણ કરીને પ્રયત્ન કર્યો છે.

ભારતના પ્રાચીન દર્શનકારોએ તે કોયડાનો જુદી જુદી રીતે ઉકેલ કરવા પ્રયત્નો કરેલ છે. તેમજ જૈનદર્શનના પ્રણેતા મહાન્ મહાન્ તીર્થંકરોએ પણ તેનો ઉકેલ કર્યો છે.

ભારતના પ્રાચીન દર્શનકારોએ જગત્‌નો અને જીવનનો કોયડો કેવી રીતે ઉકેલ્યો છે ? તે પ્રથમ વિચારીએ. પછી જૈનદર્શન વિષે જણાવીશું.

## ચાર્વાક દર્શન

૧. આ દર્શન એક જ વાત કરે છે કે—"આ જગત્‌માં પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ આ પાંચ ભૂતો જ જગત્‌નાં મૂળ તત્ત્વો છે. આત્મા, પુણ્ય, પાપ, પરલોક, એવું કાંઈ છે જ નહિ. ખાવું, પીવું, લહેર કરવી, એક બીજાના સ્વાર્થ જાળવવા, કરારોથી બંધાઈને મનુષ્યોએ રહેવું. પાંચ ભૂતોના સમૂહમાંથી મદિરામાંથી મદનશક્તિની જેમ પ્રાણીઓમાં પ્રાણચૈતન્ય-શક્તિ પ્રગટ થાય છે. અને તેઓના નાશ સાથે ચૈતન્યશક્તિનો પણ નાશ થાય છે.

"જે કાંઈ પ્રત્યક્ષ દેખાય છે, તે જ જગત્ છે, સ્વર્ગ, નરક વગેરે કાંઈ જ નથી. ધર્મ-અધર્મ કે ધાર્મિક ક્રિયાઓ જેવું કાંઈ નથી." આ દર્શનના સ્થાપનાર બૃહસ્પતિ કહેવાય છે. તેનું નામ **ચાર્વાક દર્શન-નાસ્તિક દર્શન** કહેવાય છે.

## ૧. વેદાંત દર્શન

ત્યારે વેદાન્ત દર્શન એમ કહે છે કે—"એ પાંચ ભૂતો વગેરે જે કાંઈ જગત્‌માં જોવામાં આવે છે, તે બધું એમ ને એમ મેળ વગરનું નથી. તે બધામાં બ્રહ્મ

નામનું એક મહત્ત્વનું તત્ત્વ છે, કે જેની સાથે આખું જગત્ સંકળાયેલું છે, એટલું જ નહીં, પણ ખરી રીતે બ્રહ્મ પોતે જ આપણને આ જગત્ સ્વરૂપે ભાસે છે, વાસ્તવિક રીતે બ્રહ્મ સિવાય કાંઈ જ નથી. જે કાંઈ ભાસે છે, તે સ્વપ્નની સૃષ્ટિની જેમ કેવળ જૂઠો ભાસમાત્ર છે. એ ભાસ ઊડી જાય, અને આત્મા અને જગત્ બધુંય કેવળ બ્રહ્મ રૂપે ભાસે એટલે બસ. એ જ મોક્ષ. બ્રહ્મ નિત્ય જ છે." આ દર્શનનાં બીજાં નામો-**ઉત્તર મીમાંસા** અને **અદ્વૈતવાદ** કહેવાય છે. આ દર્શનનું વલણ જગત્ના તમામ પદાર્થોના એકીકરણ તરફ છે.

## ૨. વૈશેષિક દર્શન

આ દર્શન કહે છે કે—"બધું બ્રહ્મમય જ છે, અને આ જે કાંઈ દેખાય છે તે કાંઈ જ નથી, એ તે વળી ગળે ઊતરતું હશે ? આ બધું જે કાંઈ દેખાય છે, તે ૬-૭ તત્ત્વમાં વહેંચાયેલ છે. દ્રવ્ય, ગુણ, ક્રિયા, સામાન્ય, વિશેષ, સમવાય, એ છ અથવા અભાવ સાથે સાત તત્ત્વોમાં વહેંચાયેલ છે. આમ નજરે દેખાતી વસ્તુઓ-તેના ભેદ-પ્રભેદ, તથા ચિત્ર-વિચિત્રતા અને અનેક જાતના પ્રત્યક્ષ અનુભવો એ સઘળું કાંઈ જ નથી, એમ કહેવાય ? માણસ ખાય છે, પીએ છે, વળી ભૂખ લાગે છે. એ બધું શું કાંઈ જ નહીં ? ના. એમ નહીં પણ બધુંય છે."

આ દર્શનના પ્રવર્તકનું નામ કણાદઋષિ કહેવાય છે. તેનું બીજું નામ **ઉલુક દર્શન** પણ છે. અને તેના છ પદાર્થોને હિસાબે **ષડુલુક્ય** નામ છે. તથા **પાશુપત** દર્શન પણ કહેવાય છે. આ દર્શન ઈશ્વરને જગત્કર્તા માને છે. આ દર્શનનું વલણ જગત્નું પૃથક્કરણ કરવા તરફ છે.

## ૩. ન્યાય દર્શન

૧. પ્રમાણ (પ્રમાણ રૂપ જ્ઞાનનું કારણ)
૨. પ્રમેય (પ્રમાણથી જાણવા યોગ્ય)
૩. સંશય (સંદેહ-અનિશ્ચિત જ્ઞાન)
૪. પ્રયોજન (સાબિત કરવા યોગ્ય)
૫. દૃષ્ટાંત (બન્નેયને કબૂલ દાખલો)
૬. સિદ્ધાન્ત (બન્નેયને કબૂલ નિર્ણય)
૭. અવયવ (પરાર્થ અનુમાનનાં અંગો)
૮. તર્ક (નિર્ણય માટે ચિંતન)
૯. નિર્ણય (નિશ્ચય)

૧૦. વાદ (વાદી-પ્રતિવાદીની ચર્ચા)
૧૧. જલ્પ (વાદીને જીતવા પ્રપંચભરી વાણી)
૧૨. વિતંડા (સામા પક્ષના દૂષણ જ કાઢવા)
૧૩. હેત્વાભાસ (ખોટા હેતુઓ)
૧૪. છળ (ઊંધો અર્થ કરી હરાવવાનો પ્રયત્ન)
૧૫. જાતિ (નિર્દોષ હેતુને સદોષ બતાવવો)
૧૬. નિગ્રહસ્થાન (ખંડન યોગ્યવાદીની ગફલત ભૂલ)

એ સોળ પદાર્થોના જ્ઞાનથી તત્ત્વજ્ઞાન થાય છે. અને તત્ત્વજ્ઞાન થવાથી મોક્ષ મળે છે. આ દર્શન પણ "ઈશ્વર જગત્ કર્તા છે, અનંત આત્માઓ સર્વ વ્યાપક છે. આત્મામાં જ્ઞાન ઉત્પન્ન થતું બંધ પડે, તે મોક્ષ" માને છે.

આ દર્શનના પ્રણેતા **ગૌતમ** ગોત્રીય **અક્ષપાદ** ઋષિ છે.

વૈશેષિક દર્શન અને આ દર્શન લગભગ મળતા આવે છે. વૈશેષિકનાં દ્રવ્યો વગેરેનો સમાવેશ **પ્રમેય**ના વિભાગોમાં આ દર્શન કરે છે. ત્યારે આત્મદ્રવ્યના જ્ઞાન ગુણના ભેદોમાં ઉપરના ૧૬ પદાર્થોનો સમાવેશ વૈશેષિક દર્શન કરે છે. આ દર્શનનું મુખ્ય વલણ તર્કશાસ્ત્રનું વિજ્ઞાન રજૂ કરવા તરફ છે.

## ૪. જૈમિનીય દર્શન

આ દર્શન કહે છે કે–"કોઈની રચના અગર (અપૌરુષેય)પ્રમાણ-ભૂત વેદોમાં જે યજ્ઞાદિ ક્રિયાઓ બતાવેલ છે, તે પ્રમાણે વર્તવું, એ જ જીવનનો સાર છે. વેદોમાં પરસ્પરવિરોધી વાતો જણાય છે. તે ખરી રીતે વિરોધી નથી. માત્ર તેના અર્થો અને આશયો બરાબર સમજવા પ્રયત્ન કરવામાં આવે, તો તેની દરેક વાતો સંગત છે."

એમ કહી, તેઓ વેદોનું પ્રામાણ્ય સિદ્ધ કરવાને માટે અનેક યુક્તિપ્રયુક્તિ સમજાવે છે. અને યજ્ઞાદિ ક્રિયાઓ ઉપર જ ખાસ ભાર મૂકે છે. સર્વજ્ઞપણું તેમજ ઈશ્વરકર્તૃત્વને આ દર્શનવાળા માનતા નથી. આનું બીજું નામ પૂર્વ **મીમાંસા** દર્શન કહેવાય છે. તેના પ્રણેતા **જૈમિનિ** મુનિ છે. આ દર્શનનું વલણ શાસ્ત્ર પ્રમાણના વિજ્ઞાનને ખૂબ મજબૂત રીતે ખીલવવા તરફ જણાય છે. **મીમાંસક**-ઊંડો વિચાર કરનાર.

## ૫. સાંખ્ય દર્શન

આ દર્શનકારો પચીસ તત્ત્વો માને છે. "પુરુષમાંથી સત્ત્વ, રજસ્ અને

તમસ્: એ ત્રણ ગુણમય પ્રકૃતિ ઉત્પન્ન થાય છે. પ્રકૃતિમાંથી મહત્તત્ત્વ એટલે બુદ્ધિતત્ત્વ ઉત્પન્ન થાય છે. તેમાંથી અહંપણારૂપ અહંકાર ઉત્પન્ન થાય છે.

**અહંકારમાંથી ૫ જ્ઞાનેન્દ્રિય** (સ્પર્શના, રસના, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર, એ ૫ કર્મેન્દ્રિય (પાયુ-ગુદા, ઉપસ્થ-સ્ત્રી-પુરુષ ચિહ્ન, મુખ, હાથ, પગ) મન, અને ૫ તન્માત્રા (વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, શબ્દ) ઉત્પન્ન થાય છે. પાંચ તન્માત્રામાંથી ૫. ભૂત (પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, આકાશ) ઉત્પન્ન થાય છે.

પુરુષ ચૈતન્યમય છે. પ્રકૃતિ કાંઈક ચૈતન્યમય અને કાંઈક જડરૂપ છે. પ્રકૃતિ અને પુરુષની ગડમથલ એ જ જગત્ અને બંનેના જુદાપણાનું ભાન, તે મોક્ષ. આત્મા સર્વવ્યાપી, નિર્ગુણ, સૂક્ષ્મ અને ચૈતન્યરૂપ છે, પણ જ્ઞાનયુક્ત નથી. કારણ કે બુદ્ધિતત્ત્વ તો પ્રકૃતિમાંથી ઉત્પન્ન થાય છે. બંધ, મોક્ષ પ્રકૃતિનો સ્વભાવ છે, પુરુષનો નથી." સાંખ્યો ઈશ્વરકર્તૃત્વ માનતા નથી. આ દર્શનના પ્રણેતા કપિલ મુનિ કહેવાય છે. આ દર્શનનું વલણ જડ-ચેતનરૂપ જગત્‌ની ઊથલ-પાથલનું એકધારૂં ધોરણ સમજાવી, એકીકરણ અને પૃથક્કરણનો ક્રમ સમજાવવા તરફ છે.

## ૬. યોગદર્શન

આ દર્શન "યોગવિદ્યાની અનેક જાતની પ્રક્રિયાના સેવનથી કૈવલ્ય પ્રાપ્ત થઈ મોક્ષ મળે છે." એમ કહી યોગવિદ્યાની અનેક પ્રકારની પ્રક્રિયા સમજાવે છે. આત્માનું ચૈતન્ય સ્વીકારે છે. ઈશ્વરકર્તૃત્વ માને છે. અને લગભગ સાંખ્ય દર્શનનાં તત્ત્વો સ્વીકારે છે. માટે તે સાંખ્ય દર્શનમાં અન્તર્ગત ગણાય છે.

ચાર્વાક પછી બતાવેલા આ છ દર્શનો વેદ અને ઉપનિષદો વગેરે વૈદિક સાહિત્યને અનુસરનારા છે. ચાર્વાક, બૌદ્ધ અને જૈન એ ત્રણેય દર્શનો અવૈદિક અને સ્વતંત્ર દર્શનો છે.

છ દર્શનની સંખ્યા બે રીતે પૂરી કરવામાં આવે છે.

૧. "(૧) સાંખ્ય, (૨) યોગ, (૩) પૂર્વ મીમાંસા, (૪) ઉત્તર મીમાંસા, (૫) ન્યાય, (૬) વૈશેષિક" એ છ વૈદિક દર્શનો અથવા

(૧) જૈન, (૨) સાંખ્ય(યોગ), (૩) મીમાંસા (પૂર્વ અને ઉત્તર). (૪) ન્યાય (ન્યાય અને વૈશેષિક), (૫) બૌદ્ધ, (૬) ચાર્વાકઃ આ રીતે પણ છ દર્શનોની ગણતરી છે.

ચાર્વાક સિવાય બધાં દર્શનો આસ્તિક છે. જૈનદર્શન તત્ત્વજ્ઞાન રૂપ છે, અને બીજાં દરેક દર્શનો એક એક વિજ્ઞાનરૂપ છે.

## બૌદ્ધ દર્શન

**૧. ૫ સંસારી સ્કંધો=૧લું દુઃખ તત્ત્વ.**

| | | |
|---|---|---|
| (૧) વિજ્ઞાન | (૨) વેદના | |
| (૩) સંજ્ઞા | (૪) સંસ્કાર | (૫) રૂપ |

**૨. ૫ દૂષણો=૨જું સમુદય તત્ત્વ**

| | | |
|---|---|---|
| (૧) રાગ | (૨) દ્વેષ | |
| (૩) મોહ | (૪) ઈર્ષ્યા | (૫) કષાય |

૩. પાંચ સ્કંધોના ક્ષણવિનાશીપણાની ભાવના=વાસના, ૩ જું **માર્ગ તત્ત્વ.**

**૪. નિર્વિકલ્પ દશા. ૪થું મોક્ષ તત્ત્વ.**

બૌદ્ધદર્શન-"મોક્ષ શૂન્યરૂપ છે. દરેક વસ્તુ ક્ષણવિનાશી છે. આત્મા, પરમાણુ દિશા, કાળ, ઈશ્વર વગેરે નથી" એમ માને છે.

પાંચ સ્કંધો ક્ષણવિનાશી છે. આ ચાર આર્ય સત્યો કહેવાય છે. ૫ ઇન્દ્રિયો, ૫ વિષયો, મન, અને ૧ ધર્મ એ ૧૨ આયતનને પણ તત્ત્વ માને છે.

બૌદ્ધ દર્શનનું વલણ માત્ર વૈરાગ્ય તરફ મુખ્યપણે જણાય છે. છતાં મધ્યમ માર્ગના ઉપદેશને લીધે એ ધર્મ તરફ સરળતા, સગવડો અને કઠોરતા વગરની તપશ્ચર્યાને લીધે જૈનસમાજ વધારે ખેંચાયો હતો. જૈનોની બાર ભાવનાઓમાં આ તત્ત્વોનો લગભગ સમાવેશ થઈ જાય છે.

### ૧. જૈનદર્શન

૧. **નામો**—આ દર્શનનાં **આર્હત દર્શન, જૈનદર્શન, સ્યાદ્વાદ સિદ્ધાન્ત, અનેકાન્તદર્શન** વગેરે અનેક નામો છે.

૨. **પ્રણેતા**—આ દર્શનના પ્રણેતા રાગ-દ્વેષ રહિત સર્વજ્ઞ-કેવળી તીર્થંકરો જ હોઈ શકે છે.

**૩. જગત્ સ્વરૂપ નિરૂપણ—**

આ દર્શનના જગત્ના સ્વરૂપનું અનેક જુદાં જુદાં દૃષ્ટિબિંદુઓથી નિરૂપણ કરે છે.

૧. પદાર્થ વિજ્ઞાનની દૃષ્ટિથી, ધાર્મિક જીવનની દૃષ્ટિથી, વિકાસવાદની

દૃષ્ટિથી, પ્રાકૃતિક સ્વરૂપની દૃષ્ટિથી, મૂળ પદાર્થોની દૃષ્ટિથી, પદાર્થોના પેટા ધર્મોની દૃષ્ટિથી, જગત્‌ના એકીકરણની દૃષ્ટિથી, પૃથક્કરણની દૃષ્ટિથી, ન્યાય શાસ્ત્રની દૃષ્ટિથી, શબ્દ શાસ્ત્રની દૃષ્ટિથી, મોક્ષમાં ઉપયોગી-અનુપયોગીપણાની દૃષ્ટિથી, વ્યવહાર દૃષ્ટિથી, નિશ્ચય દૃષ્ટિથી, પ્રાણીજ સૃષ્ટિની દૃષ્ટિથી, જડસૃષ્ટિની દૃષ્ટિથી, નિત્યાનિત્યપણાની દૃષ્ટિથી, ભેદાભેદની દૃષ્ટિથી, કાળ પ્રવાહની દૃષ્ટિથી, સ્વભાવની દૃષ્ટિથી, ઇત્યાદિ અનેક દૃષ્ટિબિંદુઓથી આખા જગત્‌નું નિરૂપણ, સ્વતંત્ર અને એક બીજા ઉપર આધાર રાખતા અનેક પારિભાષિક શબ્દોથી સંપૂર્ણ કર્યું છે. આ દરેક દૃષ્ટિબિંદુઓને દાખલા-દલીલોથી સમજાવવા જતાં ઘણો જ વિસ્તાર થાય, એ સ્વાભાવિક છે. અને આ રીતે ભિન્ન ભિન્ન દૃષ્ટિબિંદુઓથી જગત્‌નું નિરૂપણ કરેલું હોવાથી જગત્‌ના બુદ્ધિશાળી પુરુષોએ બીજાં જે જે દૃષ્ટિબિંદુથી નિરૂપણ કર્યું હોય છે તે સર્વનો આમાં સમાવેશ મળી આવે છે. ત્યારે આમાંનાં જુદાં જુદાં અનેક દૃષ્ટિબિંદુઓ જુદાં જુદાં વિદ્વાનોના મતમાં મળી આવે છે. પરંતુ એક જ ઠેકાણે બધા મળી શકતા નથી ત્યારે અહીં સર્વ વિદ્વાનોના મતો સંગૃહીત મળી આવે છે. ઉપરાંત બીજાં ઘણાં તત્ત્વો મળે છે.

## દાખલા તરીકે :

૧. **પદાર્થવિજ્ઞાનની દૃષ્ટિથી**—આખું જગત્ છ દ્રવ્યમાં વહેંચાયેલું છે. તેના ગુણો, ધર્મો, ક્રિયાઓ, રૂપાંતરો વગેરેનો સમાવેશ એ છમાં કરી લીધો છે, જ્યારે વૈશેષિકો ૬-૭ પદાર્થોમાં કરે છે.

૨. **ધર્મનિરૂપણની દૃષ્ટિથી—સમ્યગ્દર્શન, સમ્યગ્ જ્ઞાન, સમ્યક્ચારિત્ર** એ ત્રણ તત્ત્વના નિરૂપણમાં આખા જગતનું નિરૂપણ તેના અનુકૂળ-પ્રતિકૂળપણા વગેરે રૂપે થઈ જાય છે.

૩. **વિકાસવાદની દૃષ્ટિથી**—૧૪ ગુણસ્થાનકમાં આખા જગત્‌નું નિરૂપણ કરી શકાય છે, તેમાં અવાંતરપણે લોક-અલોક અને જડનું સ્વરૂપ પણ વિચારવું પડે છે.

૪. **પ્રાકૃતિક સ્વરૂપની દૃષ્ટિથી—દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને** ભાવની દૃષ્ટિથી લોક અને અલોકનું સંપૂર્ણ સ્વરૂપ વિચારી શકાય છે.

૫. **મૂળ પદની દૃષ્ટિથી—દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિથી** આખા જગત્‌નું સ્વરૂપ વિચારી શકાય છે. અહીં નિત્યવાદની દૃષ્ટિથી પણ વિચારી શકાય છે.

૬. **પદાર્થોના પેટા ધર્મની દષ્ટિથી**—એટલે પર્યાયાર્થિક નયની દષ્ટિથી પણ આખા જગત્નું સ્વરૂપ વિચારી શકાય છે. અહીં અનિત્યવાદની દષ્ટિથી પણ વિચારી શકાય છે.

૭. **એકીકરણની દષ્ટિથી**—આખું જગત્ છ દ્રવ્યમય છે. તે દ્રવ્યમાં પણ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યરૂપ ત્રણ ધર્મ છે. એટલે જગત્ એ ત્રણ ધર્મમય છે. અને તે ત્રણેયમાં **સત્** એક જ ધર્મ રહેલો છે એટલે કે જગત્ સત્રૂપ છે, એમ જૈનદષ્ટિથી કહી શકાય. જેને વેદાંતીઓ બ્રહ્મ કહે છે. આ સત્ દરેક પદાર્થમાં ત્રિકાલવ્યાપી છે અને આખું જગત્ તન્મય છે. તે સત્ની જ સમગ્ર ઊથલપાથલ-લીલા એ જ જગત્ છે માટે સત્ નામનો ધર્મ ઘણો જ મહાન્ અને સર્વથી વિશેષ ઉચ્ચ અને શક્તિશાળી છે, જેથી તેને "ઈશ્વર" કહેવું હોય, તો જૈન દષ્ટિથી વાંધો નથી અને તે આખા જગત્માં ત્રિકાળમાં એક જ સત્ ધર્મરૂપ (ઈશ્વર) સર્વ પદાર્થમાં વ્યાપક છે, અને તે નિત્ય છે.

उत्पादव्ययध्रौव्ययुक्तं सत्. તત્ત્વાર્થ અધ્યાય ૫ મો

૮. **પૃથક્કરણની દષ્ટિથી**—વળી તે સત્ ત્રણ રૂપે છે—ઉત્પાદ, વ્યય, અને ધ્રૌવ્ય. જગત્માં એવો કોઈપણ પદાર્થ નથી કે જેમાં એ ત્રણ તત્ત્વો ન હોય. પુરાણીઓ કહે છે કે, બ્રહ્મા ઉત્પન્ન કરે છે, શિવ નાશ કરે છે, અને વિષ્ણુ સ્થિર રાખે છે. ઉપરનાં ત્રણ તત્ત્વો બાળજીવોને સમજાવવા કદાચ ત્રણ દેવનાં નામ આપ્યાં હોય તો જૈન દષ્ટિથી કોઈપણ એવો પદાર્થ નથી કે જેમાં બ્રહ્મા, વિષ્ણુ અને શિવ ન હોય એટલે દરેક પદાર્થમાં ઉત્પાદ, વ્યય, અને ધ્રૌવ્ય, દરેક વખતે એકીસાથે છે જ.

મારી વીંટીમાં સોનું ધ્રુવ છે, લગડીનો નાશ થયો, અને વીંટીની ઉત્પત્તિ થઈ છે. અત્યારે પણ સોનું કાયમ છતાં તેમાં અનેક અણુઓ ભળે છે, અને અનેક અણુઓ છૂટા પડે છે. તેને ઘસારો લાગે છે. તેમાંનાં રંગ અને ચમકમાં ફરક થાય છે વગેરે ઉત્પાદ-વ્યયો થયા જ કરે છે. પૃથક્કરણમાં વિશેષ આગળ વધીએ તો ધ્રૌવ્યમાં છ દ્રવ્યનો સમાવેશ, અને ઉત્પાદ-વિનાશમાં અનંત પર્યાયોનો સમાવેશ થાય છે. અહીં સાંખ્ય દર્શનનાં તત્ત્વોનો વિકાસ વિચારી શકાય છે.

**ન્યાયશાસ્ત્રની દષ્ટિથી**—સમ્યગ્દષ્ટિના તત્ત્વનિર્ણયની વ્યવસ્થામાં ન્યાય દર્શન સંગત થાય છે. એટલે કે જ્ઞાન અને અજ્ઞાનની વિચારણામાં સમગ્ર જૈન

પ્રમાણ શાસ્ત્ર અન્તર્ગત થઈ જાય છે. પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન; અને જ્ઞેયની દૃષ્ટિ પ્રમાણ-અપ્રમાણ તથા પ્રમેય વિભાગ સમજાય છે.

**વ્યાકરણીઓ**—શબ્દબ્રહ્મ અને પરબ્રહ્મનો વિભાગ પાડે છે ત્યારે જૈનદર્શન શબ્દનય અને અર્થનયની દૃષ્ટિથી આખા જગત્‌નું નિરૂપણ કરે છે. અભિલાપ્ય ભાવો અને અનભિલાપ્ય ભાવો વગેરે વિચાર એ દૃષ્ટિબિંદુ પૂરૂં પાડે છે.

**મોક્ષની દૃષ્ટિથી**—અધ્યાત્મ શાસ્ત્ર, સામાયિક ચારિત્ર, તથા છ આવશ્યકો મારફત મોક્ષનો માર્ગ સમજાવતાં આખા જગત્‌નું નિરૂપણ થાય છે. અથવા તે વાતને વધારે સરસ રીતે સમજાવવા નવતત્ત્વનું નિરૂપણ છે. તે પાછળથી સમજાવીશું.

**વ્યવહાર દૃષ્ટિથી**—સમાજ વ્યવસ્થાથી માંડીને ઠેઠ તીર્થંકર ભગવાન સુધીના વ્યવહારોની ઘટના વિચારતાં આખા જગત્‌નું પ્રાસંગિક વિવેચન થઈ જાય છે.

**જીવસૃષ્ટિની દૃષ્ટિથી**—પાંચ ભાવો યુક્ત જીવોનું વિવેચન કરતાં પણ આખા જગત્‌નું વિવેચન થઈ જાય છે.

આ રીતે આવાં ઘણાં જ દૃષ્ટિબિંદુઓથી જગત્‌નું નિરૂપણ વિગતવાર જૈન શાસ્ત્રોમાં મળે છે. છતાં મોક્ષ પ્રાપ્તિની દૃષ્ટિથી વિવેચન કરતાં નવતત્ત્વના વિવેચનથી આખા જગત્‌નું સ્વરૂપ બહુ જ સરળતાથી સમજાવ્યું છે.

તદ્દન સાદા અને આબાળ-ગોપાળને સુપરિચિત શબ્દોથી આખા જગત્‌નું નવતત્ત્વોમાં એકીકરણ કરી લીધું છે, જુઓ—

**જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, અને મોક્ષ.** આમાં કેટલી સાદાઈ અને સુપરિચિતતા જણાય છે ? જરાયે અટપટાપણું જ નહીં.

જીવ, અજીવ, પુણ્ય, પાપ, બંધ, મોક્ષ વગેરે શબ્દો તો તદ્દન પરિચિત જેવા જ છે. આસ્રવ, સંવર, નિર્જરા, એ ત્રણ શબ્દો કંઈક અપરિચિત જેવા લાગે છે. પણ તેના અર્થોનો ક્રમ બહુ જ સાદો છે. ચૈતન્યવાળા જીવતા પદાર્થોનો સમાવેશ જીવતત્ત્વમાં કર્યો છે. જડ ચીજોનો સમાવેશ અજીવતત્ત્વમાં કરવામાં આવ્યો છે. મોક્ષ એ જીવનનું અંતિમ સાધ્ય તત્ત્વ છે. બાકીનાં તત્ત્વો જડ-ચેતનના સંજોગ-વિજોગો ઉપર આધાર રાખનારા છે. પાપ-પુણ્ય તો જગત્‌માં સારાં કામ અને ખોટાં કામ તરીકે પ્રસિદ્ધ જ છે.

પાપ-પુણ્યનાં કર્મોનો અને આત્માનો સંબંધ તે બંધ છે કે જે મોક્ષમાં વિઘ્નકર્તા છે.

પાપ-પુણ્યના બંધનું કારણ આસ્રવતત્ત્વ છે અને તેઓના બંધને રોકનાર તે સંવરતત્ત્વ છે. મોક્ષ તરફ ધીરે ધીરે લઈ જનાર બંધ અને આસ્રવનું વિરોધી તથા સંવરમાં સહાયક નિર્જરાતત્ત્વ છે, જે પુણ્ય-પાપથી ધીમે ધીમે આત્માને છૂટો કરવામાં મદદ કરે છે. અંશથી છૂટા પડવું તે નિર્જરા અને એકદમ તદ્દન છૂટા પડવું તે મોક્ષતત્ત્વ. નિર્જરાતત્ત્વ મોક્ષના જ અંગ તરીકે છે.

આમ ઘણી જ સાદી રીતે નવતત્ત્વોની વ્યવસ્થા બતાવીને તેના વિવેચનમાં આખા જગત્નું સંપૂર્ણ વિવેચન કેવી રીતે કરે છે, જે આ ગ્રંથનો અભ્યાસ કરવાથી બરાબર સમજાશે.

બીજાં દર્શનો સાથે જૈનદર્શનની તુલના કરતાં ઘણો વિસ્તાર થઈ જાય તેમ છે. ટૂંકમાં દરેક દર્શનની વિચાર પદ્ધતિ જુદાં જુદાં રૂપમાં જૈનદર્શનમાં વિગતવાર મળે છે. તે ઉપરાંતનાં અનેક દષ્ટિબિંદુઓથી જગત્નો વિચાર મળે છે જેથી એક જૈનેતર વિદ્વાને કહ્યું છે કે—

"જૈનદર્શન ખાસ ખાસ બાબતોમાં બૌદ્ધ, ચાર્વાક, વેદાંત, સાંખ્ય, પાતંજલ, ન્યાય અને વૈશેષિકને મળતું હોય એમ દેખાય છે, પરંતુ એ એક સ્વતંત્ર દર્શન છે, એ પોતાની ઉન્નતિ કે ઉત્કર્ષ માટે કોઈનું પણ દેવાદાર નથી. એના બહુવિધ, તત્ત્વોના વિષયમાં એ સંપૂર્ણ, અને સ્વતંત્ર વ્યક્તિત્વવાળું છે."

**તે બરાબર છે.**

આ પ્રમાણે આ ગ્રંથ જૈનદર્શનના બંધારણનો મૂળ પાયો સંક્ષેપમાં સમજવાને ઘણો જ ઉપયોગી છે. એટલું જ નહીં પણ તે જૈનદર્શનનું બંધારણ સમજાવીને જીવનમાં ઉપયોગી યોગ્ય માર્ગો સમજાવે છે, કર્તવ્યાકર્તવ્યની દિશા ચોક્કસ પદ્ધતિસર બતાવી મહાન ઉપકાર કરે છે માટે આ નવતત્ત્વો જ જગત્ના સત્ય તત્ત્વો તરીકે, અને જીવનના ઉત્કર્ષ માટે ખરેખરા માર્ગદર્શક તરીકે છે. એમ બંનેય ગુણ આ નવતત્ત્વની વિવેચન-પદ્ધતિમાં છે. બીજી વિવેચન પદ્ધતિમાં કાં તો જગત્નું સ્વરૂપ હોય છે, અને કાં તો જીવનમાર્ગ હોય છે. પરંતુ આમાં તો બંનેય હોવાથી જ તેનું નામ તત્ત્વ કહેવામાં આવેલ છે.

માટે આ નવતત્ત્વ મહત્ત્વની વસ્તુ છે, એવી સ્પષ્ટ સમજવાળી કે અસ્પષ્ટ સમજવાળી શ્રદ્ધાને સમ્યક્ત્વ કહ્યું છે તે બરાબર છે. અને આવા સમ્યક્ત્વના સ્પર્શ પછી જીવ કર્તવ્ય તરફ અભિમુખ થવાથી અવશ્ય થોડા વખતમાં મોક્ષના

સુખ સુધી પહોંચી જાય છે, એ સ્વાભાવિક છે માટે જ જેને સમ્યક્ત્વ સ્પર્શે તેને અર્ધ પુદ્ગલ પરાવર્ત સંસાર બાકી રહે છે, તે યુક્તિ સંગત છે. આ પ્રકારે આ નવતત્ત્વનું મહત્ત્વ છે.

આ ગ્રંથની આ દશમી આવૃત્તિ છે. શુદ્ધિ ઉપર પુરતું લક્ષ આપવામાં આવ્યું છે. છતાં દૃષ્ટિ દોષથી કે મુદ્રણ દોષથી કોઈ અશુદ્ધિઓ રહી જવા પામી હોય તે સુજ્ઞ પુરુષોએ સુધારી લેવી અને અમને જણાવવા વિનંતિ.

**આ ગ્રંથની ભણાવવાની નીચે પ્રમાણે પદ્ધતિ રાખવાથી ઠીક રહેશે.**

૧. મૂળગાથા મોઢે કર્યા પછી તેની ગાથાઓનો જ સળંગ અર્થ આપેલ છે, તે એક નોટમાં ઉતારી લઈ બરાબર મોઢે કરી લેવા જોઈએ.

૨. પછી દરેક તત્ત્વોની ગાથામાં આવતી હકીકતના છૂટા બોલો મોઢે કરી લેવા.

૩. પછી વિવેચનમાં આગળ વધવું અને પછી નીચે ટિપ્પણમાં આવેલી હકીકતો પણ તૈયાર કરી લેવી.

૪. ગાથાર્થ બરાબર આવડતા હોય, અને વિશેષ શક્તિ હોય, તેણે શબ્દાર્થો પણ કરવા અને ગાથાર્થ સાથે મેળવી લેવા.

૫. પુનરાવર્તનથી વિષય યાદ રાખી, ચર્ચા અને મનનથી ગ્રંથનું પરિશીલન કરવાથી ઉત્તરોત્તર ઘણો જ આનંદ આવશે.

૬. છ દ્રવ્યના એક સંજોગે છ, બે સંજોગે પંદર, ત્રણ સંજોગે વીસ, ચાર સંજોગે પંદર, પાંચ સંજોગે છ, અને છ સંજોગે એક એમ ૬૩ ભાંગા થાય છે, તે દરેક ભાંગા ઉપર ૧૪ મી ગાથામાં બતાવેલ ૨૩ દ્વારો સાધર્મ્ય, વૈધર્મ્ય અને સંભવિત વિકલ્પો ઘટાવી જોવાથી છ દ્રવ્યનું વિશેષ જ્ઞાન થઈ શકશે.

૭. એવી જ રીતે પંદર સિદ્ધના ભેદોને ઉપર અને બાજુમાં લખીને સંભવતા ભેદોનું તારણ કાઢી શકાશે. દાખલા તરીકે—જિન સિદ્ધ ઉપર ૧૫ માંથી જિન, તીર્થ, સ્વલિંગ, પુરુષ, સ્ત્રી, સ્વયંબુદ્ધ એક, અનેક એ પ્રકાર સંભવી શકે. એ પ્રમાણે યંત્ર કરીને વિદ્યાર્થીઓને સમજાવવાથી સરળતા થશે.

**- પ્રકાશક**

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | | | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૧. | નવતત્ત્વોનાં નામ (ગાથા ૧ લી) | – | – | ૧૫ |
| ૨. | નવતત્ત્વોના પેટા ભેદો (ગાથા ૨ જી) | – | – | ૨૨ |
| | **૧. જીવતત્ત્વ** | – | – | ૨૪ |
| ૧. | સંસારી જીવોના જુદી જુદી અપેક્ષાએ ભેદો (ગાથા ૩ જી) | | – | ૨૫ |
| ૨. | સંસારી જીવોના ૧૪ ભેદો (ગાથા ૪ થી) | – | – | ૨૬ |
| ૩. | જીવનું લક્ષણ (ગાથા ૫ મી) | – | – | ૨૯ |
| ૪. | સંસારી જીવોની છ પર્યાપ્તિઓ (ગાથા ૬ ઠ્ઠી) | – | – | ૩૫ |
| ૫. | દશ પ્રાણ (જીવનક્રિયાઓ) (ગાથા ૭ મી) | – | – | ૪૩ |
| | **૨. અજીવતત્ત્વ** | – | – | ૪૮ |
| ૧. | અજીવતત્ત્વના ૧૪ ભેદો (ગાથા ૮ મી) | – | – | ૪૮ |
| ૨. | પાંચ અજીવો અને તેના સ્વભાવ (ગાથા ૯-૧૦ મી) | | – | ૫૦ |
| ૩. | પુદ્ગલોનું લક્ષણ (ગાથા ૧૧ મી) | – | – | ૫૪ |
| ૪. | કાળનું સ્વરૂપ (ગાથા ૧૨ મી) | – | – | ૫૭ |
| ૫. | વ્યવહારમાં ઉપયોગી કાળ (ગાથા ૧૩ મી) | – | – | ૫૮ |
| ૬. | છ દ્રવ્યોનો વિચાર (ગાથા ૧૪) | – | – | ૬૪ |
| | **૩. પુણ્યતત્ત્વ** | – | – | ૬૯ |
| ૧. | ૪૨ ભેદો (ગાથા ૧૫-૧૬ મી) | – | – | ૭૦ |
| ૨. | ૧૦ ત્રસ દશક (ગાથા ૧૭ મી) | – | – | ૭૪ |
| | **૪. પાપતત્ત્વ** | – | – | ૭૫ |
| ૧. | ૮૨ ભેદો (ગાથા ૧૮-૧૯-૨૦ મી) | – | – | ૭૫ |
| | **૫. આશ્રવતત્ત્વ** | – | – | ૮૧ |
| ૧. | ૪૨ ભેદો (ગાથા ૨૧ મી) | – | – | ૮૧ |
| ૨. | ૨૫ ક્રિયાઓ (ગાથા ૨૨-૨૩-૨૪ મી) | – | – | ૮૩ |
| | **૬. સંવરતત્ત્વ** | | | |
| ૧. | ૫૭ ભેદો (ગાથા ૨૫ મી) | – | – | ૯૦ |
| ૨. | ૫ સમિતિઓ, ૩ ગુપ્તિઓ (ગાથા ૨૬ મી) | – | – | ૯૧ |
| ૩. | ૨૨ પરિષહો (ગાથા ૨૭-૨૮ મી) | – | – | ૯૪ |

| ક્રમ | વિષય | | | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૪. | ૧૦ યતિ ધર્મો (ગાથા ૨૯ મી) | – | – | ૯૯ |
| ૫. | ૧૨ ભાવના (ગાથા ૩૦-૩૧ મી) | – | – | ૧૦૧ |
| ૬. | ૫ ચારિત્ર (ગાથા ૩૨-૩૩ મી) | – | – | ૧૦૫ |
| | **૭. નિર્જરાતત્ત્વ** | – | – | **૧૧૨** |
| ૧. | નિર્જરાના તથા બંધના ભેદો (ગાથા ૩૪ મી) | – | – | ૧૧૨ |
| ૨. | છ પ્રકારનો બાહ્ય તપ (ગાથા ૩૫ મી) | – | – | ૧૧૩ |
| ૩. | છ પ્રકારનો અભ્યન્તર તપ (ગાથા ૩૬ મી) | – | – | ૧૧૫ |
| | **૮. બંધતત્ત્વ** | – | – | **૧૨૦** |
| ૧. | ૪ બંધની વ્યાખ્યા (ગાથા ૩૭ મી) | – | – | ૧૨૦ |
| ૨. | ૮ કર્મોના સ્વભાવ (ગાથા ૩૮ મી) | – | – | ૧૨૪ |
| ૩. | ૮ મૂળ અને ૧૫૮ ઉત્તર પ્રકૃતિઓ (ગાથા ૩૯ મી) | | – | ૧૨૮ |
| ૪. | ઉત્કૃષ્ટ સ્થિતિબંધ (ગાથા ૪૦-૪૧ મી) | – | – | ૧૨૯ |
| ૫. | જઘન્ય સ્થિતિબંધ (ગાથા ૪૨ મી) | – | – | ૧૩૧ |
| | **૯. મોક્ષતત્ત્વ** | – | – | **૧૩૨** |
| ૧. | નવ અનુયોગદ્વાર (ગાથા ૪૩ મી) | – | – | ૧૩૨ |
| ૨. | સત્પદ પ્રરૂપણા (ગાથા ૪૪ મી) | – | – | ૧૩૪ |
| ૩. | ૧૪ મૂળ માર્ગણાઓ (ગાથા ૪૫ મી) | – | – | ૧૩૬ |
| ૪. | માર્ગણાઓમાં મોક્ષની પ્રરૂપણા (ગાથા ૪૬ મી) | – | – | ૧૪૨ |
| ૫. | દ્રવ્ય પ્રમાણ અને ક્ષેત્રઅનુયોગદ્વાર (ગાથા ૪૭ મી) | | – | ૧૪૪ |
| ૬. | સ્પર્શના, કાળ અને અંતરઅનુયોગદ્વાર (ગાથા ૪૮ મી) | | – | ૧૪૫ |
| ૭. | ભાગ અને ભાવઅનુયોગદ્વાર (ગાથા ૪૯ મી) | – | – | ૧૪૭ |
| ૮. | અલ્પ બહુત્વ દ્વાર અને સમાપ્તિ (ગાથા ૫૦ મી) | – | – | ૧૫૧ |
| ૯. | નવતત્ત્વો જાણવાનું ફળ (ગાથા ૫૧ મી) | – | – | ૧૫૩ |
| ૧૦. | સમ્યક્ત્વ એટલે શું ? (ગાથા ૫૨ મી) | – | – | ૧૫૪ |
| ૧૧. | સમ્યક્ત્વ મળવાથી થતો લાભ (ગાથા ૫૩ મી) | – | – | ૧૫૬ |
| ૧૨. | પુદ્ગલ પરાવર્ત્તન એટલે ? (ગાથા ૫૪ મી) | – | – | ૧૫૮ |
| ૧૩. | પ્રસંગે સિદ્ધના ૧૫ ભેદો (ગાથા ૫૫ મી) | – | – | ૧૬૦ |
| ૧૪. | પંદર ભેદોનાં દૃષ્ટાંતો (ગાથા ૫૬-૫૭-૫૮-૫૯ મી) | | – | ૧૬૪ |


**વિશેષાર્થ સંપૂર્ણ**

# नवतत्त्वोनां नामो

**जीवाऽजीवा पुण्णं पावाऽऽसवसंवरो य निज्जरणा ।**
**बन्धो मुक्खो य तहा, नव तत्ता हुंति नायव्वा ।।१।।**

।। आर्यावृत्तम्[1] ।।

**संस्कृत अनुवाद**

**जीवाऽजीवौ पुण्यं, पापास्रवौ संवरश्च निज्जरणा ।**
**बन्धो मोक्षश्च तथा नव तत्त्वानि भवन्ति ज्ञातव्यानि ।।१।।**

**शब्दार्थ**

जीव = જીવ
अजीवा = અજીવ
पुण्णं = પુણ્ય
पाव = પાપ
आसव = આશ્રવ
संवरो = સંવર
य = અને
निज्जरणा = નિર્જરા તત્ત્વ

बन्धो = બન્ધ
मुक्खो = મોક્ષ
य = વળી
तहा = તથા
हुंति = છે
नायव्वा = જાણવા યોગ્ય
नवतत्ता = નવ તત્ત્વો

**અન્વય અને પદચ્છેદ**

**जीव अजीवा पुण्णं पाव आसव संवरो य निज्जरणा ।**
**तहा बन्धो य मुक्खो, नव तत्ता नायव्वा हुंति ।।१।।**

**ગાથાર્થ:**

જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર અને નિર્જરા, તથા બન્ધ, અને મોક્ષ : (એ) નવ તત્ત્વો જાણવા યોગ્ય છે. ।।૧।।

**વિશેષાર્થ:**

तत्त्व=तत्+त्व, तत् શબ્દ, અને त्व પ્રત્યય છે.

तत्=એટલે તે=આ આખું-લોક અને અલોક રૂપ જગત્.

तेनुं=એવા જગત્નું त्व=પણું, એટલે કે, એવા જગત્નું મૂળ, તે तत्त्व.

---

૧. નવતત્ત્વ પ્રકરણની ગાથાઓ આર્યાવૃત્ત છંદમાં છે.

અર્થાત્ આ જગત્માં જે કાંઈ જુદા-જુદા પદાર્થો દેખાય છે, અને દરેક પ્રાણીઓ જે રીતે જીવે છે તથા જે રીતે જીવવું જોઈએ, એ દરેકના મૂળ પદાર્થો તે તત્ત્વ કહેવાય છે.

દાખલા તરીકે :- આપણે જેટલા જીવતા જીવો જોઈએ છીએ તે બધાંનું મૂળ જીવતત્ત્વ છે, તે જ પ્રમાણે ઘડો, માટી, ઈંટ વગેરે જેટલી જડ વસ્તુઓ જોઈએ છીએ, તે બધાંનું મૂળ અજીવતત્ત્વ છે.

નવ તત્ત્વોના સામાન્ય અર્થ, દ્રવ્ય તથા ભાવથી તેનું સ્વરૂપ હેય, જ્ઞેય અને ઉપાદેય વિભાગો, જુદી જુદી રીતે સંખ્યા, જીવ અને અજીવ વિભાગ, રૂપી અને અરૂપી વિભાગ, વગેરે સમજાવવાને નીચે પ્રમાણે તેનો વિશેષ અર્થ બતાવ્યો છે.

## ૯ તત્ત્વોનો સામાન્ય અર્થ.

૧. जीवति-प्राणान् धारयतीति जीवः એટલે જે જીવે, અર્થાત્ પ્રાણોને ધારણ કરે તે जीव કહેવાય. અને લોકમાં તે મુખ્ય તત્ત્વ છે. તેથી જીવ એ તત્ત્વને जीवतत्त्व કહેવાય. પ્રાણોનું સ્વરૂપ આ પ્રકરણની જ પાંચમી તથા સાતમી ગાથામાં ભાવથી અને દ્રવ્યથી કહેશે. માટે તેવા ભાવપ્રાણોને અથવા દ્રવ્યપ્રાણોને જે ધારણ કરે તે जीव કહેવાય છે, અર્થાત્ જ્ઞાન, દર્શન આદિ ભાવ પ્રાણવંત અથવા ઇન્દ્રિય આદિ દ્રવ્ય પ્રાણવંત હોય, તે जीव કહેવાય.

એ જીવ વ્યવહાર નયે કરી શુભાશુભ કર્મોનો કર્ત્તા (કરનાર), શુભાશુભ કર્મોનો હર્ત્તા (નાશ કરનાર) તથા શુભાશુભ કર્મોનો ભોક્તા (ભોગવનાર) છે. કહ્યું પણ છે કે—

**यः कर्त्ता कर्मभेदानां, भोक्ता कर्मफलस्य च ।**
**संसर्त्ता परिनिर्वाता, स ह्यात्मा नान्यलक्षणः ॥**

[**અર્થ** :- જે કર્મોના ભેદોનો (એટલે ૧૫૮ પ્રકારનાં કર્મોનો) કર્ત્તા (ઉપાર્જન કરનાર) અથવા બાંધનાર છે, (એવાં બાંધેલાં) તે કર્મોના ફળનો ભોગવનાર છે, તથા તે કર્મોના ફળને અનુસરીને ચારે ગતિમાં સંચરનાર (ભ્રમણ કરનાર) છે, તેમ જ તે સર્વ કર્મોરૂપી અગ્નિનો બૂઝવનાર એટલે જે વિનાશ કરનાર (અને તેથી કર્મરહિત થઈ પરમાત્મપણું પ્રાપ્ત કરનાર-નિર્વાણ પામનાર) તે જ આત્મા (જીવ) છે, અને જીવનું એ જ લક્ષણ છે, પરંતુ બીજા લક્ષણવાળો જીવ નથી.] એ વ્યવહાર નય આશ્રયીને વાત કહી છે, નિશ્ચય નય આશ્રયીને તો જે જ્ઞાન, દર્શન, ચારિત્ર ઇત્યાદિ સ્વગુણોનો જ કર્ત્તા અને ભોક્તા છે, અથવા દુઃખ-સુખના ઉપભોગ-અનુભવવાળો તેમ જ જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગવાળો ઇત્યાદિ

ચૈતન્ય લક્ષણ યુક્ત હોય તે જીવ કહેવાય છે, અને તે કારણથી ચૈતન્ય અથવા ચૈતન્ય યુક્ત પદાર્થ તે જ जीवतत्त्व છે.

૨. તેથી વિપરીત સ્વભાવવાળું અથવા વિપરીત લક્ષણવાળું એટલે ચૈતન્ય લક્ષણ રહિત હોય, અને સુખ-દુ:ખનો અનુભવ જેને ન હોય તે જડ લક્ષણવાળું अजीवतत्त्व છે, જેમ આકાશ, સૂકું લાકડું-ઇત્યાદિ.

૩. જીવોને ઇષ્ટ સામગ્રી પ્રાપ્ત થાય છે તો પરમ આહ્લાદ પામે છે, તથા સુખ ભોગવે છે, તેનું જે મૂળ શુભકર્મનો બંધ તે પુણ્ય અને તે જ पुण्यतत्त्व કહેવાય છે. અથવા શુભ કર્મબંધના કારણભૂત શુભ ક્રિયારૂપ શુભ આશ્રવો તે પણ અપેક્ષાએ પુણ્યતત્ત્વ કહેવાય છે. જેને લીધે જીવ સુખસામગ્રી પામે તે પુણ્યતત્ત્વ. અહીં पुनाति એટલે (જીવને) પવિત્ર કરે તે पुण्य અથવા पुनाति शुभीकरोति-શુભ કરે તે पुण्य.

૪. પુણ્યતત્ત્વથી વિપરીત જે તત્ત્વ તે પાપ તત્ત્વ. અથવા અશુભ કર્મ તે पापतत्त्व. અથવા જેના વડે અશુભ કર્મનું ગ્રહણ થાય તેવી અશુભ ક્રિયા (ચોરી-જુગાર-દુર્ધ્યાન-હિંસા આદિક) તે पापतत्त्व. એ પાપના ઉદયથી જીવને પ્રતિકૂળ સામગ્રીઓ પ્રાપ્ત થાય છે, પરમ ઉદ્વેગ પામે છે, અને ઘણું દુ:ખ ભોગવે છે. पातयति नरकादिषु એટલે નરકાદિ દુર્ગતિમાં પાડે તે पाप, અથવા पांशयति-मलिनयति जीवमिति पापम् એટલે જીવને મલિન કરે તે पाप, અથવા पांशयति એટલે गुण्डयति અર્થાત્ આત્માને બાંધે-આવરે તે पाप કહેવાય.

અહીં પુણ્ય પાપની ચતુર્ભંગી (એટલે ચાર પ્રકાર) થાય છે, તે આ પ્રમાણે— (૧) પુણ્યાનુબંધી પુણ્ય, (૨) પુણ્યાનુબંધી પાપ, (૩) પાપાનુબંધી પુણ્ય અને (૪) પાપાનુબંધી પાપ.

ત્યાં જે પુણ્ય ભોગવતાં બીજું નવું પુણ્ય બંધાય તે १. पुण्यानुबन्धि पुण्य કહેવાય, એ પુણ્ય આર્યાવર્ત્ત દેશના, મહાધર્મી અને દાનેશ્વરી મહા-ઋદ્ધિવાળા જીવોને હોય છે, કારણ કે તેઓએ પૂર્વ ભવમાં એવું શુભ પુણ્ય ઉપાર્જન કર્યું છે કે આ ભવમાં તે પુણ્યને ભોગવતાં ભોગવતાં પણ બીજું તેવું પુણ્ય ઉપાર્જન કરી રહ્યા છે.

કેટલાએક ચંડકૌશિક નાગની માફક પ્રભુના ઉપદેશથી સમભાવમાં રહી દરમાં પડ્યા રહી લોકોએ પોતાની ઉપર નાંખેલ ઘી, દૂધથી કીડીઓ એકઠી થઈ તેને કરડવા લાગી છતાં તે પૂર્વભવનું પાપ એવી રીતે સહન કરીને ભોગવ્યું, કે જેથી તેને ઘણું પુણ્ય બંધાયું, અને તે નાગ મરીને સ્વર્ગે ગયો. આમ પાપ ભોગવતાં શુભ કરણી દ્વારા પુણ્ય ઉપાર્જન કરે તે ૨. पुण्यानुबन्धि पाप જાણવું.

જે પુણ્ય ભોગવતાં નવું પાપ બંધાય તે ३. पापानुबन्धि पुण्य જાણવું. તે વિશેષત: અનાર્ય દેશના મહર્દ્ધિકોને હોય છે. કારણ કે તેઓએ પૂર્વભવમાં જે પુણ્ય ઉપાર્જન

કર્યું હતું તે પુણ્યથી આ ભવમાં અનાર્ય દેશમાં મહા-ઋદ્ધિવાળા થયા. પરંતુ તે ઋદ્ધિનો ઉપયોગ કેવળ ભયંકર યુદ્ધો કરી રાજ્યોની વૃદ્ધિ કરી અનેક મોજશોખ કરી અનેક શિકાર વગેરેથી ઇન્દ્રિયોને પ્રાપ્ત કરી મહા-આરંભ-પરિગ્રહમાં રૌદ્ર પરિણામવાળા થયા થકા મહા પાપકર્મ ઉપાર્જન કરે છે, માટે તે पापानुबन्धि पुण्य છે.

જે પાપ ભોગવતાં બીજું નવું પણ પાપ જ બંધાય તે ૪. पापानुबन्धि पाप છે. આ દરિદ્રી એવા ધીવરોને (મચ્છીમારોને) તથા શિકારીઓ વગેરેને હોય છે.

૫. શુભ તથા અશુભ કર્મનું આવવું તે आश्रवतत्त्व. અથવા જે ક્રિયાઓ વડે શુભાશુભ કર્મ આવે તેવી ક્રિયાઓ પણ આશ્રવતત્ત્વ છે. જેમ સરોવરમાં દ્વારમાર્ગે વરસાદનું જળ પ્રવેશ કરે છે, તેમ જીવરૂપી સરોવરમાં પણ હિંસાદિ દ્વારમાર્ગે કર્મરૂપી વર્ષાજળ પ્રવેશ કરે છે.

અહીં आ એટલે समन्तात् અર્થાત્ સર્વ બાજુથી श्रव એટલે શ્રવવું-આવવું તે आश्रव કહેવાય. અથવા आश्रूयते उपादीयते (કર્મ) ગ્રહણ કરાય તે आश्रव (ઇતિ નવતત્ત્વભાષ્યમ્) અથવા आश्नाति-आदत्ते कर्म यैस्ते आश्रवाः એટલે જીવ જેના વડે કર્મ ગ્રહણ કરે તે आश्रव. અથવા आश्रीयते-उपार्ज्यते कर्म एभिरित्याश्रवाः એટલે જેના વડે કર્મ ઉપાર્જન કરાય તે आश्रव. અથવા आ એટલે સર્વ બાજુથી श्रवति क्षरति जलं सूक्ष्मरन्ध्रेषु यैस्ते आश्रवाः એટલે છિદ્રોમાં થઈને જળરૂપી કર્મ ઝરે-પ્રવેશ કરે તે आश्रव. જેમ નૌકામાં પડેલાં બારીક છિદ્રો દ્વારા જળનો પ્રવેશ થતાં નૌકાને સમુદ્રમાં ડુબાવે છે, તેમ હિંસાદિ છિદ્રો દ્વારા જીવરૂપી નૌકામાં કર્મરૂપી જળનો પ્રવેશ થવાથી જીવ સંસારરૂપી સમુદ્રમાં ડૂબે છે માટે કર્મનું આવવું તે આશ્રવ, તેમજ કર્મને આવવાના હિંસાદિ માર્ગો તે પણ આશ્રવ કહેવાય.

૬. આશ્રવનો જે નિરોધ તે संवरतत्त्व કહેવાય, અર્થાત્ આવતાં કર્મોનું રોકાણ એટલે કર્મો ન આવવા દેવાં તે સંવર. અથવા જેના વડે કર્મ રોકાય તે વ્રત-પ્રત્યાખ્યાન તથા સમિતિ-ગુપ્તિ વગેરે પણ संवर કહેવાય. संव्रियते कर्म कारणं प्राणातिपातादि निरुध्यते येन परिणामेन स संवरः એટલે કર્મ અને કર્મનું કારણ પ્રાણાતિપાત વગેરે જે આત્મપરિણામ વડે સંવરાય એટલે રોકાય તે संवर કહેવાય.

૭. નિર્જ્જરવું એટલે કર્મનું ખરવું, ઝરવું, સડવું, વિનાશ પામવું તે निर्ज्जरातत्त्व છે. અથવા જેનાં વડે કર્મોનું ખરવું, ઝરવું, સડવું, વિનાશ પામવું થાય તે તપશ્ચર્યા વગેરે પણ निर्ज्जरा કહેવાય. निर्ज्जरणं विशरणं परिशटनं निर्ज्जरा અર્થાત્ કર્મોનું વિખરવું અથવા કર્મોનો પરિશાટ-વિનાશ તે निर्जरा કહેવાય.

અહીં આગળ કહેવાતું મોક્ષતત્ત્વ અને આ નિર્જ્જરાતત્ત્વ બંને કર્મની નિર્જ્જરારૂપ છે. એથી બન્ને તત્ત્વોને ભિન્ન સમજવા[1] માટે અહીં કર્મનો દેશથી ક્ષય તે નિર્જ્જરા તત્ત્વ જાણવું અને કર્મનો સર્વથા ક્ષય તે મોક્ષતત્ત્વ એમ કહેવાશે.

૮. જીવ સાથે કર્મનો ક્ષીર-નીર સરખો (=દૂધમાં જળ સરખો) પરસ્પર સંબંધ થવો તે બંધતત્ત્વ.

૯. સર્વ કર્મોનો સર્વથા ક્ષય થવો તે મોક્ષતત્ત્વ. એ પ્રમાણે ૯ તત્ત્વોનો સામાન્ય અર્થ કહ્યો.

### દ્રવ્યથી અને ભાવથી નવ તત્ત્વો.

૧. દ્રવ્યપ્રાણ જે પાંચ ઇન્દ્રિય આદિ છે તે દ્રવ્યપ્રાણોને ધારણ કરવાની અપેક્ષાએ દ્રવ્ય જીવ[2]. અને જ્ઞાન-દર્શન આદિ ભાવપ્રાણોને ધારણ કરવાની અપેક્ષાએ ભાવજીવ છે. અથવા વિષય-કષાયાદિ અશુદ્ધ પરિણતિવાળો આત્મા તે દ્રવ્યઆત્મા[3], અને વિશુદ્ધ જ્ઞાન-દર્શનાદિ ગુણપરિણતિવાળો આત્મા તે ભાવઆત્મા કહેવાય. અથવા જીવદ્રવ્ય તે દ્રવ્યજીવ અને ૧૦ પ્રાણ તે [4]ભાવજીવ.

૨. પોતાની મુખ્ય અર્થક્રિયામાં પ્રવર્તતું ન હોય પરંતુ હવે પછી તે અર્થક્રિયામાં પ્રવર્તશે તેવું (કારણરૂપ) અજીવદ્રવ્ય તે દ્રવ્યઅજીવ, અને પોતાની મુખ્ય અર્થક્રિયામાં પ્રવર્તતું હોય તે ભાવથી અજીવ દ્રવ્ય છે. અથવા પુદ્ગલાદિ તે દ્રવ્ય અજીવ અને વર્ણાદિ પરિણામ તે ભાવઅજીવ.

૩. શુભ કર્મનાં પુદ્ગલો તે દ્રવ્યપુણ્ય, અથવા શુદ્ધ ઉપયોગ રહિત શુભ અનુષ્ઠાન-ધર્મક્રિયાઓ તે દ્રવ્યપુણ્ય અને તે શુભ કર્મ પુદ્ગલો બાંધવામાં કારણરૂપ જીવનો શુભ અધ્યવસાય (પરિણામ) તે ભાવપુણ્ય અથવા શુભ પરિણામયુક્ત ધર્મક્રિયા-અનુષ્ઠાન તે પણ ભાવપુણ્ય છે.

૪. જીવે પૂર્વે બાંધેલાં અથવા નવાં બંધાતાં અશુભ કર્મનાં પુદ્ગલો તે દ્રવ્યપાપ, અને તે દ્રવ્યપાપના કારણરૂપ જીવનો જે અશુભ અધ્યવસાય (પરિણામ) તે ભાવપાપ કહેવાય અથવા શુભ પરિણામવંત જયણાયુક્ત જીવોને પાપકર્મનો અનુબંધ નહિ

---

૧. દેશથી એટલે ધીરે ધીરે, અથવા અલ્પ, અથવા અમુક ભાગનો એવો અર્થ જાણવો. આગળ પણ દેશ અથવા દેશથી એ પારિભાષિક શબ્દ વારંવાર આવે ત્યાં એ ૩ અર્થમાંનો કોઈપણ ઘટતો અર્થ વિચારવો.

૨-૩. જૈન સિદ્ધાંતમાં દ્રવ્ય અને ભાવ નિક્ષેપાઓની ઘટના ભિન્ન ભિન્ન રીતે હોય છે, પરંતુ અહીં દ્રવ્યનયની અપેક્ષાએ બે નિક્ષેપ છે.

૪. શાસ્ત્રમાં ઓઘજીવ, ભવજીવ, અને તદ્ભવ જીવભેદથી ત્રણ પ્રકારે ભાવજીવ કહ્યો છે, પરંતુ તે સંસારી જીવની અપેક્ષાવાળા ભાવજીવના ભેદ સમજવામાં કઠિન પડવાના કારણથી અહીં કહ્યા નથી.

કરનારી જે દેખીતી સાવદ્યક્રિયા-પાપક્રિયા તે **द्रव्यपाप**, પાપકર્મનો અનુબંધ કરનારી ક્રિયા તે **भावपाप**.

૫. શુભ અથવા અશુભ બન્ને પ્રકારનાં કર્મ પુદ્ગલોનું આવવું-ગ્રહણ કરવું તે **द्रव्य आश्रव**, અને તે બન્ને પ્રકારના કર્મને ગ્રહણ કરવામાં કારણભૂત જીવનો જે શુભ અથવા અશુભ અધ્યવસાય તે **भाव आश्रव**.

૬. શુભ અથવા અશુભ કર્મનું રોકવું (એટલે ગ્રહણ ન કરવું) તે **द्रव्यसंवर**, અથવા સંવરના પરિણામ રહિત સંવરની ક્રિયા અનુષ્ઠાનમાં વર્તવું તે **द्रव्यसंवर**, અને શુભાશુભ કર્મને રોકવામાં કારણરૂપ જીવનો જે અધ્યવસાય તે **भावसंवर**, અથવા સંવરના અધ્યવસાય યુક્ત સંવરની ક્રિયા તે પણ **भावसंवर**.

૭. શુભ અથવા અશુભ કર્મોનો દેશથી જે ક્ષય થવો તે **द्रव्य निर्ज्जरा**, અથવા સમ્યક્ત્વ રહિત અજ્ઞાન પરિણામવાળી જે નિર્જ્જરા તે **द्रव्यनिर्ज्जरा**, અથવા સમ્યક્ પરિણામ રહિત તપશ્ચર્યા વગેરે તે **द्रव्यनिर्ज्जरा**, અને કર્મોના દેશક્ષયમાં કારણરૂપ જે આત્માનો અધ્યવસાય તે **भावनिर्ज्जरा**, અથવા નિર્જ્જરાના સમ્યક્પરિણામયુક્ત જે તપશ્ચર્યાદિ ક્રિયાઓ તે પણ **भावनिर्ज्जरा** છે. અહીં અજ્ઞાન તપસ્વીઓની અજ્ઞાન કષ્ટવાળી જે નિર્જ્જરા તે **अकामनिर्ज्जरा** કહેવાય. તે દ્રવ્યનિર્જ્જરા છે. તેમજ વનસ્પતિઓ વગેરે જે ટાઢ, તાપ આદિ કષ્ટ સહન કરે છે, એ પણ સર્વ અકામ નિર્જ્જરા છે. અને સમ્યગ્દૃષ્ટિવંત જીવો અથવા દેશવિરત અને સર્વવિરત મુનિ મહાત્માઓ જેમણે સર્વજ્ઞોક્ત પદાર્થોના ભાવ જાણ્યા છે, અને તેથી જેમનાં વિવેકચક્ષુ જાગ્રત થયાં છે, તેવા જીવોની જે નિર્જ્જરા તે, અથવા તેઓની તપશ્ચર્યાદિ ક્રિયાઓ તે **सकामनिर्ज्जरा** છે, અને તે અનુક્રમે મોક્ષપ્રાપ્તિવાળી હોવાથી **भावनिर्ज्जरा** ગણાય.

૮. આત્મા સાથે કર્મ પુદ્ગલોનો જે સંબંધ થવો તે **द्रव्यबन्ध**, અને તે દ્રવ્યબંધના કારણરૂપ આત્માનો જે અધ્યવસાય તે **भावबन्ध** કહેવાય. અહીં રાગ, દ્વેષ, મમત્વ, ક્રોધ, માન, માયા, લોભ ઇત્યાદિ સર્વ **भावबन्ध** છે.

૯. કર્મોનો જે સર્વથા ક્ષય થવો તે **द्रव्यमोक्ष** અને તે કર્મોનો સર્વથા ક્ષય થવામાં કારણરૂપ જે આત્માનો પરિણામ એટલે સર્વ સંવરભાવ[૧]. અબંધકતા[૨], શૈલેશીભાવ[૩] અથવા ચતુર્થ શુક્લધ્યાન તે **भावमोक्ष** છે, અથવા, સિદ્ધત્વ પરિણતિ તે **भावमोक्ष** છે.

---

૧. કર્મનું સર્વથા રોકાણ તે સર્વસંવર.

૨. કર્મનો સર્વથા અબંધ.

૩. મેરૂ પર્વત તુલ્ય આત્માની અતિ નિશ્ચલ અવસ્થા. એ ત્રણે પરિણતિ ચૌદમે ગુણસ્થાને હોય છે.

## ૯ તત્ત્વોમાં હેય-જ્ઞેય-ઉપાદેય

જીવતત્ત્વ અને અજીવતત્ત્વ જ્ઞેય છે, પુણ્યતત્ત્વ મોક્ષમાં વિઘ્નરૂપ નથી. પરંતુ મોક્ષમાર્ગમાં વળાવા (ભોમિયા) સરખું છે, તેથી વ્યવહારનયે આદરવા યોગ્ય છે, પરંતુ ભોમિયાને જેમ ઇષ્ટ નગરે પહોંચ્યા બાદ છોડી દેવાનો હોય છે, તેમ નિશ્ચયથી તો પુણ્યતત્ત્વ પણ હેય એટલે છોડવા યોગ્ય છે, કારણ કે પુણ્ય એ શુભ છે તો પણ કર્મ છે. તેથી મોક્ષ માટે સોનાની બેડી સરખું છે; અને મોક્ષ તો પુણ્ય અને પાપ એ બન્ને કર્મનો ક્ષય થાય ત્યારે હોય છે, નિશ્ચયથી તો પુણ્યકર્મરૂપ પુણ્યતત્ત્વ છાંડવા યોગ્ય છે, તોપણ શ્રાવકને અવશ્ય આદરવા યોગ્ય છે, અને મુનિને તો અપવાદે જ આદરવા યોગ્ય છે, તેમજ પાપતત્ત્વ પણ છાંડવા યોગ્ય છે તે પ્રસિદ્ધ છે. તથા આશ્રવતત્ત્વ કર્મના આગમનરૂપ હોવાથી હેય છે, સંવરતત્ત્વ તથા નિર્જરાતત્ત્વ એ બે તત્ત્વ જીવના સ્વભાવરૂપ હોવાથી ઉપાદેય છે, બંધતત્ત્વ હેય છે, અને મોક્ષતત્ત્વ ઉપાદેય છે. અહીં જ્ઞેય એટલે જાણવા યોગ્ય, હેય એટલે ત્યાગ કરવા યોગ્ય અને ઉપાદેય એટલે આદરવા યોગ્ય એવો અર્થ છે, જેથી કહ્યું છે કે—

**हेया बंधासवपावा, जीवाजीव हुंति विन्नेया ।**
**संवरनिज्जर मुक्खो, पुण्णं हुंति उवाएए ॥१॥** (અર્થ સ્પષ્ટ છે)

हेयतत्त्व-(પુણ્ય), પાપ, આશ્રવ, બન્ધ.
ज्ञेयतत्त्व-જીવ, અજીવ.
उपादेयतत्त्व-સંવર, નિર્જરા, મોક્ષ અને પુણ્યતત્ત્વ.

અહીં વાસ્તવિક રીતે જો કે નવે તત્ત્વો જ્ઞેય છે, તોપણ વિશેષતઃ જે તત્ત્વ જે બાબતની મુખ્યતાવાળું છે, તે તત્ત્વ બાબતમાં જ્ઞેય ઇત્યાદિ એકેક વિશેષણવાળું છે.

## ૯ તત્ત્વોમાં સંખ્યાભેદ

આ નવ તત્ત્વોનો એકબીજામાં યથાયોગ્ય સમાવેશ કરવાથી ૭ તત્ત્વો, ૫ તત્ત્વો અથવા ૨ તત્ત્વો પણ ગણાય છે. જેમકે, શુભ કર્મનો આશ્રવ તે પુણ્ય અને અશુભ કર્મનો આશ્રવ તે પાપ છે. તે કારણથી પુણ્ય અને પાપ તત્ત્વને આશ્રવમાં ગણીએ તો ૭ તત્ત્વ થાય છે.

અથવા આશ્રવ, પુણ્ય અને પાપ એ ત્રણને બંધ તત્ત્વમાં ગણીએ અને નિર્જરા તથા મોક્ષ એ બેમાંથી કોઈ પણ એક ગણીએ તો તે પાંચ તત્ત્વ થાય છે. અથવા સંવર, નિર્જરા અને મોક્ષ એ ત્રણ તત્ત્વ જીવસ્વરૂપ છે માટે જીવમાં ગણીએ તો ૧ જીવતત્ત્વ અને ૨ અજીવતત્ત્વ એમ બે જ તત્ત્વ ગણાય છે. ઇત્યાદિ વિવક્ષાભેદ છે, પરંતુ અહીં ચાલુ પ્રકરણમાં તો ૯ તત્ત્વો ગણાશે.

### ૯ તત્ત્વોમાં ૪ જીવ, ૫ અજીવ

જીવ એ જીવ તત્ત્વ છે, તેમજ સંવર, નિર્જરા અને મોક્ષ એ ત્રણ તત્ત્વ પણ જીવ સ્વરૂપ (જીવપરિણામ) હોવાથી અથવા જીવના સ્વભાવરૂપ હોવાથી જીવતત્ત્વ છે, માટે જીવ, સંવર, નિર્જરા અને મોક્ષ એ ચાર જીવ છે, અને શેષ પાંચ તત્ત્વો અજીવ છે. તેમાં પુણ્ય-પાપ-આશ્રવ-અને બન્ધ એ ચારે કર્મપરિણામ હોવાથી અજીવ ગણાય છે.

### ૯ તત્ત્વોમાં રૂપી-અરૂપી

જો કે જીવ વાસ્તવિક રીતે તો અરૂપી જ છે, પરંતુ ચાલુ પ્રસંગમાં તો દેહધારી હોવાથી રૂપી કહેલ છે, સંવર, નિર્જરા અને મોક્ષ એ ત્રણે જીવના પરિણામરૂપ હોવાથી અરૂપી છે, તથા પુણ્ય, પાપ, આશ્રવ અને બંધ એ ચાર તત્ત્વ કર્મનો પરિણામ (કર્મપુદ્‌ગલમય રૂપી) હોવાથી રૂપી છે, અને અજીવતત્ત્વમાં રૂપી અને અરૂપી બન્ને પ્રકારે છે. કારણ કે ધર્માસ્તિકાય વગેરે અરૂપી છે, અને એક પુદ્‌ગલ દ્રવ્યજ રૂપી છે. (તે કારણથી આગળ અજીવના ૪ ભેદ રૂપી અને ૧૦ ભેદ અરૂપી કહેવાશે.)

| સંખ્યા | ૯ તત્ત્વનાં નામ | હેય | જ્ઞેય | ઉપાદેય | જીવ | અજીવ | રૂપી | અરૂપી |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | જીવતત્ત્વ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ |
| ૨ | અજીવતત્ત્વ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૧ |
| ૩ | પુણ્યતત્ત્વ | (૧) | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ |
| ૪ | પાપતત્ત્વ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ |
| ૫ | આશ્રવતત્ત્વ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ |
| ૬ | સંવરતત્ત્વ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૭ | નિર્જરાતત્ત્વ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૮ | બંધતત્ત્વ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ |
| ૯ | મોક્ષતત્ત્વ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ |
| | કુલ | ૩ (૪) | ૨ | ૪ | ૪ | ૫ | ૬ | ૪ |

### नवतत्त्वोना पेटा भेदो

**चउदस चउदस बाया-लीसा बासी अ हुंति बायाला ।**
**सत्तावन्नं बारस, चउ नव भेया कमेणेसिं ॥२॥**

### સંસ્કૃત અનુવાદ

**चतुर्दश चतुर्दश द्विचत्वारिंशद्, द्व्यशीतिश्च भवन्ति द्विचत्वारिंशत् ।**
**सप्तपञ्चाशद् द्वादश, चत्वारो नव भेदाः क्रमेणैषाम् ॥२॥**

### શબ્દાર્થ

| | |
|---|---|
| चउदस = ચૌદ (૧૪) | बारस = બાર (૧૨) |
| बायालीसा = બેંતાળીસ (૪૨) | चउ = ચાર (૪) |
| बासी = બ્યાસી (૮૨) | नव = નવ (૯) |
| अ = પાદપૂર્તિ માટે (हुंति-છે) | भेया = ભેદ |
| बायाला = બેંતાળીસ (૪૨) | कमेण = અનુક્રમે |
| सत्तावन्नं = સત્તાવન (૫૭) | एसिं = એ નવ તત્ત્વોના |

### અન્વય સહિત પદચ્છેદ

**एसिं कमेण चउदस चउदस बायालीसा बासी बायाला सत्तावन्नं**
**बारस चउ अ नव भेया हुंति ॥१॥**

### ગાથાર્થ:

એઓ (નવતત્ત્વો)ના અનુક્રમે ૧૪-૧૪-૪૨-૮૨-૪૨-૫૭-૧૨-૪ અને ૯ ભેદ છે. (અર્થાત્ જીવતત્ત્વના ૧૪ ભેદ, અજીવતત્ત્વના ૧૪ ભેદ, પુણ્યતત્ત્વના ૪૨ ભેદ, પાપતત્ત્વના ૮૨ ભેદ, આશ્રવતત્ત્વના ૪૨ ભેદ, સંવરતત્ત્વના ૫૭ ભેદ, નિર્જરાતત્ત્વના ૧૨ ભેદ, બંધતત્ત્વના ૪ ભેદ, અને મોક્ષતત્ત્વના ૯ ભેદ છે. ॥૨॥

### વિશેષાર્થ:

ઉપર કહ્યા પ્રમાણે નવતત્ત્વના સર્વ ભેદની સંખ્યા ૨૭૬ થાય છે. તેમાં ૮૮ ભેદ અરૂપી છે, ૧૮૮ ભેદ રૂપી છે.

**કહ્યું છે કે-**

**धम्माधम्मागासा, तिय तिय अद्धा अजीवदसगा य ।**
**सत्तावन्नं संवर, निज्जर दुदस मुत्ति नवगा य ॥१॥**

**અર્થ :-** ધર્માસ્તિકાય[1], અધર્માસ્તિકાય, અને આકાશાસ્તિકાય એ ત્રણના દરેકના ત્રણ ત્રણ ભેદ ગણતાં ૯ ભેદ, અને અદ્ધા (એટલે કાળ) સહિત કરતાં અજીવના ૧૦ ભેદ છે. તથા સંવરના ૫૭ ભેદ. નિર્જરાના ૧૨ ભેદ, અને મોક્ષના ૯ ભેદ (સંબંધ આગળની ગાથામાં) ॥૧॥

---

૧. એ ધર્માસ્તિકાયાદિકનું સ્વરૂપ આગળની ૮-૯-૧૦મી ગાથામાં કહેવાશે.

**अद्धासि अरूवि हवई संपई उ भणामि चेव रूवीणं ।**
**परमाणु देस पएसा, खंध चउ अजीव रूवीणं ॥२॥**

**અર્થ** :- એ પ્રમાણે અરૂપી દ્રવ્યના ૮૮ ભેદ છે, અને હવે રૂપી દ્રવ્યના ભેદ કહું છું. પરમાણુ-દેશ-પ્રદેશ-અને-સ્કંધ એ ચાર ભેદ રૂપી અજીવના છે. ॥૨॥

**जीवे दसचउ, दु चउ, बासी बायाल हुंति चत्तारि ।**
**सय अट्ठासी रूवी दुसयछसत्त नवतत्ते ॥३॥**

**અર્થ** :- તથા જીવના ૧૪ ભેદ, અજીવના ૪ ભેદ, પુણ્યના ૪૨ ભેદ, પાપના ૮૨ ભેદ, અને આશ્રવના ૪૨ ભેદ તથા બંધતત્ત્વના ૪ ભેદ એ પ્રમાણે ૧૮૮ ભેદ રૂપી છે. એ પ્રમાણે નવતત્ત્વના સર્વ મળી ૨૭૬ ભેદ છે. ॥૩॥

અહીં સંવર, નિર્જરા અને મોક્ષ એ ત્રણ તત્ત્વ આત્માનો સહજ સ્વભાવ (મૂળ સ્વભાવ) હોવાથી અરૂપી છે, તથા જીવ, પુણ્ય, પાપ, આશ્રવ અને બંધ એ પાંચ તત્ત્વનો કર્મના આઠ ભેદમાં યથાસંભવ સમાવેશ થાય છે, માટે એ પાંચ તત્ત્વ રૂપી જાણવાં, કારણ કે કર્મપુદ્ગલ રૂપી છે. અહીં જો કે જીવ અરૂપી છે-તોપણ આગળ ગણાતા જીવના ૧૪ ભેદ કર્મ સહિત સંસારી જીવના છે માટે જીવને અહીં રૂપીમાં ગણ્યો છે. તથા અજીવતત્ત્વમાં પુદ્ગલદ્રવ્યના ૪ ભેદ રૂપી અને ધર્માસ્તિકાયાદિકના ૧૦ ભેદ અરૂપી છે.

એ નવે તત્ત્વના રૂપી-અરૂપી ભેદોની સંખ્યાનું તથા હેય જ્ઞેયાદિમાં કયા તત્ત્વના કેટલા ઉત્તરભેદ પ્રાપ્ત થાય છે તે જાણવાનું યંત્ર નીચે પ્રમાણે છે.

| તત્ત્વનાં નામ | ૨૭૬ ભેદમાં જીવ-અજીવ | ૨૭૬ ભેદમાં રૂપી-અરૂપી | ૨૭૬ ભેદમાં હેય-જ્ઞેય-ઉપાદેય |
|---|---|---|---|
| જીવતત્ત્વના | ૧૪-૦ | ૧૪-૦ | ૦-૧૪-૦ |
| અજીવતત્ત્વના | ૦-૧૪ | ૪-૧૦ | ૦-૧૪-૦ |
| પુણ્યતત્ત્વના | ૦-૪૨ | ૪૨-૦ | ૦-૦-૪૨ |
| પાપતત્ત્વના | ૦-૮૨ | ૮૨-૦ | ૮૨-૦-૦ |
| આશ્રવતત્ત્વના | ૦-૪૨ | ૪૨-૦ | ૪૨-૦-૦ |
| સંવરતત્ત્વના | ૫૭-૦ | ૦-૫૭ | ૦-૦-૫૭ |
| નિર્જરાતત્ત્વના | ૧૨-૦ | ૦-૧૨ | ૦-૦-૧૨ |
| બંધતત્ત્વના | ૦-૪ | ૪-૦ | ૪-૦-૦ |
| મોક્ષતત્ત્વના | ૯-૦ | ૦-૯ | ૦-૦-૯ |
| | ૯૨-૧૮૪ | ૧૮૮-૮૮ | ૧૨૮-૨૮-૧૨૦ |

## સંસારી જીવોના જુદી જુદી અપેક્ષાએ ભેદો

**एगविह दुविह तिविहा चउव्विहा पंचछव्विहा जीवा ।**
**चेयण-तसइयरेहिं, वेय-गई-करण-काएहिं ॥३॥**

### સંસ્કૃત અનુવાદ

**एकविध-द्विविध-त्रिविधा-श्चतुर्विधाः पञ्चषड्विधा जीवाः ।**
**चेतन-त्रसेतरैर्वेद-गति-करण-कायैः ॥३॥**

### શબ્દાર્થ

एगविह = એક પ્રકારના
दुविह = બે પ્રકારના
तिविहा = ત્રણ પ્રકારના
चउव्विहा = ચાર પ્રકારના
पंच(विहा) = પાંચ પ્રકારના
छव्विहा = છ પ્રકારના
जीवा = જીવો

चेयण = ચેતન (એક જ ભેદ વડે)
तस = ત્રસ (અને)
इयरेहिं = ઇતર વડે (એટલે સ્થાવર વડે)
वेय = વેદ (ના ૩ ભેદ વડે)
गई = ગતિ (ના ૪ ભેદ વડે)
करण = ઇન્દ્રિય (ના ૫ ભેદ વડે)
काएहिं = કાય (ના ૬ ભેદ વડે)

### અન્વય સહિત પદચ્છેદ

**चेयण-तस ईयरेहिं वेय-गइ करण-काएहिं ।**
**जीवा एगविह दुविह-तिविहा-चउव्विहा-पंच-छव्विहा ( हुंति )**

### ગાથાર્થ:

ચેતના વડે કરીને, ત્રસ અને ઇતર એટલે સ્થાવર વડે કરીને, વેદ વડે કરીને, ગતિ વડે કરીને, ઇન્દ્રિયો વડે કરીને, કાય વડે કરીને, જીવો-(અનુક્રમે) એક પ્રકારે, બે પ્રકારે, ત્રણ પ્રકારે, ચાર પ્રકારે, પાંચ પ્રકારે, અને છ પ્રકારે છે.

અર્થાત્ જીવો (અનુક્રમે) ચેતન રૂપ એક જ ભેદ વડે એક પ્રકારના છે. ત્રસ અને સ્થાવર (એ બે ભેદ) વડે બે પ્રકારના પણ છે. વેદના (ત્રણ ભેદ) વડે ત્રણ પ્રકારના પણ કહેવાય. ગતિ (ના ચાર ભેદ) વડે ચાર પ્રકારના પણ કહેવાય. અથવા ઇન્દ્રિય (ના ૫ ભેદ) વડે પાંચ પ્રકારના પણ કહેવાય અને કાય (ના ૬ ભેદ) વડે ૬ પ્રકારના પણ કહેવાય.

### વિશેષાર્થ:

સર્વ જીવને મતિ તથા શ્રુતજ્ઞાનનો અનંતમો ભાગ ઉઘાડો હોવાથી અને તે અનંતમા ભાગ જેટલું અલ્પ અથવા જીવભેદે અધિક અધિક ચૈતન્ય સ્પષ્ટ હોવાથી સર્વ જીવો ચૈતન્ય લક્ષણ વડે એક જ પ્રકારના છે, અર્થાત્ સંસારી જીવો જે

અનંતાનંત છે, તેમાંના કેટલાએક જીવો ચૈતન્યવાળા અને કેટલાએક જીવો ચૈતન્ય રહિત એમ બે પ્રકારના જીવો નથી, પરંતુ સર્વે જીવ માત્ર ચૈતન્ય લક્ષણવાળા છે માટે ચૈતન્ય લક્ષણ વડે જીવો એક પ્રકારના છે.

અથવા બીજી રીતે વિચારીએ તો સંસારી જીવોમાં કેટલાએક त्रस છે અને કેટલાએક स्थावर છે. એમ બે ભેદમાં સર્વ સંસારી જીવોનો સમાવેશ થાય છે. માટે ત્રસ અને સ્થાવર એ બે ભેદ વડે જીવો બે પ્રકારના પણ કહેવાય.

અથવા ત્રીજી રીતે વિચારીએ તો સંસારી જીવોમાંના કેટલાએક સ્ત્રીવેદવાળા, કેટલાક પુરુષવેદવાળા, અને કેટલાક નપુંસક વેદવાળા છે. એ પ્રમાણે ત્રણ ભેદમાં સર્વ સંસારી જીવોનો સમાવેશ થવાથી વેદની અપેક્ષાએ જીવો ત્રણ પ્રકારના પણ ગણાય.

અથવા ચોથી રીતે વિચારીએ તો સંસારી જીવોમાંના કેટલાક દેવ, કેટલાક મનુષ્ય, કેટલાક તિર્યંચ, અને કેટલાક નારકી હોવાથી એ ચાર ગતિભેદમાં સર્વ સંસારી જીવોનો સમાવેશ થવાથી ગતિભેદ વડે જીવો ૪ પ્રકારના પણ ગણાય.

અથવા પાંચમી રીતે વિચારીએ તો સંસારી જીવોમાંના કેટલાક એકેન્દ્રિય છે. કેટલાક દ્વીન્દ્રિય છે. કેટલાક ત્રીન્દ્રિય છે. કેટલાક ચતુરિન્દ્રિય છે. અને કેટલાક પંચેન્દ્રિય પણ છે. એ પ્રમાણે પાંચ ઇન્દ્રિયભેદમાં સર્વે સંસારી જીવોનો સમાવેશ થવાથી ઇન્દ્રિય ભેદે સંસારી જીવો પાંચ પ્રકારના પણ ગણાય.

અથવા છઠ્ઠી રીતે વિચારીએ તો સંસારી જીવોમાં કેટલાએક પૃથ્વીકાય છે, કેટલાક અપ્કાય છે, કેટલાક અગ્નિકાય છે, કેટલાક વાયુકાય છે, કેટલાક વનસ્પતિકાય છે, અને કેટલાક ત્રસકાય છે. એ પ્રમાણે ૬ કાયભેદમાં સર્વ સંસારી જીવોનો સમાવેશ થવાથી જીવો ૬ પ્રકારના પણ ગણી શકાય.

અહીં એકવિધ દ્વિવિધ ઇત્યાદિ ૬ जाति છે, અને તેના ત્રસ, સ્થાવર ઇત્યાદિ અવાંતર ભેદો તે प्रकार છે તો પણ સામાન્યથી જુદી જુદી રીતે ૬ પ્રકારના જીવો છે એમ કહી શકાય. કારણ કે અહીં જાતિશબ્દ પણ પ્રકારવાચક ગણી શકાય છે.

### સંસારી જીવોના ૧૪ ભેદો

**एगिंदिय सुहुमियरा, सन्नियरपर्णिदिया य सबितिचउ ।**
**अपज्जत्ता, पज्जत्ता, कमेण चउदस जियट्ठाणा ॥४॥**

### સંસ્કૃત અનુવાદ

**एकेन्द्रियाः सूक्ष्मेतराः, संज्ञीतरपञ्चेन्द्रियाश्च सद्वित्रिचतुः ।**
**अपर्याप्ताः पर्याप्ताः क्रमेण चतुर्दश जीवस्थानानि ॥४॥**

### શબ્દાર્થ

| | |
|---|---|
| एगिंदिय = એકેન્દ્રિય જીવો | बि = દ્વીન્દ્રિય |
| सुहुम = સૂક્ષ્મ | ति = ત્રીન્દ્રિય |
| इयरा = બીજા એટલે બાદર | चउ = ચતુરિન્દ્રિય |
| सन्नि = સંજ્ઞી | अपज्जत्ता = અપર્યાપ્તા |
| इयर = બીજા એટલે અસંજ્ઞી | पज्जत्ता = પર્યાપ્તા |
| पणिंदिया = પંચેન્દ્રિય | कमेण = અનુક્રમે |
| य = અને, તથા | चउदस = ચૌદ |
| स = સહિત | जियट्ठाणा = જીવસ્થાનો (જીવના ભેદ) |

### અન્વય સહિત પદચ્છેદ

**सुहुमियरा एगिंदिय, य सबि-ति चउ सन्नियरपणिंदिया ।**
**अपज्जत्ता पज्जत्ता, कमेण चउदस जियट्ठाणा ॥४॥**

### ગાથાર્થ:

સૂક્ષ્મ અને ઇતર એટલે બાદર એકેન્દ્રિય, અને બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય સાથે સંજ્ઞી અને ઇતર એટલે અસંજ્ઞી પંચેન્દ્રિય (અને તે બધા) અનુક્રમે પર્યાપ્તા અને અપર્યાપ્તા (એમ) ચૌદ જીવનાં સ્થાનકો (ભેદો) છે.

### વિશેષાર્થ:

ગાથામાં કહેલા જીવના ૧૪ ભેદોનો અનુક્રમ આ પ્રમાણે છે-

| | |
|---|---|
| ૧. અપર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિય | ૮. પર્યાપ્ત ત્રીન્દ્રિય |
| ૨. પર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિય | ૯. અપર્યાપ્ત ચતુરિન્દ્રિય |
| ૩. અપર્યાપ્ત બાદર એકેન્દ્રિય | ૧૦. પર્યાપ્ત ચતુરિન્દ્રિય |
| ૪. પર્યાપ્ત બાદર એકેન્દ્રિય | ૧૧. અપર્યાપ્ત અસંજ્ઞીપંચેન્દ્રિય |
| ૫. અપર્યાપ્ત દ્વીન્દ્રિય | ૧૨. પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય |
| ૬. પર્યાપ્ત દ્વીન્દ્રિય | ૧૩. અપર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય |
| ૭. અપર્યાપ્ત ત્રીન્દ્રિય | ૧૪. પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય |

જે એકેન્દ્રિય જીવોનાં ઘણા શરીર એકત્ર થવા છતાં પણ દૃષ્ટિગોચર થાય નહિ તેમજ સ્પર્શથી પણ જાણવામાં ન આવે, તે सूक्ष्म एकेन्द्रिय જીવો ચૌદ રાજલોકમાં સર્વત્ર વ્યાપ્ત થઈ રહેલા છે, લોકાકાશમાં એવી કોઈ પણ જગ્યા નથી કે જ્યાં સૂક્ષ્મ એકેન્દ્રિય જીવ ન હોય, એ જીવો શસ્ત્રાદિકથી ભેદાતા-છેદાતા નથી, અગ્નિથી બળી શકતા નથી, મનુષ્યાદિકના કંઈપણ ઉપયોગમાં આવતા નથી,

અદશ્ય છે, કોઈ ઇન્દ્રિયથી જાણી શકાતા નથી, અને સૂક્ષ્મ નામકર્મના ઉદયથી જ એવા પ્રકારના સૂક્ષ્મપણાને પ્રાપ્ત થયા છે. એ સૂક્ષ્મ જીવોની હિંસા મનના સંકલ્પ માત્રથી થઈ શકે, પરંતુ વચનથી અથવા કાયાથી હિંસા થઈ શકતી નથી. પુનઃ એ જીવો પણ કોઈ વસ્તુને ભેદવા-છેદવા સમર્થ નથી. એવા એ સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો છે. એ સૂક્ષ્મ પૃથ્વી-અપ્-તેઉ-વાયુ-અને વનસ્પતિ એમ પાંચેય કાયના છે.

તથા જે એકેન્દ્રિય જીવોનાં ઘણાં શરીર એકત્ર થતાં ચક્ષુગોચર થઈ શકે છે (દેખી શકાય છે), તેવા બાદર નામકર્મના ઉદયવાળા પૃથ્વી-અપ્-તેઉ-વાયુ-અને વનસ્પતિ એ પાંચ પ્રકારના बादर एकेन्द्रियो કહેવાય છે. એ બાદર એકેન્દ્રિયોમાં કેટલાએક (વાયુ સરખા) એક ઇન્દ્રિયથી ગ્રાહ્ય છે. અને કોઈ બે ઇન્દ્રિયથી એમ યાવત્ કેટલાએક બાદરો પાંચે ઇન્દ્રિયોથી જાણી શકાય તેવા છે. એ બાદર એકેન્દ્રિયો મનુષ્યાદિકના ઉપભોગમાં આવે છે, ચૌદ રાજલોકમાં સર્વત્ર વ્યાપ્ત નથી, પરંતુ અમુક અમુક નિયત ભાગમાં છે, એ જીવો શસ્ત્રથી ભેદી-છેદી શકાય તેવા પણ છે, અને તેઓ પણ બીજા પદાર્થોને ભેદી-છેદી શકે છે, અગ્નિથી બળી શકે છે, અને કાયાથી પણ એ જીવોની હિંસા થાય છે. તથા એ જીવો એકબીજાને પરસ્પર હણે છે, તેમજ એક જ જાતના એકેન્દ્રિય પોતે પોતાની જાતથી પણ હણાય છે, માટે એ જીવો સ્વકાયશસ્ત્ર, પરકાયશસ્ત્ર, અને ઉભયકાય શસ્ત્રના, વિષયવાળા પણ છે.

તથા શંખ-કોડા-જળો-અળસિયાં-પૂરા-કૃમિ આદિક द्वीन्द्रिय જીવો છે, તે કેવળ બાદર નામકર્મના ઉદયવાળા જ છે, તેથી બાદર હોય છે, પણ સૂક્ષ્મ હોતા નથી. શાસ્ત્રમાં કોઈ કોઈ સ્થાને દ્વીન્દ્રિયાદિકને પણ સૂક્ષ્મ તરીકે કહ્યા છે. તે કેવળ અપેક્ષા અથવા વિવક્ષા માત્રથી જ કહ્યા છે, પરંતુ વાસ્તવિક રીતે તો બાદર જ છે. એ પ્રમાણે આગળ કહેવાતા ત્રીન્દ્રિયાદિ જીવો પણ બાદર જ જાણવા. આ જીવોને સ્પર્શનેન્દ્રિય અને રસનેન્દ્રિય એ બે ઇન્દ્રિયો હોય છે.

તથા ગધઇયાં-ધનેરિયાં-ઇયળ-માંકડ-જૂ-કુંથુઆ-કીડી-મંકોડા-ઘીમેલ-ઇત્યાદિ त्रीन्द्रिय જીવો છે. આ જીવોને સ્પર્શન-રસન અને ઘ્રાણેન્દ્રિય એ ૩ ઇન્દ્રિયો હોય છે.

તથા ભ્રમર-વીંછુ-બગાઈ-કરોળિયા-કંસારી-તીડ-ખડમાંકડી ઇત્યાદિ· चतुरिन्द्रिय જીવો છે. આ જીવોને કર્ણેન્દ્રિય સિવાયની ૪ ઇન્દ્રિયો હોય છે.

તથા માતા-પિતાના સંયોગ વિના જળ-માટી આદિક સામગ્રીથી એકાએક ઉત્પન્ન થનાર દેડકા-સર્પ-મત્સ્ય-ઇત્યાદિ તિર્યંચ પંચેન્દ્રિયો અને મનુષ્યના મળમૂત્રાદિ ૧૪ અશુચિ પદાર્થોમાં ઉત્પન્ન થનારા સંમૂર્ચ્છિમ મનુષ્યો એ સર્વે

સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય કહેવાય અને એ સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિયો સર્વે તથાપ્રકારના વિશિષ્ટ મનોવિજ્ઞાન (એટલે દીર્ઘકાલિકી[1] સંજ્ઞારૂપ મનોવિજ્ઞાન) રહિત હોવાથી असंज्ञी पंचेन्द्रिय કહેવાય છે.

તથા જે જીવો માતા-પિતાના સંયોગ વડે ગર્ભાશયમાં ઉત્પન્ન થાય છે, તેવા મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિયો તથા કુંભીમાં ઉપપાત[2] જન્મથી ઉપજનારા નારકીઓ તેમજ ઉપપાત શય્યામાં ઉપપાત જન્મથી ઉપજનારા દેવો એ સર્વે તથાપ્રકારના વિશિષ્ટ મનોવિજ્ઞાનવાળા હોવાથી (દીર્ઘકાલિકી સંજ્ઞાવાળા હોવાથી) संज्ञीपंचेन्द्रिय કહેવાય છે.

એ પ્રમાણે એકેન્દ્રિયના ૨ ભેદ, દ્વીન્દ્રિયનો ૧ ભેદ, ત્રીન્દ્રિયનો ૧ ભેદ, ચતુરિન્દ્રિયનો ૧ ભેદ **તથા પંચેન્દ્રિયના** ૨ ભેદ મળીને ૭ ભેદ થયા, એ સાતે ભેદવાળા જીવો અપર્યાપ્તા **અને** પર્યાપ્તા એમ બે બે પ્રકારના હોય છે. જે જીવને જેટલી પર્યાપ્તિ આગળ કહેવાશે તેટલી પર્યાપ્તિ પૂર્ણ કર્યા વિના મરણ પામે તે अपर्याप्त કહેવાય અને તેટલી પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા બાદ મરણ પામે તે पर्याप्त કહેવાય.

અહીં સંક્ષેપમાં એટલું જ જાણવું કે સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા વિના મરણ પામનારો જીવ લબ્ધિઅપર્યાપ્ત કહેવાય, અને સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કરીને મરણ પામનારો જીવ લબ્ધિ પર્યાપ્ત કહેવાય છે. ત્યાં દરેક અપર્યાપ્ત (એટલે લબ્ધિઅપર્યાપ્ત)જીવ પહેલી ત્રણ પર્યાપ્તિઓ જ પૂર્ણ કરી શકે છે. ચોથી, પાંચમી અને છઠ્ઠી એ ત્રણે પર્યાપ્તિઓ અધૂરી જ રહે છે, તથા પર્યાપ્ત (એટલે લબ્ધિપર્યાપ્ત) જીવ તો સ્વયોગ્ય ચાર, પાંચ અથવા છ પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા બાદ જ મરણ પામે છે. અહીં પર્યાપ્તિ સંબંધી વિશેષ સ્વરૂપ આગળ છઠ્ઠી ગાથાના અર્થમાં કહેવાશે.

### જીવનું લક્ષણ

**नाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा ।**
**वीरियं उवओगो य, एयं जीवस्स लक्खणं ॥५॥**

### સંસ્કૃત અનુવાદ

**ज्ञानं च दर्शनं चैव, चारित्रं च तपस्तथा ।**
**वीर्यमुपयोगश्चैतज्जीवस्य लक्षणम् ॥५॥**

---

૧. દીર્ઘકાલિકી સંજ્ઞા એટલે ભૂતકાળ સંબંધી અને ભવિષ્યકાળ સંબંધી દીર્ઘકાળની-પૂર્વાપરની વિચારશક્તિ.

૨. સંમૂર્ચ્છન-ગર્ભજ-અને ઉપપાત એ ત્રણ પ્રકારનો જન્મ છે. તેમાં ઉપપાત જન્મ દેવ-નારકને હોય છે, અને બાકીના બે જન્મ મનુષ્ય-તિર્યંચમાં હોય છે.

### શબ્દાર્થ

| | |
|---|---|
| नाणं = જ્ઞાન | तहा = તથા |
| च = અને (અથવા છંદપૂર્તિ માટે) | वीरियं = વીર્ય |
| दंसणं = દર્શન | उवओगो = ઉપયોગ |
| चेव = નિશ્ચય | य = અને |
| चरित्तं = ચારિત્ર | एयं = એ (જ્ઞાનાદિ ૬) |
| च = અને (છંદપૂર્ત્તિ માટે) | जीवस्स = જીવનું (જીવનાં) |
| तवो = તપ | लक्खणं = લક્ષણ-ચિહ્ન |

### અન્વય અને પદચ્છેદ

**नाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा ।**
**वीरियं य उवओगो, एयं जीवस्स लक्खणं ॥५॥**

### ગાથાર્થ:

જ્ઞાન અને દર્શન તો ખરાં જ, ચારિત્ર અને તપ તથા વીર્ય અને ઉપયોગ એ જીવનું લક્ષણ છે.

### વિશેષાર્થ:

જ્ઞાન તે મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન-અવધિજ્ઞાન-મનઃપર્યવજ્ઞાન-અને કેવળજ્ઞાન, એ પાંચ જ્ઞાન સમ્યગ્દૃષ્ટિ જીવની અપેક્ષાએ કહેવાય છે, કારણ કે સમ્યગ્દૃષ્ટિનું જ જે જ્ઞાન તે જ્ઞાન કહેવાય, અને મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન તે અજ્ઞાન કહેવાય. અને તે મિથ્યાદૃષ્ટિ સંબંધી મતિઅજ્ઞાન-શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન (એટલે અવધિ સંબંધી અજ્ઞાન-વિપરીત જ્ઞાન) એ ત્રણ અજ્ઞાન છે. એ રીતે ૫+૩=૮ પ્રકારનાં જ્ઞાન છે. ज्ञायते परिच्छिद्यते वस्त्वनेनेति ज्ञानम् એટલે જેના વડે વસ્તુ જણાય-પરિછેદાય તે ज्ञान કહેવાય. અહીં વસ્તુમાં સામાન્ય ધર્મ અને વિશેષ ધર્મ એમ બે પ્રકારના ધર્મ છે. બે પ્રકારના ધર્મમાંથી જેના વડે વિશેષ ધર્મનું જ્ઞાન થાય, તે ज्ञान, साकारोपयोग કે विशेषोपयोग કહેવાય. આ અમુક છે, અથવા આ ઘટ વા પટ અમુક વર્ણનો, અમુક સ્થાનનો, અમુક કર્ત્તાનો, ઇત્યાદિ વિશેષ ધર્મ અથવા વિશેષ આકારવાળો જે બોધ તે साकारोपयोग આદિ જ્ઞાનોપયોગ જ છે, (અને સામાન્ય ધર્મને જાણવાની શક્તિ તે દર્શન કહેવાશે.) એ ૮ જ્ઞાનમાંનું ગમે તે એક વા અધિક જ્ઞાન હીનાધિક પ્રમાણવાળું દરેક જીવને હોય છે જ. પરંતુ કોઈ જીવ જ્ઞાન રહિત હોય જ નહિ. તેમ જ જીવ સિવાય બીજા કોઈ દ્રવ્યમાં જ્ઞાન ગુણ હોય જ નહિ. તેથી જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં ત્યાં જીવ, અને જ્યાં જ્યાં જીવ ત્યાં ત્યાં જ્ઞાન

અવશ્ય હોવાના કારણથી જ્ઞાન એ જીવનો જ ગુણ છે, માટે જીવનું લક્ષણ જ્ઞાન કહ્યું છે. તથા સંસારી જીવને તે જ્ઞાન, જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી હીનાધિક, અને ક્ષયથી સંપૂર્ણ પ્રગટ થાય છે.

તથા ચક્ષુર્દર્શન, અચક્ષુર્દર્શન, અવધિદર્શન, અને કેવળદર્શન એ ચાર[1] પ્રકારના दर्शन છે. એ ચાર પ્રકારનાં દર્શનમાંનું એક વા અધિક દર્શન હીન વા અધિક પ્રમાણમાં દરેક જીવમાત્રને હોય છે, અને એ દર્શનગુણ પણ જ્ઞાનગુણની પેઠે અવશ્ય જીવને જ હોય પરંતુ બીજાને ન હોય, તેથી પરસ્પર અવિનાભાવી સંબંધ હોવાથી દર્શનગુણ એ જીવનું લક્ષણ છે. વસ્તુનો સામાન્ય ધર્મ જાણવાની શક્તિ તે दर्शन અથવા निराकारोपयोग અથવા सामान्योपयोग કહેવાય છે. કારણ કે આ ઘટ અમુક વર્ણનો, અમુક સ્થાનનો ઇત્યાદિ આકારજ્ઞાન નહિ પરંતુ કેવળ આ ઘટ છે એમ સામાન્ય ઉપયોગ હોય છે માટે એ દર્શનગુણ નિરાકાર ઉપયોગરૂપ છે; અથવા સામાન્ય ઉપયોગરૂપ છે. दृश्यते वस्त्वनेन सामान्यरूपेणेति दर्शनम् અર્થાત્ જેના વડે વસ્તુ સામાન્ય રૂપે દેખાય તે દર્શન, અને તે દર્શનાવરણ કર્મના ક્ષયોપશમથી અથવા ક્ષયથી હોય છે. અહીં છદ્મસ્થને પહેલાં દર્શનોપયોગ અન્તર્મુહૂર્ત સુધી હોય છે, અને ત્યારબાદ અન્તર્મુહૂર્ત જ્ઞાનોપયોગ હોય છે. એ પ્રમાણે દર્શનોપયોગ અને જ્ઞાનોપયોગ અન્તર્મુહૂર્ત-અન્તર્મુહૂર્તને આંતરે વારંવાર પ્રાપ્ત થયા કરે છે અને કેવળી ભગવન્તને પ્રથમ સમયે કેવળજ્ઞાન, બીજે સમયે કેવળદર્શન એ પ્રમાણે એકેક સમયને આંતરે સાદિ અનંતકાળ સુધી ચાલુ રહે છે, એમાં સિદ્ધત્વ પ્રાપ્તિના પ્રથમ સમયે પણ જ્ઞાનોપયોગ જ વર્ત્તતો હોય છે. એ પ્રમાણે ઉપયોગની પરાવૃત્તિ તે જીવનો સ્વભાવ જ છે.

**શંકા**-દર્શન એટલે સામાન્ય ઉપયોગ, અને જ્ઞાન એટલે વિશેષ ઉપયોગ, એ બન્ને ઉપયોગ જીવનું લક્ષણ છે, એમ કહીને પુનઃ ઉપયોગને પણ જીવના લક્ષણ તરીકે આગળ જુદો કહેશે, તો એ ત્રણેયમાં કયા પ્રકારની ભિન્નતા છે ?

**ઉત્તર**- હે જિજ્ઞાસુ ! જ્ઞાન, દર્શન અને ઉપયોગ એ ત્રણ વાસ્તવિક રીતે સર્વથા ભિન્ન નથી, કારણ કે જીવનો મૂળ ગુણ ઉપયોગ છે, પરંતુ એ ઉપયોગ જ્યારે વસ્તુના વિશેષ ધર્મ ગ્રહણમાં પ્રવર્તતો હોય ત્યારે તે ज्ञान કહેવાય, અને વસ્તુના સામાન્ય ધર્મગ્રહણમાં પ્રવર્તતો હોય ત્યારે એ જ ઉપયોગ दर्शन કહેવાય. એ પ્રમાણે જ્ઞાન, દર્શન અને ઉપયોગ જો કે સર્વથા ભિન્ન નથી તોપણ સર્વત્ર જ્ઞાનનું

---

૧. આઠ પ્રકારના જ્ઞાન અને ચાર પ્રકારના દર્શનનું વિશેષ સ્વરૂપ કર્મગ્રંથાદિ અન્ય ગ્રંથોથી જાણવું. તથા આગળ કહેવાતા સામાયિક આદિ ચારિત્રનું સ્વરૂપ (પાંચ ચારિત્રવાળી આ પ્રકરણની) ૩૨-૩૩મી ગાથાના અર્થમાં કહેવાશે.

માહાત્મ્ય અતિશય હોવાથી જ્ઞાનની મુખ્યતા દર્શાવવાને જીવના વિશેષ ઉપયોગ રૂપ જ્ઞાનને ૬ લક્ષણમાં સર્વથી પહેલું કહ્યું. અને દર્શન એ પ્રાથમિક (સામાન્ય) ઉપયોગ છે માટે તેને બીજું લક્ષણ કહ્યું છે, જેથી સર્વ સિદ્ધાન્તોમાં અને પ્રસિદ્ધિમાં પણ જીવના ગુણ જ્ઞાન, દર્શન આદિ કહેવાય છે. પુનઃ જ્ઞાનોપયોગ તે જ્ઞેય પદાર્થનો સંબંધ થવા છતાં પણ તુરત પ્રથમ સમયે નથી થતો પરંતુ પ્રથમ સમયથી જ્ઞાનમાત્રા વૃદ્ધિ પામતાં પામતાં અન્તર્મુહૂર્ત કાળે જે નિશ્ચિત અથવા વિશિષ્ટ અવબોધ થાય છે તે જ્ઞાન છે, અને તે બીજા અન્તર્મુહૂર્ત સુધી જ ટકી રહે છે. એમાં પહેલાં અન્તર્મુહૂર્ત સંબંધી જે અનિશ્ચિત અથવા અવિશિષ્ટ બોધ તે દર્શન છે. (એ શ્રી ભગવતીજીનો ભાવાર્થ દ્રવ્યલોક પ્રકાશમાં કહ્યો છે, અને તે છદ્મસ્થના દર્શન-જ્ઞાનની અપેક્ષાએ ઠીક સંભવે છે.)

[ज्ञान-વસ્તુમાં રહેલા વિશેષ ધર્મને જાણવાની આત્મામાં રહેલી શક્તિ, તે ज्ञान. વસ્તુમાં રહેલા સામાન્ય ધર્મને જાણવાની આત્મામાં રહેલી શક્તિ તે दर्शन અને તે બન્ને શક્તિઓનો વ્યાપાર, વપરાશ તે उपयोग જ્ઞાનશક્તિનો વપરાશ, તે ज्ञानोपयोग અને દર્શનશક્તિનો વપરાશ, તે दर्शनोपयोग.]

તથા चारित्र, તે સામાયિક-છેદોપસ્થાપન-પરિહારવિશુદ્ધિ-સૂક્ષ્મસંપરાય-યથાખ્યાત-દેશવિરતિ અને અવિરતિ એ સાત પ્રકારે છે. એ ચારિત્ર भावथी-હિંસાદિક અશુભ પરિણામથી નિવૃત્ત (વિરક્ત) થવા રૂપ છે, અને द्रव्यथी-વ્યવહારથી અશુભ ક્રિયાના નિરોધ (ત્યાગ) રૂપ છે, એ સાત ચારિત્રમાંનું કોઈપણ ચારિત્ર હીન વા અધિક પ્રમાણમાં દરેક જીવ માત્રને હોય છે જ, અને જીવ સિવાય બીજા કોઈ દ્રવ્યમાં એ હોય નહિ, માટે ચારિત્ર તે જીવનું લક્ષણ કહ્યું છે. चरन्ति अनिन्दितमनेनेति चारित्रम् જેના વડે અનિન્દિત (એટલે પ્રશસ્ત-શુભ આચરણ થાય તે ચરિત્ર અથવા ચારિત્ર કહેવાય અથવા अष्टविधकर्मचयरिक्तीकरणाद् वा चारित्रम् આઠ પ્રકારના કર્મસંચયને (કર્મના સંગ્રહને) ખાલી કરનાર હોવાથી ચારિત્ર કહેવાય, અથવા चर्यते गम्यते अनेन निर्वृत्ताविति चारित्रम् જેના વડે (જે આચરવા વડે) મોક્ષમાં જવાય તે ચારિત્ર કહેવાય. એ ચારિત્ર ચારિત્રમોહનીયના ઉપશમથી તથા ક્ષયોપશમથી હીનાધિક અને ક્ષયથી સંપૂર્ણ હોય છે.

તથા तप દ્રવ્યથી અને ભાવથી બાહ્ય તપ અને અભ્યન્તર તપ તે ૬-૬ પ્રકારે એમ ૧૨ પ્રકારનો તપ આગળ નિર્જરા તત્ત્વની ગાથામાં કહેવાશે. અથવા સામાન્યથી ઇચ્છાનો રોધ (ઇચ્છાનો ત્યાગ અથવા ઇચ્છાનું રોકાણ) તે નિશ્ચય તપ ભાવ તપ છે. અને તે ઇચ્છા નિરોધ કરવાના કારણરૂપ અથવા અભ્યાસરૂપ જે અનશન-ઉપવાસ આદિ તપ તે દ્રવ્ય વ્યવહાર તપ છે. એ તપના ભેદોમાંથી

કોઈ પણ ભેદવાળો તપ દરેક જીવમાત્રને હોય છે, અને તે પણ હીન વા અધિક પ્રમાણમાં હોય છે જ, અને તે જીવ દ્રવ્યમાં જ હોય છે, પરંતુ અન્ય દ્રવ્યમાં નહિ, માટે તપ એ પણ જીવનું લક્ષણ છે. तापयति अष्टप्रकारं कर्म इति तपः આઠ પ્રકારના કર્મને જે તપાવે (એટલે બાળે) તે તપ કહેવાય. અથવા ताप्यन्ते रसादिधातवः कर्माणि वा अनेनेति तपः (રસ-અસ્થિ-મજ્જા-માંસ-રુધિર-મેદ-અને શુક્ર એ રસાદિ સાત ધાતુઓને અથવા કર્મોને જેના વડે તપાવાય એટલે બાળી દેવાય, તે તપ કહેવાય) એ તપ મોહનીય અને વીર્યાન્તરાય એ બે કર્મના સહચારી ક્ષયોપશમથી હીનાધિક, અને ક્ષયથી સંપૂર્ણ પ્રગટ થાય છે.

તપ-કર્મોથી છૂટવા, સ્વ-સ્વરૂપ તરફ બળપૂર્વક જવા માટે આત્માનો જે પ્રયત્ન.

તથા वीर्य એટલે યોગ, ઉત્સાહ, બળ, પરાક્રમ, શક્તિ ઇત્યાદિ કહેવાય છે તે કરણવીર્ય અને લબ્ધિવીર્ય એમ બે પ્રકારે છે. મન-વચન-કાયાના આલંબનથી પ્રવર્તતું વીર્ય તે करणवीर्य, અને જ્ઞાન-દર્શનાદિકના ઉપયોગમાં પ્રવર્તતું આત્માનું સ્વાભાવિક વીર્ય તે लब्धिवीर्य કહેવાય, અથવા આત્મામાં શક્તિરૂપે રહેલું વીર્ય તે लब्धिवीर्य, અને વીર્યની પ્રવૃત્તિમાં નિમિત્તભૂત મન-વચન અને કાયા રૂપ કરણ-સાધન-તે કરણવીર્ય. કરણવીર્ય સર્વ સયોગી સંસારી જીવોને હોય છે અને લબ્ધિવીર્ય તો વીર્યાન્તરાયના ક્ષયોપશમથી સર્વ છદ્મસ્થ જીવોને હીન વા અધિક આદિ અસંખ્ય પ્રકારનું હોય છે, અને કેવલિ ભગવંતને તથા સિદ્ધ પરમાત્માને તો વીર્યાન્તરાય કર્મના ક્ષયથી સંપૂર્ણ અને એકસરખું અનંત લબ્ધિવીર્ય પ્રગટ થયેલું હોય છે. એ વીર્ય સર્વજીવ દ્રવ્યમાં હોય છે, તેમજ જીવદ્રવ્ય સિવાય બીજા કોઈ પણ દ્રવ્યમાં હોઈ શકતું નથી, માટે વીર્યગુણ એ જીવનું લક્ષણ છે. અહીં वि એટલે વિશેષથી આત્માને ईरयति એટલે તે-તે ક્રિયાઓમાં પ્રેરે-પ્રવર્તાવે, તે वीर्य કહેવાય.

શંકા-વીર્ય એટલે શક્તિ તો પુદ્ગલ દ્રવ્યમાં પણ છે. કારણ કે, પરમાણુ એક સમયમાં લોકના એક છેડાથી બીજા છેડા સુધી શીઘ્રગતિવાળો થઈ પહોંચી જાય છે. તો વીર્ય જીવનું જ લક્ષણ કેમ હોય ?

ઉત્તર-સામાન્યથી શક્તિધર્મ તો સર્વે દ્રવ્યમાં હોય છે જ, અને તે વિના કોઈપણ દ્રવ્ય પોતપોતાની અર્થક્રિયામાં પ્રવર્તી શકે નહિ. માટે તેવા સામાન્ય શક્તિધર્મ તે અહીં વીર્ય કહેવાય નહિ. પરંતુ યોગ, ઉત્સાહ, પરાક્રમ ઇત્યાદિ પર્યાયને અનુસરતો જે वीर्य ગુણ અને તે રૂપ આત્મશક્તિ સમજવી, તે તો કેવળ આત્મદ્રવ્યમાં જ હોય છે, માટે વીર્ય એ જીવનો જ ગુણ છે.

उपयोग-તે ૫ જ્ઞાન, ૩ અજ્ઞાન અને ૪ દર્શન એમ ૧૨ પ્રકારનો છે તેમાં પણ ૫ જ્ઞાન અને ૩ અજ્ઞાન એમ ૮ નો સાકારોપયોગ અને ૪ પ્રકારના દર્શનનો

નિરાકારોપયોગ હોય છે, માટે એ સાકાર-નિરાકાર રૂપ ૧૨ ઉપયોગમાંના યથાસંભવ ઉપયોગ એક વા અધિક, તથા હીન વા વધુ પ્રમાણમાં દરેક જીવને અવશ્ય હોય છે, તેમજ જીવ સિવાયના અન્ય દ્રવ્યમાં ઉપયોગ ગુણ હોઈ શકે નહિ, માટે ઉપયોગ એ જીવનું લક્ષણ છે.

### લક્ષણ એટલે શું ?

**પ્રશ્ન** :- અહીં જ્ઞાન આદિ જીવનાં ૬ લક્ષણ કહ્યાં. પરંતુ લક્ષણ એટલે શું ?

**ઉત્તર** :- જે ધર્મ અથવા ગુણ જે વસ્તુનો કહેવાતો હોય તે વસ્તુમાં તે સર્વથા વ્યાપ્ત હોય, અને તે સિવાય અન્ય વસ્તુમાં તે ન સંભવતો હોય તો તે ધર્મ અથવા ગુણ તે વસ્તુનું લક્ષણ કહેવાય. પરંતુ તે ધર્મ અથવા ગુણ જો તે વસ્તુમાં સર્વ વ્યાપ્ત ન હોય, અથવા તો તે વસ્તુમાં સર્વ વ્યાપ્ત હોવા છતાં બીજી વસ્તુમાં પણ અલ્પાંશે યા સર્વાંશે વ્યાપ્ત હોય, તો તે ધર્મ વા ગુણ તે વસ્તુનું લક્ષણ ન ગણાય. જેમકે, ગાયનું લક્ષણ સાસ્ના (ગળાની ગોદડી) છે. તે દરેક ગાયમાત્રને સદાકાળ હોય છે, પરંતુ કોઈ ગાયમાં ન હોય એમ નથી. તેમજ એ સાસ્ના ભેંસ આદિ પશુઓને નથી. માટે સાસ્ના એ ગાયનું લક્ષણ છે. પરંતુ શૃંગિત્વ (શિંગડાવાળાપણું) એ ગાયનું લક્ષણ નથી. કારણ કે શિંગડાં જો કે સર્વ ગાયને સદાકાળ છે, તોપણ ગાયને જ હોય છે તેમ નથી. ભેંસ આદિકને પણ હોય છે તેમજ કપિલ વર્ણ (**એક જાતનો લાલ રંગ**) એ પણ ગાયનું લક્ષણ નથી, કારણ કે સર્વ ગાયો કપિલ વર્ણવાળી હોતી નથી. માટે અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ, અને અસંભવ એ ૩ દોષ રહિત હોય, તે લક્ષણ કહેવાય. अव्याप्ति એટલે અમુક ભાગમાં વ્યાપ્ત હોય પણ સર્વમાં વ્યાપ્ત ન હોય. अतिव्याप्ति એટલે સર્વમાં વ્યાપ્ત હોવા છતાં તે સિવાય અન્ય પદાર્થમાં પણ વ્યાપ્ત હોય, અને असंभव એટલે જેનું લક્ષણ કર્યું હોય તેમાં એ લક્ષણ સંભવે જ નહિ. જેમ ગાયનું લક્ષણ એક શફવત્ત્વ (એક ખુરીવાળાપણું) એ હોઈ શકે જ નહિ, કારણ કે, ગાયને તો એક પગમાં બે ખરી હોય છે. એ રીતે જ્ઞાનાદિ ૬ લક્ષણો પણ જીવદ્રવ્યમાં અવ્યાપ્તિ આદિ દોષ રહિત છે, એમ વિચારવું.

### સૂક્ષ્મ એકેન્દ્રિયાદિ જીવોને જ્ઞાન આદિ કેવી રીતે ?

સૂક્ષ્મ અપર્યાપ્ત નિગોદ જીવને ઉત્પત્તિને પ્રથમ સમયે પણ મતિ-શ્રુતજ્ઞાનનો અનંતમો ભાગ ઉઘાડો હોય છે, અને પ્રથમ સમયે તે એક પર્યાય જેટલું જ શ્રુતજ્ઞાન નહિ, પરંતુ અનેક પર્યાય જેટલું (અર્થાત્ પર્યાયસમાસ) શ્રુતજ્ઞાન હોય છે, માટે તેમાં પણ ज्ञान લક્ષણ છે. જો કે તે અતિ અસ્પષ્ટ છે, તો પણ મૂર્ચ્છાગત મનુષ્યવત્ અથવા નિદ્રાગત મનુષ્યવત્ કિંચિત્ જ્ઞાનમાત્રા તો અવશ્ય હોય છે. એ પ્રમાણે અનંતમા ભાગ જેટલું અને અસ્પષ્ટ અચક્ષુદર્શન હોવાથી दर्शन લક્ષણ પણ છે.

અને તે જ્ઞાન તથા દર્શન ક્ષયોપશમ ભાવનાં છે. હવે ચારિત્રનું આવરણ કરનાર કર્મ જો કે સર્વઘાતી છે, તો પણ અતિ ચઢેલા મહામેઘના સમયે પણ દિવસ રાત્રિનો વિભાગ સમજી શકાય તેવી સૂર્યની અલ્પ પ્રભા હંમેશ ઉઘાડી જ રહે છે, તેમ ચારિત્રગુણનો ઘાત કરનાર કર્મ જો કે સર્વઘાતી (સર્વથા ઘાત કરનાર) કહ્યું છે, તો પણ ચારિત્રગુણની કિંચિત્ માત્રા તો ઉઘાડી જ હોય છે, એમ સિદ્ધાંતોમાં સ્પષ્ટ કહેલ છે, તેથી સૂ. અ૫૦ નિગોદને પ્રથમ સમયે અતિ અલ્પ चारित्र ગુણ હોય છે અને તે અવિરતિ ચારિત્ર હોય છે. જેમ ચારિત્ર તેમ तप ગુણ પણ અલ્પ માત્રાવાળો હોય છે, તથા આહાર ગ્રહણ આદિ ક્રિયાઓમાં પ્રવર્તતું અતિ અલ્પ वीर्य પણ હોય છે, અને તે અસંખ્યાત ભેદે હીનાધિક તરતમતાવાળું હોય છે. તે કારણથી જ કર્મપ્રકૃતિ વગેરે ગ્રંથોમાં "સૂ. અ૫૦ નિગોદ જીવને પણ વીર્યાન્તરાયના ક્ષયોપશમથી અપર્યાપ્ત અવસ્થા સુધી નિરન્તર અસંખ્ય ગુણવૃદ્ધિવાળાં યોગસ્થાનો પ્રતિ સમય પ્રાપ્ત થાય" એમ કહ્યું છે. વળી જો જ્ઞાન-દર્શન છે, તો તેના વ્યાપારરૂપ उपयोग લક્ષણ અવશ્ય હોય જ. એ પ્રમાણે જેમ સૂક્ષ્મ એકેન્દ્રિય અપર્યાપ્તામાં ૬ લક્ષણો કહ્યાં, તે રીતે ચૌદે જીવભેદમાં યથાસંભવ ૬ લક્ષણો સ્વયં વિચારવાં.

વળી સત્તામાત્રથી તો સૂક્ષ્મ અપર્યાપ્ત નિગોદ જીવને પણ અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર, અનંત તપ, અનંતવીર્ય, અનંત ઉપયોગ છે, પરંતુ કર્મના આવરણથી તે જ્ઞાનાદિ ગુણો અલ્પ અથવા અધિક ગણાય છે, અને કર્માવરણ રહિત જીવને સંપૂર્ણ પુષ્ટ હોય છે, માટે જ્ઞાનાદિ ગુણો સિદ્ધ પરમાત્મામાં જેવા છે તેવા જ સૂક્ષ્મ નિગોદ જીવમાં પણ હોય છે, પરંતુ નિગોદને સત્તાગત છે, અને સિદ્ધને સંપૂર્ણ પ્રગટ થયેલ છે, એ જ તફાવત છે.

## સંસારી જીવોની છ પર્યાપ્તિઓ

**आहारसरीरिंदिय-पज्जत्ती आणपाणभासमणे ।**
**चउ पंच पंच छप्पि य इगविगलाऽसन्नि सन्नीणं ॥६॥**

### સંસ્કૃત અનુવાદ

**आहारशरीरेन्द्रिय-पर्याप्तय आनप्राणभाषामनांसि ।**
**चतस्रः पञ्च पञ्च षडपि, चैकविकलाऽसंज्ञिसंज्ञिनाम् ॥६॥**

### શબ્દાર્થ

आहार = આહાર
सरीर = શરીર
इन्दिय = ઇન્દ્રિય
पज्जत्ती = પર્યાપ્તિ

आणपाण = શ્વાસોચ્છ્વાસ
भास = ભાષા
मणे = મનઃ
चउ = ચાર
पंच = પાંચ
छप्पि = (छ अपि)-છએ
इग = એકેન્દ્રિય જીવોને
विगल = વિકલેન્દ્રિયને
असन्नि = અસંજ્ઞીપંચેન્દ્રિયને
सन्नीणं = સંજ્ઞી પંચેન્દ્રિયને

## અન્વય સહિત પદચ્છેદ

**आहार-सरीर-इंदिय-पज्जत्ती आणपाण भास मणे ।**
**इग-विगल-असन्नि सन्नीणं चउ पंच पंच य छप्पि ॥६॥**

## ગાથાર્થઃ

આહાર, શરીર અને ઇન્દ્રિય એ ત્રણ ખાસ, (તથા બીજી) શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મનઃ (એ છ) પર્યાપ્તિઓ છે. એકેન્દ્રિય જીવોને, વિકલેન્દ્રિય જીવોને, અસંજ્ઞી પંચેન્દ્રિયોને અને સંજ્ઞી પંચેન્દ્રિયોને ચાર, પાંચ, પાંચ અને છયે પર્યાપ્તિઓ હોય છે. ॥૬॥

## વિશેષાર્થઃ

पर्याप्ति-એટલે સંસારી જીવને શરીરધારી તરીકે જીવવાની જીવનશક્તિ તે પર્યાપ્તિ, જો કે કોઈપણ જાતિનું શરીર ધારણ કરીને જીવવાની આત્મામાં શક્તિ છે. પરંતુ એ શક્તિ પુદ્ગલ-પરમાણુઓની મદદ વિના પ્રગટ થતી નથી. અર્થાત્ જો પુદ્ગલ-પરમાણુઓની મદદ ન હોય, તો આત્માની શરીરમાં જીવવાની શક્તિ પ્રગટ ન થાય, એટલે કે તે શરીરધારી તરીકે જીવી ન શકે. આ ઉપરથી એ વ્યાખ્યા થાય છે કે-

પુદ્ગલ પરમાણુઓના સમૂહના નિમિત્તથી આત્મામાંથી પ્રગટ થયેલી અને શરીરધારીપણે જીવવા માટેનાં ઉપયોગી પુદ્ગલોને પરિણમાવવાનું કામ કરનારી આત્માની અમુક જાતની (શરીર ધારણ કરી જીવવાની) જીવનશક્તિ, તે પર્યાપ્તિ. આહાર વિના શરીર બંધાય નહીં, શરીર ધારણ કર્યા વિના જીવ કોઈપણ રીતે સંસારીપણે જીવી શકે નહીં, તેથી ઇન્દ્રિયો બાંધવી પડે, શ્વાસોચ્છ્વાસ વિના શરીરધારી જીવ જીવી શકે નહીં. તથા વધારે શક્તિવાળા જીવને બોલવાની અને વિચારવાની શક્તિની જરૂર પડે છે, કે જેને લીધે તે બોલી શકે છે અને વિચારી શકે છે.

માટે બધા સંસારી જીવોની અપેક્ષાએ આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મન એ છ પર્યાપ્તિઓ હોય છે. એ છથી વધારે જીવનશક્તિ સંભવતી જ નથી.

પોતાને યોગ્ય પર્યાપ્તિઓ પૂરી કરે તે જીવનું નામ પર્યાપ્ત જીવ અને પોતાને યોગ્ય પર્યાપ્તિઓ પૂરી કર્યા વિના મરે તે અપર્યાપ્ત જીવ.

અપર્યાપ્તપણું અપાવનાર કર્મ તે અપર્યાપ્ત નામકર્મ. અને પર્યાપ્તપણું અપાવનાર કર્મ તે પર્યાપ્ત નામકર્મ.

પર્યાપ્તિની ઉપર પ્રમાણે વ્યાખ્યા સમજ્યા પછી તેના કાર્યકારણ, બાહ્યકારણ બાહ્ય-અભ્યન્તર નિમિત્તો, દ્રવ્ય ભાવ વગેરે અપેક્ષાએ અનેક જાતની વ્યાખ્યાઓ શાસ્ત્રમાં આપવામાં આવેલી છે.[1]

આહાર વગેરેને યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરવામાં તથા આહારાદિ રૂપે પરિણામ પમાડવામાં કારણરૂપ એવી આત્માની શરીરમાં જીવનક્રિયા ચલાવવાની શક્તિ તે પર્યાપ્તિ, (અથવા તે શક્તિના આલંબન-કારણરૂપ જે પુદ્ગલો તે પર્યાપ્તિ અથવા તે શક્તિ અને શક્તિના કારણરૂપ પુદ્ગલ સમૂહની નિષ્પત્તિ તે પર્યાપ્તિ, અથવા તે શક્તિની અને શક્તિના કારણરૂપ પુદ્ગલસમૂહની પરિસમાપ્તિ તે પર્યાપ્તિ કહેવાય. એ પ્રમાણે પર્યાપ્તિના અનેક અર્થ થાય છે. પણ પર્યાપ્તિ એટલે શક્તિ એ મુખ્ય અર્થ છે.)

તે પર્યાપ્તિ એટલે આત્મશક્તિ, પુદ્ગલના અવલંબન વિના ઉત્પન્ન થતી નથી. તે કારણથી આત્મા જ્યારે ઉત્પત્તિસ્થાનમાં ઉત્પન્ન થાય છે, ત્યારે ઉત્પન્ન થતાંની[2] સાથે જ (કોયલામાં સ્પર્શેલા અગ્નિની માફક) પ્રતિસમય આહારનાં પુદ્ગલો ગ્રહણ કરતો જાય છે, અને તે અમુક અમુક પ્રમાણમાં જથ્થાબંધ જ્યારે ગ્રહણ થઈ જાય છે ત્યારે તે તે પુદ્ગલના જથ્થા-સમૂહ દ્વારા આત્મામાં અમુક અમુક કાર્ય કરવાની (જીવનનિર્વાહમાં કરવા યોગ્ય આવશ્યક[3] કાર્યો કરવાની) જે શક્તિ ઉત્પન્ન થાય છે, તે આહાર પર્યાપ્તિ આદિ પર્યાપ્તિઓના નામથી ઓળખાય

---

૧. પર્યાપ્તિ એ શબ્દનો ધાતુસિદ્ધ અર્થ સમાપ્તિ પણ થાય છે, તો પણ આહારગ્રહણાદિની શક્તિ વગેરે અર્થો સિદ્ધાન્તની પરિભાષા પ્રમાણે જાણવા પુનઃ "સમાપ્તિ". એ અર્થ પર્યાપ્તિઓના આગળ કહેવાતા અર્થમાંથી જ ઠીક સમજાશે.

૨. ઉત્પત્તિના પ્રથમ સમયે જે પુદ્ગલો ગ્રહણ થાય છે, તેમાં આત્માની શક્તિ તૈજસ-કાર્મણ શરીરનાં પુદ્ગલોના અવલંબન-સહાયથી છે. (કારણ કે સંસારી આત્મા પુદ્ગલોના અવલંબન-સહાય સિવાય કોઈ પણ જાતની ચેષ્ટા કરી શકતો નથી એવો સામાન્ય નિયમ છે) અને ઉત્પત્તિ થયા બાદ જેટલી જેટલી યોગમાત્રા વૃદ્ધિ પામતી જાય (તે તદ્ભવ શરીર સંબંધી યોગમાત્રા ગણવી, અને તે યોગમાત્રાઓ તત્ તત્ સમયે ગૃહ્યમાણ પુદ્ગલોના અવલંબન-સહાયવાળી જાણવી.) તેમ તેમ તે શક્તિ ખીલતી જાય.

૩. પ્રતિસમય આહારગ્રહણ-સપ્ત ધાતુઓની રચના-ઇન્દ્રિયો દ્વારા વિષયોનું ગ્રહણ-શ્વાસોચ્છ્વાસ-વચનોચ્ચાર અને માનસિક વિચારો, એ જીવનનિર્વાહમાં (નિર્વાહનાં) ૬ આવશ્યક કાર્યો ગણાય.

છે, માટે પુદ્‌ગલના ઉપચયથી (=સમુહથી) ઉત્પન્ન થયેલ આત્માની (આહાર પરિણમનાદિમાં ઉપયોગી) જે શક્તિ વિશેષ. તે પર્યાપ્તિ. એ અર્થ અતિપ્રસિદ્ધ છે. તે આહાર પર્યાપ્તિ આદિ ૬ પર્યાપ્તિઓનું યત્કિંચિત્ સ્વરૂપ મનુષ્યના તથા તિર્યંચના ઔદારિક[1] શરીર સંબંધી પર્યાપ્તિઓને અનુસરીને કહીએ છીએ, તે આ પ્રમાણે-

**૧. आहार पर्याप्ति**-ઉત્પત્તિસ્થાને રહેલા આહારને જીવ જે શક્તિ વડે ગ્રહણ કરે, અને ગ્રહણ કરીને ખલ-રસને યોગ્ય બનાવે, તે આહાર પર્યાપ્તિ. (અહીં ખલ એટલે અસાર પુદ્‌ગલો-મળમૂત્રાદિ, અને શરીરાદિ રચનામાં ઉપયોગી થાય તેવાં પુદ્‌ગલો તે રસ છે.) આ પર્યાપ્તિ પ્રથમ સમયે જ સમાપ્ત થાય છે.

**૨. शरीर पर्याप्ति**-રસને યોગ્ય પુદ્‌ગલોને જે શક્તિ વડે જીવ શરીરરૂપે-સાત ધાતુરૂપે રચે, તે શક્તિ તે શરીરપર્યાપ્તિ (અહીં શરીર કાયયોગપ્રવૃત્તિમાં સમર્થ થાય ત્યાં સુધીની જે શરીર રચના, પછી પર્યાપ્તિની (શક્તિની) સમાપ્તિ થાય છે. અને તે સામર્થ્ય અન્તર્મુહૂર્ત સુધી શરીર-યોગ્ય પુદ્‌ગલો મેળવ્યાથી પ્રગટ થાય છે.)

**૩. इन्द्रिय पर्याप्ति**-રસરૂપે જુદાં પડેલ પુદ્‌ગલોમાંથી તેમજ સાત ધાતુમય શરીરરૂપે રચાયેલાં પુદ્‌ગલોમાંથી પણ ઇન્દ્રિય યોગ્ય પુદ્‌ગલો ગ્રહણ કરી ઇન્દ્રિયપણે પરિણમાવવાની જે શક્તિ તે, इन्द्रिय पर्याप्ति (શરીરપર્યાપ્તિ સમાપ્ત થયા બાદ પણ બીજા અન્તર્મુહૂર્ત સુધી મેળવેલાં ઇન્દ્રિયપુદ્‌ગલોથી રચાતી અભ્યન્તર નિવૃત્તિ ઇન્દ્રિય જ્યારે વિષયબોધ કરવામાં સમર્થ થાય છે, ત્યારે આ ઇન્દ્રિય પર્યાપ્તિની સમાપ્તિ થાય છે.

**૪. श्वासोच्छ्वास पर्याप्ति**-જે શક્તિ વડે શ્વાસોચ્છ્‌વાસ યોગ્ય વર્ગણાનાં પુદ્‌ગલો ગ્રહણ કરી શ્વાસોચ્છ્‌વાસ રૂપે પરિણમાવી અવલંબીને વિસર્જે, તે શક્તિનું નામ શ્વાસોચ્છ્‌વાસ પર્યાપ્તિ છે. (ઇન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થયા બાદ પણ ત્રીજા અન્તર્મુહૂર્ત સુધી ગ્રહણ કરેલી શ્વાસોચ્છ્‌વાસ વર્ગણાને શ્વાસોચ્છ્‌વાસરૂપે પરિણમાવવામાં ઉપકારી પુદ્‌ગલોથી જ્યારે જીવ શ્વાસોચ્છ્‌વાસ ક્રિયામાં સમર્થ થાય છે, ત્યારે આ પર્યાપ્તિની સમાપ્તિ થાય છે.)

**૫. भाषा पर्याप्ति**-જીવ જે શક્તિ વડે ભાષા યોગ્ય પુદ્‌ગલો ગ્રહણ કરી ભાષાપણે પરિણમાવી અવલંબીને વિસર્જન કરે, તે શક્તિનું નામ ભાષા પર્યાપ્તિ. (શ્વાસોચ્છ્‌વાસ પર્યાપ્તિ પૂર્ણ થયા બાદ પણ ચોથા અન્તર્મુહૂર્ત્ત સુધી ગ્રહણ કરેલાં (ભાષા પુદ્‌ગલોને ભાષાપણે પરિણમાવવામાં ઉપકારી) પુદ્‌ગલોથી જીવ જ્યારે વચનક્રિયામાં સમર્થ થાય છે ત્યારે આ પર્યાપ્તિની સમાપ્તિ થાય છે.)

---

૧. આહારક શરીર સંબંધી તથા વૈક્રિય શરીર સંબંધી પર્યાપ્તિઓનું સ્વરૂપ જો કે કંઈક ભિન્ન છે, તો પણ આ ઉપરથી સહેજે સમજી શકાય તેવું છે.

૬. **મનઃપર્યાપ્તિ**-જીવ જે શક્તિ વડે મનઃ પ્રાયોગ્ય પુદ્ગલો[1] ગ્રહણ કરી મનપણે પરિણમાવી અવલંબીને વિસર્જન કરે, તે શક્તિનું નામ મનઃપર્યાપ્તિ. (ભાષાપર્યાપ્તિ પૂર્ણ થયા બાદ પણ પાંચમા અન્તર્મુહૂર્ત સુધી ગ્રહણ કરેલ (મનોયોગ્ય પુદ્ગલોને મનપણે પરિણમાવવામાં સમર્થ) પુદ્ગલોથી જીવ જ્યારે વિષયચિંતનમાં સમર્થ થાય ત્યારે આ પર્યાપ્તિની સમાપ્તિ થઈ ગણાય છે.)

## દેવાદિકને પર્યાપ્તિઓનો ક્રમ

એ પ્રમાણે મનુષ્ય-તિર્યંચને આહાર પર્યાપ્તિ સમયમાં અને શેષ પાંચ પર્યાપ્તિ અનુક્રમે અન્તર્મુહૂર્ત-અન્તર્મુહૂર્ત કાળે સમાપ્ત થાય છે, અને દેવ નારક સંબંધી તથા ઉત્તરવૈક્રિય અને આહારક શરીરસંબંધી પર્યાપ્તિઓમાં-આહાર પર્યાપ્તિ પ્રથમ સમયે, શરીર પર્યાપ્તિ ત્યારબાદ અન્તર્મુહૂર્તે અને શેષ ચાર પર્યાપ્તિઓ અનુક્રમે એક-એક સમયને અન્તરે સમાપ્ત થાય છે. વળી શ્રી ભગવતીજી આદિકમાં તો દેવને ભાષાપર્યાપ્તિની અને મનઃપર્યાપ્તિની સમકાળે સમાપ્તિ થવાની અપેક્ષાએ દેવને પાંચ પર્યાપ્તિ કહી છે.

## ૬. પર્યાપ્તિઓ પુદ્ગલ સ્વરૂપ છે.

શ્રી તત્ત્વાર્થ સૂત્રમાં કહ્યું છે કે-"પર્યાપ્તિઓ પુદ્ગલરૂપ છે, અને તે કર્ત્તારૂપ આત્માનું કરણ (સાધન) વિશેષ છે કે જે કરણવિશેષ વડે આત્માને આહારગ્રહણાદિ સામર્થ્ય ઉત્પન્ન થાય છે, અને તે કરણ જે પુદ્ગલો વડે રચાય છે, તે આત્માએ ગ્રહણ કરેલાં પુદ્ગલો કે જે તથા-પ્રકારની પરિણતિવાળાં છે. તે જ પર્યાપ્તિ શબ્દ વડે કહેવાય છે. (અર્થાત્ તે પુદ્ગલોનું જ નામ પર્યાપ્તિ છે.")

## લબ્ધિ અપર્યાપ્ત વગેરે ૪ ભેદ

પર્યાપ્તિઓ સમાપ્ત થવાના કાળને અંગે જીવના પણ પર્યાપ્ત-અપર્યાપ્ત એ બે મુખ્ય ભેદ છે. ત્યાં જે જીવ સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા બાદ મરણ પામે, તે જીવ पर्याप्त કહેવાય, અને નિર્ધને કરેલા મનોરથોની માફક જે જીવ સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ કર્યા વિના મરણ પામે, તેવો જીવ अपर्याप्त કહેવાય. એ પર્યાપ્તપણું પ્રાપ્ત થવું તે પર્યાપ્ત નામકર્મના ઉદયથી થાય છે, અને અપર્યાપ્ત નામકર્મના ઉદયથી જીવને અપર્યાપ્તપણું પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે જીવના પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા

---

૧. આ પુદ્ગલોને શ્રી તત્ત્વાર્થ ટીકામાં मनःकरण નામથી સ્પષ્ટ ઓળખાવ્યાં છે, કે જે મનોવર્ગણાનાં પુદ્ગલોથી ભિન્ન છે. જેમ મનઃકરણ સ્પષ્ટ કહેલ છે તેમ ભાષાકરણ અને ઉચ્છ્વાસ કરણ એ શબ્દો સ્પષ્ટ દેખવામાં આવ્યા નથી. પરંતુ કેટલાક પાઠો ઉપરથી ઉચ્છ્વાસ કરણ અને ભાષાકરણ પણ હોય એમ સંભવે છે. પછી સત્ય શ્રી બહુશ્રુતગમ્ય.

બે મુખ્ય ભેદ છે. પુનઃ એ બે ભેદના અવાન્તર ભેદ પણ છે. તે સર્વ ભેદ છૂટા પાડતાં ચાર ભેદ થાય છે, તે આ પ્રમાણે-

**૧. लब्धि अपर्याप्त**-જે જીવ સ્વયોગ્ય[1] પર્યાપ્તિઓ પૂર્ણ ન કરે અને મરણ પામી જાય તે લબ્ધિ અપર્યાપ્ત કહેવાય. પૂર્વભવમાં બાંધેલા અપર્યાપ્ત નામકર્મના ઉદય વડે જીવ લબ્ધિ[2] અપર્યાપ્ત થાય છે. અને આ જીવો પ્રથમની ત્રણ પર્યાપ્તિઓ પૂર્ણ કરી શકે છે, અને ચોથી[3] અથવા ચોથી[4] પાંચમી, અથવા ચોથી[5], પાંચમી અને છઠ્ઠી પર્યાપ્તિઓ અધૂરી જ રહે છે.

**૨. लब्धि पर्याप्त**-જે જીવ (પોતાના મરણ પહેલાં) સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિઓ પૂર્ણ કરે જ, તે જીવ (પૂર્ણ કર્યા પહેલાં અથવા પછી પણ) લબ્ધિ પર્યાપ્ત કહેવાય. પૂર્વ ભવે બાંધેલા પર્યાપ્ત નામકર્મના ઉદયથી જ જીવ આ ભવમાં સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિઓ પૂર્ણ કરી શકે છે. (અર્થાત્ પૂર્ણ કરીને મરણ પામે છે.)

**૩. करण अपर्याप्त**-ઉત્પત્તિ સ્થાને સમકાળે સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિઓની રચનાનો પ્રારંભ થયો છે, જયાં સુધી તે સમાપ્ત ન થાય ત્યાં સુધી જીવ કરણ અપર્યાપ્ત કહેવાય. અહીં करण એટલે સ્વયોગ્ય ઇન્દ્રિયાદિ પર્યાપ્તિઓ, તે વડે અપર્યાપ્ત (એટલે અસમાપ્ત) અર્થ હોવાથી કરણ અપર્યાપ્ત ગણાય. પૂર્વે કહેલ લબ્ધિ પર્યાપ્ત તથા લબ્ધિ-અપર્યાપ્ત એ બન્ને જીવને કરણ અપર્યાપ્તપણું હોય છે, તેમાં લબ્ધિ પર્યાપ્ત જીવ તો પ્રથમ કરણ અપર્યાપ્ત હોઈ પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા બાદ કરણ પર્યાપ્ત થવાનો છે, અને લબ્ધિ અપર્યાપ્ત જીવને તો કરણ પર્યાપ્તપણું થવાનુંજ[6]નથી.

**૪. करणपर्याप्त**-ઉત્પત્તિસ્થાને સમકાળે સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિઓની (એટલે પર્યાપ્તિ સંબંધી કારણભૂત પુદ્ગલસમૂહની) રચનાનો જે પ્રારંભ થયો છે, તે રચના

---

૧. "સ્વયોગ્ય" એટલે ચાલુ ગાથામાં જે એકેન્દ્રિયને ૪, વિકલેન્દ્રિયને ૫, અસંજ્ઞી પંચેન્દ્રિયને ૫, તથા સંજ્ઞી પંચેન્દ્રિયને ૬ પર્યાપ્તિઓ કહી છે. તે પ્રમાણે એકેન્દ્રિયને સ્વયોગ્ય પર્યાપ્તિઓ ૪, ઇત્યાદિ રીતે જાણવું.

૨. અહીં लब्धि એટલે પૂર્વબદ્ધ પર્યાપ્ત નામકર્મજન્ય યોગ્યતા અથવા પર્યાપ્ત નામકર્મનો ઉદય જાણવો. કારણ કે પર્યાપ્તને પૂર્વબદ્ધ પર્યાપ્ત નામકર્મનો અને અપર્યાપ્તને પૂર્વબદ્ધ અપર્યાપ્ત નામકર્મનો ઉદય એ જ લબ્ધિરૂપ છે.

૩. એકેન્દ્રિયને.

૪. વિકલેન્દ્રિયને તથા અસંજ્ઞી પંચેન્દ્રિયને.

૫. સંજ્ઞી પંચેન્દ્રિયને.

૬. શાસ્ત્રોમાં એ બે સ્થાને બીજો અર્થ એવો પણ કહ્યો છે કે, કરણ એટલે ઇન્દ્રિય પર્યાપ્ત, તે વડે અપર્યાપ્ત-અસમાપ્ત તે करण अपर्याप्त અને ઇન્દ્રિય પર્યાપ્તિ સમાપ્ત થયા બાદ જીવ करण पर्याप्त કહેવાય, જેથી સર્વે લબ્ધિ અપર્યાપ્ત જીવો પણ કરણ પર્યાપ્તા થયા બાદ જ મરણ પામી શકે છે. આ બેમાંથી ઉપરનો જ અર્થ યાદ રાખવો. કારણ કે, બે અર્થોથી અભ્યાસી વર્ગને વિશેષ ગૂંચવણ ઊભી થાય માટે જે વિશેષ પ્રસિદ્ધ અર્થ છે, તે જ કહ્યો છે.

સમાપ્ત થયા બાદ જીવ કરણ પર્યાપ્ત કહેવાય. ઉપર કહ્યા પ્રમાણે લબ્ધિ પર્યાપ્ત જીવ જ કરણ પર્યાપ્ત થઈ શકે છે.

### લબ્ધિ અપર્યાપ્ત વગેરે ૪ ભેદનો કાળ

લબ્ધિ અપર્યાપ્તપણાનો કાળ-ભવના પ્રથમ સમયથી (એટલે પૂર્વ ભવમાંથી છૂટે તે જ સમયથી) ઉત્પત્તિસ્થાને ઇન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ કરે ત્યાં સુધી એટલે સર્વ મળી અન્તર્મુહૂર્ત્તનો છે જેથી વાટે વહેતાં પણ લબ્ધિ અપર્યાપ્ત ગણાય.

૨. લબ્ધિ પર્યાપ્તપણાનો કાળ ભવના પ્રથમ સમયથી (એટલે પૂર્વ ભવમાંથી છૂટે તે જ સમયથી) સંપૂર્ણ ભવ પર્યન્ત (એટલે દેવને ૩૩ સાગરોપમ, મનુષ્યને ૩ પલ્યોપમ ઇત્યાદિ.) જેથી વાટે વહેતો જીવ પણ લબ્ધિ પર્યાપ્ત કહેવાય.


૩. કરણ અપર્યાપ્તપણાનો કાળ-ભવના પ્રથમ સમયથી સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિઓ પૂર્ણ ન કરે ત્યાં સુધી (એટલે સર્વ મળીને અન્તર્મુહૂર્ત્ત) તથા વાટે વહેતો જીવ પણ કરણ અપર્યાપ્ત ગણાય.

૪. કરણ પર્યાપ્તપણાનો કાળ-લબ્ધિ પર્યાપ્તના આયુષ્યમાંથી પર્યાપ્તિઓ પૂર્ણ કરવાનો અન્તર્મુહૂર્ત્ત જેટલો કાળ બાદ કરે તેટલો જાણવો. અર્થાત્ અન્તર્મુહૂર્ત્ત ન્યૂન સ્વ-આયુષ્ય પ્રમાણ. (જેથી દેવને અન્તર્મુહૂર્ત્ત ન્યૂન ૩૩ સાગરોપમ અને મનુષ્યને અન્તર્મુહૂર્ત્ત ન્યૂન ૩ પલ્યોપમ ઇત્યાદિ)

એ ચાર પ્રકારના પર્યાપ્ત જીવોનો અર્થ કહીને, તે જીવોના ભેદની પરસ્પર પ્રાપ્તિનું કોષ્ટક બતાવીએ છીએ-

૧. **लब्धि अपर्याप्तामां**-લબ્ધિ અપર્યાપ્ત અને કરણ અપર્યાપ્ત (તથા અપેક્ષાએ બીજા[1] અર્થ પ્રમાણે કરણપર્યાપ્ત પણ.)
૨. **लब्धि पर्याप्तामां**-લબ્ધિપર્યાપ્ત-કરણ અપર્યાપ્ત. કરણ પર્યાપ્ત.
૩. **करण अपर्याप्तामां**-કરણ અપર્યાપ્ત-લબ્ધિ અપર્યાપ્ત-લબ્ધિ પર્યાપ્ત.
૪. **करण पर्याप्तामां**-કરણપર્યાપ્ત-લબ્ધિપર્યાપ્ત (અપેક્ષાએ બીજા અર્થ પ્રમાણે લબ્ધિ અપર્યાપ્ત પણ)

### પર્યાપ્તના ભેદ-પ્રતિભેદની સ્થાપના




૧. ઇન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ થયા બાદ કરણ પર્યાપ્ત કહેવાય, એ ઉપરની ટિપ્પણમાં કહેલા બીજા અર્થ પ્રમાણે.

## ઉત્તર દેહમાં ભિન્ન પર્યાપ્તિની રચના

લબ્ધિવંત જીવે પોતાના જન્મના મૂળ શરીરની રચના સમયે જે ચાર અથવા છ પર્યાપ્તિઓ સમાપ્ત કરી છે, તે પર્યાપ્તિઓ વડે સંપૂર્ણ ભવ સુધી પર્યાપ્ત ગણાય છે. પરંતુ એ જ (તથાવિધ લબ્ધિવાળો) જીવ જ્યારે પર્યાપ્ત અવસ્થામાં બીજું નવું શરીર બનાવે છે, ત્યારે પુનઃ તે નવા શરીર સંબંધી ચાર અથવા છ પર્યાપ્તિઓ નવેસરથી રચે છે. પરંતુ પ્રથમની રચેલી જન્મ શરીર સંબંધી પર્યાપ્તિઓ ઉપયોગી થતી નથી. ત્યાં લબ્ધિપર્યાપ્ત બાદર વાયુકાયમાંના વૈક્રિયશરીર રચવાની શક્તિવાળા કેટલાએક લબ્ધિ બાદર પર્યાપ્ત જે વાયુકાય જીવો છે, તે જીવોએ જન્મ સમયે ઔદારિક શરીર સંબંધી ૪ પર્યાપ્તિ રચી છે, તોપણ પુનઃ બીજું નવું શરીર (એટલે વૈક્રિયશરીર) રચતી વખતે નવીન વૈક્રિયશરીર સંબંધી જુદી ૪ પર્યાપ્તિઓ રચે છે. તથા આહારકલબ્ધિવંત ચૌદપૂર્વધર મુનિ મહાત્માઓ જન્મ સમયે ઔદારિકશરીરની ૬ પર્યાપ્તિઓ રચી છે, તોપણ આહારકશરીરની રચના પ્રસંગે આહારક દેહ સંબંધી નવી ૬ પર્યાપ્તિઓ રચે છે. એ પ્રમાણે લબ્ધિવંત મનુષ્યોના પણ મૂળ દેહની ૬ પર્યાપ્તિ ભિન્ન અને ઉત્તર દેહની ૬ પર્યાપ્તિ ભિન્ન રચાય છે.

## પર્યાપ્તિઓનો પ્રારંભ સમકાળે અને સમાપ્તિ અનુક્રમે.

જીવ ઉત્પત્તિસ્થાને આવ્યા બાદ સ્વયોગ્ય સર્વપર્યાપ્તિઓનો પ્રારંભ સમકાળે કરે છે, પરંતુ સમાપ્તિ અનુક્રમે જ થાય છે, કારણ કે, તૈજસ કાર્મણ શરીરના બળ વડે આત્માએ ઉત્પત્તિ સ્થાનમાં પ્રથમ સમયે શુક્ર રૂધિરાદિ જે પુદ્ગલો ગ્રહણ કર્યા, તે જ પ્રથમ સમયે ગૃહીત પુદ્ગલો દ્વારા એ જ (ગૃહીત) પુદ્ગલોને તથા હવેથી ગ્રહણ કરાતાં પુદ્ગલોને પણ ખલ-રસ પણે જુદા પાડવાની શક્તિ પ્રાપ્ત થઈ, તે આહાર પર્યાપ્તિની પરિસમાપ્તિ થઈ. પરંતુ એ પ્રથમ ગૃહીત પુદ્ગલોથી શરીર વગેરેની પણ કંઈક અંશે - એક અંશે રચના થઈ છે. (પણ સંપૂર્ણ રચના થઈ નથી), એટલે પ્રથમ સમય ગૃહીત પુદ્ગલો પ્રથમ સમયે જ કેટલાંક ખલપણે, કેટલાંક રસપણે (એટલે સાત ધાતુયોગ્ય), કેટલાંક ઇન્દ્રિયપણે[1], કેટલાંક ઉચ્છ્વાસ કાર્યમાં સહાયકરૂપે, કેટલાંક ભાષાકાર્યમાં સહાયકરૂપે અને કેટલાંક મનઃકાર્યમાં સહાયકરૂપે પરિણમેલાં છે, અને તેટલાં અલ્પ અલ્પ પુદ્ગલો દ્વારા આત્માને તે તે કાર્યમાં કંઈક કંઈક અંશે શક્તિ પ્રાપ્ત થઈ છે. તે કારણથી સર્વે પર્યાપ્તિઓ સમકાળે પ્રારંભાય છે એમ કહેવામાં આવે છે, અને સમાપ્તિ તો અનુક્રમે જ થાય છે, તેનું કારણ પર્યાપ્તિઓનો અર્થ વાંચવાથી જ સહેજે સમજાયું હશે.

---

૧. ઇન્દ્રિય પ્રાણના અર્થ પ્રસંગે આગળ કહેવાતી अभ्यन्तर निर्वृत्ति इन्द्रिय પણે

**૬ પર્યાપ્તિઓ અનુક્રમે સૂક્ષ્મ-સૂક્ષ્મતર છે.**

પુનઃ પર્યાપ્તિઓ સમકાળે પ્રારંભાવા છતાં પણ અનુક્રમે પૂર્ણ થવાનું કારણ એ છે કે એમાંની પહેલી આહાર પર્યાપ્તિ સ્થૂલ છે, બીજી શરીર પર્યાપ્તિ તેથી સૂક્ષ્મ છે, અને ત્રીજી પર્યાપ્તિ યાવત્ છઠ્ઠી, તેથી પણ અધિક સૂક્ષ્મ-સૂક્ષ્મ છે. અને અનુક્રમે અધિક અધિક પુદ્ગલ સમૂહ વડે તે તે પર્યાપ્તિઓની સૂક્ષ્મતા બની શકે છે, અને અધિક અધિક પુદ્ગલ સમૂહ મેળવવામાં કાળ પણ અધિક અધિક જ લાગે છે. જેમ શેર રૂઈ કાંતવાને છએ કાંતનારીઓ સમકાળે કાંતવા માંડે તોપણ જાડું સૂત્ર કાંતનારી કોકડું વહેલું પૂર્ણ કરે, અને અધિક અધિક સૂક્ષ્મ સૂત્ર કાંતનારી કોકડું ઘણા વિલંબે પૂર્ણ કરે છે, તેમ પર્યાપ્તિઓની સમાપ્તિના સંબંધમાં પણ જાણવું. (ઇત્યાદિ ભાવાર્થ श्रीतत्त्वार्थसूत्रनी टीका માં કહ્યો છે.)

**પ્રાણનું કારણ પર્યાપ્તિ**

વળી આ પર્યાપ્તિઓ પૂર્ણ થવાથી જ આગળ (સાતમી ગાથામાં) કહેવાતા જીવના (આયુષ્ય સિવાયના) દ્રવ્ય પ્રાણો ઉત્પન્ન થાય છે, માટે પર્યાપ્તિ કારણરૂપ છે, અને પ્રાણ કાર્યરૂપ છે. કઈ પર્યાપ્તિ કયા પ્રાણનું કારણ છે, તે પ્રાણના વર્ણનમાં આગળ કહેવાશે.

**કયા જીવને કેટલી પર્યાપ્તિ ?**

એ પ્રમાણે પર્યાપ્તિ સંબંધી અતિસંક્ષિપ્ત વિગત કહીને હવે चउ पंच पंच छप्पिय, इगविगलाऽसन्निसन्नीणं એ ગાથાના ઉત્તરાર્ધથી કયા જીવને કેટલી પર્યાપ્તિ હોય, તે બતાવે છે. એકેન્દ્રિય જીવને પહેલી ચાર પર્યાપ્તિ (એટલે આહાર-શરીર-ઇન્દ્રિય અને ઉચ્છ્વાસ) દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય તથા અસંજ્ઞી પંચેન્દ્રિય જીવને પહેલી પાંચ પર્યાપ્તિ છે, અને સંજ્ઞી પંચેન્દ્રિય જીવને છએ હોય છે.

**॥ इति पर्याप्तिस्वरूपम् ॥**

**સંસારી જીવને જીવવાની જીવનક્રિયાઓ (પ્રાણો)**

**पणिंदिअत्तिबलूसा-साउ दसपाण, चउ छ सग अट्ठ ।**
**इग-दु-ति-चउरिंदीणं, असन्नि-सन्नीण नव दस य ॥७॥**

**સંસ્કૃત અનુવાદ**

**पंचेन्द्रियत्रिबलोच्छ्वासायूंषि दश प्राणाश्चत्वारः षट् सप्ताष्टौ ।**
**एकद्वित्रिचतुरिन्द्रियाणा-मसंज्ञिसंज्ञिनां नव दश च ॥७॥**

## શબ્દાર્થ

| | |
|---|---|
| पणिंदिअ = પાંચ ઇન્દ્રિયો | अट्ठ = આઠ પ્રાણ |
| त्ति = ત્રણ | इग = એકેન્દ્રિયને |
| बल = બળ-યોગ | दु = દ્વીન્દ્રિયને |
| ऊसास = શ્વાસોચ્છ્વાસ | ति = ત્રીન્દ્રિયને |
| आउ = આયુષ્ય | चउरिंदीणं = ચતુરિન્દ્રિયને |
| दस = દશ | असन्नी = અસંજ્ઞી પંચેન્દ્રિયને |
| पाण = પ્રાણ (છે) | सन्नीण = સંજ્ઞી પંચેન્દ્રિયને |
| चउ = ચાર પ્રાણ | नव = નવ પ્રાણ |
| छ = છ પ્રાણ | दस = દશ પ્રાણ |
| सग = સાત | य = વળી, અને |

## અન્વય સહિત પદચ્છેદ

**पण इंदिय, त्ति बल, ऊसास, आऊ दस पाण ।**

**इग-दु-ति-चउरिंदीणं असन्नि सन्नीण चउ छ सग अट्ठ, नव य दस ॥**

## ગાથાર્થ:

પાંચ ઇન્દ્રિયો, ત્રણ બળ (એટલે યોગ), શ્વાસોચ્છ્વાસ, અને આયુષ્ય એ દશ પ્રાણ છે (તેમાંના) એકેન્દ્રિયને, દ્વીન્દ્રિયને, ત્રીન્દ્રિયને, ચતુરિન્દ્રિયને, અસંજ્ઞીપંચેન્દ્રિયને અને સંજ્ઞીપંચેન્દ્રિયને ચાર, છ, સાત, આઠ, નવ અને દશ (પ્રાણ હોય છે.) ॥૭॥

## વિશેષાર્થ:

प्राणिति जीवति अनेनेति प्राणः - જેના વડે જીવે, તે પ્રાણ કહેવાય. અર્થાત્ આ જીવ છે, અથવા આ જીવે છે, એવી પ્રતીતિ જે બાહ્ય લક્ષણોથી થાય તે બાહ્ય લક્ષણોનું નામ અહીં પ્રાણ, (એટલે द्रव्य प्राण) કહેવાય છે. એ ૧૦ પ્રાણ જીવને જ હોય છે, અને જીવદ્રવ્ય સિવાય બીજા દ્રવ્યમાં એ પ્રાણ હોય નહિ, માટે એ ૧૦ દ્રવ્યપ્રાણ તે જીવનું લક્ષણ (બાહ્ય લક્ષણ) છે.

પ્રાણો એ સંસારી જીવનું જીવન છે. જીવન વિના-પ્રાણો વિના કોઈ પણ સંસારી જીવ જીવી ન શકે. દશ પ્રાણો રૂપ જીવનક્રિયા ચાલવી એ જ સંસારી જીવનું જીવન છે. અને પર્યાપ્તિઓ જીવનક્રિયા ચલાવવાની મદદગાર શક્તિ પ્રગટ થવાનાં સાધન છે.

**૫. इन्द्रियप्राणः** - સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય એ ૫ ઇન્દ્રિય છે. इन्द्र એટલે આત્મા, તેનું જે લિંગ-ચિહ્ન તે इन्द्रिय કહેવાય. દેખાતી ત્વચા-ચામડી તે સ્પર્શનેન્દ્રિય નથી. પરંતુ અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી પાતળી, શરીરના બાહ્ય તથા અભ્યન્તર ભાગ જેવડા (અથવા શરીર પ્રમાણ અંદરથી અને બહારથી) વિસ્તારવાળી, શરીરના બાહ્ય તથા અભ્યન્તર ભાગમાં પથરાયેલી, અને ચક્ષુથી ન દેખી શકાય તેવી શરીરના આકારવાળી (અભ્યન્તર) નિર્વૃત્તિરૂપ એક જ ભેદવાળી स्पर्शनेन्द्रिय છે. તથા અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી પાતળી, અંગુલ પૃથક્ત્વ વિસ્તારવાળી, ચક્ષુથી ન દેખી શકાય તેવી, દેખાતી જિહ્વામાં પથરાયેલી અને ઘાસ ઉખેડવાની ખુરપી સરખા આકારવાળી એવી અભ્યન્તરનિર્વત્તિરૂપ रसनेन्द्रिय છે. તથા અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી પાતળી, લાંબી, પહોળી, ચક્ષુથી ન દેખી શકાય એવી નાસિકાની અંદર રહેલી પડઘમના આકારવાળી અભ્યન્તરનિર્વૃત્તિરૂપ **घ्राणेन्द्रिय** છે. તથા ઘ્રાણેન્દ્રિય સરખા પ્રમાણવાળી, ચક્ષુથી ન દેખી શકાય એવી ચક્ષુની કીકીના તારામાં રહેલી અને ચન્દ્રાકૃતિવાળી અભ્યન્તર નિર્વૃત્તિરૂપ चक्षुरिन्द्रिय છે. તથા એટલા જ પ્રમાણવાળી श्रोत्रेन्द्रिय પણ છે, પરંતુ તે કર્ણપર્પટિકાના (કાનપાપડીના) છિદ્રમાં રહેલી અને કદંબપુષ્પના આકારવાળી છે. એ પ્રમાણે વિષયબોધ ગ્રહણ કરવાવાળી એ પાંચેય ઇન્દ્રિયો અભ્યન્તર રચના(આકાર)વાળી હોવાથી અભ્યન્તર નિર્વૃત્તિ કહેવાય છે, અને ચક્ષુથી દેખાતી જિહ્વાદિ ૪ ઇન્દ્રિયો તે બાહ્ય રચના (આકાર)વાળી હોવાથી બાહ્યનિર્વૃત્તિ ઇન્દ્રિય કહેવાય. તે વિષયબોધ કરી શકે નહિ.

**૩. बल प्राण**-(યોગ પ્રાણ)-મન, વચન અને કાયાના નિમિત્તથી પ્રવર્તતો જીવનો વ્યાપાર તે યોગ. એ યોગનો-બળનો અર્થ સ્પષ્ટ છે.

**૧. उच्छ्वास प्राण**-જીવ શ્વાસોચ્છ્વાસ યોગ્યપુદ્ગલો ગ્રહણ કરી તેઓને શ્વાસોચ્છ્વાસપણે પરિણમાવી, અવલંબીને શ્વાસોચ્છ્વાસ લેતાં-મૂકતાં જે શ્વાસોચ્છ્વાસ ચાલે છે, તે શ્વાસોચ્છ્વાસ પ્રાણ કહેવાય. ઘ્રાણેન્દ્રિયવાળા જીવોને જે શ્વાસોચ્છ્વાસ ઘ્રાણેન્દ્રિય દ્વારા ગ્રહણ કરાય છે, અને સ્પષ્ટ દેખાય છે, તે बाह्य उच्छ्वास છે, પરંતુ એનો ગ્રહણ પ્રયત્ન અને શ્વાસોચ્છ્વાસનું પરિણમન તો સર્વ આત્મપ્રદેશે થાય છે. તે अभ्यन्तर उच्छ्वास છે, અને તે સ્થૂલ દૃષ્ટિમાં ઉપલબ્ધ થતો નથી. જે જીવોને નાસિકા નથી તેઓ નાસિકા વિના પણ સર્વ શરીર પ્રદેશે શ્વાસોચ્છ્વાસનાં પુદ્ગલો ગ્રહણ કરી સર્વ શરીરપ્રદેશમાં શ્વાસોચ્છ્વાસપણે પરિણમાવે છે. અને અવલંબન કરી વિસર્જન કરે છે. નાસિકા રહિત જીવોને ૧ અભ્યન્તર શ્વાસોચ્છ્વાસ હોય છે. અને તે, અવ્યક્ત છે, તથા નાસિકાવાળા જીવને તો બન્ને

પ્રકારના શ્વાસોચ્છ્વાસ હોય છે. આ શ્વાસોચ્છ્વાસ ચાલુ હોય છે, ત્યારે "જીવ છે, જીવે છે." એમ જણાય છે. માટે એ જીવના બાહ્ય લક્ષણ રૂપ દ્રવ્ય પ્રાણ છે.

૨. **आयुष्यप्राण**-આયુષ્ય કર્મનાં પુદ્ગલો તે द्रव्य आयुष्य અને તે પુદ્ગલો વડે જીવ જેટલા કાળ સુધી નિયત (અમુક) ભવમાં ટકી શકે તેટલા કાળનું નામ काल आयुष्य છે. જીવને જીવવામાં એ આયુષ્ય કર્મનાં પુદ્ગલો જ (આયુષ્યનો ઉદય જ) મૂળ-મુખ્ય કારણરૂપ છે. આયુષ્યનાં પુદ્ગલો સમાપ્ત થયે આહારાદિ અનેક સાધનો વડે પણ જીવ જીવી શકતો નથી. એ બે પ્રકારના આયુષ્યમાં જીવને દ્રવ્ય આયુષ્ય તો અવશ્ય પૂર્ણ કરવું જ પડે છે અને કાળ આયુષ્ય તો પૂર્ણ કરે અથવા ન કરે. કારણ કે, એ દ્રવ્ય આયુષ્ય જો अनपवर्तनीय (એટલે કોઈ પણ ઉપાયે દ્રવ્ય આયુષ્ય શીઘ્ર ક્ષય ન પામે એવું) હોય, તો સંપૂર્ણ કાળે મરણ પામે અને જો अपवर्तनीय (શસ્ત્રાદિકના આઘાત વગેરેથી દ્રવ્ય આયુષ્ય શીઘ્ર ક્ષય પામવાના સ્વભાવવાળું) હોય, તો અપૂર્ણ કાળે પણ મરણ પામે, પરંતુ દ્રવ્યાયુષ્ય તો સંપૂર્ણ કરીને જ મરણ પામે છે.

### કયા જીવને કેટલા પ્રાણ હોય ?

સર્વ एकेन्द्रिय જીવોને સ્પર્શનેન્દ્રિય, કાયબળ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય એ ૪ પ્રાણ હોય છે. द्वीन्द्रिय જીવોને રસનેન્દ્રિય તથા વચનબળ અધિક હોવાથી ૬ પ્રાણ હોય છે. त्रीन्द्रिय ને ઘ્રાણેન્દ્રિય અધિક હોવાથી ૭ પ્રાણ હોય છે, चतुरिन्द्रिय ને ચક્ષુરિન્દ્રિય અધિક હોવાથી ૮ પ્રાણ, असंज्ञीपंचेन्द्रिय ને શ્રોત્રેન્દ્રિય અધિક હોવાથી ૯ પ્રાણ અને संज्ञीपंचेन्द्रिय ને મનઃપ્રાણ અધિક હોવાથી ૧૦ પ્રાણ હોય છે.

અપર્યાપ્તા જીવોને (લબ્ધિ અપર્યાપ્તા જીવોને) ઉત્કૃષ્ટથી ૭ પ્રાણ હોય છે, અને જઘન્યથી ૩ પ્રાણ હોય છે. ત્યાં અપર્યાપ્તા એકેન્દ્રિયને ૩ પ્રાણ અને અપર્યાપ્ત પંચેન્દ્રિયને ૭ પ્રાણ હોય છે. શેષ જીવોને યથાસંભવ વિચારવા. કારણ કે, અપર્યાપ્તપણામાં શ્વાસોચ્છ્વાસ, વચનબળ અને મનબળ એ ત્રણ પ્રાણ હોય નહિ, માટે સમ્મૂર્ચ્છિમ મનુષ્યને[1] પણ ૭ પ્રાણ હોય છે, કારણ કે સમ્મૂર્ચ્છિમ મનુષ્ય તો નિશ્ચયથી અપર્યાપ્ત જ હોય છે, અને કેટલાક ગ્રંથોમાં ૭-૮-૯ પ્રાણ કહ્યા છે, તે અપેક્ષા ભેદથી સંભવે છે.

---

૧. દ્રવ્ય લોકપ્રકાશમાં ૭-૮ તથા પ્રાચીન બાલાવબોધ અને બૃહત્સંગ્રહણી વૃત્તિમાં સંમૂર્ચ્છિમ મનુષ્યને ૯ પ્રાણ ઘટાવ્યા છે, પરંતુ તેમાં અપેક્ષાભેદ છે. કારણ કે, કર્મગ્રંથોના અભિપ્રાય પ્રમાણે લબ્ધિ અપર્યાપ્ત પ્રત્યયિક કર્મબંધનમાં શ્વાસોચ્છ્વાસ કર્મ પણ બંધાતું નથી તો વચન પ્રાણ, મનઃપ્રાણની તો વાત જ શી ? છતાં જીવવિચારની અવચૂરીમાં પણ ૭-૮ પ્રાણ કહ્યા છે, માટે કોઈ અપેક્ષાભેદ હશે, એમ સંભવે છે. વળી કોઈ ગ્રંથમાં સંમૂર્ચ્છિમ મનુષ્યને ૫ પર્યાપ્તિ કહેલી પણ સાંભળી છે.

## પ્રાણ અને પર્યાપ્તિમાં તફાવત

પર્યાપ્તિ તે પ્રાણોનું કારણ છે, અને પ્રાણ કાર્ય છે, પર્યાપ્તિનો કાળ અન્તર્મુહૂર્ત છે અને પ્રાણ જિંદગી સુધી રહે છે એટલે ભવોપગ્રાહી હોય છે. જો કે પર્યાપ્તિ પણ આખા ભવ સુધી રહે છે. છતાં અહીં પર્યાપ્તિને ઉત્પત્તિની અપેક્ષાએ અન્તર્મુહૂર્ત કાળવાળી કહી છે. હવે કયા પ્રાણો કઈ પર્યાપ્તિ વડે ઉત્પન્ન થયેલ હોય છે ? તે કહીએ છીએ-

૫ ઇન્દ્રિય પ્રાણ-મુખ્યત્વે ઇન્દ્રિય પર્યાપ્તિ વડે.
૧ કાયબળ- પ્રાણ-મુખ્યત્વે શરીર પર્યાપ્તિ વડે.
૧ વચનબળ-પ્રાણ-મુખ્યત્વે ભાષા પર્યાપ્તિ વડે.
૧ મનોબળ-પ્રાણ-મુખ્યત્વે- મનઃપર્યાપ્તિ વડે.
૧ શ્વાસોચ્છ્વાસ પ્રાણ-મુખ્યત્વે- શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ વડે
૧ આયુષ્ય પ્રાણ (એમાં આહારાદિક પર્યાપ્તિ સહચારી-ઉપકારી કારણરૂપ છે.)

## જીવતત્ત્વ જાણવાનો ઉદ્દેશ

**પ્રશ્ન :-** જીવતત્ત્વ જ્ઞેય (એટલે જાણવા યોગ્ય) છે, તો જીવતત્ત્વ જાણવું એટલો જ જીવતત્ત્વના જ્ઞાનનો ઉદ્દેશ છે, કે બીજો કોઈ ઉદ્દેશ (પ્રયોજન) હશે ?

**ઉત્તર :-** હે જિજ્ઞાસુ ! જીવતત્ત્વને જ્ઞેય કહ્યું. તેથી જીવતત્ત્વને માત્ર જાણવું, એટલું જ જીવતત્ત્વના જ્ઞાનનું પ્રયોજન નથી. પરંતુ જીવતત્ત્વ જાણવાથી નવતત્ત્વનાં હેય, જ્ઞેય, ઉપાદેય સ્વરૂપની પ્રાપ્તિ થાય છે, તે આ પ્રમાણે- જીવતત્ત્વનાં જે અનંત જ્ઞાનાદિ લક્ષણો અને તે સાથે જીવના ૧૪ ભેદ પણ કહ્યા છે, તેથી આત્મા એમ વિચાર કરે કે-"હું પણ જીવ છું, તો મારામાં જ્ઞાનાદિ લક્ષણો કેટલે અંશે છે ? અને હું પોતે જીવના ચૌદ ભેદ આદિ ભેદમાંથી કયા ભેદમાં છું ? સર્વે આત્મા અનંત જ્ઞાન, અનંત વીર્ય આદિ અનંત ગુણવાળા છે; તો અક્ષરના અનંતમા ભાગ જેટલા જ્ઞાનવાળા જીવના ૧૪ ભેદ વગેરે ભેદો શી રીતે ? આ બધી વિષમતા શી ?" ઇત્યાદિ વિષમ ભાવના વિચારતાં આત્માને વિવેક જાગ્રત થાય છે, તેમજ ૧૪ ભેદ વગેરે અનેક જીવભેદોનું જ્ઞાન થવાથી જીવની હિંસા-અહિંસાદિકમાં પણ હેય-ઉપાદેયનો વિવેક જાગ્રત થાય છે, અને એ પ્રમાણે આત્માને જીવસ્વરૂપનો વિવેક જાગ્રત થતાં આત્મસ્વરૂપની પ્રાપ્તિના ઉપાયરૂપ પુણ્યતત્ત્વ, સંવરતત્ત્વ અને નિર્જરાતત્ત્વ એ ત્રણ તત્ત્વ જે ઉપાદેય છે, તે ઉપાદેય સ્વરૂપે પ્રાપ્ત થાય છે. અને આત્માને આત્મસ્વરૂપમાંથી ભ્રષ્ટ કરનાર પાપતત્ત્વ, આશ્રવતત્ત્વ તથા બન્ધતત્ત્વ, જે હેય છે, તે હેય સ્વરૂપે પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે આઠે તત્ત્વો પોતપોતાના હેય-

જ્ઞેય-ઉપાદેય સ્વરૂપે પ્રાપ્ત થતાં આત્માને અંતે મોક્ષતત્ત્વ પણ ઉપાદેય સ્વરૂપે પ્રાપ્ત થાય છે, અને મોક્ષતત્ત્વની પ્રાપ્તિથી આ આત્મા પોતાના સ્વાભાવિક આત્મ-સ્વરૂપને પામે છે. એ જ સંક્ષેપમાં જીવતત્ત્વ જાણવાનો ઉદ્દેશ છે.

॥ इति नवतत्त्वप्रकरणस्य विवरणे प्रथम जीवतत्त्वं समाप्तम् ॥

**॥ अथ अजीवतत्त्वम् ॥**

**અજીવતત્ત્વના ૧૪ ભેદ**

## धम्माधम्मागासा, तिय-तिय-भेया तहेव अद्धा य ।
## खंधा देस-पएसा, परमाणु अजीव चउदसहा ॥८॥

**સંસ્કૃત અનુવાદ**

**धर्माऽधर्माऽकाशा-स्त्रिकत्रिकभेदास्तथैवाद्धा च ।**
**स्कन्धा देश-प्रदेशाः परमाणवोऽजीवश्चतुर्दशधा ॥८॥**

**શબ્દાર્થ**

धम्म = ધર્માસ્તિકાય
अधम्म = અધર્માસ્તિકાય
आगासा = આકાશાસ્તિકાય
तिय-तिय = ત્રણ-ત્રણ
भेया = ભેદવાળા છે
तहेव = તેમ જ
अद्धा = કાળ
खंधा = સ્કંધ (આખો ભાગ)
देश = દેશ (ન્યૂન ભાગ)
पएसा = પ્રદેશ (સ્કંધ પ્રતિબદ્ધ નાનામાં નાનો દેશ)
परमाणु = છૂટો અણુ
अजीव = અજીવના
चउदसहा = ચૌદ ભેદ છે.

**અન્વય સહિત પદચ્છેદ**

**ति-ति-भेया-धम्म-अधम्म-आगासा, तह एव-अद्धा य ।**
**खंधा देस-पएसा, परमाणु चउदसहा अजीव ॥८॥**

**ગાથાર્થ:**

ત્રણ ત્રણ ભેદોવાળા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, અને આકાશાસ્તિકાય તેમજ કાળ અને સ્કંધો, દેશો, પ્રદેશો અને પરમાણુઓ (એ) ચૌદ પ્રકારે અજીવ (તત્ત્વ) છે.

**વિશેષાર્થ:**

અહીં અજીવ એટલે જીવ રહિત (-જડ) એવા પાંચ પદાર્થ જગતમાં વિદ્યમાન

છે. તેમાં (૧) ધર્માસ્તિકાય દ્રવ્ય, (૨) અધર્માસ્તિકાય દ્રવ્ય[૧], (૩) આકાશાસ્તિકાય દ્રવ્ય, (૪) કાળદ્રવ્ય, અને (૫) પુદ્‌ગલાસ્તિકાય દ્રવ્ય, એ પાંચેય અજીવ દ્રવ્યનું કિંચિત્ સ્વરૂપ આગળ ૯મી ગાથાના અર્થમાં આવશે. અને અહીં તો અજીવના કેવળ ૧૪ ભેદ જ બતાવ્યા છે. તે આ પ્રમાણે-

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એ ૩ દ્રવ્યના સ્કંધ, દેશ, અને પ્રદેશ એમ ૩-૩ ભેદ હોવાથી ૯ ભેદ થાય છે. તેમાં કાળનો ૧ ભેદ ગણતાં ૧૦ ભેદ થાય, અને સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ એ ૪ ભેદ પુદ્‌ગલના મેળવતાં પાંચ અજીવના ૧૪ ભેદ થાય છે.

અહીં જે દ્રવ્યને, **अस्ति** એટલે પ્રદેશોનો **काय** એટલે સમૂહ હોય, તે **अस्तिकाय** કહેવાય. કાળ તો કેવળ વર્તમાન સમયરૂપ ૧ પ્રદેશવાળો હોવાથી પ્રદેશ સમૂહના અભાવે કાળને અસ્તિકાય કહેવાય નહિ, માટે અસ્તિકાય દ્રવ્ય તો જીવ સહિત પાંચ દ્રવ્ય છે, તે કારણથી સિદ્ધાન્તમાં પંચાસ્તિકાય શબ્દ પ્રસિદ્ધ છે. વળી જે દ્રવ્ય, અસ્તિકાય એટલે પ્રદેશોના સમૂહવાળું હોય, તેના જે સ્કંધ, દેશ, પ્રદેશરૂપ ત્રણ ભેદ પડી શકે છે. અને કાળ ૧ સમયરૂપ હોવાથી કાળનો ૧ જ ભેદ કહ્યો છે. હવે સ્કંધ, દેશ અને પ્રદેશના અર્થ નીચે પ્રમાણે છે.

વસ્તુનો[૨] આખો ભાગ તે **સ્કંધ**, તે સ્કંધની અપેક્ષાએ ન્યૂન સવિભાજ્ય ભાગ તે **દેશ**, અને નિર્વિભાજ્ય[૩] ભાગ કે જે એક અણુ જેવડો જ સૂક્ષ્મ હોય. પરંતુ જો સ્કંધ સાથે પ્રતિબદ્ધ હોય તો **પ્રદેશ** (અને તે જ સૂક્ષ્મ નિર્વિભાજ્ય ભાગ જો સ્કંધથી છૂટો હોય તો પરમાણુ) કહેવાય. અહીં સ્કંધ, દેશ અને પ્રદેશ એ ત્રણેય વ્યપદેશ (કથન) સ્કંધમાં જ હોય છે, જો દેશ અને પ્રદેશ સ્કંધથી છૂટા હોય તો દેશ-પ્રદેશ ન કહી શકાય. કારણ કે સ્કંધથી છૂટો પડેલો દેશ પુનઃ સ્કંધ જ કહેવાય છે, અને

---

૧. પ્રથમ દ્રવ્ય અને ભાવ એ બે પ્રકારના નિક્ષેપોમાં જે દ્રવ્ય શબ્દ છે તેનો અર્થ જુદો છે અને અહીં દ્રવ્ય એટલે પદાર્થ એવો અર્થ જાણવો. એ પ્રમાણે પદાર્થના અર્થમાં દ્રવ્ય શબ્દ અનેકવાર આવશે.

૨. વસ્તુનો આખો ભાગ એટલે સંપૂર્ણ ભાગરૂપ સ્કંધ બે રીતે હોય છે. ૧. સ્વાભાવિક સ્કંધ, અને ૨. વૈભાવિક સ્કંધ. તેમાંનો સ્વાભાવિક સ્કંધ તે જીવ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયનો (માં) હંમેશ હોય છે, કારણ કે, એ પદાર્થોના કદિ પણ વિભાગ પડી શકતા નથી. અને પુદ્‌ગલદ્રવ્યનો (વિકારરૂપ), વૈભાવિક સ્કંધ હોય છે, જેમ ૧ મહાશિલા તે આખો સ્કંધ છે, અને તેના ચાર ખંડ થતાં દરેક ખંડને પણ સ્કંધ કહી શકાય છે. એમ યાવત્ બે પરમાણુઓના પિંડ(દ્વિપ્રદેશી) સુધીના દરેક પિંડ(સ્કંધ)ને પણ સ્કંધ કહી શકાય.

૩. નિર્વિભાજ્ય એટલે કેવલી ભગવાન્ પણ જે સૂક્ષ્મ અંશના પછી બે વિભાગ ન કલ્પી શકે, તેવો અતિ જઘન્ય ભાગ અને તે ભાગ પરમાણુ જેવડો અથવા પરમાણુરૂપ જ હોય છે.

અપેક્ષાએ દેશ પણ કહેવાય, પરંતુ વિશેષથી તો સ્કંધ જ કહેવાય છે. અને સ્કંધથી છૂટો પડેલો પ્રદેશ પરમાણુ ગણાય છે.

(એ પ્રમાણે ધર્માસ્તિકાયનો સ્કંધ સંપૂર્ણ ૧૪ રાજલોક પ્રમાણ છે, દેશ તેનાથી કંઈક ન્યૂન તે યાવત્ દ્વિપ્રદેશ પર્યન્ત અને એકેક પ્રદેશરૂપ તે પ્રદેશ. એ રીતે અધર્માસ્તિકાયના સ્કંધ, દેશ અને પ્રદેશરૂપ ત્રણ-ત્રણ ભેદ પોત પોતાના સ્કંધમાં છે, અને પરમાણુ તો કેવળ પુદ્ગલ દ્રવ્યનો છૂટો જ હોય છે.

**પ્રશ્ન** :- ધર્માસ્તિકાયાદિ દ્રવ્યમાં પરમાણુરૂપ ચોથો ભેદ કેમ ન હોય ?

**ઉત્તર** :- ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, અને જીવાસ્તિકાય એ ચાર દ્રવ્યના યથાસંભવ અસંખ્ય અને અનંત પ્રદેશવાળા સ્કંધમાંથી એક પણ પ્રદેશ કોઈ કાળે છૂટો પડ્યો નથી, છૂટો પડતો નથી, અને પડશે પણ નહિ. એવા શાશ્વત સંબંધવાળા એ ચાર સ્કંધો હોવાથી એ ચાર દ્રવ્યમાં પરમાણુરૂપ ચોથો ભેદ નથી. પરંતુ પુદ્ગલ દ્રવ્યના તો અનંત પરમાણુઓ જગત્માં છૂટા પડેલા છે અને પડે છે, માટે પુદ્ગલમાં પરમાણુરૂપ ચોથો ભેદ હોય છે.

**પ્રશ્ન** :- જો એ પ્રમાણે ચાર દ્રવ્યોના સ્કંધોમાંથી એક પ્રદેશ જેટલો વિભાગ પણ છૂટો પડી શકતો નથી, તો કેવળ સ્કંધરૂપ એક જ ભેદ કહેવો યોગ્ય છે, પરંતુ સ્કંધ, દેશ અને પ્રદેશરૂપ ત્રણ ભેદ કેવી રીતે હોય ?

**ઉત્તર** :- એ ચાર સ્કંધોમાં પુદ્ગલ પરમાણુ જેવડા અસંખ્ય અને અનંત સૂક્ષ્મ અંશોનું અસ્તિત્વ સમજવાને (એ અખંડ પિંડોના ક્ષેત્રવિભાગ જણાવવાને) માટે એ ૩ ભેદ અતિ ઉપયોગી છે. દેશ-પ્રદેશની કલ્પના તો સ્કંધમાં સ્વાભાવિક છે, માટે શાશ્વત સંબંધવાળા પિંડમાં એ ૩ ભેદ ઠીક રીતે સમજી શકાય છે.

**પ્રશ્ન** :- પ્રદેશ મોટો કે પરમાણુ મોટો ?

**ઉત્તર** :- પ્રદેશ અને પરમાણુ બન્ને એક સરખા કદના જ હોય છે, કોઈ પણ નાનો-મોટો ન હોય, પરંતુ સ્કંધ સાથે પ્રતિબદ્ધ હોવાથી પ્રદેશ કહેવાય, અને છૂટો હોવાથી પરમાણુ કહેવાય એટલો જ તફાવત છે. નાનામાં નાનો દેશ-પ્રદેશ, પરમ-નાનામાં નાનો અણુ-પરમાણુ.

## પાંચ અજીવો અને તેના સ્વભાવ

**धम्माधम्मा पुग्गल, नह कालो पंच हुंति अज्जीवा ।**
**चलणसहावो धम्मो, थिरसंठाणो अहम्मो य ॥९॥**
**अवगाहो आगासं, पुग्गलजीवाण पुग्गला चउहा ।**
**खंधा देस पएसा, परमाणू चेव नायव्वा ॥१०॥**

### સંસ્કૃત અનુવાદ

**धर्माधर्मौ पुद्गलाः, नभः कालः पंच भवन्त्यजीवाः ।**
**चलनस्वभावो धर्मः, स्थिरसंस्थानोऽधर्मश्च ॥९॥**
**अवकाश आकाशं, पुद्गलजीवानां पुद्गलाश्चतुर्द्धा ।**
**स्कन्धा देशप्रदेशाः, परमाणवश्चैव ज्ञातव्याः ॥१०॥**

### શબ્દાર્થ - ગાથા ૯ મીનો

धम्म = ધર્માસ્તિકાય
अधम्मा = અધર્માસ્તિકાય
पुग्गल = પુદ્‌ગલાસ્તિકાય
नह = આકાશાસ્તિકાય
कालो = કાળ
पंच = પાંચ (એ પાંચ)
हुंति = છે.
अहम्मो = અધર્માસ્તિકાય છે.
अज्जीवा = અજીવ
चलणसहावो = ચાલવામાં સહાય આપવાના સ્વભાવવાળો
धम्मो = ધર્માસ્તિકાય છે
थिरसंठाणो = સ્થિર રહેવામાં સહાય આપવાના સ્વભાવવાળો (અહીં संठाण એટલે સ્વભાવ અર્થ છે)

### શબ્દાર્થ - ગાથા ૧૦ મીનો

अवगाहो = અવકાશ (આપવાના સ્વભાવવાળો)
आगासं = આકાશાસ્તિકાય છે.
पुग्गल = પુદ્‌ગલો (અને)
जीवाण = જીવોને
पुग्गला = પુદ્‌ગલો
चउहा = ચાર પ્રકારના છે.
खंधा-स्कंध = (આખો ભાગ)
देस = દેશ (સ્કંધથી ન્યૂન ભાગ)
पएसा = પ્રદેશો (સ્કંધપ્રતિબદ્ધ અવિભાજ્ય ભાગો)
परमाणु = છૂટા અણુઓ
चेव = નિશ્ચય
नायव्वा = જાણવા

### અન્વય અને પદચ્છેદ

**धम्माधम्मा पुग्गल, नह कालो पंच हुंति अज्जीवा ।**
**चलण-सहावो धम्मो, य थिर-संठाणो अहम्मो ॥९॥**
**पुग्गल जीवाण अवगाहो आगासं ।**
**खंधा देस-पएसा परमाणु चउहा चेव पुग्गला नायव्वा ॥१०॥**

### ગાથાર્થ:

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળ એ પાંચ અજીવો છે. ચાલવામાં-ગતિ કરવામાં સહાય આપવાના સ્વભાવવાળો

ધર્માસ્તિકાય છે, અને સ્થિર રહેવામાં સહાય આપવાના સ્વભાવવાળો અધર્માસ્તિકાય છે, પુદ્‌ગલોને તથા જીવોને અવકાશ-જગ્યા આપવાના સ્વભાવવાળો આકાશાસ્તિકાય છે. સ્કંધ-દેશ-પ્રદેશ અને પરમાણુ એ ચાર પ્રકારે જ પુદ્‌ગલો જાણવાં.

**વિશેષાર્થ:**

જેમ મત્સ્યને જળમાં તરવાની શક્તિ પોતાની છે, તોપણ તરવાની ક્રિયામાં ઉપકારી કારણ (અપેક્ષા કારણ) જળ છે, અથવા ચક્ષુને દેખવાની શક્તિ છે, પરંતુ પ્રકાશરૂપ સહકારી કારણ વિના દેખી શકે નહિ, અથવા પક્ષીને ઊડવાની શક્તિ પોતાની છે તોપણ હવા વિના ઊડી શકે નહિ, તેમ જીવ અને પુદ્‌ગલમાં ગતિ કરવાનો સ્વભાવ છે, પરંતુ ધર્માસ્તિકાય દ્રવ્યરૂપ સહકારી કારણ વિના ગતિ કરી શકે નહિ, માટે જીવ અને પુદ્‌ગલને ગતિમાં સહાય કરવાના સ્વભાવવાળો આ જગતમાં એક धर्मास्तिकाय નામનો અરૂપી પદાર્થ ૧૪ રાજલોક જેવડો મોટો છે, અસંખ્ય પ્રદેશ યુક્ત છે, અને વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને શબ્દ રહિત છે.

તથા વટેમાર્ગુને-મુસાફરને વિશ્રામ કરવામાં જેમ વૃક્ષાદિકની છાયા અપેક્ષા કારણ છે, જળમાં તરતા મત્સ્યને સ્થિર રહેવામાં અપેક્ષા કારણ જેમ દ્વીપ-બેટ છે, તેમ ગતિ પરિણામે પરિણત થયેલા જીવોને તથા પુદ્‌ગલોને સ્થિર રહેવામાં અપેક્ષા કારણરૂપ अधर्मास्तिकाय નામનો એક અરૂપી પદાર્થ ૧૪ રાજલોક જેવડો મોટો છે, અસંખ્ય પ્રદેશી છે અને વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને શબ્દ રહિત છે.

અહીં સ્થિર રહેલા જીવ પુદ્‌ગલને ગતિ કરવામાં ધર્માસ્તિકાયની પ્રેરણા (એટલે ગતિમાન ન થતો હોય તોપણ ગતિમાન બળાત્કારે કરે તેમ) નથી, તેમજ ગતિ કરતા જીવ-પુદ્‌ગલને સ્થિર કરવામાં અધર્માસ્તિકાયની પ્રેરણા નથી, પરંતુ જીવ-પુદ્‌ગલ જ્યારે જ્યારે પોતાના સ્વભાવે ગતિમાન વા સ્થિતિમાન થાય ત્યારે ત્યારે એ બે દ્રવ્યો કેવળ ઉપકારી કારણ રૂપે જ સહાયક હોય છે.

ભાષા ઉચ્છ્‌વાસ, મન ઇત્યાદિ પુદ્‌ગલોનું ગ્રહણ, વિસર્જન તથા કાયયોગ આદિ ચલક્રિયાઓ ધર્માસ્તિકાય વિના ન થાય, અર્થાત્ સર્વ ચલક્રિયાઓ ધર્માસ્તિકાયનો ઉપકાર છે, અને બેસવામાં, ઊભા રહેવામાં, ચિત્તની સ્થિરતામાં ઇત્યાદિ દરેક સ્થિર ક્રિયાઓમાં અધર્માસ્તિકાયનો ઉપકાર છે.

તથા લોક અને અલોકમાં પણ સર્વત્ર વ્યાપ્ત, વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-શબ્દ રહિત, અરૂપી, અનંત પ્રદેશી, અને નક્કર ગોળા સરખા આકારવાળો આ જગતમાં आकाशास्तिकाय નામનો પણ પદાર્થ છે. આ આકાશ દ્રવ્યનો ગુણ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, જીવો અને પુદ્‌ગલોને અવકાશ-જગ્યા આપવાનો છે. એક સ્થાને સ્થિર રહેનારને તેમજ અન્ય સ્થાને ગમન કરનારને પણ આ દ્રવ્ય અવકાશ આપે

છે. આ દ્રવ્યના लोकाकाश અને अलोकाकाश એમ બે ભેદ છે. ત્યાં જેટલા આકાશમાં ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એ બે દ્રવ્ય વ્યાપ્ત થયેલ હોય તેટલા આકાશનું નામ लोकाकाश છે, તે વૈશાખ સંસ્થાને સંસ્થિત (એટલે કેડે બે હાથ દઈને અને બે પગ પહોળા કરીને ઊભા રહેલ) પુરુષાકાર સરખો છે, અને શેષ રહેલો આકાશ તે अलोकाकाश પોલા ગોળા સરખા આકારવાળો છે. અલોકમાં કેવળ એક આકાશ દ્રવ્ય જ છે. અને લોકાકાશમાં સર્વે દ્રવ્યો છે, લોકાકાશમાં ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય હોવાથી જીવો અને પુદ્‌ગલો છૂટથી ગમનાગમન કરે છે, પરંતુ અલોકમાં તો ઈન્દ્ર સરખા સમર્થ દેવો પણ પોતાના હાથ-પગનો એક અંશમાત્ર પણ પ્રવેશ કરાવી શકે નહિ, તેનું કારણ એ જ કે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય ત્યાં નથી. ને તે કારણથી જ સિદ્ધ પરમાત્માઓ પણ લોકના અગ્રભાગે જઈ અટકી જાય છે. (વળી ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય-લોકાકાશ-અને ૧ જીવ ચારના અસંખ્ય અસંખ્ય પ્રદેશો છે, તે તુલ્ય સંખ્યાવાળા છે, કોઈમાં ૧ પ્રદેશ હીનાધિક નથી.)

તથા પ્રતિસમય પૂરણ(મળવું), ગલન (વીખરવું) સ્વભાવવાળો પદાર્થ તે पुद्गल કહેવાય કારણ કે જો સ્કન્ધ[1] હોય તો તેમાં પ્રતિ સમય નવા પરમાણુઓ આવવાથી पूरण ધર્મવાળો, અને પ્રતિ સમય પૂર્વબદ્ધ પરમાણુઓ વિખરવાથી गलन ધર્મવાળો છે. કદાચ કોઈ સ્કંધમાં અમુક કાળ સુધી તેમ ન થાય તોપણ પ્રતિ સમય વિવક્ષિત વર્ણ, ગંધ, રસ, સ્પર્શના ૨૦ ભેદમાંથી કોઈ પણ એક નવા ભેદનું પુરાવું અને પૂર્વ ભેદનું વિખરાવું તો અવશ્ય હોય છે જ. માટે એ पुद्गल કહેવાય છે. એ પુદ્‌ગલ વાસ્તવિક રીતે તો પરમાણુરૂપ છે, પરંતુ તેના વિકાર રૂપે સંખ્યપ્રદેશી, અસંખ્યપ્રદેશી અને અનંતપ્રદેશી સ્કંધો પણ બને છે, માટે સ્કંધો વિભાવધર્મવાળા અને પરમાણુ સ્વાભાવિક છે. તે દરેક ભેદવાળા અનંત સ્કંધો પ્રાયઃ જગત્‌માં સદાકાળ વિદ્યમાન છે, અને પરમાણુઓ પણ અનંત વિદ્યમાન છે.

તથા काळ તે વર્તમાન એક સમયરૂપ છે, અને તે નિશ્ચયથી વર્તના લક્ષણવાળો છે, તથા વ્યવહારથી ભૂત ભવિષ્યરૂપ ભેદવાળો પણ છે. એનું વિશેષ સ્વરૂપ ૧૩ મી ગાથાના અર્થમાં કહેવાશે.

## ॥ ૬ દ્રવ્યોમાં દ્રવ્યાદિ ૬ માર્ગણા ॥

धर्मास्तिकाय દ્રવ્ય-દ્રવ્યથી (સંખ્યાથી) ૧ છે, ક્ષેત્રથી સમગ્ર લોકાકાશ પ્રમાણ છે, કાળથી અનાદિ-અનંત છે, ભાવથી વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને શબ્દ

---

૧. स्कन्दन्ते-शुष्यन्ति पुद्गलविचटनेन, धीयन्ते-पुद्गलचटनेनेति स्कन्धाः એટલે સ્કન્ધ શબ્દમાં स्कं અને ધ એ બે અક્ષર-પદ છે, તેમાં स्कं એટલે स्कन्दन्ते અર્થાત્ પુદ્‌ગલોના વિખરવાથી શોષાય અને ધ એટલે धीयन्ते અર્થાત્ પુદ્‌ગલો મળવા વડે પોષાય, તે સ્કંધ શબ્દની નિર્યુક્તિ છે.

રહિત અરૂપી છે, અને ગુણથી ગતિસહાયક ગુણવાળું છે, અને સંસ્થાનથી લોકાકૃતિ તુલ્ય છે.

એ પ્રમાણે अधर्मास्तिकाय દ્રવ્ય પણ જાણવું, પરંતુ ગુણથી સ્થિતિસહાયક ગુણવાળું છે.

आकाशास्तिकाय-દ્રવ્યથી ૧ છે, ક્ષેત્રથી લોકાલોક પ્રમાણ છે, કાળથી અનાદિ-અનંત છે, ભાવથી વર્ણાદિરહિત-અરૂપી છે, ગુણથી અવકાશદાન ગુણવાળો છે, અને સંસ્થાનથી ઘન (નક્કર) ગોળા સરખી આકૃતિવાળો છે.

पुद्गल અને पुद्गलास्तिकायो દ્રવ્યથી અનંત છે, ક્ષેત્રથી સમગ્ર લોક પ્રમાણ છે. કાળથી અનાદિ-અનંત છે, ભાવથી વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને શબ્દ સહિત રૂપી છે, ગુણથી પૂરણ-ગલન સ્વભાવવાળો (વિવિધ પરિણામોવાળો) અને સંસ્થાનથી પરિમંડલાદિ ૫[1] આકૃતિવાળો છે.

जीवास्तिकाय દ્રવ્યથી અનંત, ક્ષેત્રથી સમગ્ર લોકપ્રમાણ, કાળથી અનાદિ-અનંત, ભાવથી વર્ણાદિ રહિત-અરૂપી, ગુણથી જ્ઞાન, દર્શનાદિ ગુણયુક્ત છે, અને સંસ્થાનથી શરીરતુલ્ય વિવિધ આકૃતિરૂપ છે.

कालद्रव्य-દ્રવ્યથી અનંત, ક્ષેત્રથી ૨ાા દ્વીપ પ્રમાણ, કાળથી અનાદિ અનંત, ભાવથી વર્ણાદિ રહિત, અરૂપી, અને ગુણથી વર્તનાદિ પર્યાયરૂપ છે. અને સંસ્થાન (સિદ્ધાન્તમાં નહિ કહેલું હોવાથી) છે નહિ.

**૬ દ્રવ્યોમાં દ્રવ્યાદિક ૬ માર્ગણા યન્ત્ર**

| દ્રવ્યનાં નામ | દ્રવ્યથી | ક્ષેત્રથી | કાળથી | ભાવથી | ગુણથી | સંસ્થાન |
|---|---|---|---|---|---|---|
| ધર્માસ્તિકાય | ૧ | ૧૪ રાજ | અનાદિ અનંત | અરૂપી | ગતિસહાયક | લોકાકાશ |
| અધર્માસ્તિકાય | ૧ | ૧૪ રાજ | | અરૂપી | સ્થિતિસહાયક | લોકાકાશ |
| આકાશાસ્તિકાય | ૧ | લોકાલોક | | અરૂપી | અવકાશદાયક | ઘનગોલક |
| પુદ્‌ગલાસ્તિકાય | અનંત | ૧૪ રાજ | | રૂપી | પૂરણગલન | મંડલાદિ-૫ |
| જીવાસ્તિકાય | અનંત | ૧૪ રાજ | | અરૂપી | જ્ઞાનાદિ | દેહાકૃતિ |
| કાળ | અનંત | ૨ાા દ્વીપ | | અરૂપી | વર્તના | ૦ |

**પુદ્‌ગલનાં લક્ષણરૂપ પરિણામો**

**सद्दंधयार उज्जोअ, पभा छायातवेहि अ[2] ( इय ) ।**
**वन्न-गंध रसा फासा, पुग्गलाणं तु लक्खणं ॥११॥**

---

૧. બંગડી જેવું ગોળ, થાળી જેવું ગોળ, ત્રણ ખૂણાવાળું, ચાર ખૂણાવાળું, લાંબું.

૨. અહીં "आतवेहिं" ને સ્થાને "आतवुत्ति वा" ઉત્તરાધ્યયન સૂત્રમાં, અને "आतवेइ य" નવતત્ત્વવૃત્તિમાં છે.

### સંસ્કૃત અનુવાદ

**शब्दान्धकारावुद्योतः प्रभाछायातपैश्च ।**
**वर्णो गन्धो रसः स्पर्शः पुद्गलानां तु लक्षणम् ॥११॥**

### શબ્દાર્થ

| | |
|---|---|
| सद्द = શબ્દ | वन्न = વર્ણ-રંગ |
| अंधयार = અંધકાર | गन्ध = ગંધ |
| उज्जोअ = ઉદ્યોત | रसा = રસ |
| पभा = પ્રભા | फासा = સ્પર્શ |
| छाया = પ્રતિબિંબ | पुग्गलाणं = પુદ્ગલોનું |
| आतवेहि = આતપ (તડકા વડે) | तु = અને, તથા, વળી |
| अ = વળી, અને | लक्खणं = લક્ષણ છે. |

### અન્વય અને પદચ્છેદ

**सद्द अंधयार उज्जोअ पभा छाया अ आतवेहि ।**
**वन्न गंध रसा फासा, पुग्गलाणं तु लक्खणं ॥११॥**

### ગાથાર્થ:

શબ્દ-અન્ધકાર-ઉદ્યોત-પ્રભા-છાયા અને આતપ વડે સહિત વર્ણો, ગંધો, રસો અને સ્પર્શો, એ પુદ્ગલોનું જ લક્ષણ છે. ॥૧૧॥

### વિશેષાર્થ:

શબ્દ એટલે અવાજ, ધ્વનિ, નાદ. તે સચિત્ત, અચિત્ત અને મિશ્ર એમ ત્રણ પ્રકારનો છે. જીવ મુખ વડે બોલે તે सचित्त शब्द, પથ્થર વગેરે પદાર્થના પરસ્પર અફળાવાથી થયેલ તે अचित्त शब्द. અને જીવ પ્રયત્ન વડે વાગતા મૃદંગ, ભૂંગળ આદિકનો મિશ્રશબ્દ, શબ્દની ઉત્પત્તિ પુદ્ગલમાંથી થાય છે, અને શબ્દ પોતે પણ પુદ્ગલરૂપ જ છે. નૈયાયિકો વગેરે શબ્દને આકાશથી ઉત્પન્ન થયેલ અને આકાશનો ગુણ કહે છે, પરંતુ આકાશ અરૂપી છે, અને શબ્દરૂપી છે, તેથી શબ્દ એ આકાશનો નહિ પણ પુદ્ગલનો ગુણ છે. અથવા પુદ્ગલનું (એક જાતનું એ પણ સ્વરૂપ) લક્ષણ છે, શબ્દ પોતે ૪ સ્પર્શવાળો છે, અને તેની ઉત્પત્તિ આઠ સ્પર્શવાળા પુદ્ગલ સ્કંધમાંથી જ હોય, પરંતુ ચતુઃસ્પર્શી સ્કંધમાંથી ન હોય.

अन्धकार-અંધકાર એ પણ પુદ્ગલરૂપ છે. શાસ્ત્રમાં અંધકારને ઘ્રાણેન્દ્રિયગ્રાહ્ય કહ્યો છે, નૈયાયિક વગેરે અંધકારને પદાર્થ માનતા નથી. માત્ર "તેજનો અભાવ,

તે અન્ધકાર" એમ અભાવરૂપ માને છે, પરંતુ શ્રી સર્વજ્ઞ પ્રભુ તો અંધકાર પણ પુદ્ગલ સ્કંધ છે" એમ કહે છે, તે જ સત્ય છે.

उद्योत-શીત વસ્તુનો શીત પ્રકાશ, તે ઉદ્યોત કહેવાય છે. સૂર્ય સિવાયનાં દેખાતાં ચન્દ્રાદિ જ્યોતિષીનાં વિમાનોનો, આગિયા વગેરે જીવોનો અને ચન્દ્રકાન્તાદિ રત્નોનો જે પ્રકાશ છે, તે ઉદ્યોત નામકર્મના ઉદયથી છે, તથા એ ઉદ્યોત જેમાંથી પ્રગટ થાય છે, તે પુદ્ગલ સ્કંધો છે, અને ઉદ્યોત પોતે પણ પુદ્ગલ સ્કંધો છે.

प्रभा-ચંદ્ર વગેરેના પ્રકાશમાંથી અને સૂર્યના પ્રકાશમાંથી જે બીજો કિરણ રહિત ઉપપ્રકાશ પડે છે, તે પ્રભા પુદ્ગલ સ્કંધમાંથી પ્રગટ થઈ છે, અને પોતે પણ પુદ્ગલ સ્કંધોનો સમૂહ છે. જો પ્રભા ન હોય, તો સૂર્ય વગેરેનાં કિરણોનો પ્રકાશ જ્યાં પડતો હોય ત્યાં પ્રકાશ અને તેની પાસેના જ સ્થાનમાં અમાવાસ્યાની મધ્યરાત્રિ સરખું અંધારૂં જ હોઈ શકે, પરંતુ ઉપપ્રકાશ રૂપ પ્રભા હોવાથી તેમ બનતું નથી. શાસ્ત્રમાં ચન્દ્રાદિકની કાન્તિને પણ પ્રભા કહી છે.

छाया-દર્પણમાં અથવા પ્રકાશમાં પડતું જે પ્રતિબિંબ તે છાયા કહેવાય. તે બાદર પરિણામી સ્કંધોમાંથી પ્રતિ સમય જળના ફુવારાની માફક નીકળતા આઠસ્પર્શી પુદ્ગલ સ્કંધોનો સમુદાય જ પ્રકાશાદિના નિમિત્તથી તદાકાર પિંડિત થઈ જાય છે. તે છાયા કહેવાય છે. અને શબ્દાદિવત્ પૂર્વે કહ્યા પ્રમાણે બંને રીતે પુદ્ગલ રૂપ છે.

आतप-શીત વસ્તુનો ઉષ્ણ પ્રકાશ તે આતપ. એવો પ્રકાશ સૂર્યના વિમાનમાં રહેલા બાદર પર્યાપ્ત પૃથ્વીકાય જીવોના શરીરનો હોય છે, અને સૂર્યકાન્તાદિ રત્નનો હોય છે. કારણ કે સૂર્યનું વિમાન અને સૂર્યકાન્ત રત્ન પોતે શીત છે, અને પોતાનો પ્રકાશ ઉષ્ણ છે. પરંતુ અગ્નિનો ઉષ્ણ પ્રકાશ તે આતપ કહેવાય નહિ, કારણ કે અગ્નિ પોતે ઉષ્ણ છે. વળી ચંદ્રાદિકના ઉદ્યોતની પેઠે આ આતપ પોતે પણ અનંત પુદ્ગલ સ્કંધોનો સમુદાય પ્રતિસમય સૂર્યના વિમાન સાથે જે પ્રતિબદ્ધ છે, તે છે. માટે બન્ને રીતે પુદ્ગલરૂપ છે.

वर्ण ૫ - શ્વેતવર્ણ, પીતવર્ણ, રક્તવર્ણ, નીલવર્ણ, અને કૃષ્ણવર્ણ એ પાંચ મૂળ વર્ણ છે, અને વાદળી, ગુલાબી, કીરમજી આદિ જે અનેક વર્ણભેદ છે, તે એ પાંચ વર્ણોમાંના કોઈપણ એક ભેદની તારતમ્યતાવાળા અથવા અનેક વર્ણના સંયોગથી ઉત્પન્ન થયેલા જાણવા. વર્ણો પરમાણુ આદિ દરેક પુદ્ગલ માત્રમાં જ હોય છે, માટે વર્ણ એ પુદ્ગલોનું લક્ષણ છે. એક પરમાણુમાં ૧ વર્ણ હોય છે, અને દ્વિપ્રદેશી વગેરે સ્કંધોમાં ૧ થી ૫ વર્ણ યથાસંભવ હોય છે.

गन्ध ૨ - સુરભિગંધ અને દુરભિગંધ પ્રસિદ્ધ છે, અને તે પુદ્‌ગલ દ્રવ્યમાં જ હોય છે. વળી એક પરમાણુમાં ૧ ગંધ, અને દ્વિપ્રદેશી આદિ સ્કંધોમાં બે ગંધ પણ યથાસંભવ હોય છે.

रस ૫-તિક્ત (તીખો રસ), કટુ (કડવો), કષાય (તુરો), આમ્લ (ખાટો), અને મધુર (મીઠો) એ પાંચ પ્રકારના મૂલ રસ છે. અહીં છઠ્ઠો ખારો રસ લોકમાં પ્રસિદ્ધ છે, પરંતુ તે મધુર રસમાં અન્તર્ગત જાણવો. એ રસો દરેક પુદ્‌ગલ માત્રમાં હોય છે, માટે પુદ્‌ગલનું લક્ષણ છે. વળી ૧ પરમાણુમાં ૧ રસ, અને દ્વિપ્રદેશી આદિ સ્કંધોમાં ૧ થી ૫ રસ યથાયોગ્ય હોય છે.

स्पर्श ૮-શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષ, લઘુ, ગુરુ, મૃદુ, અને કર્કશ એ આઠ સ્પર્શ છે. અને તે દરેક પુદ્‌ગલ દ્રવ્યમાત્રમાં હોય છે. માટે, પુદ્‌ગલનું લક્ષણ છે. વળી એક પરમાણુમાં શીત અને સ્નિગ્ધ, અથવા શીત-રૂક્ષ, અથવા ઉષ્ણ-સ્નિગ્ધ, અથવા ઉષ્ણ અને રૂક્ષ એમ ચાર પ્રકારમાંના કોઈ પણ એક પ્રકારથી ૨ સ્પર્શ હોય છે. સૂક્ષ્મપરિણામી સ્કંધોમાં શીત-ઉષ્ણ-સ્નિગ્ધ-રૂક્ષ એ ચાર સ્પર્શ હોય છે, અને બાદર સ્કંધોમાં આઠેય સ્પર્શ હોય છે.

## પુદ્‌ગલનાં સ્વાભાવિક અને વૈભાવિક પરિણામો

અહીં શબ્દ-અન્ધકાર-ઉદ્યોત-પ્રભા-છાયા-આતપ એ બાદર પરિણામવાળા હોવાથી તેમજ બાદર પુદ્‌ગલસમૂહ રૂપ હોવાથી તેમજ બાદર પરિણામી પુદ્‌ગલ સ્કંધમાંથી ઉત્પન્ન થયેલ હોવાથી અને સ્કંધ તે પુદ્‌ગલનો વિકાર-વિભાવ હોવાથી, એ અંધકારાદિ લક્ષણો औपाधिक (વૈભાવિક) लक्षणो જાણવાં, કારણ કે એ ૬ લક્ષણો પરમાણુમાં તથા સૂક્ષ્મ સ્કંધોમાં નથી, અને વર્ણ આદિ ૪ લક્ષણો તે પરમાણુમાં તથા સૂક્ષ્મ સ્કંધોમાં પણ હોય છે, માટે એ ચાર स्वाभाविकपरिणामो જાણવાં. એમાં પણ લઘુ અને ગુરુ તથા મૃદુ અને કર્કશ એ ચાર સ્પર્શ સ્કંધમાં જ હોવાથી औपाधिक-વૈભાવિક પરિણામો છે.

॥ इति पुद्‌गलद्रव्य-स्वरूपम् ॥

## કાળનું સ્વરૂપ

### એક મુહૂર્તમાં આવલિકાઓ

**एगा कोडि सतसट्ठि, लक्खा सत्तहत्तरी सहस्सा य ।**
**दो य सया सोलहिया, आवलिया इगमुहुत्तम्मि ॥१२॥**

### સંસ્કૃત અનુવાદ

**एका कोटिः सप्तषष्टिर्लक्षाः सप्तसप्ततिः सहस्त्राश्च ।**
**द्वे च शते षोडशाधिके, आवलिका एकस्मिन्मुहूर्ते ॥१२॥**

### શબ્દાર્થ

एगा कोडि = એક ક્રોડ
सतसट्ठि = સડસઠ
लक्खा = લાખ
सत्तहत्तरि = સિત્યોતેર
सहस्सा = હજાર
य = અને
दो = બે
सया = સો
सोल = સોળ
अहिया = અધિક
आवलिया = આવલિકા
इग = એક
मुहुत्तम्मि = મુહૂર્તમાં

### અન્વય સહિત પદચ્છેદ

**इग मुहुत्तम्मि एगा कोडि सतसट्ठि लक्खा य सत्तहत्तरी सहस्सा**
**दो सया य सोल अहिया आवलिया ॥१२॥**

### ગાથાર્થ:

એક મુહૂર્તમાં એક ક્રોડ, સડસઠ લાખ, સિત્યોતેર હજાર, બસો અને સોળ અધિક (૧૬૭૭૭૨૧૬) આવલિકા થાય છે. ॥૧૨॥

### વિશેષાર્થ:

સુગમ છે. समयादिकलानां समूहः कालः=સમય, આવલિ ઇત્યાદિ કલાઓનો (વિભાગોનો) સમૂહ તે काल. અથવા "कल" એ ધાતુ=શબ્દ અને સંખ્યાન એટલે કથન અથવા ગણતરી અર્થમાં છે, તેથી નવ-પુરાણાદિપર્યાયોનું कलन એટલે संशब्दनं संख्यानं અર્થાત્ કથન અથવા ગણતરી તે કાળ. એક આવલિકામાં અસંખ્ય સમય થાય છે, અને એક મુહૂર્ત એટલે બે ઘડી. (૪૮ મિનિટ).

### વ્યવહારમાં ઉપયોગી કાળ

**समयावली मुहुत्ता, दीहा पक्खा य मास वरिसा य ।**
**भणिओ पलियासागर, उस्सप्पिणिसप्पिणी कालो ॥१३॥**

### સંસ્કૃત અનુવાદ

**समयावलिमुहूर्त्ता दिवसाः पक्षाश्च मासा वर्षाश्च ।**
**भणितः पल्यः सागरः उत्सर्पिण्यवसर्पिणी कालः ॥१३॥**

### શબ્દાર્થ

| | |
|---|---|
| समय = સમય | भणिओ = કહ્યો છે |
| आवलि = આવલિકા | पलिआ = પલ્યોપમ |
| मुहुत्ता = મુહૂર્ત | सागर = સાગરોપમ |
| दीहा = દિવસ | उस्सप्पिणी = ઉત્સર્પિણી |
| पक्खा = પક્ષ | सप्पिणी = અવસર્પિણી |
| मास = માસ | कालो = કાળ અથવા કાળચક્ર |
| वरिसा = વર્ષ | य = અને (અથવા છંદપૂર્તિ માટે) |

### અન્વય સહિત પદચ્છેદ

**समय आवली मुहुत्ता दीहा पक्खा मास वरिसा ।**
**पलिआ सागर उस्सप्पिणी य ओसप्पिणी कालो भणिओ ॥१३॥**

### ગાથાર્થ:

સમય, આવલિ, મુહૂર્ત, દિવસ, પક્ષ, માસ, વર્ષ, પલ્યોપમ, સાગરોપમ, ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળ કહ્યો છે. ॥૧૩॥

### વિશેષાર્થ:

અતિ સૂક્ષ્મ કાળ, કે જેના કેવલિ ભગવંતની જ્ઞાનશક્તિ વડે પણ બે ભાગ કલ્પી ન શકાય-તેવો નિર્વિભાજ્ય ભાગરૂપ કાળ, તે સમય કહેવાય. જેમ પુદ્ગલ દ્રવ્યનો સૂક્ષ્મ વિભાગ પરમાણુ છે, તેમ કાળનો[1] અતિ સૂક્ષ્મ વિભાગ સમય છે. આંખના એક પલકારામાં પણ અસંખ્ય સમય વ્યતીત થઈ જાય છે. અતિજીર્ણ વસ્ત્રને ત્વરાથી ફાડતાં એક તંતુથી બીજા તંતુ સુધીમાં જે કાળ લાગે છે. (અથવા એક જ તંતુ ફાટતાં જે કાળ લાગે છે) તે પણ અસંખ્ય સમય-પ્રમાણ છે. અથવા કમળના અતિ કોમળ ૧૦૦ પત્રને ઉપરાઉપરી ગોઠવી અતિ બળવાન મનુષ્ય ભાલાની તીક્ષ્ણ અણીથી પાંદડાં વીંધે, તો દરેક પત્ર વીંધતાં અને ઉપરના દરેક પત્રથી નીચેના પત્રમાં ભાલાની અણી પહોંચતાં દરેક વખતે અસંખ્ય અસંખ્ય સમય કાળ લાગે છે. જેથી ૧૦૦ કમળ પત્ર વેધતાં ૧૯૯ વાર અસંખ્ય અસંખ્ય સમય વ્યતીત થાય છે. એવા અતિ સૂક્ષ્મ કાળનું નામ એક સમય છે, તેવા અસંખ્ય સમયોની ૧ આવલિકા થાય છે. તેવી સંખ્યાતી (એટલે ૧૬૭૭૭૨૧૬) થી કાંઈક

---

૧. અહીં ૧૨-૧૩મી ગાથામાં કહેલું કાળનું સર્વ વર્ણન વ્યવહાર કાળનું જાણવું. શ્રી ચન્દ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ અને જ્યોતિષ્કરંડક આદિ શાસ્ત્રોમાં વિશેષથી વ્યવહારકાળનું જ વર્ણન ઘણા વિસ્તારપૂર્વક કરેલું છે.

અધિક આવલિકાઓનું ૧ मुहूर्त. મુહૂર્ત એટલે બે ઘડી. ૩૦ મુહૂર્તનો ૧ दिवस, ૧૫ દિવસનો ૧ पक्ष (પખવાડિયું); બે પક્ષનો ૧ मास, ૧૨ માસનું ૧ वर्ष અસંખ્યાત વર્ષનું ૧ पल्योपम, ૧૦ કોડાકોડી પલ્યોપમનો ૧ सागरोपम તેવા ૧૦ કોડાકોડી[1] સાગરોપમની ૧ उत्सर्पिणी અને તેટલા જ કાળની ૧ अवसर्पिणी: ઉત્સર્પિણી અને અવસર્પિણી એ બે મળીને ૧ कालचक्र ૨૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણનો થાય છે. એ પ્રમાણે કાળનાં લક્ષણ અથવા ભેદ કહ્યા. આ સર્વ ભેદ વ્યવહાર કાળના જાણવા. અહીં ઉત્સર્પિણી તે ચઢતો કાળ અને અવસર્પિણી તે ઊતરતો કાળ છે. કારણ કે, આયુષ્ય-બળ-સંઘયણ-શુભવર્ણ-ગંધ-રસ-સ્પર્શ ઇત્યાદિ અનેક શુભ ભાવોની ઉત્સર્પિણીમાં ક્રમે ક્રમે વૃદ્ધિ થતી રહે છે, અને અવસર્પિણીમાં હાનિ થતી જાય છે.

## કાળનું વિશેષ સ્વરૂપ

### વ્યવહારકાળ

વ્યવહારકાળ અને નિશ્ચયકાળ એમ કાળ ૨ પ્રકારનો છે. તેમાંનો જે ૨ા દ્વીપ અને ૨ સમુદ્ર જેટલા ૪૫ લાખ યોજન વિષ્કંભ-વિસ્તારવાળા મનુષ્યક્ષેત્રમાં ચન્દ્ર અને સૂર્ય આદિ જ્યોતિષીઓ ભ્રમણ-ગતિ કરે છે, તે ભ્રમણ કરતાં સૂર્યાદિકની ગતિ ઉપરથી જે કાળનું પ્રમાણ બંધાયેલું છે, તે व्यवहारकाल ઉપર કહ્યા પ્રમાણે સમય, આવલિકા ઇત્યાદિ ભેદવાળો છે. જ્યોતિષ્કરંડક ગ્રંથમાં કહ્યું છે કે-

**लोयाणुभज्जणीयं, जोइसचक्कं भणंति अरिहंता ।**
**सव्वे कालविसेसा, जस्स गइविसेसनिप्पन्ना ॥१॥**

અર્થ-જેની ગતિવિશેષ વડે સર્વે કાળભેદો ઉત્પન્ન થયેલા છે, તે જ્યોતિશ્ચક્રને શ્રી અરિહંત ભગવંતોએ લોકસ્વભાવથી ઉત્પન્ન થયેલ ગતિવાળું કહ્યું છે. ॥૧॥

એ વ્યવહારકાળના વિશેષ ભેદ સંક્ષેપમાં આ પ્રમાણે છે-

| | |
|---|---|
| અવિભાજ્ય સૂક્ષ્મ કાળ= | ૧ સમય |
| ૯ સમય= | ૧ જઘન્ય અન્તર્મુહૂર્ત |
| અસંખ્ય સમયો= | ૧ આવલિકા |
| ૨૫૬ આવલિકા= | ૧ ક્ષુલ્લકભવ |
| ૪૪૪૬ ૨૪૫૮ આવલિકા અથવા સાધિક ૩૭૭૩ | |
| ૧૭ા ક્ષુલ્લક ભવ= | ૧ શ્વાસોચ્છ્વાસ (પ્રાણ) |

૧. ક્રોડને ક્રોડથી ગુણતાં કોડાકોડી થાય છે. એમ સર્વત્ર જાણવું, જેથી અહીં ૧૦ કોડાકોડી એટલે ૧૦,૦૦૦૦૦૦૦,૦૦૦૦૦૦૦.

| | |
|---|---|
| ૭ પ્રાણ (શ્વાસો૦)= | ૧ સ્તોક |
| ૭ સ્તોક= | ૧ લવ |
| ૩૮॥ લવ= | ૧ ઘડી |
| ૭૭ લવ અથવા ૨ ઘડી= | |
| અથવા ૬૫૫૩૬ ક્ષુલ્લક ભવ= | ૧ મુહૂર્ત |
| ૧ સમયન્યૂન ૨ ઘડી= | ૧ ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત |
| ૩૦ મુહૂર્ત= | ૧ દિવસ (અહોરાત્ર) |
| ૧૫ દિવસ= | ૧ પક્ષ (પખવાડિયું) |
| ૨ પક્ષ= | ૧ માસ |
| ૬ માસ= | ૧ ઉત્તરાયણ અથવા ૧ દક્ષિણાયન |
| ૨ અયન અથવા ૧૨ માસ= | ૧ વર્ષ |
| ૫ વર્ષ= | ૧ યુગ |
| ૮૪ લાખ વર્ષ= | ૧ પૂર્વાંગ |
| ૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦૦= | ૧ પૂર્વ |
| અસંખ્ય વર્ષ= | ૧ પલ્યોપમ |
| ૧૦ કોડાકોડિ પલ્યોપમ= | ૧ સાગરોપમ |
| ૧૦ કોડાકોડિ સાગરોપમ= | ૧ ઉત્સર્પિણી અથવા અવસર્પિણી |
| ૨૦ કોડાકોડિ સાગરોપમ= | ૧ કાળચક્ર |
| અનંત પુદ્‌ગલ પરાવર્તન= | ભૂતકાળ |
| તેથી અનંતગુણા પુદ્‌ગલ પરાવર્તન= | ભવિષ્યકાળ |
| ૧ સમય= | વર્તમાનકાળ |
| ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળ= | સંપૂર્ણ વ્યવહારકાળ |

વળી આ વ્યવહારકાળ સિદ્ધાન્તમાં સ્નિગ્ધ તથા રૂક્ષ એમ બે પ્રકારે કહ્યો છે. વળી તે એકેક જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ભેદવાળો હોવાથી ૬ પ્રકારનો થાય છે. રૂક્ષકાળે અગ્નિ આદિ ઉત્પત્તિનો અભાવ હોય છે. અને સ્નિગ્ધ કાળમાં અગ્નિ આદિની ઉત્પત્તિ હોય છે. એ સ્નિગ્ધાદિ ભેદનું પ્રયોજન છે.

### નિશ્ચયકાળ[1]

દ્રવ્યના વર્તનાદિ પર્યાય તે निश्चयकाल કહેવાય. તે वर्तना-परिणाम क्रिया-

---

૧. આ નિશ્ચયકાળનું વર્ણન જો કે પ્રાથમિક અભ્યાસીઓને વિશેષ ઉપયોગી નથી, તોપણ વધુ અભ્યાસવાળાને ઉપયોગી જાણી સ્પષ્ટ લખ્યું છે.

અને परत्व, તથા अपरत्व એમ પાંચ પ્રકારનો છે. ત્યાં સાદિ-સાન્ત, સાદિ-અનંત, અનાદિ-સાન્ત, અને અનાદિ-અનંત એ ચાર પ્રકારની સ્થિતિમાંની કોઈ પણ સ્થિતિએ વર્તવું, હોવું, થવું, રહેવું, વિદ્યમાન હોવું; તે वर्तनापर्याय.

પ્રયોગથી (જીવ પ્રયત્નથી) અને વિશ્રસાથી (સ્વભાવથી જ) દ્રવ્યમાં નવા-જૂનાપણાની જે પરિણતિ થવી તે परिणामपर्याय. અથવા દ્રવ્યનો અને ગુણનો જે સ્વભાવ સ્વત્વ તે परिणाम. એમ તત્ત્વાર્થભાષ્યમાં કહ્યું છે. આ પરિણામપર્યાય सादि અને अनादि એમ ૨ પ્રકારનો છે. તેમાંના ૪ દ્રવ્યના ગતિસહાયકાદિ સ્વભાવ અનાદિ અનંત પરિણામી છે, અને પુદ્ગલનો સ્વભાવ સાદિ-સાંત પરિણામી છે. તેમજ અપવાદ તરીકે જીવના જીવત્વાદિ જો કે અનાદિ-અનંત છે, પરંતુ યોગ અને ઉપયોગ એ બે સ્વભાવ સાદિ-સાંત પરિણામી છે એમ શ્રીતત્ત્વાર્થભાષ્યમાં કહ્યું છે.

દ્રવ્યોની ભૂતકાળમાં થયેલી, વર્તમાનકાળમાં થતી, અને ભવિષ્યકાળે થનારી જે ચેષ્ટા, તે क्रिया पर्याय છે. એમ લોકપ્રકાશમાં કહ્યું છે, અને શ્રી તત્ત્વાર્થભાષ્યમાં કહ્યું છે કે પ્રયોગથી, વિશ્રસાથી અને મિશ્રસાથી દ્રવ્યોની જે ગતિ (એટલે સ્વપ્રવૃત્તિ) તે પ્રયોગાદિ ત્રણ પ્રકારનો ક્રિયાપર્યાય છે.

જેના આશ્રયથી દ્રવ્યમાં પૂર્વભાવનો વ્યપદેશ થાય, તે परत्व पर्याय અને પશ્ચાત્ ભાવનો વ્યપદેશ થાય તે अपरत्व पर्याय કહેવાય. એ પરત્વાપરત્વ પર્યાય પ્રશંસાકૃત, ક્ષેત્રકૃત અને કાળકૃત એમ ૩ પ્રકારે છે. તેમાં ધર્મ તે પર (શ્રેષ્ઠ) અને અધર્મ તે અપર (હીન). એવાં વચનો તે प्रशंसाकृत परत्वापरत्व દૂર રહેલા પદાર્થ તે પર, અને નજીકમાં રહેલો પદાર્થ તે અપર, એ કથન क्षेत्रकृत परत्वापरत्व છે; તથા ૧૦૦ વર્ષવાળું તે પર (મોટું); અને ૧૦ વર્ષવાળું તે અપર (નાનું), એ કથન कालकृत परत्वापरत्व કહેવાય છે. એ ત્રણ પ્રકારના પરત્વાપરત્વમાં, કેવળ કાળકૃત પરત્વાપરત્વ તે જ વર્ત્તનાદિ પર્યાયાત્મક હોવાથી કાળદ્રવ્યમાં ગ્રહણ કરાય છે.

એ પ્રમાણે વર્ત્તના વગેરે પાંચે પર્યાય નિશ્ચયકાળ કહેવાય છે. એ વર્ત્તના વગેરે જો કે દ્રવ્યના પર્યાય છે, તો પણ કોઈક અપેક્ષાએ પર્યાયોને પણ દ્રવ્યનો ઉપચાર હોવાથી कालद्रव्य કહેવાય છે.

શિષ્ય-જો વર્ત્તનાદિ પર્યાયને દ્રવ્ય કહો, તો અનવસ્થા દૂષણ આવે, માટે કાળને જુદું દ્રવ્ય ન માનતાં, વર્ત્તનાદિ રૂપ કાળ જીવાજીવ દ્રવ્યોનો પર્યાય જ માનવો. અને જો એમ નહિ માનીએ, તો આકાશની પેઠે કાળને સર્વવ્યાપી માનવો પડશે, કારણ કે નિશ્ચયકાળ તો સર્વ આકાશદ્રવ્યમાં પણ છે.

ગુરુ-એમ કહેવું તે પ્રમાણવચન નથી, કેમકે સિદ્ધાન્તમાં અસ્તિકાય પાંચ જ કહ્યા છે, અને છઠ્ઠું કાળદ્રવ્ય જુદું કહ્યું છે. ઘણા પ્રદેશો હોય તો અસ્તિકાય કહેવાય, અને કાળ તો ઘણા પ્રદેશવાળો નથી, પરંતુ વર્ત્તમાને એક જ સમયરૂપ છે. તેમજ ભૂતકાળના સમયો વ્યતીત થવાથી વિદ્યમાન નથી. માટે દ્રવ્યોના વર્ત્તનાદિ પર્યાયને ઉપચારે કાળદ્રવ્ય કહેવું.

શિષ્ય-જો કાળ વર્ત્તમાન એક સમયરૂપ છે, તો કાળ વિનષ્ટધર્મી કહેવાય (એટલે જેનો ધર્મ નાશ પામતો રહે છે એવો કહેવાય) પરંતુ કાળ વિનષ્ટધર્મી નથી, અને તેથી જ વ્યતીત થયેલા અને ભવિષ્યના સમયોને પણ એકઠા ગણીને સમય, આવલિ, મુહૂર્ત, વર્ષ આદિ પ્રરૂપણા થઈ શકે છે. માટે કાળ બહુ પ્રદેશી છે, અને બહુ પ્રદેશી હોવાથી અસ્તિકાય પણ કહેવાય, અને અસ્તિકાય કહેવાય તો કાળને પૃથક્ દ્રવ્ય પણ અનુપચારથી કહેવાય, તેમાં કંઈ વિરુદ્ધ નથી.

ગુરુ-એ સત્ય છે. પરંતુ એ તો બાદર નયની અપેક્ષાએ કાળ સ્થિર (અવિનષ્ટ ધર્મી) ગણાય, અને તે પ્રમાણે પદાર્થ પણ ત્રિકાળવર્તી અંગીકાર કરાય છે. તથા આવલિકા, મુહૂર્ત, વર્ષ ઇત્યાદિ પ્રરૂપણા થાય છે, પરંતુ તે સર્વ વ્યવહારનય આશ્રયી છે, વાસ્તવિક નહિ, વાસ્તવિક રીતે વિચારતાં તો નિશ્ચયનયથી કાળ અપ્રદેશી છે. માટે કાળ અસ્તિકાય નથી, અને તેથી વાસ્તવિક રીતે દ્રવ્ય નથી, પરંતુ गुणाणमासओ दव्वं - ગુણોનો જેમાં આશ્રય હોય તે દ્રવ્ય કહેવાય. એ વચનને અનુસારે कालद्रव्य કહેવાય છે. માટે દ્રવ્યથી વર્તનાદિ લક્ષણવાળું, ક્ષેત્રથી સર્વ ક્ષેત્રવર્તી, કાળથી અનાદિ-અનંત, અને ભાવથી વર્ણ આદિ રહિત-અરૂપી તથા સૂર્યાદિકની ગતિ વડે સ્પષ્ટ ઓળખાતું, અને ઘટાદિક કાર્ય વડે જેમ પરમાણુનું અનુમાન થાય છે, તેમ મુહૂર્તાદિક વડે સમયનું પણ અનુમાન કરાય છે, એવું કાળદ્રવ્ય પાંચ અસ્તિકાયથી જુદું માનવું, એ જ શ્રી સર્વજ્ઞવચન પ્રમાણ છે.

એ પ્રમાણે વ્યવહાર કાળ નિશ્ચયથી વર્તમાન ૧ સમયરૂપ અને વ્યવહારથી અનંત સમયરૂપ છે. તેમજ તત્ત્વાર્થસૂત્રમાં ૫ દ્રવ્ય સ્વમતે કહીને છઠ્ઠું કાળ દ્રવ્ય અન્ય[1] આચાર્યોના મત પ્રમાણે સ્વીકાર્યું છે. વળી કાળને ઉપચારથી દ્રવ્યપણું તે અસ્તિકાયપણાના અભાવે જાણવું, વળી વ્યવહારકાળ અજીવ જાણવો અને નિશ્ચયકાળ પાંચેય દ્રવ્યોની વર્તનારૂપ હોવાથી જીવાજીવ જાણવો.

---

૧. कालश्चेत्येके-કેટલાક આચાર્યો કાળને પણ દ્રવ્ય કહે છે. અધ્યાય ૫મો સૂત્ર ૩૮મું.

## ૭ દ્રવ્યવિચાર

**परिणामि जीव मुत्तं, सपएसा एग खित्त किरिया य ।**
**णिच्चं कारण कत्ता, सव्वगय इयर[1] अपवेसे ॥१४॥**

### સંસ્કૃત અનુવાદ

**परिणामी जीवो मूर्त्तः, सप्रदेश एकः क्षेत्रं क्रिया च ।**
**नित्यं कारणं कर्ता, सर्वगतमितर अप्रवेशः ॥१४॥**

### શબ્દાર્થ

परिणामि = પરિણામી
जीव = જીવ
मुत्तं = મૂર્ત-રૂપી
सपएसा = સપ્રદેશી
एग = એક
खित्त = ક્ષેત્ર
किरिया = ક્રિયાવંત, સક્રિય
णिच्चं = નિત્ય
कारण = કારણ
कत्ता = કર્તા
सव्वगय = સર્વગત, સર્વવ્યાપી
इयर = ઇતર (પ્રતિપક્ષી ભેદસહિત)
अपवेसे = અપ્રવેશી

### અન્વય સહિત પદચ્છેદ

**परिणामी जीव मुत्तं सपएसा एग खित्त किरिया य ।**
**णिच्चं कारण कत्ता सव्वगय इयर अपवेसे ॥**

### ગાથાર્થઃ

પરિણામીપણું, જીવપણું, રૂપીપણું, સપ્રદેશીપણું, એકપણું, ક્ષેત્રપણું, ક્રિયાપણું, નિત્યપણું, કારણપણું, કર્તાપણું, સર્વવ્યાપીપણું અને ઇતરમાં અપ્રવેશીપણું, (વિચારવું)

---

सर्वेषां द्रव्याणां वर्तनालक्षणो नवीनजीर्णकरणलक्षणः कालः पर्यायद्रव्यमिष्यते, तत्कालपर्यायेषु अनादिकालीनद्रव्योपचारमनुसृत्य काल-द्रव्यमुच्यते, अत एव पर्यायेण द्रव्यभेदात् तस्य कालद्रव्य-स्यानन्त्यम् (द्रव्यानुयोग तर्कणा १० मो अध्याय) ઇત્યાદિ અનેક પાઠમાં ઉપચારથી દ્રવ્ય સિદ્ધ કર્યું છે, પરંતુ અસ્તિકાયરૂપ વાસ્તવિક દ્રવ્યત્વ કહ્યું નથી.

૧. ગાથામાં इयर શબ્દ अपवेसे સાથે ન જોડવો, કારણ કે અપરિણામી આદિ ઇતર ભેદમાં દ્રવ્યપ્રાપ્તિ છે. પરંતુ અપ્રવેશીના ઇતર-ભેદ-પ્રવેશીમાં એક પણ દ્રવ્ય નથી. અથવા ડમરુકમણિ ન્યાયથી इयर પદનો સંબંધ अपवेसे સાથે પણ કરવો હોય તો થઈ શકે, એટલે इतरमां अप्रवेश એમ અર્થ કરી શકાય.

## વિશેષાર્થ:

એક ક્રિયાથી અન્ય ક્રિયામાં અથવા એક અવસ્થાથી બીજી અવસ્થામાં જવું તે परिणाम કહેવાય. તેથી વિપરીત अपरिणाम કહેવાય. ત્યાં જીવ અને પુદ્ગલનો પરિણામ ૧૦-૧૦[૧] પ્રકારનો છે.

અહીં જીવ દેવાદિપણું છોડી મનુષ્યાદિપણું અને મનુષ્યાદિપણું છોડી દેવાદિપણું પામે છે. એ પ્રમાણે એક અવસ્થા છોડી બીજી અવસ્થામાં જવારૂપ જીવના ૧૦ પરિણામ વિચારવા, તેમજ પુદ્ગલના પણ ૧૦ પરિણામ યથાસંભવ વિચારવા, એ પ્રમાણે જીવ અને પુદ્ગલ એ બે દ્રવ્ય परिणामी છે, અને શેષ ૪ દ્રવ્ય अपरिणामी છે. તથા જીવ દ્રવ્ય પોતે જીવ છે, અને શેષ પાંચ દ્રવ્ય અજીવ છે.

તથા ૬ દ્રવ્યમાં પુદ્ગલ દ્રવ્યરૂપી[૨] (એટલે વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળું) છે, અને શેષ[૩] ૫ દ્રવ્ય અરૂપી છે.

---

૧. દરેક પરિણામના ઉત્તરભેદનાં નામ તથા સ્વરૂપ શ્રી પન્નવણાજી સૂત્રમાંથી જાણવાં. તે સંક્ષેપમાં આ પ્રમાણે છે.

**૧૦ જીવ પરિણામ**

૧. ગતિ પરિણામ (દેવાદિ ૪)
૨. ઇન્દ્રિય પરિણામ (સ્પર્શનાદિ ૫)
૩. કષાય પરિણામ (ક્રોધાદિ ૪)
૪. લેશ્યા પરિણામ (કૃષ્ણાદિ ૬)
૫. યોગ પરિણામ (મનોયોગાદિ ૩)
૬. ઉપયોગ પરિણામ (મત્યાદિ ૧૨)
૭. જ્ઞાન પરિણામ (મત્યાદિ ૮)
૮. દર્શન પરિણામ (ચક્ષુદર્શનાદિ ૪)
૯. ચારિત્ર પરિણામ (સામાયિકાદિ-૭)
૧૦. વેદ પરિણામ (સ્ત્રીવેદાદિ-૩)

**૧૦ પુદ્ગલ પરિણામ**

૧. બંધ પરિણામ (પરસ્પર સંબંધ થવો તે. ૨ પ્રકારે)
૨. ગતિ પરિણામ (સ્થાનાન્તર થવું તે. ૨ પ્રકારે)
૩. સંસ્થાન પરિણામ (આકારમાં ગોઠવવું તે. ૫ પ્રકારે)
૪. ભેદ પરિણામ (સ્કંધથી છૂટા પડવું તે. ૫ પ્રકારે)
૫. વર્ણ પરિણામ (વર્ણ ઊપજવા તે. ૫ પ્રકારે)
૬. ગંધ પરિણામ (ગંધ ઊપજવા તે. ૨ પ્રકારે)
૭. રસ પરિણામ (રસ ઊપજવા તે. ૫ પ્રકારે)
૮. સ્પર્શ પરિણામ (સ્પર્શ ઊપજવા તે. ૮ પ્રકારે)
૯. અગુરુલઘુ પરિણામ (ગુરુત્વ આદિ ઊપજવું તે. ૪ પ્રકારે)
૧૦. શબ્દ પરિણામ (શબ્દ ઊપજવા તે. ૨ પ્રકારે)

૨. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ એ ચારનું સામુદાયિક નામ રૂપ છે, માટે એ ચાર જેને હોય તે રૂપી.

૩. જીવતત્ત્વમાં જીવ રૂપી કહ્યો અને અહીં અરૂપીમાં ગણ્યો તેનું કારણ ત્યાં દેહધારી જીવના ૧૪ ભેદની અપેક્ષાએ રૂપી કહેલ છે. અને અહીં જીવદ્રવ્યના મૂળ સ્વરૂપને અંગે અરૂપી કહ્યો છે.

તથા ૬ દ્રવ્યમાં પાંચ દ્રવ્ય सप्रदेशी (અણુના સમૂહવાળાં છે. અને કાળ દ્રવ્ય अप्रदेशी છે. (અણુઓના પિંડમય નથી)

છ દ્રવ્યમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય, એ ત્રણ દ્રવ્ય એકેક છે. અને શેષ ૩ દ્રવ્ય અનંત અનંત હોવાથી अनेक છે.

છ દ્રવ્યમાં આકાશદ્રવ્ય क्षेत्र છે, અને શેષ ૫ દ્રવ્ય क्षेत्री છે. અહીં દ્રવ્ય જેમાં રહેલ હોય તે ક્ષેત્ર, અને રહેનાર દ્રવ્ય ક્ષેત્રી કહેવાય.

તથા છ દ્રવ્યમાં જીવ અને પુદ્ગલ એ બે દ્રવ્ય क्रियावन्त છે, અને શેષ દ્રવ્ય अक्रियावंत છે. અહીં ક્રિયા તે ગમન-આગમન આદિ જાણવી. ધર્માસ્તિકાયાદિ ચારે દ્રવ્યો સદાકાળ સ્થિર સ્વભાવી છે માટે સક્રિય છે. પોતપોતાના સ્વભાવની પ્રવૃત્તિરૂપ ક્રિયામાં તો છયે દ્રવ્ય સક્રિય ગણાય. પરંતુ તે સક્રિયપણું અહીં અંગીકાર ન કરવું.

તથા છ દ્રવ્યમાં જીવ અને પુદ્ગલ ભિન્ન ભિન્ન અવસ્થાઓ પામતાં હોવાથી એક સ્વરૂપે રહેતાં નથી, માટે એ બે દ્રવ્ય अनित्य છે, અને શેષ ૪ દ્રવ્ય સદાકાળ પોતાના સ્વરૂપે સ્થિર હોવાથી नित्य છે, જો કે દરેક દ્રવ્ય ઉત્પત્તિ, વિનાશ અને ધ્રુવ એ ૩ સ્વભાવ યુક્ત હોવાથી નિત્યાનિત્ય છે, તોપણ પોતપોતાની સ્થૂલ અવસ્થાઓને અંગે અહીં નિત્યપણું અથવા અનિત્યપણું વિચારવાનું છે.

તથા છ દ્રવ્યમાં ધર્માસ્તિકાયાદિક પાંચ દ્રવ્ય कारण છે, અને ૧ જીવદ્રવ્ય अकारण છે. અહીં જે દ્રવ્ય અન્ય દ્રવ્યના કાર્યમાં ઉપકારી નિમિત્તભૂત હોય તે કારણ, અને તે કારણ દ્રવ્ય જે દ્રવ્યના કાર્યમાં નિમિત્તભૂત થયું હોય તે દ્રવ્ય અકારણ કહેવાય. જેમ કુંભકારમાં કુંભકાર્યમાં ચક્ર, દંડ આદિ દ્રવ્યો કારણ, અને કુંભકાર પોતે અકારણ છે, તેમ જીવના ગતિ આદિ કાર્યમાં ધર્માસ્તિકાય વગેરે અને યોગ આદિ કાર્યમાં પુદ્ગલ તે ઉપકારી કારણ છે. પરંતુ ધર્માસ્તિકાય વગેરેને જીવ ઉપકારી નથી. એ પ્રમાણે કારણ-અકારણ ભાવ વિચારવો.

તથા છ દ્રવ્યમાં જીવ દ્રવ્ય कर्ता, અને શેષ ૫ દ્રવ્ય अकर्ता છે. અહીં જે દ્રવ્ય અન્ય દ્રવ્યની ક્રિયા પ્રત્યે અધિકારી (સ્વામી) હોય તે કર્ત્તા કહેવાય, અથવા અન્ય દ્રવ્યોનો ઉપભોગ કરનાર દ્રવ્ય કર્ત્તા, અને ઉપભોગમાં આવનારાં દ્રવ્ય તે અકર્ત્તા કહેવાય. તથા ધર્મ, કર્મ, પુણ્ય, પાપ આદિ ક્રિયા કરનાર તે કર્ત્તા, અને ધર્મ, કર્મ, આદિ નહિ કરનાર, તે અકર્ત્તા. એમ પણ શાસ્ત્રમાં કહ્યું છે.

તથા છ દ્રવ્યમાં આકાશદ્રવ્ય લોકાલોક પ્રમાણ સર્વવ્યાપ્ત હોવાથી सर्वव्यापी છે, અને શેષ પાંચ દ્રવ્યો લોકાકાશમાં જ હોવાથી देशव्यापी છે.

તથા સર્વ દ્રવ્યો જો કે એક-બીજામાં પરસ્પર પ્રવેશ કરીને એક જ સ્થાનમાં રહ્યાં છે, તોપણ કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્ય રૂપે થતું નથી, એટલે ધર્માસ્તિકાય તે

અધર્માસ્તિકાયાદિ થતો નથી, જીવ તે પુદ્ગલ સ્વરૂપ થતો નથી, ઇત્યાદિ રીતે સર્વે દ્રવ્યો પોતપોતાના સ્વરૂપે રહે છે, પણ અન્ય દ્રવ્ય રૂપે થતાં નથી. તે કારણથી છયે દ્રવ્ય અપ્રવેશી છે, પરંતુ કોઈ દ્રવ્ય સપ્રવેશી નથી. અહીં પ્રવેશ એટલે અન્ય દ્રવ્ય રૂપે થવું તે સમજવું.

એ પ્રમાણે ૬ દ્રવ્યનું[1] પરિણામી આદિ વિશેષ સ્વરૂપ કહ્યું.

## છ દ્રવ્યમાં પરિણામી આદિનો યન્ત્ર

| ૬ દ્રવ્ય | પરિણામી | જીવ | મૂર્ત | સપ્રદેશી | એક-અનેક | ક્ષેત્ર-ક્ષેત્રી | સક્રિય | નિત્ય | કારણ | કર્તા | સર્વગત-દેશગત | અપ્રવેશી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ધર્માસ્તિકાય | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ક્ષેત્રી | ૦ | ૧ | ૧ | ૦ | દે. | ૧ |
| અધર્માસ્તિકાય | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ક્ષેત્રી | ૦ | ૧ | ૧ | ૦ | દે. | ૧ |
| આકાશાસ્તિકાય | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ક્ષેત્ર | ૦ | ૧ | ૧ | ૦ | સ. | ૧ |
| પુદ્ગલાસ્તિકાય | ૧ | ૦ | ૧ | ૧ | અનંત | ક્ષેત્રી | ૧ | ૦ | ૧ | ૦ | દે. | ૧ |
| જીવાસ્તિકાય | ૧ | ૧ | ૦ | ૧ | અનંત | ક્ષેત્રી | ૧ | ૦ | ૦ | ૧ | દે. | ૧ |
| કાળ | ૦ | ૦ | ૦ | ૦ | અનંત | ક્ષેત્રી | ૦ | ૧ | ૧ | ૦ | દે. | ૧ |

## પ્રસંગે અજીવ દ્રવ્યનાં ૫૬૦ ભેદો

૪ અરૂપી અજીવના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ગુણ ગણતાં ૨૦ ભેદ, તથા ૮ મી ગાથામાં કહેલા ૧૦ ભેદ મળી, ૪ અરૂપી અજીવના ૩૦ ભેદ છે.

---

(૧) **ધર્માસ્તિકાય :** જો ન હોય તો જીવ ને પુદ્ગલો ગતિ કરી શકે નહીં અથવા ગતિ કરી શકે એમ માનીએ તો, અલોકમાં પણ ગતિ કરી શકે, પરંતુ અલોકમાં તો એક તણખલા જેટલું પણ જઈ ન શકાય.

(૨) **અધર્માસ્તિકાય :** જો ન હોય તો જીવ અને પુદ્ગલો ગતિ જ કર્યા કરે. સ્થિર ન રહી શકે, અને બન્નેય ન હોય તો લોક અને અલોકની વ્યવસ્થા ન રહે, લોકની વ્યવસ્થા કોઈ ને કોઈ રૂપમાં કરવી તો પડે જ.

(૩) **આકાશાસ્તિકાય :** જો ન હોય તો, અનંત જીવો અને અનંત પરમાણુઓ અને તેઓના સ્કંધો અમુક જગ્યામાં રહી ન શકે, એક તસુમાં એક લાકડું રહી શકે અને તેટલી જ જગ્યામાં તેટલું સોનું વધારે ભારે છતાં રહી શકે છે. તે આકાશાસ્તિકાયને લીધે.

(૪) **જીવાસ્તિકાય :** જો ન હોય તો, જે રીતે આ જગત્ દેખાય છે, તે રીતે ન દેખાતું હોત.

(૫) **પુદ્ગલાસ્તિકાય :** જો ન હોય તો, જે રીતે આ જગત્ દેખાય છે, તે રીતે ન દેખાતું હોત.

(૬) **કાળ :** જો ન હોય તો, દરેક કામ એકીસાથે કરવાં પડત, કે ન કરી શકાત ત્યારે કાળદ્રવ્ય ક્રમ કરાવી આપે છે.

તથા ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ અને ૮ સ્પર્શ અને ૫ સંસ્થાન. એ ૨૫ ગુણમાંના જે ગુણના ભેદ ગણાતા હોય, તે ગુણ અને તેના વિરોધી-સ્વજાતીય ગુણ સિવાયના શેષ સર્વ ગુણોના ભેદ, તે ગુણમાં પ્રાપ્ત થાય. જેમ-કૃષ્ણાદિ પાંચે વર્ણ સહિત કૃષ્ણવર્ણનો ગુણભેદ ૨૦ થાય, અને એ રીતે દરેક વર્ણના ૨૦-૨૦ ગણતાં વર્ણના ૧૦૦ ભેદ થાય. એ પદ્ધતિએ ૫ રસના ૧૦૦ ગુણ. ૫ સંસ્થાનના ૧૦૦ ગુણ. ૨ ગંધના ૪૬ ગુણ, અને ૮ સ્પર્શના (વિરોધી સ્પર્શ બબ્બે હોવાથી તે બાદ કરતાં, દરેક સ્પર્શના ત્રેવીસ ત્રેવીસ ગણતાં) ૧૮૪, અને એ સર્વ મળી ૫૩૦ ભેદ પુદ્‍ગલના એટલે (રૂપી અજીવના ભેદ) છે.

તે પુનઃ પૂર્વોક્ત ૩૦ સાથે મેળવતાં ૫૬૦ ભેદ અજીવના થાય.

**૨ અજીવતત્ત્વ જાણવાનો ઉદ્દેશ**

**પ્રશ્ન** :- અજીવતત્ત્વ જ્ઞેય (એટલે જાણવા યોગ્ય) કહ્યું છે, તે ઉપરાંત બીજો કોઈ ઉદ્દેશ છે ?

**ઉત્તર** : હે જિજ્ઞાસુ ! અજીવતત્ત્વ માત્ર જાણવું એટલો જ અજીવતત્ત્વની જ્ઞાનપ્રાપ્તિનો ઉદ્દેશ નથી, પરંતુ અજીવતત્ત્વનું જ્ઞાન કરીને જીવના સ્વરૂપની (અને પ્રસંગતઃ નવેય તત્ત્વોના હેય, જ્ઞેય, ઉપાદેય સ્વરૂપની) પ્રાપ્તિ કરવી, એ જ અજીવતત્ત્વની જ્ઞાનપ્રાપ્તિનો ઉદ્દેશ છે, અજીવતત્ત્વના જ્ઞાનથી જીવસ્વરૂપની પ્રાપ્તિ આ પ્રમાણે છે-

અજીવોમાંથી પુદ્‍ગલો સાથે આત્માને વિશેષ સંબંધ છે, કારણ કે જીવને પોતાના સ્વરૂપથી ભ્રષ્ટ કરનાર આઠે કર્મ, પાંચ ઇન્દ્રિયો, શરીર, મન, ધન, પરિવાર ઇત્યાદિ સર્વ પદાર્થો પુદ્‍ગલ છે, તેથી આત્મા એમ વિચાર કરે કે, "આ પુદ્‍ગલદ્રવ્ય અજીવદ્રવ્ય છે, હું જીવદ્રવ્ય છું. પુદ્‍ગલાદિ પદાર્થો જડ છે, હું ચેતન છું. પુદ્‍ગલો ક્ષણવિનાશી છે, હું અવિનાશી છું. પુદ્‍ગલાદિ દ્રવ્યો અજ્ઞાન છે, હું અનંત જ્ઞાનવંત છું, છતાં પણ આ પુદ્‍ગલાદિ અજીવો સાથે મારે સંબંધ શો ?

વળી, અજીવ-કર્મ-પુદ્‍ગલ મદારીની પેઠે મને જીવને માંકડારૂપ બનાવી પોતાની ઇચ્છા પ્રમાણે નાચ નચાવે છે, તે કેટલું વિચિત્ર છે ? હું જીવ રાજા સરખો ત્રણ ભુવનનો અધિપતિ હોવા છતાં અને અનંત વીર્ય બળથી મહાન્ કેસરી સિંહ સરખો હોવા છતાં, આ જડ-પુદ્‍ગલાદિ અજીવો મારા ઉપર પોતાની સત્તા ચલાવી મને ગમે તે સ્થાને રઝળાવે છે, ભમાવે છે, દુઃખ દે છે, એ કેટલું વિચિત્ર છે ? ઇત્યાદિ-અજીવ દ્રવ્યની આત્મા સાથેના સંબંધની વિષમતા વિચારીને એ જડ સ્વરૂપ. અજીવ દ્રવ્યની રાજ્યસત્તામાંથી મુક્ત થઈ, જીવ-આત્મા પોતાનું આત્મ-

સામ્રાજ્ય જે અનાદિ કાળથી અજીવે દબાવી દીધું છે તે આત્મ-સામ્રાજ્યને પુનઃ પ્રાપ્ત કરવાના ઉપાયરૂપ પુણ્ય આદિ ઉપાદેય તત્ત્વોને ઉપાદેય સ્વરૂપે સ્વીકર કરે, અને આત્મસ્વરૂપથી ભ્રષ્ટ કરનાર પાપ આદિ હેય તત્ત્વોને હેય સ્વરૂપે સ્વીકારે, તો અન્તે મોક્ષતત્ત્વ કે જે ઉપાદેય છે, તે પણ ઉપાદેય સ્વરૂપે પ્રાપ્ત થવાથી આત્મા પોતાનું સ્વાભાવિક આત્મ-સામ્રાજ્ય (આત્મસ્વરૂપ) પ્રાપ્ત કરે. એ જ અજીવતત્ત્વની જ્ઞાનપ્રાપ્તિનો મુખ્ય ઉદ્દેશ છે.

॥ इति २ अजीवतत्त्वम् ॥

## ॥ अथ तृतीयं पुण्यतत्त्वम् ॥

पुण्य=શુભ કર્મોનો બંધ. તે શુભ કર્મો ૪૨ છે, તે પુણ્યતત્ત્વ કહેવાય છે, અને તેનો ઉદય થવાથી શુભ કર્મો રૂપે પુણ્ય ભોગવાય છે. પુણ્યનાં કારણો તે શુભ આશ્રવ કહેવાય છે. અને તે પણ પુણ્ય બંધનું કારણ હોવાથી પુણ્ય કહેવાય છે. તેના નવ પ્રકાર નીચે પ્રમાણે છે.

૧. પાત્રને અન્ન આપવાથી
૨. પાત્રને પાણી આપવાથી
૩. પાત્રને સ્થાન આપવાથી
૪. પાત્રને શયન આપવાથી
૫. પાત્રને વસ્ત્ર આપવાથી
૬. મનના શુભ સંકલ્પરૂપ વ્યાપારથી
૭. વચનના શુભ વ્યાપારથી
૮. કાયાના શુભ વ્યાપારથી
૯. દેવ ગુરુને નમસ્કાર વગેરે કરવાથી

શ્રી તીર્થંકર ભગવંતથી માંડીને મુનિ મહારાજ સુધીના મહાત્મા પુરુષો सुपात्र, ધર્મી ગૃહસ્થો पात्र, તેમજ અનુકંપા કરવા યોગ્ય અપંગ આદિ જીવો પણ अनुकंप्य पात्र, અને શેષ સર્વે अपात्र ગણવા, આ પુણ્યતત્ત્વ મુખ્યત્વે ગૃહસ્થને જ ઉપાદેય આદરવા યોગ્ય છે. માટે મોક્ષની આકાંક્ષાથી પૂર્વોક્ત ૯ પ્રકારે દાન આદિક મોક્ષને અનુકૂળ કાર્યો કરવાં. સ્વ-પરહિતાર્થે જિનેન્દ્ર શાસનની પ્રભાવના કરવી, શક્તિ હોય તો શાસનદ્રોહીને પણ યોગ્ય શિક્ષાથી નિવારવો, વિવેકપૂર્વક અનેક દેવમંદિર બંધાવવાં, અનેક જિનેન્દ્ર પ્રતિમાઓ ભરાવવી, શ્રી જિનેન્દ્ર પ્રભુના ચૈત્યના નિર્વાહ અર્થે વિવેકપૂર્વક દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી, અનેક પૌષધશાળાઓ રચવી, શ્રી જિનેન્દ્રની મહાપૂજા કરવી, સ્વાભાવિક રીતે દુઃખી થયેલા સાધર્મિક બંધુઓને તત્કાળ અને પરિણામે ધર્મપોષક થાય તે રીતે વિવેકપૂર્વક સહાય કરી સમ્યગ્ માર્ગમાં સ્થિર રાખવા, ઇત્યાદિ રીતે આ જીવ पुण्यानुबन्धि पुण्य ઉપાર્જન કરે છે. એ પુણ્યાનુબન્ધિ પુણ્ય મોક્ષમાર્ગમાં વળાવા સરખું છે. પંચાગ્નિ તપશ્ચર્યા

વગેરે અજ્ઞાન કષ્ટથી પણ જો કે પુણ્ય ઉપાર્જન થાય છે, પરંતુ તે એક જ ભવમાં સુખ આપનાર અને પરંપરાએ સંસારવૃદ્ધિ કરાવનાર હોવાથી તાત્ત્વિક પુણ્ય નથી. આ પ્રમાણે ૯ પ્રકારનાં નિમિત્તોથી બેંતાળીસ પ્રકારે પુણ્ય બંધાય છે.

## सा उच्चगोअ मणुदुग, सुरदुग पंचिंदिजाइ पणदेहा ।
## आइतितणूणुवंगा, आइमसंघयणसंठाणा ॥१५॥

### સંસ્કૃત અનુવાદ

**सातोच्चैर्गोत्रमनुष्यद्विक-सुरद्विकपञ्चेन्द्रियजातिपञ्चदेहाः ।**
**आदित्रितनूनामुपाङ्गान्यादिमसंहननसंस्थाने ॥१५॥**

### શબ્દાર્થ

सा = શાતાવેદનીય
उच्चगोअ = ઉચ્ચગોત્ર
मणुदुग = મનુષ્યદ્વિક
सुरदुग = દેવદ્વિક
पंचिंदिजाइ = પંચેન્દ્રિય જાતિ
पणदेहा = પાંચ શરીર
आई = પ્રથમના
ति = ત્રણ
तणूण = શરીરનાં
उवंगा = ઉપાંગ
आइम = પ્રથમ (પહેલું)
संघयण = સંઘયણ
संठाणा = સંસ્થાન

### અન્વય સહિત પદચ્છેદ

**सा, उच्च गोअ, मणु दुग, सुर दुग, पंचिंदि जाइ, पण देहा ।**
**आइ ति तणूण उवंगा, आइमसंघयण संठाणा ॥१५॥**

### ગાથાર્થ:

શાતાવેદનીય, ઉચ્ચ ગોત્ર, મનુષ્યદ્વિક, દેવદ્વિક, પંચેન્દ્રિય જાતિ, પાંચ શરીર, પહેલા ત્રણ શરીરનાં ઉપાંગ, પહેલું સંઘયણ અને પહેલું સંસ્થાન ॥૧૫॥

| શુભ અનુભવ (પુણ્યોદય) | બંધાયેલ શુભ કર્મ-પુણ્ય |
|---|---|
| ૧. સુખ અનુભવ | તે કરાવનાર કર્મ सातावेदनीय कर्म |
| ૨. ઉત્તમ વંશ-કુળ-જાતિમાં જન્મ | તે અપાવનાર કર્મ उच्च गोत्रकर्म |
| ૩. મનુષ્યપણાના સંજોગો મળવા, | તે અપાવનાર કર્મ मनुष्यगति नाम कर्म |
| ૪. મનુષ્યગતિ તરફ ખેંચાવું | મનુષ્યગતિ તરફ ખેંચી જનાર કર્મ मनुष्यानुपूर्वीनामकर्म |
| ૫. દેવપણાના સંજોગો મળવા | તે અપાવનાર કર્મ देवगति नामकर्म |

| | |
|---|---|
| ૬. દેવગતિ તરફ ખેંચાવું | દેવગતિ તરફ ખેંચનાર કર્મ देवानुपूर्वी नामकर्म |
| ૭. પાંચ ઇન્દ્રિયની જાતિ મળવી | તે અપાવનાર કર્મ पञ्चेन्द्रिय जाति नामकर्म |
| ૮. ઔદારિક શરીર મળવું | તે અપાવનાર કર્મ औदारिक शरीर नामकर्म |
| ૯. વૈક્રિય શરીર મળવું | તે અપાવનાર કર્મ वैक्रिय शरीर नामकर्म |
| ૧૦. આહારક શરીર મળવું | તે અપાવનાર કર્મ आहारक शरीर नामकर्म |
| ૧૧. તૈજસ શરીર મળવું | તે અપાવનાર કર્મ तैजस शरीर नामकर्म |
| ૧૨. કાર્મણ શરીર મળવું | તે અપાવનાર કર્મ कार्मण शरीर नामकर्म |
| ૧૩. ઔદારિક શરીરમાં અંગોપાંગ હોવાં | તે અપાવનાાર કર્મ औदारिक अङ्गोपांग नामाकर्म |
| ૧૪. વૈક્રિય શરીરમાં અંગોપાંગો હોવાં | તે અપાવનાર કર્મ वैक्रिय अङ्गोपांग नामकर्म |
| ૧૫. આહારક શરીરમાં અંગોપાંગ હોવાં | તે અપાવનાર કર્મ आहारक अङ्गोपांग नामकर्म |
| ૧૬. હાડકાનો મજબૂતમાં મજબૂત બાંધો હોવો | તે અપાવનાર કર્મ वज्रऋषभनाराच संहनननामकर्म |
| ૧૭. શરીરનો ઉત્તમમાં ઉત્તમ આકાર હોવો | તે અપાવનાર કર્મ समचतुरस्त्र संस्थान नामकर्म |

આ પ્રમાણે આગળ પણ શુભ-અશુભ અનુભવ અને બંધાયેલા શુભ-અશુભ કર્મોના-પુણ્યના-પાપના અર્થો[1] વિચારીને સમજવા.

---

૧. આનુપૂર્વી-એક ભવમાંથી બીજા ભવમાં આનુપૂર્વી પ્રમાણે-આકાશપ્રદેશની શ્રેણીના અનુક્રમ પ્રમાણે-જયારે જીવ જાય છે ત્યારે જે કર્મ ઉદયમાં આવે છે તેનું નામ પણ **આનુપૂર્વી નામકર્મ** કહેવાય છે. જીવ કોઈવાર સીધેસીધો બીજા ભવમાં જાય છે, અને કોઈવાર તેને આકાશપ્રદેશોની શ્રેણીમાં કાટ-ખૂણા (વક્રતા) કરવા પડે છે, કાટખૂણો કરતી વખતે આ કર્મ ઉદયમાં આવે છે. અને જે ગતિમાં ઉપજવાનું હોય છે ત્યાં પહોંચતાં સુધી ઉદયમાં રહે છે.

ગતિ-મનુષ્ય, તિર્યંચ, દેવ, અને નારકને લાયક જુદી જુદી પરિસ્થિતિઓ તે મનુષ્યાદિ ગતિ કહેવાય છે. તે અપાવનાર કર્મને તે તે **ગતિનામકર્મ** કહેવાય છે.

**જાતિ**-જગત્‌માં રહેલા દરેક જીવોના બાહ્ય આકાર અને બાહ્ય સામગ્રી ઉપરથી વર્ગીકરણ કરતાં મુખ્ય પાંચ વર્ગો થઈ શકે છે તે વર્ગોનું નામ જાતિ છે. તે એકેન્દ્રિયાદિ જાતિ છે. તેમાંથી કોઈપણ જાતિ અપાવનાર કર્મ **જાતિનામકર્મ** કહેવાય છે.

**ઔદારિક**-ઔદારિક વર્ગણાનું બનેલું અને મોક્ષમાં ખાસ ઉપયોગી હોવાથી ઉદાર-એટલે ઔદારિક શરીર, આપણું તથા તિર્યંચનું ગણાય છે. તે શરીર અપાવનાર કર્મ તે **ઔદારિક-શરીર નામકર્મ** છે.

**वन्नचउक्कागुरुलहु, परघा उस्सास आयवुज्जोअं ।**
**सुभखगइनिमिणतसदस, सुरनरतिरिआउ तित्थयरं ॥१६॥**

**સંસ્કૃત અનુવાદ**

**वर्ण चतुष्काऽगुरुलघु-पराघातोच्छ्वासातपोद्योतम् ।**
**शुभखगतिनिर्माणत्रसदशक-सुरनरतिर्यगायुस्तीर्थंकरम् ॥१६॥**

---

**વૈક્રિય**-વૈક્રિય વર્ગણાનું બનેલું અને વિવિધ જાતની ક્રિયામાં સમર્થ એવું જે દેવ અને નારકોનું શરીર, તે વૈક્રિય શરીર. તે અપાવનાર કર્મ તે **વૈક્રિય શરીર નામકર્મ.**

**આહારક**-આહારક વર્ગણાનું બનેલું અને ચૌદ પૂર્વધરે શંકા પૂછવા કે તીર્થંકરાદિની ઋદ્ધિ જોવા એક હાથ પ્રમાણનું, તત્કાળ પુદ્‌ગલોનું આહારણ-ખેંચાણ કરીને બનાવી કાઢેલું. તે આહારક શરીર; અને તે અપાવનાર કર્મ તે **આહારકશરીર નામકર્મ.**

**તૈજસ**-તૈજસ વર્ગણાનું બનેલું, અને શરીરમાં ગરમી રાખનારૂં, નજરે ન દેખાતું દરેક જીવ સાથે અનાદિ કાળથી જોડાયેલું શરીર તે-તૈજસ્ શરીર, અને એને અપાવનાર કર્મ તે **તૈજસ શરીર નામકર્મ.**

**કાર્મણ**-કાર્મણ વર્ગણાનું બનેલું, તે આઠ કર્મોના સમૂહરૂપ કાર્મણ શરીર ગણાય છે. અને તે અપાવનાર કર્મ તે **કાર્મણ શરીર નામકર્મ** કહેવાય છે. કાર્મણશરીર નામકર્મ ન હોય તો, જીવને કાર્મણ વર્ગણા જ મળી શકે નહીં. અને એ કાર્મણ શરીર જ આઠ કર્મોની વર્ગણા રૂપે વહેંચાયેલું છે.

**અંગોપાંગ**-બે હાથ, બે પગ, માથું, પેટ, પીઠ, હૃદય એ આઠ અંગો, આંગળા વગેરે ઉપાંગો છે, અને રેખાઓ વગેરે અંગોપાંગો કહેવાય છે. તે અપાવનાર કર્મ તે **અંગોપાંગ નામકર્મ** કહેવાય છે. પહેલા ત્રણ શરીરને અંગોપાંગો હોય છે. બાકીનાઓને નથી હોતાં માટે અંગોપાંગ કર્મ ત્રણ છે.

**વજ્રઋષભનારાચ-સંઘયણ**-સંહનન છ છે. સંહનન એટલે હાડકાંનો બાંધો વજ્રખીલો, ઋષભ-પાટો, નારાચ-બન્ને હાથ તરફ મર્કટબંધ. બન્નેય હાથથી બન્નેય હાથના કાંડા પરસ્પર પકડીએ તો મર્કટબંધ કહેવાય છે. તેના ઉપર લોઢાનો પાટો વીંટીએ, અને તેમાં ખીલો મારીએ, એમ કરતાં જેવી મજબૂતી થાય તેવો મજબૂત હાડકાંનો બાંધો તે વજ્રઋષભનારાચ સંહનન કહેવાય છે. તેવો મજબૂત બાંધો અપાવનાર કર્મ **વજ્રઋષભનારાચસંહનન નામકર્મ** કહેવાય છે.

**સમચતુરસ્ર-સંસ્થાન** એટલે આકૃતિ તે પણ છ છે. સમ-સરખાં, ચતુઃચાર, અસ્ર-ખૂણા. જે આકૃતિમાં ચાર ખૂણા સરખા હોય, તે સમચતુરસ્ર સંસ્થાન. ચાર ખૂણા-પદ્માસને બેઠેલ મનુષ્યના ૧. ડાબા ઢીંચણથી જમણો ખભો, ૨. જમણા ઢીંચણથી ડાબો ખભો, ૩. બે ઢીંચણ વચ્ચેનું અંતર અને ૪. આસનના મધ્યથી લલાટ સુધી. આ સંસ્થાનવાળા શરીરથી જગત્માં કોઈ પણ વધારે સુંદર શરીર ન હોય તેવી શરીરની અદ્‌ભુત સુંદરતા હોય છે. તે સમચતુરસ્ર સંસ્થાન કહેવાય. તે અપાવનાર કર્મ તે **સમચતુરસ્રસંસ્થાન નામકર્મ.** બાકીના પાંચ-પાંચ સંસ્થાન અને સંઘયણ પાપ તત્ત્વમાં આવશે.

### શબ્દાર્થ

वन्नचउक्क = વર્ણ ચતુષ્ક(વર્ણ-ગંધ-રસ-સ્પર્શ એ ૪)
अगुरुलघु = અગુરુલઘુ
परघा = પરાઘાત
उस्सास = શ્વાસોચ્છ્વાસ
आयव = આતપ
उज्जोअं = ઉદ્યોત
सुभखगइ = શુભખગતિ (શુભ વિહાયોગતિ)
निमिण = નિર્માણ
तसदस = ત્રસ વગેરે ૧૦
सुर = દેવનું આયુષ્ય
नर = મનુષ્યનું આયુષ્ય
तिरिआउ= તિર્યંચનું આયુષ્ય
तित्थयरं = તીર્થંકરપણું

### અન્વય સહિત પદચ્છેદ

**वन्नचउक्क, अगुरुलहु, परघा, उस्सास, आयव, उज्जोअं, ।**
**सुभ-खगइ, निमिण, तस दस, सुरनर तिरिआउ, तित्थयरं ॥१६॥**

### ગાથાર્થ:

(તથા) વર્ણચતુષ્ક, અગુરુલઘુ, પરાઘાત, શ્વાસોચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, શુભવિહાયોગતિ, નિર્માણ, ત્રસદશક, દેવનું આયુષ્ય, મનુષ્યનું આયુષ્ય અને તિર્યંચનું આયુષ્ય, અને તીર્થંકરપણું.

### વિશેષાર્થ:

શ્વેત, રક્ત, અને પીત એ ૩ શુભવર્ણ છે, સુરભિગંધ તે શુભ ગંધ છે. આમ્લ, મધુર અને કષાય ૩ શુભરસ છે, તથા લઘુ, મૃદુ, ઉષ્ણ, અને સ્નિગ્ધ એ ૪ શુભસ્પર્શ છે, માટે જેનું શરીર એ શુભવર્ણાદિ યુક્ત હોય તે પુણ્યનો ઉદય કહેવાય, તથા જીવને પોતાનું શરીર લોખંડ સરખું અતિ ભારી, તેમજ વાયુ સરખું અતિ લઘુ-હલકું નથી લાગતું તે अगुरुलघु, તથા સામો પુરુષ બળવાન હોય તોપણ જેની આકૃતિ દેખીને નિર્બળ થાય-ક્ષોભ પામે, તેવો તેજસ્વી તે पराघात ના ઉદયથી હોય છે જેથી સુખપૂર્વક શ્વાસોચ્છ્વાસ લેવાય તે श्वासोच्छ्वास, પોતે શીત છતાં પ્રકાશ ઉષ્ણ હોય તે સૂર્યવત્ आतप, પોતે શીતળ અને પોતાનો પ્રકાશ પણ શીતળ તે ચંદ્રપ્રકાશવત્ उद्योत, વૃષભ, હંસ તથા હસ્તિ આદિકની પેઠે મલપતી ધીરી ચાલ હોય, તે शुभविहायोगति, પોતાના શરીરના અવયવો યથાર્થ સ્થાને રચાય તે निर्माण, જેનાથી ત્રસ વગેરે દશ શુભભાવની પ્રાપ્તિ (આગળની ગાથામાં કહેવાશે તે) થાય તે त्रसदशक તથા દેવઆયુષ્ય, મનુષ્ય આયુષ્ય અને તિર્યંચ આયુષ્યની પ્રાપ્તિ તે शुभआयुष्य અને જેનાથી ત્રણ જગતને પૂજ્ય પદવીવાળું કેવળીપણું પ્રાપ્ત થાય તે तीर्थंकर- પણું. એ સર્વ પુણ્ય તત્ત્વના ભેદ છે.

### ત્રસદશક

**तस बायर पज्जत्तं, पत्तेअ थिरं सुभं च सुभगं च ।**
**सुस्सर आइज्ज जसं, तसाइदसगं इमं होइ ॥१७॥**

### સંસ્કૃત અનુવાદ

**त्रसबादरपर्याप्तं, प्रत्येकं स्थिरं शुभं च सुभगं च ।**
**सुस्वरादेययशस्त्रसादिदशकमिदं भवति ॥१७॥**

### શબ્દાર્થ

| | |
|---|---|
| तस = ત્રસ | सुस्सर = સુસ્વર (મધુરસ્વર) |
| बायर = બાદર | आइज्ज = આદેય |
| पज्जत्तं = પર્યાપ્ત | जसं = યશઃ |
| पत्तेय = પ્રત્યેક | तसाइ = ત્રસ વગેરે |
| थिरं = સ્થિર | दसगं = દશ ભાવ |
| सुभं = શુભ | इमं = એ, એ પ્રમાણે |
| सुभगं = સૌભાગ્ય | होइ = છે. |

### અન્વય અને પદચ્છેદ

ગાથાવત્ પરંતુ-इमं तसाइ दसगं होइ ઇતિ

### ગાથાર્થ:

ત્રસ-બાદર-પર્યાપ્ત-પ્રત્યેક-સ્થિર-શુભ-સૌભાગ્ય-સુસ્વર-આદેય અને યશઃ આ ત્રસાદિ દશક છે.

### વિશેષાર્થ:

હાલવા ચાલવા યોગ્ય શરીરની પ્રાપ્તિ થાય તે त्रस પણું, ઇન્દ્રિયગોચર થઈ શકે એવા સ્થૂલ શરીરની પ્રાપ્તિ થાય તે बादर પણું, સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ થઈ શકે તે पर्याप्त પણું, જેનાથી એક શરીરની પ્રાપ્તિ (એક જીવને) થાય તે प्रत्येक પણું. હાડકા, દાંત વગેરે અવયવોને સ્થિરતા-દઢતા પ્રાપ્ત થાય તે स्थिर પણું, નાભિથી ઉપરના અવયવો શુભ પ્રાપ્ત થાય તે शुभ પણું, ઉપકાર નહિ કરવા છતાં સર્વ જનને પ્રિય થાય તે सौभाग्य, કોકિલ સરખો મધુર સ્વર પ્રાપ્ત થાય તે सुस्वर, યુક્તિવિકલ (અયુક્ત) વચનોનો પણ લોક આદરભાવ કરે તે आदेय, અને લોકમાં યશઃકીર્તિ થાય તે यशः તે સર્વ અપાવનાર-જેનાથી તે સર્વ મળે, તે **ત્રસનામકર્મ** વગેરે કર્મો કહેવાય છે. એ પ્રમાણે ત્રસ આદિ ૧૦ ભેદ પુણ્યતત્ત્વમાં છે.

આ પુણ્યતત્ત્વમાં ૧ વેદનીય, ૧ ગોત્રકર્મ, ૩ આયુષ્યકર્મ અને ૩૭ નામકર્મના ભેદ છે.

**॥ પુણ્યતત્ત્વ જાણવાનો ઉદ્દેશ ॥**

પુણ્યતત્ત્વના ભેદાનુભેદનું જ્ઞાન પ્રાપ્ત કરીને આત્માએ વિચાર કરવો કે, આ પુણ્યતત્ત્વ પુદ્ગલ સ્વરૂપ છે, અને હું જીવ સ્વરૂપ છું. પુણ્યતત્ત્વ દેવગતિ તથા મનુષ્યગતિ આપે છે, અને આત્મા તો મોક્ષગતિરૂપ હોય છે, પુણ્યતત્ત્વ જો કે શુભતત્ત્વ છે, તોપણ સોનાની બેડી સરખું બંધનરૂપ છે. સોનાની બેડીમાં જકડાયેલો કેદી સોનું દેખવા માત્રથી કેદી અવસ્થા સ્વીકારવાને ઉત્સુક ન હોય, તેમ મારો આત્મા સદ્ગતિ આદિ ૪૨ શુભ કર્મની સુવર્ણ જંજીરોમાં કેદી રહેવાને ઉત્સુક ન હોવો જોઈએ. વળી પાપાનુબન્ધિ પુણ્ય તો આત્માને પરંપરાએ દુર્ગતિઓમાં જ રઝળાવે છે, એ પ્રમાણે અનેક રીતે વિચારતાં પુણ્યતત્ત્વ અને આત્મતત્ત્વ એ બે સર્વથા ભિન્ન છે, તેથી મારા આત્માને પુણ્યનો સંબંધ ન હોવો જોઈએ. તોપણ પુણ્યમાં એક મહાસદ્ગુણ છે કે જે સંસાર અટવીના મહા ભયંકર ઉપદ્રવવાળા માર્ગોને જીતવામાં સમર્થ યોદ્ધા સરખું છે, મારે અનેક પાપારંભવાળા આ ગૃહસંસારની અટવીના ભયંકર માર્ગો પસાર કરવાના છે, અને માર્ગના ઉપદ્રવો જીતવા જેટલું (મુનિપણા જેટલું) હજી મારામાં સામર્થ્ય નથી, તેથી જ્યાં સુધી હું આ ગૃહસંસારરૂપ મહાઅટવી પાર ન ઊતરી જાઉં (મુનિમાર્ગ અંગીકાર ન કરૂં) ત્યાં સુધી આ પુણ્યાનુબંધિ પુણ્યતત્ત્વ રૂપ સમર્થ વળાવાનો ત્યાગ થાય નહિ, એમ વિચારી ગૃહસ્થાવાસ સુધી આત્મા પુણ્યકર્મો કરે, પોતાના કુટુંબનિર્વાહ અને ઇન્દ્રિયોના પોષણ અર્થે જ કેવળ સર્વે સાવદ્ય વ્યાપારો કરે છે, તો તેમાંથી (બચાવ કરી) શ્રી જિનેન્દ્ર ભગવંત માટે શ્રી ગુરુમહારાજને માટે, ધર્મની પ્રભાવના માટે, તીર્થોની ઉન્નતિ માટે, ધર્મથી પડતા સાધર્મિકોને ધર્મમાં સ્થિર કરવા માટે ઇત્યાદિ અનેક ધર્મકાર્યો માટે ગૃહસ્થ કેટલાક વ્યાપારો કરે, ધન ખર્ચે, જિનેન્દ્ર પ્રતિમાઓ ભરાવે, ઉદ્યાપનો કરે; જિનચૈત્યો બંધાવે, જિનેન્દ્ર પૂજા કરે, વગેરે અનેક સંવર નિર્જરાની ક્રિયાઓ કરે, એ જ આ પુણ્યતત્ત્વ જાણવાનો ઉદ્દેશ છે.

॥ इति ३ पुण्यतत्त्वम् ॥

**॥ अथ चतुर्थं पापतत्त्वम् ॥**

**नाणंतरायदसगं, नव बीए नीअसाय मिच्छत्तं ।**
**थावरदस निरयतिगं, कसाय पणवीस तिरियदुगं ॥१८॥**

### સંસ્કૃત અનુવાદ

**ज्ञानान्तरायदशकं, नव द्वितीये नीचैरसातं मिथ्यात्वम् ।**
**स्थावरदशकं निरयत्रिकं; कषायपञ्चविंशतिःतिर्यग्द्विकम् ॥१८॥**

### શબ્દાર્થ

नाण = જ્ઞાનાવરણ પાંચ
अंतराय = અન્તરાય પાંચ
दसगं = (એ બે મળીને) દશ
नव = નવ (નવ ભેદ)
बीए = બીજા કર્મના (દર્શનાવરણીયના)
नीअ = નીચ ગોત્ર
असाय = અશાતા વેદનીય
मिच्छत्तं = મિથ્યાત્વ
थावरदस = સ્થાવર વગેરે ૧૦
निरयतिगं = નરકત્રિક
कसाय = કષાયના
पणवीस = પચીસ ભેદ
तिरियदुगं = તિર્યગ્દ્વિક

### અન્વય સહિત પદચ્છેદ

**नाण अंतराय दसगं, बीए नव नीअ असाय, मिच्छत्तं, ।**
**थावर दस, निरय तिगं, कसाय पणवीस, तिरिय दुगं ॥१८॥**

### ગાથાર્થ:

જ્ઞાનાવરણીય અને અન્તરાય મળીને દશ, બીજામાં નવ, નીચગોત્ર અશાતાવેદનીય, મિથ્યાત્વ મોહનીય, સ્થાવર દશક, નરકત્રિક, પચીસ કષાય અને તિર્યંચદ્વિક-

### વિશેષાર્થ:

જેમ પુણ્ય બાંધવાના ૯ પ્રકાર પૂર્વે કહ્યા, તેમ અહીં પાપ બાંધવાના ૧૮ પ્રકાર છે, તે ૧૮ પાપસ્થાન કહેવાય છે, અને તે પ્રાણાતિપાત (હિંસા), મૃષાવાદ (અસત્ય), અદત્તાદાન (ચોરી), મૈથુન (સ્ત્રીસંગ), અને પરિગ્રહ આદિ પ્રસિદ્ધ છે. એ પ્રમાણે ૧૮ કારણોથી ૮૨ પ્રકારે બંધાયેલું પાપ ૮૨ પ્રકારે ભોગવાય છે, તે ૮૨ પ્રકાર કર્મના ભેદરૂપ છે, તે આ પ્રમાણે.

પાંચ ઇન્દ્રિય અને મન દ્વારા નિયત (અમુક) વસ્તુનું જ્ઞાન તે મતિજ્ઞાન, અને તેને આચ્છાદન કરનાર કર્મ मतिज्ञानावरणीय कर्म, શાસ્ત્રને અનુસરતું સદ્જ્ઞાન તે શ્રુતજ્ઞાન, અને તેનું આચ્છાદન કરનાર श्रुतज्ञानावरणीय कर्म, ઇન્દ્રિય અને મન વિના આત્માને રૂપી પદાર્થનું જે સાક્ષાત્ જ્ઞાન થાય, તે અવધિજ્ઞાન, અને તેને આચ્છાદન કરનાર अवधिज्ञानावरणीय कर्म, અઢી દ્વીપમાં સંજ્ઞીપંચેન્દ્રિયના મનોગત ભાવ જાણવા તે મનઃપર્યવજ્ઞાન, અને તેને આચ્છાદન કરનાર मनःपर्यवज्ञानावरणीय कर्म, તથા ત્રણે કાળના સર્વ પદાર્થોના ભાવો એક સમયમાં જણાય, તે કેવળજ્ઞાન,

અને તેને આચ્છાદન કરનાર કર્મ केवलज्ञानावरणीय कर्म, એ પાંચ કર્મના ઉદયથી આત્માના જ્ઞાનગુણનો રોધ (રોકાણ) થાય છે, માટે એ પાંચેય કર્મના બંધ તે પાપના ભેદ છે.

જેના વડે દેવા યોગ્ય વસ્તુ હોય, દાનનું શુભ ફળ જાણતો હોય, અને દાન લેનાર સુપાત્રની પણ પ્રાપ્તિ થઈ હોય, છતાં દાન ન આપી શકાય, તે दानान्तराय कर्म, તથા દાતાર મળ્યો હોય, લેવા યોગ્ય વસ્તુ હોય, વિનયથી યાચના કરી હોય છતાં વસ્તુની પ્રાપ્તિ જે કર્મથી ન થાય તે लाभान्तराय कर्म; જેનાથી ભોગ્ય તથા ઉપભોગ્ય સામગ્રી વિદ્યમાન હોય તોપણ ભોગવી ન શકાય તે भोगान्तराय कर्म, તથા उपभोगान्तराय कर्म. અહીં એક વાર ભોગવવા યોગ્ય આહારાદિ તે ભોગ્ય, અને વારંવાર ભોગવવા યોગ્ય સ્ત્રી, આભૂષણ આદિ ઉપભોગ્ય કહેવાય. તથા જેનામાં બળ ન હોય અને હોય તો ફોરવી ન શકાય તે वीर्यान्तराय कर्म, એ પાંચેય પાપકર્મના ભેદ છે.

જેનાથી ચક્ષુદર્શનનું (ચક્ષુ-ઇન્દ્રિયની શક્તિનું) આચ્છાદન થાય તે चक्षुर्दर्शनावरणीय कर्म, જેનાથી ચક્ષુઃ સિવાયની શેષ ૪ ઇન્દ્રિય તથા ૧ મન એ પાંચની શક્તિનું આચ્છાદન થાય તે अचक्षुर्दर्शनावरणीय, જેનાથી અવધિદર્શન આચ્છાદન થાય, તે अवधिदर्शनावरणीय, અને જેનાથી કેવળદર્શન આચ્છાદન થાય, તે केवलदर्शनावरणीय. જેનાથી સુખેથી જાગ્રત થવાય તેવી અલ્પનિદ્રા તે निद्रा, દુઃખે જાગ્રત થવાય તેવી અધિક નિદ્રા તે निद्रानिद्रा, બેઠાં અને ઊભાં ઊંઘ આવે તે प्रचला, ચાલતાં નિદ્રા આવે તે प्रचलाप्रचला અને જે નિદ્રામાં જીવ દિવસે ચિંતવેલું કાર્ય કરે તેવી-પ્રથમ સંઘયણીને વાસુદેવથી અર્ધ બળવાળી અને વર્તમાનમાં સાત આઠ[1] ગણા બળવાળી નિદ્રા તે थीणद्धि (સ્ત્યાનર્દ્ધિ) નિદ્રા કહેવાય. એ ૪ દર્શનાવરણ અને ૫ નિદ્રા મળી ૯ ભેદ દર્શનાવરણીય કર્મના છે. પહેલું જ્ઞાનાવરણીય કર્મ, પછી આ દર્શનાવરણીય કર્મ બીજું ગણાય છે, માટે ગાથામાં "बीए=બીજા કર્મના" એમ કહ્યું છે.

જેનાથી નીચ કુળ-જાતિ-વંશમાં ઉત્પન્ન થવાય તે [2]नीचगोत्र कर्म, જેનાથી દુઃખનો અનુભવ થાય તે अशातावेदनीय कर्म, જેનાથી સર્વજ્ઞ ભગવંતે કહેલા

---

૧. ઇતિ દ્રવ્યલોક પ્રકાશે, કર્મગ્રંથ બાલાવબોધમાં ૨-૩ ગણું બળ પણ કહ્યું છે.

૨. આર્યદેશમાં અને પ્રાયઃ સર્વત્ર ચારેય ગતિમાં ઉચ્ચ-નીચપણાનો વ્યવહાર સદાકાળથી ચાલતો આવેલો છે, અને ચાલશે. તે મનુષ્યોનો કલ્પિત વ્યવહાર નથી, પણ જન્મ, કર્મ વગેરે જન્ય સ્વાભાવિક વ્યવહાર છે, તેની વિશેષ સમજ આગળની ૩૮મી ગાથાના અર્થ પ્રસંગે ટિપ્પણીમાં આપેલી છે.

માર્ગથી વિપરીત માર્ગની શ્રદ્ધા થાય તે मिथ्यात्व मोहनीय कर्म, જેનાથી સ્થાવર વગેરે ૧૦ ભેદની-ભાવની પ્રાપ્તિ થાય તે स्थावरदशक, જેનાથી નરકગતિ, નરકની આનુપૂર્વી અને નરકઆયુષ્યની પ્રાપ્તિ થાય તે नरकत्रिक, જેનાથી ૨૫ કષાયની પ્રાપ્તિ થાય તે ૨૫[1] कषायमोहनीय, અને જેનાથી તિર્યંચગતિ તથા તિર્યંચની આનુપૂર્વી પ્રાપ્ત થાય તે तिर्यग्द्विक[2] એ પ્રમાણે ૬૨ તથા આગળ કહેવાતા ૨૦ કર્મ ભેદ મળી, ૮૨ પ્રકારે પાપતત્ત્વ જાણવું.

**इगबितिचउजाईओ कुखगइ उवघाय हुंति पावस्स ।**
**अपसत्थं वन्नचऊ, अपढमसंघयणसंठाणा ॥१९॥**

**સંસ્કૃત અનુવાદ**

**एकद्वित्रिचतुर्जातयः कुखगतिरुपघातो भवन्ति पापस्य ।**
**अप्रशस्तं वर्णचतुष्क-मप्रथमसंहननसंस्थानानि ॥१९॥**

**શબ્દાર્થ**

इग = એકેન્દ્રિય
बि = દ્વીન્દ્રિય
ति = ત્રીન્દ્રિય
चउ = ચતુરિન્દ્રિય
जाइओ = એ ચાર જાતિ
कुखगइ = અશુભ વિહાયોગતિ
उवघाय = ઉપઘાત
हुंति = છે
पावस्स = પાપના ભેદ
अपसत्थं = અપ્રશસ્ત, અશુભ
वन्नचऊ = વર્ણચતુષ્ક
अपढम = અપ્રથમ (પહેલા સિવાયના)
संघयण = (પાંચ) સંઘયણ
संठाणा = (પાંચ) સંસ્થાન

**અન્વય સહિત પદચ્છેદ**

**इग-बि-ति-चउ-जाईओ, कुखगइ उवघाय, अपसत्थं वन्नचऊ ।**
**अपढम-संघयण-संठाणा, पावस्स हुंति ॥१९॥**

---

१. ૪ અનંતાનુબંધિ-ક્રોધ-માન-માયા-લોભ — ૨ હાસ્ય-રતિ
૪ અપ્રત્યાખ્યાનીય ક્રોધ-માન-માયા-લોભ — ૨ શોક-અરતિ
૪ પ્રત્યાખ્યાનીય ક્રોધ-માન-માયા-લોભ — ૨ ભય-જુગુપ્સા
૪ સંજ્વલન ક્રોધ-માન-માયા-લોભ — ૩ વેદ
એ ૨૫ કષાયનું વિશેષ સ્વરૂપ પહેલા કર્મગ્રંથથી જાણવું.

૨. તિર્યંચની ગતિ તથા આનુપૂર્વી પાપમાં છે અને આયુષ્ય પુણ્યમાં છે. તેનું કારણ એ છે કે, તિર્યંચને જીવવાની અભિલાષા હોય છે, પરંતુ તિર્યંચને પોતાની ગતિ અને આનુપૂર્વી ઇષ્ટ નથી.

**ગાથાર્થ:**

એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિયજાતિ, અશુભ વિહાયોગતિ, ઉપઘાત, અપ્રશસ્ત વર્ણચતુષ્ક, પહેલા સિવાયનાં સંઘયણ અને સંસ્થાનઃ એ પાપતત્ત્વના (ભેદો) છે. ॥૧૯॥

**વિશેષાર્થ:**

પૃથ્વીકાય આદિક એકેન્દ્રિયપણાની પ્રાપ્તિ તે **एकेन्द्रिय जाति**, શંખ આદિક દ્વીન્દ્રિયપણાની પ્રાપ્તિ તે **द्वीन्द्रिय जाति**, જૂ, માંકણ આદિ ત્રીન્દ્રિયપણાની પ્રાપ્તિ તે **त्रीन्द्रिय जाति**, પતંગિયા, વીંછી આદિક ચતુરિન્દ્રિયપણાની પ્રાપ્તિ તે **चतुरिन्द्रिय जाति**, ઊંટ તથા ગર્દભ સરખી અશુભ ચાલ તે **अशुभ विहायोगति**. પ્રતિજિહ્વા (પડજીભી), રસોલી, દીર્ઘદાંત, આદિ પોતાના અવયવો વડે જ પોતે દુઃખ પામે, અથવા જળમાં ઝંપાપાત, પર્વતના શિખરથી પાત, અને ફાંસા આદિકથી આપઘાત કરવો=થવો તે **उपघात** કહેવાય. ઇત્યાદિ અપાવનાર બંધાયેલ તે સર્વ કર્મો પાપતત્ત્વ સમજવાં.

જેનાથી (શરીરમાં) કૃષ્ણવર્ણ અને નીલવર્ણ પ્રાપ્ત થાય તે **अशुभवर्ण नामकर्म**, દુરભિગંધ તે **अशुभगंध**, તીખો અને કડવો રસ તે **अशुभरस**, અને ગુરુ-કર્કશ-શીત-તથા રૂક્ષ એ ૪ **अशुभ स्पर्श** છે એ અશુભ વર્ણાદિ ચાર પાપ કર્મપ્રકૃતિઓ બંધાવાથી અપ્રશસ્ત વર્ણ ચતુષ્ક ઉદયમાં આવે છે.

તથા પહેલા સંઘયણ વિના ૫ સંઘયણની પ્રાપ્તિ, તે આ પ્રમાણે-જેના હાડની સંધિઓ બે પાસે મર્કટબંધવાળી હોય અને ઉપર હાડનો પાટો હોય, પરંતુ હાડ ખીલી ન હોય, એવો બાંધો તે **ऋषभनाराच**, કેવળ બે પાસે મર્કટબંધ હોય અને પાટો, ખીલી ન હોય તે **नाराच**, એક બાજુ મર્કટબંધ હોય અને પાટો, ખીલી ન હોય તે **अर्धनाराच**, કેવળ ખીલી હોય તે **कीलिका** અને હાડના બે છેડા માત્ર સ્પર્શીને રહ્યા હોય તે **छेदस्पृष्ट** અથવા **सेवार्त्त** સંઘયણ કહેવાય. એ પાંચેય બંધાયેલ પાપપ્રકૃતિના ઉદયથી પ્રાપ્ત થાય છે.

તથા પહેલા સંસ્થાન સિવાયનાં ૫ સંસ્થાન આ પ્રમાણે-ન્યગ્રોધ એટલે વડવૃક્ષ, તેની પેઠે નાભિની ઉપરનો ભાગ લક્ષણયુક્ત અને નીચેનો ભાગ લક્ષણ રહિત, તે **न्यग्रोध संस्थान**, નાભિની નીચેનો ભાગ લક્ષણયુક્ત અને ઉપરનો ભાગ લક્ષણ રહિત તે **सादि संस्थान**, હાથ-પગ-મસ્તક-અને કટિ (કેડ) એ ચાર લક્ષણ રહિત હોય અને ઉદર વગેરે લક્ષણયુક્ત હોય તે **वामन संस्थान**, એથી વિપરીત હોય તે **कुब्ज संस्थान**, અને સર્વે અંગ લક્ષણ રહિત હોય તે **हुंडक संस्थान** એ પાંચેય સંસ્થાનો, બંધાયેલા તે તે પાપકર્મના ઉદયથી પ્રાપ્ત થાય છે.

આ પાપતત્ત્વના ૮૨ ભેદમાં ૫ જ્ઞાનાવરણીય, ૯ દર્શનાવરણીય, ૧ વેદનીય, ૨૬ મોહનીય, ૧ આયુષ્ય, ૧ ગોત્ર, ૫ અન્તરાય, અને ૩૪ નામકર્મના ભેદ છે. તે પાપતત્ત્વના ૮૨, અને પુણ્યતત્ત્વના ૪૨ ભેદ મળીને ૧૨૪ કર્મભેદ થાય છે, પરંતુ વર્ણચતુષ્ક બન્ને તત્ત્વમાં ગણવાથી ૧ વર્ણચતુષ્ક બાદ કરતાં શેષ ૧૨૦ કર્મનો બંધ આ બન્ને તત્ત્વમાં સંગૃહીત કર્યો છે. માટે બંધાયેલી શુભ-અશુભકર્મ પ્રકૃતિઓ પુણ્ય-પાપતત્ત્વ છે.

### સ્થાવરદશક

**थावर सुहुम अपज्जं, साहारणमथिरमसुभदुभगाणि ।**
**दुस्सरणाइज्जजसं थावरदसगं विवज्जत्थं ॥२०॥**

### સંસ્કૃત અનુવાદ

**स्थावरसूक्ष्मापर्याप्तं, साधारणमस्थिरमशुभदुर्भाग्ये ।**
**दुःस्वरानादेयायशः स्थावरदशकं विपर्ययार्थम् ॥२०॥**

### શબ્દાર્થ

थावर = સ્થાવર
सुहुम = સૂક્ષ્મ
अपज्जं = અપર્યાપ્ત
साहारणं = સાધારણ
अथिरं = અસ્થિર
असुभ = અશુભ
दुभगाणि = દૌર્ભાગ્ય
दुस्सर = દુ:સ્વર
अणाइज्ज = અનાદેય
अजसं = અપયશ
थावरदसगं = સ્થાવર દશક (સ્થાવર આદિ ૧૦ ભેદ)
विवज्जत्थं = (ત્રસદશકથી) વિપરીત અર્થવાળું છે.

### અન્વય અને પદચ્છેદ

**थावर, सुहुम, अपज्जं, साहारणं, अथिरं, असुभ, दुभगाणि ।**
**दुस्सर, अणाइज्ज, अजसं, थावर दसगं, विवज्ज अत्थं ॥२०॥**

### ગાથાર્થ:

સ્થાવર-સૂક્ષ્મ-અપર્યાપ્ત-સાધારણ-અસ્થિર-અશુભ-દૌર્ભાગ્ય-દુ:સ્વર-અનાદેય-અને અપયશ એ સ્થાવર દશક, વિપરીત અર્થવાળું છે.

### વિશેષાર્થ:

જેનાથી હાલવા-ચાલવાની શક્તિનો અભાવ એટલે એક સ્થાને સ્થિર રહેવાપણું પ્રાપ્ત થાય તે સ્થાવર, જેનાથી ઇન્દ્રિયના વિષયમાં ન આવે એવું સૂક્ષ્મપણું

પ્રાપ્ત થાય તે સૂક્ષ્મ, જેનાથી સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ ન થાય તે અપર્યાપ્ત, જેનાથી અનંત જીવો વચ્ચે એક જ શરીર પ્રાપ્ત થાય તે સાધારણ એટલે નિગોદપણું પ્રાપ્ત થાય. જેનાથી ભ્રૂ, જિહ્વા આદિ અસ્થિર અવયવોની પ્રાપ્તિ થાય તે અસ્થિર. જેનાથી નાભિની નીચેના અંગને અશુભતા (બીજા જીવને સ્પર્શ થવાથી રોષ પામે એવી અશુભતા)ની પ્રાપ્તિ થાય તે અશુભ, જેનાથી જીવને દેખતાં પણ ઉદ્વેગ થાય, તેમજ ઉપકારી હોવા છતાં જેનું દર્શન અરુચિકર લાગે તે દૌર્ભાગ્ય, કાગડા વગેરે સરખો અશુભ સ્વર પ્રાપ્ત થાય તે દુ:સ્વર, જેનાથી યુક્તિવાળા વચનનો પણ લોક અનાદર કરે તે અનાદેય, અને અપકીર્તિની પ્રાપ્તિ તે અપયશ, એ સ્થાવર આદિ ૧૦ ભેદ તે પાપકર્મનો બંધ થવાથી થાય છે, એ ૧૦ ભેદ પૂર્વોક્ત ત્રસ આદિ ૧૦ ભેદના અર્થથી વિપરીત અર્થવાળા જાણવા.

### પાપતત્ત્વ જાણવાનો ઉદ્દેશ

પાપતત્ત્વ પણ પુદ્ગલ સ્વરૂપ છે, અને અશુભ કર્મસ્વરૂપ છે, પરંતુ આત્મસ્વરૂપ નથી, બલ્કે આ તત્ત્વ આત્માને આત્મસ્વરૂપથી ભ્રષ્ટ કરનાર છે, પાપતત્ત્વમાં ૧૮ પાપસ્થાનો મહાઅશુભ પરિણામ રૂપ છે, તેમજ પાપના ૮૨ ભેદ પણ અનિષ્ટ કર્મના બંધરૂપ-કારણ રૂપ છે, તેથી તે પાપતત્ત્વ છોડવા યોગ્ય જાણીને છોડવું. ઇત્યાદિ ઉદ્દેશ સમજવો અતિ સુગમ છે.

॥ इति चतुर्थं पापतत्त्वम् ॥

**॥ अथ पंचमं आश्रवतत्त्वम् ॥**

### ભેદો

**इंदिय-कसाय-अव्वय, जोगा पंच चउ पंच तिन्नि कमा ।**
**किरियाओ पणवीसं, इमा उ ताओ अणुक्कमसो ॥२१॥**

### સંસ્કૃત અનુવાદ

**इन्द्रियकषायाव्रतयोगाः पंच चत्वारि पंच त्रीणि क्रमात् ।**
**क्रियाः पञ्चविंशतिः, इमास्तु ता अनुक्रमशः ॥२१॥**

### શબ્દાર્થ

इंदिय = ઇન્દ્રિય
कसाय = કષાય
अव्वय = અવ્રત
जोगा = યોગ
पंच = પાંચ
चउ = ચાર
तिन्नि = ત્રણ
कमा = અનુક્રમે

किरियाओ = ક્રિયાઓ
पणवीसं = પચીસ
इमा = આ
उ = અને, વળી
ताओ = તે (ક્રિયાઓ)
अणुक्कमसो = અનુક્રમે

### અન્વય અને પદચ્છેદ

**इंदिय कसाय अव्वय जोगा, कमा पंच चउ पंच तिन्नि ।**
**किरियाओ पणवीसं उ ताओ अणुक्कमसो इमा ॥२१॥**

### ગાથાર્થ:

ઇન્દ્રિય, કષાય, અવ્રત અને યોગો અનુક્રમે પાંચ, ચાર, પાંચ અને ત્રણ છે. ક્રિયાઓ પચીસ છે. અને તેઓ અનુક્રમે આ છે.

### વિશેષાર્થ:

જે માર્ગે તળાવમાં પાણી આવે છે, તે માર્ગને જેમ નાળું કહીએ છીએ, તેમ જે દ્વારા કર્મોનું આગમન આત્માને વિષે થાય તે **आश्रव** કહેવાય છે, તેમાં પ્રથમ પાંચ ઇન્દ્રિયો તે-સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય એ પાંચ ઇન્દ્રિયોના અનુક્રમે ૮-૫-૨-૫ અને ૩ મળી ૨૩ વિષય છે. તે ૨૩ વિષયો આત્માને અનુકૂળતા પડે તેવા પ્રાપ્ત થાય, તો તેથી આત્મા સુખ માને છે, અને પ્રતિકૂળતા પડે તેવા પ્રાપ્ત થાય, તો દુઃખ માને છે. તેનાથી કર્મનો આશ્રવ (=આગમન) થાય છે.

તથા ક્રોધ, માન, માયા, અને લોભ એ ચાર કષાય અથવા અનંતાનુબંધિ ક્રોધ આદિ ભેદ વડે ૧૬ કષાયમાં[1] આત્મા અનાદિકાળથી પ્રવૃત્ત છે, તેથી કર્મનો આશ્રવ પણ અનાદિકાળથી ચાલુ રહ્યો છે એમાં પણ આત્મા જ્યારે દેવ, ગુરુ, ધર્મના રાગમાં વર્તે છે, અને દેવ, ગુરુ, ધર્મના નાશ કરનાર પ્રત્યે ક્રોધ આદિ યથાયોગ્ય દ્વેષભાવમાં વર્તે છે, ત્યારે પ્રશસ્ત કષાયી હોવાથી શુભ કર્મનો આશ્રવ કરે છે, અને સ્ત્રી, કુટુંબ આદિ સાંસારિક રાગમાં અને સાંસારિક દ્વેષમાં વર્તે છે, ત્યારે અપ્રશસ્ત કષાય હોવાથી અશુભ કર્મનો આશ્રવ કરે છે. અહીં **कष** એટલે સંસારનો, **आय** એટલે લાભ જેનાથી થાય તે **कषाय** કહેવાય.

તથા પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ એ પાંચનો અનિયમ-અત્યાગ તે પાંચ **अव्रत** કહેવાય, જેથી એ પાંચ ક્રિયામાં ન વર્ત્તતો હોય તોપણ ત્યાગવૃત્તિ ન હોવાથી કર્મનો આશ્રવ (કર્મનું આગમન) અવશ્ય થાય છે.

તથા મનોયોગ, વચનયોગ અને કાયયોગ એ ૩ મૂળ યોગ અને અન્ય ગ્રન્થોમાં

---

૧. પાપતત્ત્વની ફૂટનોટમાં લખ્યા છે તે.

કહેલા (એ જ ૩ યોગના પ્રતિભેદ રૂપ) ૧૫ યોગ વડે કર્મનો આશ્રવ થાય છે. કારણ કે આત્મા જ્યાં સુધી યોગપ્રવૃત્તિવાળો છે, ત્યાં સુધી આત્મપ્રદેશો ઊકળતા પાણીની પેઠે ચળાયમાન હોય છે, અને ચળાયમાન આત્મપ્રદેશો કર્મગ્રહણ અવશ્ય કરે છે. કેવળ નાભિસ્થાને રહેલા આઠ રુચક નામના આત્મપ્રદેશો અચળ હોવાથી કર્મગ્રહણ કરતા નથી.

તથા ૨૫ ક્રિયાનું સ્વરૂપ તો આગળ ગાથાઓથી જ કહેવાશે. અહીં આત્માના શુભાશુભ પરિણામ તથા યોગથી થતું આત્મપ્રદેશોનું કંપનપણું તે **भावाश्रव** અને તેના વડે આઠ પ્રકારનાં કર્મદલિક (કર્મપ્રદેશો) ગ્રહણ થાય તે **द्रव्याश्रव**. એ રીતે પણ ૨ નિક્ષેપા કહ્યા છે.

### પચીસ ક્રિયાઓનાં નામો

## काइय अहिगरणिया, पाउसिया पारितावणी किरिया ।
## पाणाइवायारंभिय परिग्गहिआ मायवत्ती अ ॥२२॥

### સંસ્કૃત અનુવાદ

**कायिक्यधिकरणिकी, प्राद्वेषिकी पारितापनिकी क्रिया ।**
**प्राणातिपातिक्यारम्भिकी, पारिग्रहिकी मायाप्रत्ययिकी च ॥२२॥**

### શબ્દાર્થ

काइय = કાયિકી ક્રિયા
अहिगरणिया = અધિકરણિકી
पाउसिया = પ્રાદ્વેષિકી ક્રિયા
पारितावणी = પારિતાપનિકી
किरिया = ક્રિયા
पाणाइवाय = પ્રાણાતિપાતિકી
आरंभिय = આરંભિકી ક્રિયા
परिग्गहिआ = પારિગ્રહિકી
मायवत्ती = માયાપ્રત્યયિકી
अ = અને

### અન્વય અને પદચ્છેદ

ગાથાવત્ પરંતુ-पाणाइवाय आरंभिय इति ॥

### ગાથાર્થ:

કાયિકી ક્રિયા, અધિકરણિકી ક્રિયા, પ્રાદ્વેષિકી ક્રિયા, પારિતાપનિકી ક્રિયા, પ્રાણાતિ-પાતિકી ક્રિયા, આરંભિકી ક્રિયા, પારિગ્રહિકી ક્રિયા, અને માયાપ્રત્યયિકી ક્રિયા. ॥૨૨॥

### વિશેષાર્થ:

૧. આત્મા જે વ્યાપાર વડે શુભાશુભ કર્મને ગ્રહણ કરે તે વ્યાપાર क्रिया

કહેવાય. ત્યાં કાયાને અજયણાએ પ્રવર્તાવવી તે कायिकी क्रिया તે પણ સર્વે અવિરત જીવની સાવદ્ય ક્રિયા अनुपरतकायिकी (ચોથા ગુણસ્થાનક સુધી), અને અશુભ યોગપ્રવૃત્તિ તે दुष्प्रयुक्त कायिकी ક્રિયા કહેવાય (તે છટ્ઠા ગુણસ્થાનક સુધી જાણવી).

૨. જેના વડે આત્મા નરકનો અધિકારી થાય, તે અધિકરણ કહેવાય. અધિકરણ એટલે ખડ્ગ આદિ ઉપઘાતક દ્રવ્યો, તેવાં ઉપઘાતી દ્રવ્યો તૈયાર કરવાં તે अधिकरणिकी क्रिया બે પ્રકારની છે. (૧) ખડ્ગાદિકના અંગ-અવયવો પરસ્પર જોડવા તે संयोजनाधिकरणिकी, અને (૨) સર્વથા નવાં શસ્ત્રાદિ બનાવવાં તે निर्वर्तनाधिकरणिकी क्रिया. અહીં પોતાનું શરીર પણ અધિકરણ જાણવું. (આ ક્રિયા બાદર કષાયોદયથી જીવને હોવાથી ૯ મા ગુણસ્થાનક સુધી હોય છે.)

૩. જીવ અથવા અજીવ ઉપર દ્વેષ ચિંતવવો તે प्राद्वेषिकी क्रिया બે પ્રકારની છે. ત્યાં જીવ ઉપર દ્વેષ કરવાથી जीवप्राद्वेषिकी અને પોતાને પીડા ઉપજાવનાર કંટક, પથ્થર આદિ ઉપર દ્વેષ થાય, તે अजीवप्राद्वेषिकी क्रिया છે. (આ ક્રિયા ક્રોધના ઉદયવાળી છે. માટે ૯મા ગુણસ્થાને જ્યાં સુધી ક્રોધોદય વર્તે છે, ત્યાં સુધી હોય છે.)

૪. પોતાને અથવા પરને તાડના-તર્જના વડે સંતાપ ઉપજાવવો તે पारितापनिकी क्रिया બે પ્રકારની (પ્રજ્ઞાપનામાં ૩ પ્રકારની) કહી છે. ત્યાં સ્ત્રી આદિકના વિયોગે પોતાના હાથે પોતાનું શિર કૂટવા વગેરેથી स्वहस्त पारितापनिकी ક્રિયા. અને બીજાના હાથે તેમ કરાવતાં परहस्तपारितापनिकी ક્રિયા કહેવાય, (આ ક્રિયા પણ બાદર કષાયોદય પ્રત્યયિક હોવાથી ૯મા ગુણસ્થાન સુધી છે.)

૫. પ્રાણનો અતિપાત એટલે વધ કરવો તે प्राणातिपातिकी क्रिया બે પ્રકારની છે, તે પારિતાપનિકીવત્ स्वहस्तिकी અને परहस्तिकी એમ બે પ્રકારની જાણવી. આ ક્રિયા અવિરત જીવોને હોય છે, (તેથી ૫[૧] મા ગુણસ્થાન સુધી હોય છે.) વળી આ ક્રિયા હણેલો જીવ મરણ પામે તો જ લાગે, અન્યથા નહિ.

૬. આરંભથી થયેલી તે आरम्भिकी क्रिया બે પ્રકારની છે. ત્યાં સજીવ જીવના ઘાતની પ્રવૃત્તિ તે जीव आरम्भिकी અને ચિતરેલા અથવા પથ્થરાદિકમાં કોતરેલા નિર્જીવ જીવને (સ્થાપના જીવને) હણવાની પ્રવૃત્તિ તે अजीव आरम्भिकी ક્રિયા. આ ક્રિયામાં હણાતો જીવ ઉદ્દેશથી-હણવાની બુદ્ધિથી હણાતો નથી. પરંતુ ઘર વગેરે બાંધતાં પ્રસંગથી હણાય છે. જો ઉદ્દેશથી હણાય તો આ ક્રિયા પ્રાણાતિપાતિકી થઈ જાય. (આ ક્રિયા પ્રમાદવશે હોવાથી છટ્ઠા ગુણસ્થાન સુધી છે.)

---

૧. નવતત્ત્વના અભ્યાસીને ગુણસ્થાનની સમજ ન હોવાથી દરેક ક્રિયાનાં ગુણસ્થાન કૌંસમાં દર્શાવેલાં છે, તે ગુણસ્થાનની સમજવાળા શિક્ષક વગેરેને સમજવા યોગ્ય છે.

૭. પરિગ્રહ એટલે ધન-ધાન્ય આદિકનો જે સંગ્રહ અથવા મમત્વભાવ તેનાથી ઉત્પન્ન થયેલ पारिग्राहिकी क्रिया તે બે પ્રકારની છે. ત્યાં પશુ, દાસ આદિ સજીવના સંગ્રહથી जीवपारिग्रहिकी અને ધનધાન્યાદિ અજીવના સંગ્રહથી अजीवपारिग्रहिकी क्रिया કહેવાય. (આ ક્રિયા પરિગ્રહવાળાને હોવાથી ૫ મા ગુણસ્થાન સુધી છે.

૮. માયા એટલે છળ-પ્રપંચ, તેના પ્રત્યયથી એટલે હેતુથી ઉત્પન્ન થયેલી તે मायाप्रत्ययिकी क्रिया બે પ્રકારની છે. ત્યાં પોતાના હૃદયમાં દુષ્ટભાવ હોવા છતાં શુદ્ધભાવ દર્શાવવો તે आत्मभाववञ्चन માયા પ્રત્યયિકી, અને ખોટી સાક્ષી, ખોટા લેખ આદિ કરવા તે परभाववञ्चन માયા પ્રત્યયિકી ક્રિયા કહેવાય. (આ ૭મા ગુણસ્થાન સુધી છે.)

**मिच्छादंसणवत्ती अपच्चक्खाणी य दिट्ठि पुट्ठिय ।**
**पाडुच्चिय सामंतो-वणीअ नेसत्थी साहत्थी ॥२३॥**

### સંસ્કૃત અનુવાદ

**मिथ्यादर्शनप्रत्ययिकी, अप्रत्याख्यानिकी च दृष्टिकी पृष्टिकी ( स्पृष्टिकी ) च**
**प्रातित्यकी सामन्तोपनिपातिकी नैशस्त्रिकी स्वाहस्तिकी ॥२३॥**

### શબ્દાર્થ

मिच्छादंसणवत्ती = મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા
अपच्चक्खाणी = અપ્રત્યાખ્યાનિકી ક્રિયા
य = અને
दिट्ठि = દષ્ટિકી ક્રિયા
पुट्ठि = સ્પૃષ્ટિકી, અથવા પૃષ્ટિકી પ્રાશ્નિકી
पाडुच्चिय = પ્રાતિત્યકી ક્રિયા
सामंतोवणीअ = સામન્તો પનિપાતિકી ક્રિયા
नेसत्थि = નૈશસ્ત્રિકી, નૈસૃષ્ટિકી
साहत्थी = સ્વાહસ્તિકી ક્રિયા

### અન્વય સહિત પદચ્છેદ

ગાથાવત્-

### ગાથાર્થ:

તથા મિથ્યાદર્શન પ્રત્યયિકી, અપ્રત્યાખ્યાનિકી, દષ્ટિકી, સ્પૃષ્ટિકી (અથવા પૃષ્ટિકી, પ્રાશ્નિકી ક્રિયા). પ્રાતિત્યકી, સામન્તોપનિપાતિકી, નૈશસ્ત્રિકી (અથવા નૈસૃષ્ટિકી ક્રિયા) અને સ્વાહસ્તિકી ક્રિયા ॥૨૩॥

### વિશેષાર્થ:

૯. મિથ્યાત્વદર્શન એટલે તત્ત્વની જે વિપરીત પ્રતિપત્તિ (શ્રદ્ધા), તે નિમિત્તથી થતી જે ક્રિયા (અર્થાત્ વિપરીત શ્રદ્ધારૂપ જે ક્રિયા) તે मिथ्यादर्शन प्रत्ययिकी क्रिया

બે પ્રકારે છે ત્યાં કોઈપણ પદાર્થનું સ્વરૂપ સર્વજ્ઞે કહેલા સ્વરૂપથી ન્યૂન વા અધિક માને તે न्यूनातिरिक्त મિથ્યાત્વદર્શન. અને સર્વથા ન માને તે तद्व्यतिरिक्त મિથ્યાદર્શન ક્રિયા કહેવાય. (આ ક્રિયા સમ્યક્ત્વમોહનીય સિવાયની યથાયોગ્ય ૨ દર્શનમોહનીયના ઉદયથી છે. માટે ત્રીજા ગુણસ્થાન સુધી હોય છે.)

૧૦. હેય વસ્તુના પ્રત્યાખ્યાન (=ત્યાગના નિયમ) વિના જે ક્રિયા લાગે તે अप्रत्याख्यानिकी क्रिया બે પ્રકારે છે. ત્યાં સજીવનું પ્રત્યાખ્યાન ન હોય તો सजीव अप्रत्याख्यानिकी અને અજીવનું પ્રત્યાખ્યાન ન હોય તો अजीव प्रत्याख्यानिकी ક્રિયા જાણવી. અહીં જે પદાર્થ કોઈ પણ વખતે ઉપયોગમાં આવે નહિ એવા પદાર્થનું પણ જો પ્રત્યાખ્યાન ન હોય તો તે સંબંધી કર્મનો આશ્રવ અવશ્ય હોય છે, અને તે કારણથી જ સ્વયંભૂરમણ સમુદ્રના મત્સ્યભક્ષણનો, તે સમુદ્રના જળપાનનો, પૂર્વભવે છોડેલાં શરીરોથી થતી હિંસાનો, પૂર્વ ભવે છોડેલાં શસ્ત્રોથી થતી હિંસાનો અને પૂર્વભવમાં સંગ્રહ કરેલા પરિગ્રહના મમત્વભાવનો કર્મ આશ્રવ આ ભવમાં પણ જીવને આવે છે, માટે ઉપયોગવંત જીવે એક સમય પણ અપ્રત્યાખ્યાની ન રહેવું, અને મરણ સમયે પોતાના શરીરને, પરિગ્રહને અને હિંસાના સાધનોને વિધિપૂર્વક વોસિરાવવાં (ત્યાગ કરવાં.) અહીં વિશેષ જાણવાનું એ છે કે પૂર્વભવના શરીરાદિકથી થતી હિંસાનો પાપઆશ્રવ જેમ આ ભવમાં પણ આવે છે, તેમ તે શરીરોથી થતી ધર્મક્રિયાનો પુણ્યઆશ્રવ આ ભવમાં આવે નહિ. તેનું કારણ જીવનો અનાદિ સ્વભાવ પાપ પ્રવૃત્તિવાળો છે, એ જ છે. (આ ક્રિયા અવિરત જીવોને હોવાથી ૪થા[૧] ગુણસ્થાન સુધી છે.)

૧૧. જીવ અથવા અજીવને રાગાદિકથી દેખતાં જે ક્રિયા લાગે તે दृष्टिकी क्रिया પણ जीवदृष्टिकी અને अजीवदृष्टिकी એમ ૨ પ્રકારે છે. (આ ક્રિયા સકષાયી ચક્ષુ ઇન્દ્રિયવંતને હોવાથી ત્રીન્દ્રિય સુધીના જીવોને ન હોય, અને પંચેન્દ્રિયને છટ્ઠા અથવા ૧૦મા ગુણસ્થાન સુધી હોય છે.

૧૨. જીવ અથવા અજીવને રાગાદિકથી સ્પર્શ કરવો તે स्पृष्टिकी क्रिया પણ जीव स्पृष्टिकी અને अजीव स्पृष्टिकी એમ બે પ્રકારે છે અથવા અહીં ૧૨ મી पृष्टिकी એટલે प्राश्निकी क्रिया પણ ગણાય છે. તો જીવ અથવા અજીવને રાગાદિકથી પૂછતાં જીવ પ્રાશ્નિકી તથા અજીવ પ્રાશ્નિકી એમ બે પ્રકારની કહી છે. (આ ક્રિયા પ્રમાદી અથવા સરાગી જીવને હોવાથી છટ્ઠા અથવા ૧૦ મા ગુણસ્થાન સુધી છે.)

---

૧. જો કે પાંચમે ગુણસ્થાને પણ પૃથ્વીકાયાદિ સ્થાવરોનું અપ્રત્યાખ્યાન છે. તોપણ સાપેક્ષ વૃત્તિયુક્ત અને અહિંસા પરિણામવાળો હોવાથી તે દયાનો પરિણામ પ્રત્યાખ્યાન સરખો કહ્યો છે, માટે ૫ મે ગુણસ્થાને અપ્રત્યાખ્યાન ક્રિયાની વિવક્ષા નથી.

૧૩. અન્ય જીવ અથવા અજીવના આશ્રયી જે ક્રિયા તે प्रातित्यकी क्रिया બે પ્રકારની છે. ત્યાં બીજાના હસ્તિ, અશ્વ આદિ ઋદ્ધિ દેખી રાગ-દ્વેષ થાય તે जीवप्रातित्यकी અને આભૂષણાદિ ઋદ્ધિ દેખી રાગ-દ્વેષ થાય તે પણ अजीव प्रातित्यकी અથવા સ્તંભાદિકમાં મસ્તક અફળાતાં સ્તંભાદિ અજીવના નિમિત્તથી જે દ્વેષાદિક થાય તે પણ અજીવ પ્રાતિત્યકી ક્રિયા છે. (આ ક્રિયા ૫ મા ગુણસ્થાન સુધી કહી છે.) અહીં प्रातित्य એટલે આશ્રયીને એવો શબ્દાર્થ છે.

૧૪. समन्तात् એટલે ચારે બાજુથી उपनिपात એટલે લોકોનું આવી પડવું અથવા ત્રસ જંતુનું આવી પડવું તે सामन्तोपनिपातिकी क्रिया, તે પણ જીવ અને અજીવભેદે બે પ્રકારની છે. શ્રેષ્ઠ હસ્તિ, અશ્વ આદિક લાવવાથી અનેક લોકો જોવા મળે અને તેઓની પ્રશંસા સાંભળી પોતે રાજી થાય તથા ખોડ-ખાંપણ કહે તો દ્વેષી થાય તે जीवसामन्तोपनिपातिकी, અને એ રીતે અજીવ વસ્તુ સંબંધી अजीवसामन्तोपनिपातिकी ક્રિયા હોય છે. નાટક, સિનેમા, ખેલ તમાસા આદિ કુતૂહલ દેખાડનારને પણ આ ક્રિયા હોય છે, તથા ઘી-તેલાદિકનાં ભાજન ઉઘાડાં મૂકવાથી તેમાં ચારે બાજુથી ઊડતા ત્રસ જીવો આવીને પડે છે, માટે તે પણ सामन्तोपनिपातिकी क्रिया એવો બીજો અર્થ થાય છે. (આ ક્રિયા આરંભાદિકના અત્યાગીને હોવાથી પાંચમા ગુણસ્થાન સુધી છે. તત્ત્વાર્થ વૃત્તિમાં છઠ્ઠા ગુણસ્થાન સુધી પણ કહી છે. તે ઉપર કહેલા અર્થથી જુદા અર્થની અપેક્ષાએ છે.)

૧૫. પોતાના હાથે શસ્ત્રાદિ ન ઘડતાં રાજાદિકની આજ્ઞાથી બીજા પાસે શસ્ત્ર આદિ ઘડાવવાં ઇત્યાદિ રૂપ नैशस्त्रिकी क्रिया કહેવાય. અથવા નિસર્જન કરવું એટલે કાઢવું અથવા ફેંકવું અથવા ત્યાગ કરવું તે नैसृष्टिकी ક્રિયા બે પ્રકારે છે, ત્યાં યન્ત્રાદિ વડે કૂવામાંથી પાણી કાઢી કૂવો ખાલી કરવો તે जीवनैसृष्टिकी, અને ધનુષમાંથી બાણ ફેંકવું તે अजीव नैसृष्टिकी क्रिया, અથવા મુનિના સંબંધમાં સુપાત્ર શિષ્યને કાઢી મૂકવાથી જીવનૈસૃષ્ટિકી અને શુદ્ધ આહારાદિને પરઠવતાં અજીવનૈસૃષ્ટિકી ક્રિયા જાણવી. (આ ક્રિયા પહેલા બે અર્થ પ્રમાણે ગૃહસ્થને પાંચમા ગુણસ્થાન સુધી કહી છે. પરંતુ બીજા અર્થ પ્રમાણે છઠ્ઠા ગુણસ્થાન સુધી પણ કહી છે.)

૧૬. પોતાના હાથે જ જીવનો ઘાત આદિ કરવો તે स्वहस्तिकी क्रिया બે પ્રકારે છે. ત્યાં પોતાના હાથ વડે અથવા હાથમાં રહેલા કોઈ પદાર્થ વડે અન્ય જીવને હણે તે जीव-स्वहस्तिकी અને પોતાના હાથ વડે અથવા હાથમાં રહેલા કોઈ પણ પદાર્થ વડે અજીવને હણે તે अजीवस्वहस्तिकी क्रिया[૧] કહેવાય. (આ ક્રિયા ૫મા ગુણસ્થાન સુધી છે.)

---

૧. સેવક આદિકને કરવા યોગ્ય કામ માલિક ક્રોધાદિથી પોતે જ કરી લે તો તે પણ સ્વહસ્તિકી ક્રિયા તત્ત્વાર્થ ટીકામાં કહી છે.

**आणवणि विआरणिया, अणभोगा अणवकंखपच्चइया ।**
**अन्ना पओग समुदाण-पिज्झ दोसेरियावहिया ॥२४॥**

### સંસ્કૃત અનુવાદ

**आज्ञापनिकी वैदारणिकी, अनाभोगिक्यनवकाङ्क्षप्रत्ययिकी ।**
**अन्या प्रायोगिकी सामुदानिकी प्रैमिकी द्वैषिकीर्यापथिकी ॥२४॥**

### શબ્દાર્થ

आणवणि = આજ્ઞાપનિકી ક્રિયા
विआरणिया = વૈદારણિકી ક્રિયા
अणभोगा = અનાભોગિકી ક્રિયા
अणवकंखपच्चइया = અનવકાંક્ષ પ્રત્યયિકી ક્રિયા
अन्ना = બીજી (૨૧મી વગેરે)
पओग = પ્રાયોગિકી ક્રિયા
समुदाण = સામુદાનિકી ક્રિયા
पिज्ज = પ્રૈમિકી ક્રિયા
दोस = દ્વૈષિકી ક્રિયા
इरियावहिया = ઈર્યાપથિકી ક્રિયા

### અન્વય સહિત પદચ્છેદ

ગાથાવત્ પરંતુ अणवकंखपच्चइया તથા दोस इरियावहिया

### ગાથાર્થ:

આજ્ઞાપનિકી, વૈદારણિકી, અનાભોગિકી, અનવકાંક્ષપ્રત્યયિકી, તથા બીજી પ્રાયોગિકી, સામુદાનિકી, પ્રૈમિકી, દ્વૈષિકી અને ઈર્યાપથિકી ॥૨૪॥

### વિશેષાર્થ:

૧૭. જીવ તથા અજીવને આજ્ઞા કરી તેઓ દ્વારા કંઈ મંગાવવું તે आज्ञापनिकी क्रिया અથવા आनयनिकी क्रिया જીવ-અજીવભેદે બે પ્રકારની છે. (અને તે પાંચમા ગુણસ્થાન સુધી છે.)

૧૮. જીવ અથવા અજીવને વિદારવાથી (ફોડવાથી-ભેદવાથી) वैदारणिकी क्रिया, અથવા વિતારણા એટલે વંચના-ઠગાઈ કરવી તે वैतारणिकी क्रिया તે જીવ-અજીવ ભેદે બે પ્રકારની કહી છે. સદ્ગુણીને દુર્ગુણી કહેવો. પ્રપંચી-દુભાષિયાપણું કરવું, જીવ તથા અજીવના પણ અછતા ગુણ-દોષ કહેવા, મહેણાં મારવાં, કલંક આપવું, ફાળ પડે એવી ખબર આપવી ઈત્યાદિ આશ્રવો આ ક્રિયામાં અન્તર્ગત થાય છે. (અને આ ક્રિયા બાદરકષાયોદય પ્રત્યયિક હોવાથી ૯મા ગુણસ્થાન સુધી છે.)

૧૯. અનાભોગ એટલે ઉપયોગ રહિતપણા વડે થતી ક્રિયા તે अनाभोगिकी क्रिया બે પ્રકારની છે. ત્યાં ઉપયોગ રહિત અને પ્રમાર્જનાદિ કર્યા વિના વસ્ત્ર-પાત્ર

આદિ લેવા-મૂકવાથી अनायुक्तादान અનાભોગિકી, અને ઉપયોગ રહિત પ્રમાર્જનાદિ કરીને લેવા-મૂકવાથી अनायुक्तप्रमार्जना અનાભોગિકી ક્રિયા થાય છે, (આ ક્રિયા જ્ઞાનાવરણીય ઉદયપ્રત્યયિક સકષાયી જીવને છે, માટે ૧૦મા ગુણસ્થાન સુધી છે.)

૨૦. પોતાના અથવા પરના હિતની આકાંક્ષા-અપેક્ષા રહિત જે આ લોક અને પરલોક વિરુદ્ધ ચોરી, પરદારાગમન-(=પરસ્ત્રીગમન) આદિ આચરણ તે अनवकाङ्क्ष प्रत्ययिकी क्रिया સ્વ અને પર ભેદે બે પ્રકારની છે. (આ ક્રિયા બાદર કષાયોદય પ્રત્યયિક હોવાથી ૯મા ગુણસ્થાન સુધી છે.) અહીં अन्-રહિત अवकाङ्क्ष-હિતની અપેક્ષા प्रत्ययिक-નિમિત્તવાળી એ શબ્દાર્થ છે.)

૨૧. મન-વચન-કાયાના શુભાશુભ યોગ રૂપ ક્રિયા તે प्रायोगिकी क्रिया (આ ક્રિયા શુભાશુભ સાવદ્યયોગીને હોવાથી ૫ મા ગુણસ્થાન સુધી છે.)

૨૨. યથાયોગ્ય આઠે કર્મની સમુદાયપણે ગ્રહણ ક્રિયા અથવા એવો ઇન્દ્રિયોનો વ્યાપાર અથવા લોકસમુદાયે ભેગા મળીને કરેલી ક્રિયા, અથવા સંયમીની અસંયમ પ્રવૃત્તિ તે सामुदानिकी क्रिया અથવા समादान क्रिया, અથવા सामुदायिकी क्रिया કહેવાય. (તે ૧૦મા અથવા ૫મા ગુણસ્થાન સુધી છે.) અહીં समादान એટલે ઇન્દ્રિય અને સર્વ(કર્મ)નો સંગ્રહ, એવા બે મુખ્ય અર્થ છે.

૨૩. પોતે પ્રેમ કરવો અથવા બીજાને પ્રેમ ઊપજે તેવાં વચન બોલવાં, ઇત્યાદિ વ્યાપાર તે प्रैमिकी क्रिया (આ ક્રિયા માયા તથા લોભના ઉદયરૂપ હોવાથી ૧૦મા ગુણસ્થાન સુધી છે.)

૨૪. પોતે દ્વેષ કરવો અથવા અન્યને દ્વેષ ઊપજે તેમ કરવું તે द्वैषिकी क्रिया (ક્રોધ અને માનના ઉદયરૂપ હોવાથી ૯મા ગુણસ્થાન સુધી છે.)

૨૫. ઈર્યા-એટલે (ગમન-આગમન આદિ કેવળ) યોગ, તે જ એક પથ એટલે (કર્મ આવવાનો) માર્ગ તે ઇર્યાપથ, અને તત્સંબંધી જે ક્રિયા તે ईर्यापथिकी क्रिया અર્થાત્ કર્મબંધના મિથ્યાત્વ-અવ્રત-કષાય-અને યોગ એ ચાર હેતુમાંથી માત્ર યોગરૂપ એક જ હેતુ વડે બંધાતું કર્મ ઇર્યાપથિકી ક્રિયા રૂપ ગણાય છે. (તે અકષાયી જીવને હોવાથી ૧૧-૧૨-૧૩ મા ગુણસ્થાને હોય છે.) આ ક્રિયાથી એક સાતાવેદનીય કર્મ ૨ સમયની સ્થિતિવાળું બંધાય છે, તે પહેલે સમયે બાંધે, બીજે સમયે ઉદય આવે, અને ત્રીજે સમયે નિર્જરે છે. આ કર્મ અતિ શ્રેષ્ઠ વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળું અને અતિ રૂક્ષ હોય છે.

એ પ્રમાણે અનેક ગ્રંથોની તારવણીથી ૨૫ ક્રિયાઓનું સ્વરૂપ અતિ સંક્ષેપમાં કહ્યું છે. વિશેષાર્થીએ શ્રી પ્રજ્ઞાપના-ઠાણાંગજી-નવતત્ત્વભાષ્ય-આવશ્યકવૃત્તિ-

વિચારસારપ્રકરણ-ઇત્યાદિ અનેક ગ્રંથોમાંથી જાણવા યોગ્ય છે. કોઈક ગ્રંથમાં અર્થ ભેદ છે, તથા કોઈક ગ્રંથમાં નામભેદ પણ છે પરંતુ આ ગ્રંથમાં ચાલુ પદ્ધતિ પ્રમાણે ૨૫[1] ક્રિયાઓ લખી છે.

**॥ આશ્રવતત્ત્વ જાણવાનો ઉદ્દેશ ॥**

આશ્રવતત્ત્વ જાણીને આત્મા એમ વિચારે કે, ઉપર કહેલા ૪૨ ભેદ જે આશ્રવરૂપ છે, તેમાંનો એક ભેદ પણ આત્મસ્વરૂપને સન્મુખ કરવામાં સહાયભૂત નથી, અપવાદ તરીકે ફક્ત પુણ્ય રૂપ જે શુભાશ્રવ તે જ એક સંસારઅટવીમાંથી પાર ઊતરવાને ગૃહસ્થાવાસમાં સહાયભૂત થાય છે, શેષ પાપાનુબન્ધિ પુણ્ય રૂપ શુભાશ્રવ અને આ જ ૪૨ પ્રકારના પાપરૂપ અશુભ આશ્રવો તે સર્વ આત્મસ્વરૂપનો નાશ કરે છે અને કરશે. માટે કર્મના આગમનરૂપી આશ્રવતત્ત્વ આત્માને ત્યાગ કરવા યોગ્ય છે, એમ જાણી પાંચ ઇન્દ્રિયોના ૨૩ વિષયોથી નિવર્તે, ૪ કષાયોનો ત્યાગ કરી વ્રત-નિયમનો આદર કરે, મન-વચન-કાયાની અશુભ પ્રવૃત્તિઓ છોડે, અને તે તે ક્રિયાઓથી નિવૃત્ત થાય, એ પ્રમાણે કર્માશ્રવના માર્ગથી વિમુખ થયેલો આત્મા સંવર-નિર્જરાનો આદર કરી બંધતત્ત્વનો પણ ત્યાગ કરી અન્તે મોક્ષતત્ત્વને પ્રાપ્ત કરે અને તેથી આત્મસ્વરૂપી બની રહે. એ જ આશ્રવતત્ત્વ જાણવાનો ઉદ્દેશ છે.

॥ इति ५ आश्रवतत्त्वम् ॥

**॥ अथ ६ संवरतत्त्वम् ॥**

**ભેદો**

## समिई गुत्ती परिसह, जइधम्मो भावणा चरित्ताणि ।
## पण ति दुवीस दस बार-पंच भेएहिं सगवन्ना ॥२५॥

**સંસ્કૃત અનુવાદ**

**समितिर्गुप्तिः परिषहो, यतिधर्मो भावनाश्चरित्राणि ।**
**पंचत्रिकद्वाविंशतिर्दशद्वादशपञ्चभेदैः सप्तपञ्चाशत् ॥२५॥**

---

૧. આ ૨૫ ક્રિયાઓ અથવા આશ્રવના ૪૨ ભેદમાંના કેટલાક ભેદ આગળ કહેવાતા સિદ્ધના ૧૫ ભેદની પેઠે પરસ્પર એક સરખા જેવા પણ છે. અને સૂક્ષ્મ રીતે વિચારતાં ઘણા ભેદ જુદા પણ સમજી શકાય છે. અહીં વિશેષ વર્ણન કરવાથી ગ્રંથવૃદ્ધિ થતાં અભ્યાસક વર્ગને કઠિનતા થઈ જવાના કારણથી ક્રિયાઓનું વિશેષ વર્ણન કર્યું નથી.

પુનઃ આ ૨૫ ક્રિયાઓમાંથી શ્રી પ્રજ્ઞાપનાજી વગેરેમાં પાંચ પાંચ ભેદથી ૧૦ ક્રિયા વર્ણવી છે. અને શ્રી ઠાણાંગજીમાં બે બે ભેદથી ૨૪ વર્ણવી છે. તથા ઠાણાંગજીમાં એ સર્વને (આશ્રવની મુખ્યતાએ) અજીવ ક્રિયાઓ કહી છે, અને શ્રી દેવચન્દ્રજી કૃત વિચારસારમાં (જીવ પરિણામની મુખ્યતાએ) જીવ ક્રિયાઓ કહી છે, અપેક્ષાથી બન્ને સમાન છે.

### શબ્દાર્થ

| | |
|---|---|
| समिई = સમિતિ | ति = ત્રણ ભેદ |
| गुत्ती = ગુપ્તિ | दुवीस = બાવીસ ભેદે |
| परिसह = પરિષહ | दस = દશ ભેદે |
| जइधम्मो = યતિધર્મ | बार = બાર ભેદે |
| भावणा = ભાવના | पंच = પાંચ |
| चरित्ताणि = ચારિત્ર | भेएहिं = એ ભેદો વડે |
| पण = પાંચ ભેદ | सगवन्ना = સત્તાવન ભેદ છે. |

### અન્વય અને પદચ્છેદ

**पण ति दुवीस दस बार पंच भेएहिं समिई, गुत्ती,**
**परिसह, जइधम्मो, भावणा चरित्ताणि सगवन्ना ॥**

### ગાથાર્થઃ

પાંચ, ત્રણ, બાવીસ, દશ, બાર, અને પાંચ ભેદો વડે સમિતિ, ગુપ્તિ, પરિષહ, યતિધર્મ, ભાવના, અને ચારિત્ર છે. (સંવરતત્ત્વના એ) સત્તાવન ભેદ છે.

### વિશેષાર્થઃ

આવતા કર્મનું રોકાણ તે સંવર કહેવાય. પૂર્વે કહેલ આશ્રવ તત્ત્વથી વિપરીત આ સંવર તત્ત્વ છે. તેના ૫૭ ભેદ આચરવાથી નવાં કર્મ આવતાં નથી. તે ૫૭ ભેદ આગળની ગાથાઓમાં કહેવાશે, અને અહીં શબ્દાર્થ માત્ર કહ્યો છે. તે આ પ્રમાણે-

सम् એટલે સમ્યક્ પ્રકારે (એટલે સમ્યક્ ઉપયોગ-યતનાપૂર્વક) इति એટલે ગતિ-ચેષ્ટા તે समिति, જેના વડે સંસારમાં પડતા પ્રાણીનું गुप्यते-રક્ષણ થાય તે गुप्ति. તથા परि=સમન્તાત્=સર્વ બાજુથી સમ્યક્ પ્રકારે सह=સહન કરવું તે परिषह. મોક્ષમાર્ગમાં જે યત્ન કરે, તે यति અને તેનો ધર્મ તે यतिधर्म. મોક્ષમાર્ગ પ્રત્યે ભાવની વૃદ્ધ થાય તેવું ચિન્તવન તે भावना, તથા चय એટલે આઠ કર્મનો સંચય-સંગ્રહ તેને रित्त=રિક્ત (ખાલી) કરે તે चारित्र કહેવાય. એ સંવરતત્ત્વના દ્રવ્ય અને ભાવ ભેદનું સ્વરૂપ તો પહેલી ગાથાના અર્થમાં જ કહ્યું છે.

### સમિતિઓ અને ગુપ્તિઓ

**इरिया भासेसणादाणे, उच्चारे समिईसु अ ।**
**मणगुत्ती, वयगुत्ती, कायगुत्ती तहेव य ॥२६॥**

### સંસ્કૃત અનુવાદ

**ईर्याभाषैषणादानान्युच्चारः समितिषु च ।**
**मनोगुप्तिर्वचोगुप्तिः कायगुप्तिस्तथैव च ॥२६॥**

### શબ્દાર્થ

| | |
|---|---|
| इरिया = ઈર્યા સમિતિ | अ = તથા, વળી |
| भासा = ભાષા સમિતિ | मणगुत्ती = મનોગુપ્તિ |
| एसणा = એષણા સમિતિ | वयगुत्ती = વચનગુપ્તિ |
| आदाणे = આદાન સમિતિ | कायगुत्ती = કાયગુપ્તિ |
| उच्चारे = ઉચ્ચાર (ઉત્સર્ગ) સમિતિ | तहेव = તેમજ |
| समिईसु = પાંચ સમિતિઓમાં | य = વળી (અથવા છંદપૂર્તિ માટે) |

### અન્વય સહિત પદચ્છેદ

**समिईसु इरिया भासा एसणा आदाणे अ उच्चारे ।**
**तह एव मण गुत्ती वय गुत्ती य काय गुत्ती ॥२६॥**

### ગાથાર્થઃ

પાંચ સમિતિઓમાં ઈર્યા સમિતિ, ભાષા સમિતિ, એષણા સમિતિ, આદાન (આદાનભંડમત્ત નિક્ખેવણા) સમિતિ અને ઉચ્ચાર સમિતિ (એટલે ઉત્સર્ગ સમિતિ અથવા પારિષ્ઠાપનિકા સમિતિ) છે. તથા મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ છે. ॥૨૬॥

### વિશેષાર્થઃ

સમ્યક્ પ્રકારના ઉપયોગપૂર્વક જે પ્રવૃત્તિ તે समिति અને સમ્યક્ પ્રકારે ઉપયોગપૂર્વક નિવૃત્તિ તથા પ્રવૃત્તિ તે गुप्ति કહેવાય. ત્યાં સમિતિના ૫ ભેદ તથા ગુપ્તિના ૩ ભેદ આ પ્રમાણે છે-

૧. ईर्या समिति-ઈર્યા એટલે માર્ગ, તેમાં ઉપયોગપૂર્વક ચાલવું તે ईर्यासमिति. અહીં માર્ગમાં યુગ માત્ર (૩।। હાથ) ભૂમિને દૃષ્ટિથી જોતાં અને સજીવ ભાગનો ત્યાગ કરતાં ચાલવું તે ઈર્યા સમિતિ છે.

૨. भाषा समिति-સમ્યક્ પ્રકારે નિરવદ્ય (નિર્દોષ) ભાષા બોલવી તે भाषासमिति. અહીં સામાયિક-પોસહવાળા શ્રાવક અને સર્વ વિરતિવંત મુનિ મુખે મુહપત્તિ રાખી નિરવદ્ય વચન બોલે તો ભાષા સમિતિ જાણવી, અને જો મુહપત્તિ વિના નિરવદ્યવચન બોલે તોપણ ભાષા અસમિતિ જાણવી.

૩. एषणा समिति-સિદ્ધાન્તમાં કહેલી વિધિ પ્રમાણે ૪૨ દોષ રહિત આહાર ગ્રહણ કરવો તે એષણા સમિતિ મુખ્યત્વે મુનિ મહારાજને અને ગૌણતાએ યથાયોગ્ય પૌષધાદિ વ્રતદારી શ્રાવકને હોય છે.

૪. आदान समिति-વસ્ત્ર-પાત્ર આદિ ઉપકરણોને જોઈ પ્રમાર્જી (સ્વચ્છ કરી) લેવાં, મૂકવાં તે આદાન સમિતિ. એનું બીજું નામ આદાનભંડમત્ત[1] નિક્ખેવણા સમિતિ પણ છે.

૫. उत्सर्ग समिति-વડીનીતિ[2], લઘુ-નીતિ[3], અશુદ્ધઆહાર, વધેલ આહાર-નિરૂપયોગી થયેલ ઉપકરણ ઇત્યાદિનો વિધિપૂર્વક ત્યાગ કરવો (પરઠવવું) તે ઉત્સર્ગસમિતિ. આનું બીજું નામ पारिष्ठापनिका[4] समिति પણ છે.

૧. मनोगुप्ति-મનને સાવદ્ય માર્ગના વિચારમાંથી રોકવું (અને સમ્યક્ વિચારમાં પ્રવર્તાવવું) તે મનોગુપ્તિ ૩ પ્રકારે છે. ત્યાં મનને આર્ત્તધ્યાન-રૌદ્રધ્યાન રૂપી દુર્ધ્યાનમાંથી રોકવું તે ૧ अकुशल निवृत्ति. ધર્મધ્યાન-શુક્લધ્યાનમાં પ્રવર્તાવવું તે ૨ कुशलप्रवृत्ति, અને કેવલી ભગવંતને સર્વથા મનોયોગનો નિરોધ-અભાવ થાય તે વખતે योगनिरोध રૂપ મનોગુપ્તિ હોય છે.

૨. वचनगुप्ति-સાવદ્ય વચન ન બોલવું (અને નિરવદ્ય વચન બોલવું) તે વચનગુપ્તિ, તેના બે ભેદ છે. સિરઃકંપન વગેરેના પણ ત્યાગપૂર્વક મૌનપણું રાખવું તે मौनावलम्बिनी, અને વાચનાદિ વખતે મુખે મુહપત્તિ રાખી બોલવું તે वाङ्नियमिनी વચનગુપ્તિ જાણવી.

**પ્રશ્ન :** ભાષાસમિતિ અને વચનગુપ્તિમાં શું તફાવત ?

**ઉત્તર :** વચનગુપ્તિ સર્વથા વચનનિરોધ રૂપ, અને નિરવદ્યવચન બોલવારૂપ બે પ્રકારની છે. અને ભાષાસમિતિ તો નિરવદ્યવચન બોલવારૂપ એક જ પ્રકારની છે. (એમ નવતત્ત્વની અવચૂરીમાં કહ્યું છે.)

૩. कायगुप्ति-કાયાને સાવદ્ય માર્ગમાંથી રોકી નિરવદ્ય ક્રિયામાં જોડવી તે કાયગુપ્તિ બે પ્રકારની છે. ત્યાં ઉપસર્ગાદિ પ્રસંગે પણ કાયાને ચલાયમાન ન કરવી તથા કેવલી ભગવંતે કરેલો કાયયોગનો નિરોધ તે चेष्टानिवृत्ति કાયગુપ્તિ, અને સિદ્ધાંતમાં કહેલી વિધિ પ્રમાણે ગમન-આગમન આદિ કરવું તે यथासूत्रचेष्टानियमिनी કાયગુપ્તિ છે.

---

૧. भंडमत्त એટલે પાત્ર માત્રક વગેરેને (જયણાપૂર્વક) आदान=ગ્રહણ કરવાં, અને निक्खेवण=મૂકવાં તે.

૨. ઝાડો. ૩. પેશાબ. ૪. परिष्ठापन એટલે પરઠવવું-વિધિપૂર્વક છોડવું તે.

એ પ્રમાણે પાંચ સમિતિ તે કુશલમાં (સન્માર્ગમાં) પ્રવૃત્તિરૂપ છે. અને ત્રણ ગુપ્તિ તે કુશલમાં પ્રવૃત્તિ તથા અકુશલથી નિવૃત્તિરૂપ છે. એ આઠ પ્રવચન માતા ગણાય છે. કારણ કે એ આઠથી સંવર ધર્મરૂપી પુત્ર ઉત્પન્ન થાય છે, અને તે ધર્મપુત્રનું પાલનપોષણ થાય છે. એ આઠ પ્રવચન માતા વ્રતધારી શ્રાવકને સામાયિક-પોસહમાં અને મુનિને હંમેશાં હોય છે.

॥ इति ५ समिति ३ गुप्ति ॥

## પરિષહો

**खुहा पिवासा सी उण्हं, दंसाचेलारइत्थिओ ।**
**चरिया निसीहिया सिज्जा, अक्कोस वह जायणा ॥२७॥**

### સંસ્કૃત અનુવાદ

**क्षुधा पिपासा शीतमुष्णं, दंशोऽचेलकोऽरतिस्स्त्रीकः ।**
**चर्या नैषेधिकी शय्या, आक्रोशो वधो याचना ॥२७॥**

### શબ્દાર્થ

खुहा = ક્ષુધા પરિષહ
पिवासा = પિપાસા પરિષહ (-તૃષા પરિષહ)
सी = શીત પરિષહ
उण्हं = ઉષ્ણ પરિષહ
दंस = દંશ પરિષહ
अचेल = અચેલક પરિષહ
अरइ = અરતિ પરિષહ
त्थिओ = સ્ત્રી પરિષહ
चरिया = ચર્યા પરિષહ
निसीहिया = નૈષેધિકી પરિષહ (સ્થાન પરિષહ)
सिज्जा = શય્યા પરિષહ
अक्कोस = આક્રોશ પરિષહ
वह = વધ પરિષહ
जायणा = યાચના પરિષહ

### અન્વય સહિત પદચ્છેદ

ગાથાવત્-પરંતુ दंस अचेल अरइ (इ) त्थिओ, इति ॥

### ગાથાર્થઃ

ક્ષુધા પરિષહ-પિપાસા (તૃષા) પરિષહ, શીતપરિષહ, ઉષ્ણ પરિષહ, દંશ પરિષહ, અચેલક, અરતિ, સ્ત્રી, ચર્યા, નૈષેધિકી (સ્થાન) શય્યા, આક્રોશ, વધ, અને યાચના પરિષહ ॥૨૭॥

### વિશેષાર્થઃ

परि-સમસ્ત પ્રકારે (કષ્ટને) सह-સહન કરવું પણ ધર્મ માર્ગનો ત્યાગ ન કરવો

તે परिषह કહેવાય. તે ૨૨ પરિષહમાં દર્શન (સમ્યક્ત્વ) પરિષહ અને પ્રજ્ઞા પરિષહ એ બે પરિષહ ધર્મનો ત્યાગ ન કરવા માટે છે, અને ૨૦ પરિષહ કર્મની નિર્જરા કરવા માટે છે, તે ૨૨ પરિષહ અનુક્રમે આ પ્રમાણે છે-

૧. क्षुधा परिषह-ક્ષુધા વેદનીય સર્વ અશાતા વેદનીયથી અધિક છે, માટે તેવી ક્ષુધાને પણ સહન કરવી પરંતુ અશુદ્ધ આહાર ગ્રહણ ન કરવો, તેમજ આર્ત્તધ્યાન ન કરવું તે ક્ષુધા પરિષહનો વિજય કર્યો કહેવાય.

૨. पिपासा परिषह-પિપાસા એટલે તૃષાને પણ સમ્યક્ પ્રકારે સહન કરવી પરંતુ સચિત્ત જળ અથવા મિશ્ર જળ પીવું નહિ, સંપૂર્ણ ૩ ઉકાળાવાળું ઉષ્ણ જળ આદિ અને તે પણ સિદ્ધાંતમાં કહેલી વિધિ પ્રમાણે નિર્દોષ પ્રાપ્ત થયું હોય તો જ પીવું. તે તૃષા પરિષહ.

૩. शीत परिषह-અતિશય ટાઢ પડવાથી અંગોપાંગ અકડાઈ જતાં હોય તોપણ સાધુને ન કલ્પે તેવા વસ્ત્રની ઇચ્છા અથવા તાપણીએ તાપવાની ઇચ્છા માત્ર પણ ન કરે, તે શીત પરિષહ.

૪. उष्ण परिषह-ઉનાળાની ઋતુમાં તપેલી શિલા અથવા રેતી ઉપર ચાલતા હોય અથવા તાપ સખત પડતો હોય તે વખતે મરણાન્ત કષ્ટ આવ્યે પણ છત્રની છાયા અથવા વસ્ત્રની છાયા અથવા વીંઝણાનો વાયુ, કે સ્નાન-વિલેપન આદિકની ઇચ્છા માત્ર પણ ન કરે, તે ઉષ્ણ પરિષહ.

૫. दंश परिषह-વર્ષા કાળમાં ડાંસ-મચ્છર-જૂ-માંકડ ઇત્યાદિ ક્ષુદ્ર જંતુઓ ઘણાં ઉત્પન્ન થાય છે, તે જંતુઓ બાણના પ્રહાર સરખા ડંખ મારે તોપણ ત્યાંથી ખસી અન્ય સ્થાને જવાની ઇચ્છા ન કરે, તેઓને ધૂમ્ર આદિ પ્રયોગથી બહાર કાઢે નહિ, તેમજ તે જીવો ઉપર દ્વેષ પણ ચિંતવે નહિ, પરંતુ પોતાની ધર્મની દઢતા ઉપજાવવામાં નિમિત્તભૂત માને, તે દંશ પરિષહ જીત્યો કહેવાય.

૬. अचेल परिषह-વસ્ત્ર સર્વથા ન મળે, અથવા જીર્ણ પ્રાયઃ મળે, તોપણ દીનતા ન ચિંતવે, તેમજ ઉત્તમ બહુ મૂલ્યવાન વસ્ત્ર ન ઇચ્છે, પરંતુ અલ્પ મૂલ્યવાળું જીર્ણ વસ્ત્ર ધારણ કરે, તે અચેલ પરિષહ. અહીં અચેલ એટલે વસ્ત્રનો સર્વથા અભાવ અથવા જીર્ણ વસ્ત્ર એમ બે અર્થ છે. જીર્ણ વસ્ત્ર ધારણ કરવું તે પણ પરિગ્રહ છે, એમ કહેનાર અસત્યવાદી છે, કારણ કે સંયમના નિર્વાહ પૂરતું જીર્ણપ્રાયઃ વસ્ત્ર મમત્વ-રહિત ધારણ કરવાથી પરિગ્રહ ન કહેવાય, એ જ શ્રી જિનેન્દ્ર વચનનું રહસ્ય છે.

૭. अरति परिषह-અરતિ એટલે ઉદ્વેગભાવ. સાધુને સંયમમાં વિચરતાં જ્યારે અરતિનાં કારણ બને, ત્યારે સિદ્ધાન્તમાં કહેલાં ધર્મસ્થાનો ભાવવાં, પરંતુ ધર્મ પ્રત્યે ઉદ્વેગભાવ ન કરવો, કારણ કે ધર્માનુષ્ઠાન તે ઇન્દ્રિયોના સંતોષ માટે નથી.

પરંતુ ઇન્દ્રિયોના અને આત્માના દમન માટે છે, તેથી ઉદ્વેગ ન પામવો; તે અરતિ પરિષહનો જય કર્યો કહેવાય.

૮. स्त्रीपरिषह-સ્ત્રીઓને સંયમ માર્ગમાં વિઘ્નકર્ત્તા જાણીને તેમને સરાગ દૃષ્ટિએ ન જોવી, તેમજ સ્ત્રી પોતે વિષયાર્થે નિમંત્રણા કરે તોપણ સ્ત્રીને આધીન ન થવું, તે સ્ત્રી પરિષહનો વિજય કહેવાય, તેમજ સાધ્વીને પુરુષ પરિષહ આમાં અંતર્ગત સમજવો.

૯. चर्या परिषह-ચર્યા એટલે ચાલવું, વિહાર કરવો, અર્થાત્ મુનિએ એક સ્થાને અધિક કાળ ન રહેતાં માસકલ્પની મર્યાદા પ્રમાણે (૮ શેષકાળના અને ૧ વર્ષાકાળના ચોમાસાનો એ રીતે) નવકલ્પી વિહાર કરવો, પણ તેમાં આળસ ન કરવી, તે ચર્યા પરિષહનો વિજય કહેવાય.

૧૦. नैषेधिकी परिषह-શૂન્ય ગૃહ, સ્મશાન, સર્પબિલ, સિંહગુફા ઇત્યાદિ સ્થાનોમાં રહેવું અને ત્યાં પ્રાપ્ત થતા ઉપસર્ગોથી ચળાયમાન ન થવું, અથવા સ્ત્રી, પશુ, નપુંસક આદિ રહિત અને સંયમના નિર્વાહ યોગ્ય સ્થાનમાં રહેવું, તે નૈષેધિકી પરિષહ છે. પાપ અથવા ગમનાગમનનો નિષેધ જેમાં છે, તે नैषेधिकी એટલે સ્થાન કહેવાય. આનું બીજું નામ निषद्या परिषह અથવા स्थान परिषह પણ કહેવાય.

૧૧. शय्या परिषह - ઊંચી-નીચી ઇત્યાદિ પ્રતિકૂળ શય્યા મળવાથી ઉદ્વેગ ન કરે તેમજ અનુકૂળ શય્યા મળવાથી હર્ષ ન કરે તે શય્યા પરિષહ.

૧૨. आक्रोश परिषह-મુનિનો કોઈ અજ્ઞાની મનુષ્ય તિરસ્કાર કરે તો મુનિ તે તિરસ્કાર કરનાર પ્રત્યે દ્વેષ ન કરે; પરંતુ તેને ઉપકારી માને તે આક્રોશ પરિષહ જીત્યો ગણાય.

૧૩. वध परिषह-સાધુને કોઈ અજ્ઞાની પુરુષ દંડ, ચાબુક આદિકથી આકરા પ્રહાર કરે, અથવા વધ પણ કરે, તોપણ સ્કંધકસૂરિના ઘાણીમાં પિલાતા ૫૦૦ શિષ્યોની પેઠે વધ કરનાર ઉપર દ્વેષ ન કરતાં ઊલટો મોક્ષમાર્ગમાં મહા ઉપકારી છે, એમ માને, અને એવી ભાવના ભાવે કે, "કોઈ જીવ મને (મારા આત્માને) હણી શકતો નથી, પુદ્ગલરૂપ શરીરને હણે છે અને તે શરીર તો મારાથી ભિન્ન છે, શરીર તે હું નથી, અને હું તે શરીર નથી. તથા મને આ પુરુષ જે દુઃખ આપે છે, તે પણ પૂર્વે બાંધેલાં કર્મનો ઉદય છે. જો તેમ ન હોય તો એ પુરુષ મને છોડીને બીજાને કેમ હણતો નથી ? આ હણનાર તો કેવળ નિમિત્તમાત્ર છે, ખરૂં કારણ તો મારા પૂર્વભવનાં કર્મ જ છે." ઇત્યાદિ શુભ ભાવના ભાવે. તે વધ પરિષહ જીત્યો કહેવાય.

૧૪. याचना परिषह-સાધુ કોઈ પણ વસ્તુ (તૃણ ઢેફું ઇત્યાદિ પણ) માગ્યા વિના ગ્રહણ ન કરે, એવો તેમનો ધર્મ છે, તેથી હું રાજા છું. ધનાઢ્ય છું. તો

મારાથી બીજા પાસે કેમ માગી શકાય ? ઇત્યાદિ માન અને લજ્જા ધારણ કર્યા વિના ઘેર ઘેર ભિક્ષા માગવી, તે યાચના પરિષહ જીત્યો કહેવાય.

**अलाभ रोग तणफासा, मल सक्कार परीसहा ।**

**पन्ना अन्नाण सम्मत्तं इअ बावीस परीसहा ॥२८॥**

**સંસ્કૃત અનુવાદ**

**अलाभरोगतृणस्पर्शा, मलसत्कारपरिषहौ ।**

**प्रज्ञा अज्ञानं सम्यक्त्वमिति द्वाविंशतिः परिषहाः ॥२८॥**

**શબ્દાર્થ**

| | |
|---|---|
| अलाभ = અલાભ પરિષહ | पन्ना = પ્રજ્ઞા પરિષહ |
| रोग = રોગ પરિષહ | अन्नाण = અજ્ઞાન પરિષહ |
| तणफासा = તૃણસ્પર્શ પરિષહ | सम्मत्तं = સમ્યક્ત્વ પરિષહ |
| मल = મલ પરિષહ | इअं = એ પ્રમાણે |
| सक्कार = સત્કાર પરિષહ | बावीस = બાવીસ |
| परीसहा = પરિષહ | परीसहा = પરિષહો |

**અન્વય સહિત પદચ્છેદ**

ગાથાવત્-

**ગાથાર્થ:**

અલાભ-રોગ-તૃણસ્પર્શ-મલ અને સત્કાર પરિષહ-પ્રજ્ઞા-અજ્ઞાન-અને સમ્યક્ત્વ એ પ્રમાણે ૨૨ પરિષહો છે. ॥૨૮॥

**વિશેષાર્થ:**

૧૫. अलाभ परिषह-માન અને લજ્જા છોડીને ઘેર ઘેર ભિક્ષા માગવા છતાં પણ વસ્તુ ન મળે તો "લાભાન્તરાય કર્મનો ઉદય છે, અથવા સહેજ તપવૃદ્ધિ થાય છે." એમ સમજીને ઉદ્વેગ ન કરવો, તે અલાભ પરિષહનો જય કહેવાય.

૧૬. रोग परिषह-જ્વર (તાવ) અતિસાર (ઝાડો) આદિ રોગ પ્રગટ થતાં જિનકલ્પી આદિ કલ્પવાળા મુનિઓ તે રોગની ચિકિત્સા ન કરાવે, પરંતુ પોતાના કર્મનો વિપાક ચિંતવે, અને સ્થવિર કલ્પી (ગચ્છવાસી) મુનિ હોય, તે આગમમાં કહેલી વિધિ પ્રમાણે નિરવદ્ય (નિર્દોષ) ચિકિત્સા કરાવે અને તેથી રોગ શાન્ત

થાય અથવા ન થાય, તોપણ હર્ષ કે ઉદ્વેગ ન કરે, પરંતુ પૂર્વ કર્મનો વિપાક (ઉદય) ચિંતવે, તે રોગ પરિષહ જીત્યો ગણાય.

૧૭. तृणस्पर्श परिषह-ગચ્છથી નીકળેલા જિનકલ્પ આદિ કલ્પધારી મુનિને તૃણનો (ડાભ આદિ ઘાસનો ૨ા હાથ પ્રમાણ) સંથારો હોય છે, તેથી તે તૃણની અણીઓ શરીરમાં વાગે તોપણ વસ્રની ઇચ્છા ન કરે, તથા ગચ્છવાસી (સ્થવિરકલ્પી) મુનિને વસ્રનો પણ સંથારો હોય છે, તે પણ પ્રતિકૂળ પ્રાપ્ત થયો હોય, તો દીનતા ધારણ ન કરે. તે તૃણસ્પર્શ પરિષહનો વિજય ગણાય.

૧૮. मल परिषह-સાધુને શૃંગાર-વિષયના કારણરૂપ જળસ્નાન હોય નહિ, તેથી પરસેવા વગેરેથી શરીરે મેલ ઘણો લાગ્યો હોય અને દુર્ગંધ આવતી હોય તોપણ શરીરની દુર્ગંધી ટાળવા માટે જળથી સ્નાન કરવાનું ચિંતવન પણ ન કરે, તે મલ પરિષહ જીત્યો ગણાય.

૧૯. सत्कार परिषह-સાધુ પોતાનો ઘણો માન-સત્કાર લોકમાં થતો દેખીને મનમાં હર્ષ ન પામે, તેમજ સત્કાર ન થવાથી ઉદ્વેગ ન કરે, તે સત્કાર પરિષહ જીત્યો કહેવાય.

૨૦. प्रज्ञा परिषह-પોતે બહુશ્રુત (અધિક જ્ઞાની) હોવાથી અનેક લોકોને પ્રશ્નોના ઉત્તર આપી સંતુષ્ટ કરે, અને અનેક લોકો તે બહુશ્રુતની બુદ્ધિની પ્રશંસા કરે. તેથી તે બહુશ્રુત પોતાની બુદ્ધિનો ગર્વ ધરી હર્ષ ન કરે, પરંતુ એમ જાણે કે, "પૂર્વે મારાથી પણ અનંતગુણ બુદ્ધિવાળા જ્ઞાનીઓ થયા છે, હું કોણ માત્ર છું?" ઇત્યાદિ ચિંતવે, તે પ્રજ્ઞા પરિષહ જીત્યો કહેવાય.

૨૧. अज्ञान परिषह-સાધુ પોતાની અલ્પબુદ્ધિ હોવાથી આગમ વગેરેનાં તત્ત્વ ન જાણે, તો પોતાની અજ્ઞાનતાનો સંયમમાં ઉદ્વેગ ઊપજે એવો ખેદ ન કરે કે, "હું આવી ઉગ્ર તપશ્ચર્યાદિ સંયમવાળો છું. તોપણ આગમતત્ત્વ જાણતો નથી, બહુશ્રુતપણું પ્રાપ્ત થતું નથી." ઇત્યાદિ ખેદ-ઉદ્વેગ ધારણ ન કરતાં મતિજ્ઞાનાવરણીયનો ઉદય વિચારી સંયમભાવમાં લીન થાય, તે અજ્ઞાન પરિષહ જીત્યો ગણાય.

૨૨. सम्यक्त्व परिषह-અનેક કષ્ટ અને ઉપસર્ગ પ્રાપ્ત થવા છતાં પણ સર્વજ્ઞભાષિત ધર્મની શ્રદ્ધાથી ચળાયમાન ન થવું, શાસ્ત્રોના સૂક્ષ્મ અર્થ ન સમજાય તો વ્યામોહ ન કરવો, પરદર્શનમાં ચમત્કાર દેખી મોહ ન પામવો, ઇત્યાદિ સમ્યક્ત્વ પરિષહનો જય કહેવાય.

## ૨૨ પરિષહમાં કર્મનો ઉદય અને ગુણસ્થાનકનું કોષ્ટક

| પરિષહ | કયા કર્મના ઉદયથી | કયા ગુણસ્થાન સુધી ? |
|---|---|---|
| ક્ષુધા-પિપાસા-શીત-ઉષ્ણ-દંશ-ચર્યા-શય્યા-મલ-વધ-રોગ-તૃણસ્પર્શ-એ ૧૧ | અશાતા વેદનીયના ઉદયથી | ૧ થી ૧૩ |
| પ્રજ્ઞા પરિષહ | જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી | ૧ થી ૧૨ |
| અજ્ઞાન પરિષહ | જ્ઞાનાવરણીયના ઉદયથી | ૧ થી ૧૨ |
| સમ્યક્ત્વ પરિષહ | દર્શનમોહનીયના ઉદયથી | ૧ થી ૯ |
| અલાભ | લાભાન્તરાયના ઉદયથી | ૧ થી ૧૨ |
| આક્રોશ-અરતિ-સ્ત્રી-નિષદ્યા અચેલ-યાતના-સત્કાર એ ૭ | ચારિત્રમોહનીયના ઉદયથી | ૧ થી ૯ |

### ॥ સમકાળે ૨૦ પરિષહ ॥

શીત અને ઉષ્ણ, તથા ચર્યા અને નિષદ્યા, એ ચાર પરિષહમાંથી સમકાળે બે અવિરોધી[1] પરિષહ હોય, માટે સમકાળે એક જીવને ઉત્કૃષ્ટથી ૨૦ પરિષહ હોય છે,[2] અને જઘન્યથી પૂર્વોક્ત ચારમાંના અવિરોધી બે પરિષહ હોય છે.

### ॥ અનુકૂળ અને પ્રતિકૂળ તથા શીત અને ઉષ્ણ પરિષહ ॥

સ્ત્રી પરિષહ, પ્રજ્ઞા પરિષહ અને સત્કાર પરિષહ એ ત્રણ અનુકૂળ[3] પરિષહ છે, અને શેષ પ્રતિકૂળ[4] પરિષહ છે. તથા સ્ત્રી પરિષહ અને સત્કાર પરિષહ એ બે શીતલ[5] પરિષહ છે. અને શેષ ૨૦ ઉષ્ણ[6] પરિષહ છે.

॥ इति २२ परिषह ॥

## દશ યતિ ધર્મ

**खंती मद्दव अज्जव, मुत्ती तव संजमे अ बोधव्वे ।**
**सच्चं सोअं आकिंचणं च बंभं च जइधम्मो ॥२१॥**

---

૧. શીત અને ચર્યા અથવા શીત અને નિષદ્યા, અથવા ઉષ્ણ અને ચર્યા અથવા ઉષ્ણ અને નિષદ્યા એમ ચાર રીતે બે બે અવિરોધી પરિષહ સમકાળે જાણવા
૨. તત્ત્વાર્થમાં સમકાળે ૧૯ પરિષહનો ઉદય કહ્યો છે.
૩. આત્માને શાતા-સુખરૂપે વેદાય, પરંતુ કષ્ટ ન પડે, તે અનુકૂળ પરિષહ.
૪. આત્માને જેમાં અશાતા-દુઃખનો અનુભવ હોય, તે પ્રતિકૂળ પરિષહ.
૫. જીવને શાન્તિ ઉત્પન્ન કરનાર, તે શીતલ પરિષહ.
૬. જીવને અશાન્તિ ઉત્પન્ન કરનાર તે ઉષ્ણ પરિષહ. અહીં પ્રજ્ઞા પરિષહ અનુકૂળ-સુખરૂપ છે, તોપણ બુદ્ધિનો ગર્વ, ચિત્તની અગંભીરતા વડે અશાન્તિરૂપ (અધીરતારૂપ) હોવાથી ઉષ્ણ પરિષહ છે.

### સંસ્કૃત અનુવાદ

**क्षान्तिर्मार्दव आर्जवो, मुक्तिः तपः संयमश्च बोद्धव्यः ।**
**सत्यं शौचमाकिञ्चन्यं च ब्रह्म च यतिधर्मः ॥२९॥**

### અન્વય સહિત પદચ્છેદ

**खंती मद्दव, अज्जव, मुत्ती, तव संजमे सच्चं, सोअं ।**
**आकिंचणं च बंभं च जइधम्मो बोधव्वे ॥२९॥**

### શબ્દાર્થ

खंती = ક્ષમા
मद्दव = નમ્રતા
अज्जव = સરળતા
मुत्ति = નિરાળાપણું
तव = તપશ્ચર્યા
संजमे = સંયમ
बोधव्वे = જાણવા
सच्चं = સત્ય
सोअं = શૌચ-પવિત્રતા
आकिंचणं = અકિંચનપણું
बंभं = બ્રહ્મચર્ય, ગુરુકુળ વાસ
च = અને, તથા, વળી
जइधम्मो = યતિધર્મ, મુનિધર્મ

### ગાથાર્થ:

ક્ષમા, નમ્રતા, સરલતા, નિરાળાપણું, તપશ્ચર્યા, સંયમ, સત્ય, પવિત્રતા, અકિંચનપણું અને બ્રહ્મચર્ય એ યતિધર્મ (મુનિધર્મ) જાણવા. ॥૨૯॥

### વિશેષાર્થ:

૧. खंति (क्षान्ति) એટલે ક્રોધનો અભાવ, તે પહેલો ક્ષમાધર્મ, તે પાંચ પ્રકારે છે. ત્યાં "કોઈએ પોતાનું નુકસાન કર્યા છતાં એ કોઈ વખતે ઉપકારી છે" એમ જાણી સહનશીલતા રાખવી તે उपकार क्षमा." જો હું ક્રોધ કરીશ, તો આ મારૂં નુકસાન કરશે એમ વિચારી ક્ષમા કરવી તે अपकार क्षमा, "જો ક્રોધ કરીશ તો કર્મ બંધ થશે" એમ વિચારી ક્ષમા રાખવી તે विपाक क्षमा. "શાસ્ત્રમાં ક્ષમા રાખવાનું કહ્યું છે, તેથી ક્ષમા રાખવી" તે वचनक्षमा (અથવા प्रवचन क्षमा) અને "આત્માનો ધર્મ ક્ષમા જ છે" એમ વિચારી ક્ષમા રાખવી તે धर्म क्षमा. એ પાંચેય ક્ષમા યથાયોગ્ય આદરવા લાયક છે, પરંતુ ક્રોધ કરવો યુક્ત નથી. એમાં સર્વોત્કૃષ્ટ ક્ષમા ધર્મક્ષમા છે.

૨. मार्दव-નમ્રતા, નિરાભિમાનપણું.

૩. आर्जव-સરળતા, નિષ્કપટપણું.

૪. मुक्ति-નિર્લોભીપણું.

૫. तप-ઇચ્છાનો રોધ કરવો તે તપ, અહીં સંવર તત્ત્વમાં કહ્યો. અને આગળ

નિર્જરા તત્ત્વમાં પણ કહેવાશે, માટે તપથી સંવર અને નિર્જરા બન્ને થાય છે, એમ જાણવું. કારણ કે સમ્યગ્ નિર્જરામાં સંવરધર્મ પણ અંતર્ગત હોય છે જ.

૬. संयम-सं-સમ્યક્ પ્રકારના यम-૫ મહાવ્રત અથવા ૫ અણુવ્રત તે संयम ધર્મ કહેવાય, ત્યાં મુનિનો સંયમધર્મ અહિંસાદિ રૂપ ૫ મહાવ્રત, ૫ ઈન્દ્રિયનિગ્રહ, ૪ કષાયનો જય, અને (મન, વચન, કાયાના અશુભ વ્યાપારરૂપ) ૩ દંડની નિવૃત્તિ એમ ૧૭ પ્રકારનો છે.

૭. सत्य-સત્ય, હિતકારી, માપસર, પ્રિય-ધર્મની પ્રેરણા આપનારાં વાક્યો બોલવાં.

૮. शौच-પવિત્રતા, મન, વચન, કાયા અને આત્માની પવિત્રતા. મુનિઓ બાહ્ય ઉપાધિ રહિત હોવાથી મનથી પવિત્ર હોય છે, વચનથી સમિતિ-ગુપ્તિ જાળવવાને સત્યવચન બોલનારા હોવાથી પવિત્ર હોય છે. તપસ્વી હોવાથી તેઓના શારીરિક મેલો બળી જવાથી તેઓની કાયા પવિત્ર હોય છે. અથવા મળ-મૂત્રાદિ અશુચિઓની યથાયોગ્ય શુદ્ધિ કરનાર હોય છે અને રાગદ્વેષના ત્યાગનું તેઓનું લક્ષ્ય હોવાથી આત્માને પણ પવિત્ર કરતા હોય છે. આમ દ્રવ્યથી અને ભાવથી પવિત્રતા, તે શૌચ.

૯. आकिञ्चन्य-(किञ्चन-કંઈ પણ अ નહિ અર્થાત્) કંઈ પણ પરિગ્રહ ન રાખવો તે અકિંચન ધર્મ, તેમજ મમત્વ પણ ન રાખવું તે અકિંચન ધર્મ છે. (અહીં તદ્ધિતના નિયમથી "અ" નો "આ" થયો છે.)

૧૦. ब्रह्मचर्य-મન-વચન-કાયાથી વૈક્રિયશરીરી(-દેવી) સાથે તથા ઔદારિક શરીરી (-મનુષ્યણી અને તિર્યંચિણી, સાથે મૈથુનનો, (કરવું, કરાવવું અને અનુમોદવું એ ૩ કારણથી) ત્યાગ, તે (૩x૨x૩=) ૧૮ પ્રકારનું બ્રહ્મચર્ય જાણવું, અથવા ગુરુકુળવાસ-એટલે ગુરુની આજ્ઞામાં અને સાધુસમુદાયમાં રહી, તેના નિયમોને અનુસરી જ્ઞાન અને આચાર શીખવાં, તે પણ બ્રહ્મચર્ય કહેવાય છે. એ ૧૦ પ્રકારનો યતિધર્મ કહ્યો.

॥ इति १० यति धर्म ॥

### બાર ભાવના

**पढममणिच्चमसरणं, संसारो एगया य अन्नत्तं ।**
**असुइत्तं आसव संवरो य तह णिज्जरा नवमी ॥३०॥**

### સંસ્કૃત અનુવાદ

**प्रथममनित्यमशरणं, संसार एकता चान्यत्वं ।**
**अशुचित्वमाश्रवः संवरश्च तथा निर्ज्जरा नवमी ॥३०॥**

## શબ્દાર્થ

| | |
|---|---|
| पढमं = પહેલી | असुइत्तं = અશુચિત્વ ભાવના |
| अणिच्चं = અનિત્ય ભાવના | आसव = આશ્રવ ભાવના |
| असरणं = અશરણ ભાવના | संवरो = સંવર ભાવના |
| संसारो = સંસાર ભાવના | य = વળી |
| एगया = એકત્વ ભાવના | तह = તથા |
| य = વળી | णिज्जरा = નિર્જરા ભાવના |
| अन्नत्तं = અન્યત્વભાવના | नवमी = નવમી |

## અન્વય સહિત પદચ્છેદ

**पढमं अणिच्चं असरणं संसारो एगया य अन्नत्तं ।**
**असुइत्तं आसव य संवरो तह नवमी णिज्जरा ॥३०॥**

## ગાથાર્થ:

પહેલો અનિત્ય, અશરણ, સંસાર,એકત્વ, અન્યત્વ, અશુચિત્વ, આશ્રવ, અને સંવર તથા નવમી નિર્જરા ॥૩૦॥

## વિશેષાર્થ:

૧. अनित्य भावना-"લક્ષ્મી, કુટુંબ, યૌવન, શરીર, દશ્ય પદાર્થો એ સર્વ વીજળી સરખા ચપળ-વિનાશવંત છે, આજ છે અને કાલે નથી." ઇત્યાદિ રીતે વસ્તુઓની અસ્થિરતા ચિંતવવી તે.

૨. अशरण भावना-"દુઃખ અને મરણ વખતે કોઈ કોઈનું શરણ નથી." ઇત્યાદિ ચિંતવવું તે.

૩. संसार भावना-"ચાર ગતિરૂપ આ સંસારમાં નિરંતર ભમવું પડે છે. જે અનેક દુઃખોથી ભરેલો છે. સંસારમાં-માતા સ્ત્રી થાય છે, અને સ્ત્રી માતા થાય છે. પિતા પુત્ર થાય છે, પુત્ર મરીને પિતા થાય છે, માટે નાટકના દશ્ય સરખો વિલક્ષણ આ સંસાર સર્વથા ત્યાગ કરવા યોગ્ય છે," ઇત્યાદિ ચિંતવવું તે સંસાર ભાવના.

૪. एकत्व भावना-"આ જીવ એકલો આવ્યો છે. એકલો જવાનો છે અને સુખ-દુઃખાદિ પણ એકલો જ ભોગવે છે, કોઈ સહાયકારી થતું નથી." ઇત્યાદિ ચિંતવવું તે.

૫. अन्यत्व भावना-"ધન, કુટુંબ પરિવાર, તે સર્વ અન્ય છે, પણ તે રૂપ હું નથી, હું આત્મા છું, હું શરીર નથી પરંતુ તે મારાથી અન્ય છે." ઇત્યાદિ ચિંતવવું તે.

૬. अशुचित्व भावना-આ શરીર રસ-રુધિર-માંસ-મેદ-અસ્થિ-મજ્જા-અને શુક્ર; એ અશુચિમય સાત ધાતુનું બનેલું છે. પુરુષના શરીરમાં ૯ દ્વાર, ૨ ચક્ષુ,

૨ કાન, ૨ છિદ્રો (નાકના), ૧ મુખ, ૧ ગુદા, ૧ લિંગથી હંમેશાં અશુચિ વહ્યા કરે છે, અને સ્ત્રીનાં (૨ સ્તન અને ૧ યોનિ દ્વાર) ૧૨ દ્વારથી હમ્મેશાં અશુચિ વહ્યા કરે છે. વળી જેના સંગથી અત્તર, તેલ આદિ સુગંધી પદાર્થો પણ દુર્ગંધરૂપ બને છે, મિષ્ટ આહાર પણ અશુચિરૂપ થાય છે, તેવા આ શરીરની ઉપરથી દેખાતી સુંદર આકૃતિને અવળી કરી દેખીએ તો, મહાત્રાસ ઉપજાવે એવી અતિ બીભત્સ હોય છે." ઇત્યાદિ ચિંતવવું તે.

૭. आश्रव भावना-કર્મને આવવાના ૪૨ માર્ગ પૂર્વે કહ્યા છે. તે મારફત કર્મો નિરંતર આવ્યા જ કરે છે. અને આત્માને નીચો ઉતાર્યે જ જાય છે. આમ ને આમ ચાલ્યા કરે, તો આત્માનો ઉદ્ધાર ક્યારે થાય ?" ઇત્યાદિ ચિંતવવું તે.

૮. संवर भावना-સમિતિ, ગુપ્તિ, પરિષહ, યતિધર્મ, ભાવના અને ચારિત્ર, તે સર્વના ૫૭ ભેદોનું સ્વરૂપ ચિંતવવું, અને તે સંવર તત્ત્વ કર્મો રોકવાનું સારૂં સાધન છે. તે ન હોય તો જીવનો ઉદ્ધાર જ ન થાય, માટે અમુક કર્મો રોકવા અમુક અમુક સંવર આચરૂં તો ઠીક." ઇત્યાદિ ચિંતવવું તે.

૯. निर्जरा भावना-"આગળ કહેવાતા નિર્જ્જરા તત્ત્વનાં ૧૨ તપના ભેદોનું સ્વરૂપ ચિંતવવું, અને અનાદિકાળનાં ગાઢ કર્મોનો નાશ નિર્જ્જરા વિના થઈ શકે તેમ નથી. માટે યથાશક્તિ તેનો આશ્રય લઈશ તો જ કોઈક વખત પણ મારા આત્માનો નિસ્તાર થશે, માટે યથાશક્તિ નિર્જ્જરાનું સેવન કરૂં તો ઠીક." ઇત્યાદિ ચિંતવવું તે.

**लोगसहावो बोही, दुल्लहा[1] धम्मस्स साहगा अरिहा ।**
**एआओ भावणाओ, भावेअव्वा पयत्तेणं ॥३१॥**

**સંસ્કૃત અનુવાદ**

**लोकस्वभावो बोधिर्दुर्लभा धर्मस्य साधका अर्हन्तः ।**
**एता भावना, भावितव्याः प्रयत्नेन ॥३१॥**

**શબ્દાર્થ**

| | |
|---|---|
| लोगसहावो = લોકસ્વભાવ ભાવના | एआओ = એ |
| बोहीदुल्लहा = બોધિદુર્લભ ભાવના | भावणाओ = ભાવનાઓ |
| धम्मस्स = ધર્મના | भावेअव्वा = ભાવવી |
| साहगा = સાધક | पयत्तेणं = પ્રયત્નપૂર્વક |
| अरिहा = અરિહંતો છે. | |

૧. दुल्लहा શબ્દ ૧૧ મી અને ૧૨ મી બન્ને ભાવનામાં સંબંધવાળો છે.

### અન્વય સહિત પદચ્છેદ

**लोगसहावो, बोहीदुल्लहा, धम्मस्स साहगा अरिहा ।**
**एआओ भावणाओ पयत्तेणं भावेअव्वा ॥३१॥**

### ગાથાર્થ:

લોકસ્વભાવ, બોધિ અને ધર્મના સાધક અરિહંતાદિક પણ દુર્લભ છે, એ ભાવનાઓ પ્રયત્નપૂર્વક ભાવવી. ॥૩૧॥

### વિશેષાર્થ:

૧૦. लोकस्वभाव भावना-કેડ ઉપર બે હાથ રાખી, બન્ને પગ પહોળા કરી ઊભા રહેલા પુરુષની આકૃતિ સરખો આ ષડ્દ્રવ્યાત્મક લોક છે. તેમાં અગાઉ કહેલાં છ દ્રવ્યો ભરેલાં છે. અથવા તે છ દ્રવ્યો રૂપજ લોક છે, દરેક દ્રવ્યોમાં અનંતપર્યાયો[1] છે. દ્રવ્યો પોતે સ્થિર છે. અને પર્યાયોની ઉત્પત્તિ અને નાશ થયા જ કરે છે. એટલે દરેક દ્રવ્યોમાં દરેક સમયે ઉત્પત્તિ, નાશ અને સ્થિરતા-ધ્રૌવ્ય[2], એ ત્રણ ધર્મ હોય જ છે. જે સમયે અમુક કોઈ પણ એક પર્યાય ઉત્પન્ન થાય છે, તે જ સમયે અમુક કોઈપણ એક પર્યાય નાશ થયેલો હોય જ છે. અને દ્રવ્ય તો ત્રણેય કાળમાં ધ્રુવ-સ્થિર છે જ. આમ છયે દ્રવ્યોના પરસ્પરના સંબંધથી એકજાતની વિચિત્ર ઊથલપાથલોથી ભરપૂર આ લોકનું-જગતનું અદ્ભુત અને અકલિત સ્વરૂપ વિચારતાં વિચારતાં પણ ખરેખર તન્મય થઈ જવાથી આત્મા રાગ-દ્વેષથી મુક્ત થઈ જાય છે. માટે તેનું અદ્ભુત સ્વરૂપ સ્યાદ્વાદ દૃષ્ટિથી વિચારવું.

"ઊંધા વાળેલા સાંકડા તળિયાના સપાટ કુંડાના આકારનો અધોલોક છે, થાળીના આકારનો તિર્ચ્છાલોક છે. અને મૃદંગના આકારનો ઊર્ધ્વલોક છે. તે લોક દ્રવ્યથી શાશ્વત છે અને પર્યાયથી અશાશ્વત છે." એમ ચિંતવવું તે.

૧૧. बोधिदुर्लभभावना-અનાદિ કાળથી સંસારમાં ચક્રવત્ ભ્રમણ કરતા જીવોને સમ્યક્ત્વાદિ ૩ રત્નની પ્રાપ્તિ મહાદુર્લભ છે. અનંતવાર ચક્રવર્તીપણું આદિ મહાપદવીઓ પ્રાપ્ત થઈ, પરંતુ સમ્યક્ત્વાદિ પ્રાપ્ત ન થયું. વળી અકામ નિર્જરા વડે અનુક્રમે મનુષ્યપણું, નીરોગીપણું, આર્યક્ષેત્ર, અને ધર્મશ્રવણાદિ સામગ્રીઓ પ્રાપ્ત થઈ; તોપણ સમ્યક્ત્વ રત્નની પ્રાપ્તિ ન થઈ, માટે સમ્યક્ત્વ ધર્મની પ્રાપ્તિ અતિદુર્લભ છે." ઇત્યાદિ ચિંતવવું તે બોધિ દુર્લભ ભાવના.

૧૨. धर्मसाधक-अर्हद्आदि-दुर्लभ-ધર્મના સાધક-ઉત્પાદક-ઉપદેશક એવા અરિહંત આદિકની પ્રાપ્તિ મહાદુર્લભ છે. કહ્યું છે કે-

---

૧. વસ્તુના સ્વભાવની પરાવૃત્તિ તે પર્યાય, અથવા પરાવૃત્તિ પામનારો વસ્તુધર્મ તે પર્યાય. ૨. તેની તે એક જ સ્થિતિરૂપ.

**तित्थयर गणहरो केवली व पत्तेयबुद्ध पुव्वधरो ।**
**पंचविहायारधरो, दुल्लभो आयरियओऽवि ॥१॥**

**અર્થ**-તીર્થંકર-ગણધર-કેવલી-પ્રત્યેકબુદ્ધ-પૂર્વધર અને પાંચ પ્રકારના આચારને ધારણ કરનાર આચાર્ય પણ આ લોકમાં પ્રાપ્ત થવા મહાદુર્લભ છે.॥૧॥ ઇત્યાદિ ચિંતવવું તે અર્હદ્‌દુર્લભ ભાવના અથવા ધર્મભાવના કહેવાય.

તથા પાંચ મહાવ્રતની દરેકની પાંચ પાંચ મળી[1] ૨૫ ભાવનાઓ પણ આ ૧૨ ભાવનાઓમાં અંતર્ગત થાય છે. તથા એ ૧૨ ભાવનાઓમાં મૈત્રી-પ્રમોદ-કારુણ્ય[2] અને માધ્યસ્થ એ ચાર ભાવના મેળવતાં ૧૬ ભાવના[3] પણ થાય છે. તેનો વિચાર અન્ય ગ્રંથોથી જાણવો.

## પાંચ ચારિત્ર

**सामाइअत्थ पढमं, छेओवट्ठावणं भवे बीअं ।**
**परिहारविसुद्धिअं, सुहुमं तह संपरायं च ॥३२॥**

### સંસ્કૃત અનુવાદ

**सामायिकमथ प्रथमं छेदोपस्थापन भवेद् द्वितीयम् ।**
**परिहारविशुद्धिकं सूक्ष्म तथा सांपरायिकं च ॥३२॥**

### શબ્દાર્થ

सामाइअ = સામાયિક ચારિત્ર
अत्थ = અથ, હવે
पढमं = પહેલું
छेओवट्ठावणं = છેદોપસ્થાપન
भवे = છે
बीअं = બીજું ચારિત્ર
परिहारविसुद्धिअं = પરિહારવિશુદ્ધિ ચારિત્ર
सुहुमं = સૂક્ષ્મ
तह = તથા, તેમજ
संपरायं = સંપરાય ચારિત્ર
च = વળી

૧. ૨૫ ભાવનાઓનું સ્વરૂપ યોગશાસ્ત્રવૃત્તિ આદિક ગ્રંથોથી જાણવું.

૨. સર્વે જીવો મિત્ર સમાન છે, તે મૈત્રી ભાવના, પરજીવને સુખી દેખી રાજી થવું તે પ્રમોદ ભાવના, દુઃખી જીવો પ્રત્યે અનુકંપા-કરૂણા આણવી તે કારૂણ્ય ભાવના, અને પાપી, અધર્મી જીવો પ્રત્યે ખેદ ન કરવો તેમજ ખુશી પણ ન થવું, તે માધ્યસ્થ ભાવના.

૩. એ બાર ભાવનાઓને ભાવવા માત્રથી ઇતિકર્ત્તવ્યતા (કર્તવ્યની સમાપ્તિ) ન માનવી, પરંતુ જે ભાવના જે આત્મસ્વરૂપવાળી છે, તે સ્વરૂપ પ્રગટ કરવાનો ઉદ્યમ કરી, તે આત્મસ્વરૂપ પ્રગટ કરવું, એ જ ભાવના ભાવવાનો અર્થ-હેતુ છે.

## અન્વય સહિત પદચ્છેદ

**अथ पढमं सामाइयं, बीअं छेओवट्ठावणं भवे,**
**परिहारविसुद्धिअं, तह च सुहुमं संपरायं ॥३२॥**

### ગાથાર્થ:

હવે પહેલું સામાયિક, બીજું છેદોપસ્થાનિક ચારિત્ર, પરિહાર વિશુદ્ધિ તેમજ વળી સૂક્ષ્મ સંપરાય ચારિત્ર છે. ॥૩૨॥

### વિશેષાર્થ:

હવે પાંચ પ્રકારના ચારિત્રનું સ્વરૂપ આ પ્રમાણે છે.

### ૧. સામાયિક ચારિત્ર

सम એટલે જ્ઞાન-દર્શન-ચારિત્રનો आय એટલે લાભ, તે समाय અને વ્યાકરણ નિયમથી (તદ્ધિતનો इक પ્રત્યય લાગતાં) सामायिक શબ્દ થાય છે. અનાદિકાળની આત્માની વિષમ સ્થિતિમાંથી સમ સ્થિતિમાં લાવવાનું સાધન તે સામાયિક ચારિત્ર. આ તેની મુખ્ય વ્યાખ્યા છે. સાવદ્ય યોગોનો ત્યાગ, અને નિરવદ્ય યોગોનું=સંવર-નિર્જરાનું સેવન=આત્મ જાગૃતિ, તે સમસ્થિતિનાં સાધનો છે, તેના ઇત્વરકથિક અને યાવત્કથિક બે ભેદ છે. ભરતાદિ ૧૦ ક્ષેત્રમાં પહેલા અને છેલ્લા જિનેશ્વરના શાસનમાં પ્રથમ લઘુ દીક્ષા અપાય છે, તે તથા શ્રાવકનું શિક્ષાવ્રત નામનું સામાયિક વ્રત, પૌષધ, પ્રતિક્રમણ વગેરે इत्वर कथिक सामायिक चारित्र અને મધ્યના ૨૨ તીર્થંકરના શાસનમાં તથા મહાવિદેહમાં સર્વદા પ્રથમ લઘુ દીક્ષા અને પુનઃ વડી દીક્ષા એમ નથી. પ્રથમથી જ નિરતિચાર ચારિત્રનું પાલન (=વડી દીક્ષા) હોય છે, માટે તે यावत्कथिक सामायिक चारित्र (એટલે યાવજ્જીવ સુધીનું સામાયિક ચારિત્ર) કહેવાય છે. એ બે ચારિત્રમાં ઇત્વરિક સામાયિક ચારિત્ર સાતિચાર અને ઉત્કૃષ્ટ ૬ માસનું છે, અને યાવત્કથિક તે નિરતિચાર (અલ્પ અતિચાર) તથા યાવજ્જીવ સુધીનું ગણાય છે. આ સામાયિક ચારિત્રનો લાભ થયા વિના શેષ ૪ ચારિત્રોનો લાભ થાય નહિ, માટે સર્વથી પ્રથમ સામાયિક ચારિત્ર કહ્યું છે અથવા આગળ કહેવાતાં ચારેય ચારિત્રો ખરી રીતે સામાયિક ચારિત્રના જ વિશેષભેદ રૂપ છે. તોપણ અહીં પ્રાથમિક વિશુદ્ધિને જ સામાયિક ચારિત્ર નામ આપેલું છે.

### ૨. છેદોપસ્થાપનીય ચારિત્ર

પૂર્વ ચારિત્રપર્યાયનો (ચારિત્ર કાળનો) છેદ[1] કરી, પુનઃ મહાવ્રતોનું उपस्थापन-

---

૧. ચારિત્રપર્યાયના છેદનું પ્રયોજન એ છે કે, પૂર્વે પાળેલો દીક્ષા પર્યાય (દીક્ષાકાળ) દોષના દંડરૂપે ગણતરીમાંથી રદ-બાતલ કરવો, એથી નાના-મોટાના વ્યવહારમાં વિષમતા પણ થઈ શકે છે.

આરોપણ કરવું, તે છેદોપસ્થાપન चारित्र. તે બે પ્રકારે છે. ૧ મુનિએ મૂળગુણનો (મહાવ્રતનો) ઘાત કર્યો હોય તો પૂર્વે પાળેલા દીક્ષા પર્યાયનો છેદ કરીને, પુનઃ ચારિત્ર ઉચ્ચરાવવું, તે છેદપ્રાયશ્ચિત્તવાળું सातिचार छेदोपस्थापनीय અને લઘુ દીક્ષાવાળા મુનિને છજ્જીવનિકાય અધ્યયન ભણ્યા બાદ ઉત્કૃષ્ટથી ૬ માસ બાદ વડી દીક્ષા આપવી તે, અથવા એક તીર્થંકરના મુનિને બીજા તીર્થંકરના શાસનમાં પ્રવેશ કરવો હોય ત્યારે પણ તે મુનિને પુનઃ ચારિત્ર ઉચ્ચરાવવું પડે છે, જેમ શ્રી પાર્શ્વનાથ પ્રભુના મુનિઓ ચાર મહાવ્રતવાળું શાસન ત્યજી શ્રી મહાવીરનું પાંચ મહાવ્રતવાળું શાસન અંગીકાર કરે, તે તીર્થસંક્રાન્તિ રૂપ. એમ બે રીતે निरतिचार छेदोपस्थापनीय ચારિત્ર જાણવું. આ છેદોપસ્થાપનીયચારિત્ર ભરતાદિ ૧૦ ક્ષેત્રમાં પહેલા અને છેલ્લા જિનેશ્વરના શાસનમાં હોય છે. પરંતુ મધ્યના ૨૨ તીર્થંકરના શાસનમાં અને મહાવિદેહમાં સર્વથા એ છેદોપસ્થાપનીય ચારિત્ર હોતું નથી.

## ૩. પરિહાર વિશુદ્ધિ ચારિત્ર[1]

परिहार એટલે ત્યાગ. અર્થાત્ ગચ્છના ત્યાગવાળો જે તપ વિશેષ અને તેનાથી થતી ચારિત્રની विशुद्धि=વિશેષ શુદ્ધિ, તે परिहार विशुद्धि ચારિત્ર કહેવાય, તે આ પ્રમાણે-

---

૧. ॥ પરિહાર કલ્પના તપવિધિ વગેરે ॥

ग्रीष्मकाळમાં જઘન્ય ચોથ ભક્ત (૧ ઉપવાસ), મધ્યમ ષષ્ઠભક્ત (૨ ઉપવાસ), અને ઉત્કૃષ્ટ અષ્ટમભક્ત (૩ ઉપવાસ), शिशिरकाळમાં જઘન્ય ષષ્ઠભક્ત, મધ્યમ અષ્ટમભક્ત, અને ઉત્કૃષ્ટ દશમભક્ત (૪ ઉપવાસ), તથા वर्षाकाळમાં જઘન્ય અષ્ટમભક્ત, મધ્યમ દશમભક્ત અને ઉત્કૃષ્ટ દ્વાદશભક્ત (૫ ઉપવાસ) એ પ્રમાણે ચાર પરિહારી સાધુઓની તપશ્ચર્યા જાણવી, અને અનુપરિહારી તથા વાચનાચાર્ય તો તપપ્રવેશ સિવાયના કાળમાં સર્વદા આચામ્લ (આયંબિલ) કરે છે, અને તપઃપ્રવેશ વખતે પૂર્વોક્ત તપશ્ચર્યા કરે છે.

આ પરિહાર કલ્પ ૧૮ માસે સમાપ્ત થયા બાદ તે મુનિઓ પુનઃ એ જ પરિહાર કલ્પ આદરે, અથવા જિનકલ્પી થાય (એટલે જિનેન્દ્ર ભગવંતને અનુસરતી ઉત્સર્ગ માર્ગની ઉત્કૃષ્ટ ક્રિયાવાળો કલ્પ તે જિનકલ્પ અંગીકાર કરે) અથવા સ્થવિર કલ્પમાં (અપવાદ માર્ગની સામાચારીવાળા ગચ્છમાં) પ્રવેશ કરે. આ કલ્પ અંગીકાર કરનાર પ્રથમ સંઘયણી, પૂર્વધર લબ્ધિવાળા, એવા નપુંસકવેદી અથવા પુરુષવેદી (પણ સ્ત્રી વેદી નહિ એવા) મુનિ હોય છે. આ મુનિઓ આંખમાં પડેલું તૃણ પણ બહાર કાઢે નહિ, અપવાદ માર્ગ આદરે નહિ, ત્રીજા પ્રહરે ભિક્ષાટન કરે, ભિક્ષા સિવાયના કાળમાં કાયોત્સર્ગમાં રહે, કોઈને દીક્ષા આપે નહિ પરંતુ ઉપદેશ આપે, નવા સિદ્ધાન્ત ન ભણે પણ પ્રથમના ભણેલાનું સ્મરણ કરે, ઇત્યાદિ વિશેષ સામાચારી ગ્રન્થાન્તરથી જાણવી. આ ચારિત્રની વિશુદ્ધિ પ્રથમનાં બે ચારિત્રની વિશુદ્ધિથી અધિક જાણવી, અને પૂર્વોક્ત બે ચારિત્રના અધ્યવસાયોથી ઉપર આ ચારિત્રના અધ્યવસાયો (આત્માનાં વિશુદ્ધ પરિણામો) અસંખ્ય લોકના પ્રદેશપ્રમાણ ભિન્ન તથા અનુક્રમે અધિક અધિક વિશુદ્ધ જાણવા.

સ્થવિરકલ્પી મુનિઓના ગચ્છમાંથી ગુરુની આજ્ઞા પામી ૯ સાધુ ગચ્છ બહાર નીકળી, કેવલિ ભગવાન પાસે જઈને, અથવા શ્રી ગણધરાદિ પાસે, અથવા પૂર્વે પરિહાર કલ્પ અંગીકાર કર્યો હોય તેવા સાધુ પાસે જઈ પરિહાર કલ્પ અંગીકાર કરે. તેમાં ચાર સાધુ परिहारक થાય એટલે ૬ માસ તપ કરે, બીજા ચાર સાધુ તે ચાર તપસ્વીની વૈયાવચ્ચ કરનારા થાય, અને એક સાધુ વાચનાચાર્ય ગુરુ થાય, તે પરિહારક ચાર મુનિનો ૬ માસે તપ જ્યારે પૂર્ણ થાય ત્યારે વૈયાવચ્ચ કરનારા ચાર મુનિ ૬ માસ સુધી તપ કરે, પૂર્ણ થયેલી તપસ્યાવાળા ચાર મુનિ વૈયાવચ્ચ કરનારા થાય. એ પ્રમાણે બીજો ૬ માસનો તપ પૂર્ણ થયે પુનઃ વાચનાચાર્ય પોતે ૬ માસનો તપ કરે. અને જઘન્યથી ૧ તથા ઉત્કૃષ્ટથી ૭ સાધુ વૈયાવચ્ચ કરનાર થાય, અને ૧ વાચનાચાર્ય થાય. એ પ્રમાણે ૧૮ માસે પરિહાર કલ્પનો તપ પૂર્ણ થાય છે.

**॥ પરિહાર કલ્પી મુનિઓની સંજ્ઞા ॥**

આ કલ્પમાં તપશ્ચર્યા કરનાર મુનિઓ તપશ્ચર્યા કરતાં સુધી ૬ માસ પર્યન્ત परिहारी અથવા निर्विशमानक કહેવાય, અને તપશ્ચર્યા કરી રહ્યા બાદ निर्विष्टकायिक કહેવાય, તથા વૈયાવચ્ચ કરનાર મુનિઓ अनुपरिहारी કહેવાય, અને ગુરુ તરીકે સ્થાપેલા મુનિ वाचनाचार्य કહેવાય જેથી એક મુનિને ઉત્કૃષ્ટ એ ચારેય સંજ્ઞા પણ (જુદા જુદા કાળે હોય છે.)

## ૪. સૂક્ષ્મ સંપરાય ચારિત્ર

સૂક્ષ્મ एटले એટલે કિટ્ટિરૂપ[૧] (ચૂર્ણ રૂપ) થયેલ જે અતિ જઘન્ય संपराय એટલે લોભ કષાય, તેના ક્ષયરૂપ જે ચારિત્ર તે सूक्ष्मसंपराय चारित्र કહેવાય. ક્રોધ, માન અને માયા એ ત્રણ કષાય ક્ષય થયા બાદ અર્થાત્ ૨૮ મોહનીયમાંથી સંજ્વલન લોભ વિના ૨૭ મોહનીય ક્ષય થયા બાદ અને સંજ્વલન લોભમાં પણ બાદર સંજ્વલન લોભનો ઉદય વિનાશ પામ્યા બાદ જ્યારે કેવળ એક સૂક્ષ્મ લોભનો જ ઉદય વર્તે છે, ત્યારે ૧૦ મા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનમાં વર્તતા જીવને સૂક્ષ્મ સંપરાય ચારિત્ર કહેવાય છે. એ ચારિત્રના બે ભેદ છે, ત્યાં ઉપશમ શ્રેણિથી પડતા જીવને ૧૦મા ગુણસ્થાને પતિત દશાના અધ્યવસાય હોવાથી संक्लिश्यमान सूक्ष्मसंपराय, અને ઉપશમ શ્રેણિએ ચઢતા તથા ક્ષપક શ્રેણિએ ચઢતા જીવને ૧૦મા ગુણસ્થાનકે વિશુદ્ધ-ચઢતી દશાના અધ્યવસાય હોવાથી विशुध्यमान सूक्ष्म संपरायચારિત્ર હોય છે.

**तत्तो अ अहक्खायं, खायं सव्वंमि जीवलोगंमि ।**
**जं चरिऊण सुविहिया, वच्चंति अयरामरं ठाणं ॥३३॥**

---

૧. કિટ્ટિ કરવાનો વિધિ ગ્રન્થાતરથી જાણવો.

### સંસ્કૃત અનુવાદ

**ततश्च यथाख्यातं, ख्यातं सर्वस्मिन् जीवलोके ।**
**यच्चरित्वा सुविहिता गच्छन्त्यजरामरं स्थानम् ॥३३॥**

### શબ્દાર્થ

तत्तो = ત્યારબાદ
अ = વળી
अहक्खायं = યથાખ્યાત ચારિત્ર
खायं = પ્રખ્યાત
सव्वंमि = સર્વ
जीवलोगंमि = જીવલોકમાં, જગતમાં
जं = જે (યથાખ્યાત ચારિત્ર)ને
चरिऊण = આચરીને
सुविहिया = સુવિહિત જીવો
वच्चन्ति = પામે છે, જાય છે
अयरामरं = અજરામર, મોક્ષ
ठाणं = સ્થાનને

### અન્વય સહિત પદચ્છેદ

**अ तत्तो अहक्खायं, सव्वंमि जीवलोगम्मि खायं ।**
**जं चरिऊण सुविहिया, अयरामरं ठाणं वच्चंति ॥३३॥**

### ગાથાર્થ:

અને તે પછી યથાખ્યાત-એટલે સર્વ જીવ લોકમાં ખ્યાત એટલે પ્રસિદ્ધ ચારિત્ર છે, જેને આચરીને સુવિહિતો મોક્ષ તરફ જાય છે.

### ૫. યથાખ્યાત ચારિત્ર

यथाख्यात-અથવા अथ ख्यात, यथा=જેવું (જૈન શાસ્ત્રમાં અર્હત્ ભગવંતોએ) ख्यात-કહ્યું છે. તેવું સંપૂર્ણ ચારિત્ર, તે यथाख्यात चारित्र અથવા अथ=સર્વ જીવ લોકમાં ख्यात=પ્રસિદ્ધ=તરત મોક્ષ આપનારૂં હોવાથી મોક્ષના ખાસ કારણ તરીકે પ્રસિદ્ધ=अथ ख्यात.

તે ૪ પ્રકારનું છે. ઉપશાન્ત યથાખ્યાત, ક્ષાયિક યથાખ્યાત, છાદ્મસ્થિક યથાખ્યાત, કૈવલિક યથાખ્યાત.

૧. ૧૧ મે ગુણસ્થાનકે મોહનીય કર્મ સત્તામાં હોય છે, પણ તદ્દન શાન્ત હોવાથી તેનો ઉદય નથી હોતો, તે વખતનું ચારિત્ર તે ઉપશાન્ત યથાખ્યાત.

૨. ૧૨-૧૩-૧૪ ગુણસ્થાનકે મોહનીયનો મૂળથી જ તદ્દન ક્ષય થવાથી જે ક્ષાયિક ભાવનું ચારિત્ર થાય છે, તે ક્ષાયિક યથાખ્યાત.

૩. અગિયારમે અને બારમે ગુણસ્થાનકે એ બન્ને પ્રકારનું ચારિત્ર છાદ્મસ્થિક યથાખ્યાત ચારિત્ર કહેવાય છે.

૪. અને કેવળજ્ઞાનીને તેરમે, ચૌદમે ગુણસ્થાનકે ક્ષાયિક ભાવનું ચારિત્ર કૈવલિક યથાખ્યાત ચારિત્ર કહેવાય છે.

## ૧. ચારિત્રો વિષે

આ યથાખ્યાત ચારિત્રથી જ મોક્ષ[1] પ્રાપ્તિ હોય છે માટે ગાથામાં "સર્વ જીવલોકમાં પ્રસિદ્ધ તથા જેને આચરીને સુવિહિત સાધુઓ મોક્ષપદ પામે છે" એમ એ ચારિત્રનો મહિમા વર્ણવ્યો છે.

## ॥ સંવર તત્ત્વનો સાર ॥

અહીં કર્મ=પૂર્વબદ્ધ-બધ્યમાન-અને બંધનીય એમ ૩ પ્રકારનાં છે, તેમાં ભૂતકાળમાં જે બંધાઈ ચૂક્યાં છે તે પૂર્વબદ્ધ, વર્તમાન સમયે જે બંધાય છે, તે बध्यमान અને હવે પછી જે ભવિષ્યકાળમાં બંધાશે તે बन्धनीय કહેવાય. એ પ્રમાણે ત્રણ કાળના ભેદ વડે ૩ પ્રકારનાં કર્મોમાંથી યમ[2] નિયમો (વ્રત-પ્રત્યાખ્યાનો) બધ્યમાન કર્મનો સંવર એટલે રોધ કરે છે, માટે સંવરતત્ત્વનો મૂખ્ય વિષય અભિનવ કર્મનો રોધ કરનાર યમ-નિયમો (વ્રત-પ્રત્યાખ્યાનો) છે, તે કારણથી આ સંવર તત્ત્વમાં યમ-નિયમોના સ્વરૂપવાળા જ (૫૭) ભેદ કહ્યા છે. (અને પૂર્વબદ્ધ કર્મનો નાશ કરનાર તપશ્ચર્યા છે, તે નિર્જ્જરાતત્ત્વમાં ગણાશે.) તથા આ સંવર અને નિર્જ્જરાને પણ સંબંધ છે, કારણ કે સંવરધર્મીને ગૌણપણે સકામ નિર્જ્જરા પણ અવશ્ય હોય છે.

આ સંવરતત્ત્વમાં ૫ ચારિત્ર કહ્યાં છે, પરંતુ છઠ્ઠું દેશવિરતિ चारित्र અતિ અલ્પ સંવર ધર્મવાળું હોવાથી કહ્યું નથી, તેમજ માર્ગણાભેદોમાં કહેવાતું સાતમું अविरतिचारित्र વાસ્તવિક રીતે ચારિત્રરૂપ નથી. તેમજ અલ્પ સંવરધર્મવાળું પણ નથી, માટે આ સંવર તત્ત્વમાં ગણવા યોગ્ય નથી.

---

૧. ખરી રીતે સામાયિક એક જ ચારિત્ર છે, પરંતુ તેની જુદી જુદી અવસ્થાઓને લીધે તેનાં જ જુદાં જુદાં નામો છે. પૂર્વ પર્યાયનો છેદ, અને નવા પર્યાયનું ઉપસ્થાન કરવાથી જે સામાયિક ચારિત્ર, તેનું નામ છેદોપસ્થાપનીય સામાયિક ચારિત્ર છે. પરિહાર કલ્પ કરવાથી જે વિશુદ્ધિ થાય તેનું નામ પરિહાર વિશુદ્ધિ સામાયિક ચારિત્ર છે. માત્ર સૂક્ષ્મ જ સંપરાય-કષાય ઉદયમાં હોય તે વખતે જે જાતનું સામાયિક ચારિત્ર તે જ સૂક્ષ્મ સંપરાય=સામાયિક ચારિત્ર. પછી કોઈપણ પ્રકારના અટકાવ વગરનું શુદ્ધ કુંદન જેવું યથાર્થ=ખરેખરૂં=યથાખ્યાત=પ્રસિદ્ધ સામાયિક ચારિત્ર તે યથાખ્યાત સામાયિક ચારિત્ર, ચાર ભેદો જુદા જુદા ગણાવવાથી મુનિઓની લઘુ દીક્ષાને અને શ્રાવકના સામાયિક વ્રતના સામાયિક વગેરેને ઇત્વરકથિક સામાયિક નામ આપ્યું છે, અને મધ્યમ તીર્થંકરો તથા મહાવિદેહમાં લઘુ તથા વડી દીક્ષાનો ભેદ ન હોવાથી પ્રથમથી જ જિંદગી સુધીનું સામાયિક ચારિત્ર, તે યાવત્કથિક સામાયિક ચારિત્ર છે.

૨. અહિંસા-સત્ય-અસ્તેય-બ્રહ્મચર્ય-અને અપરિગ્રહ એ પંચમહાવ્રતો (અથવા ૫ અણુવ્રતો) તે यम અને એ પંચમહાવ્રતોના (તથા ૫ અણુવ્રતોના પોષક તથા રક્ષક જે વિશેષ નિયમો-અભિગ્રહો તે नियम.)

## ॥ સંવર તત્ત્વ જાણવાનો ઉદ્દેશ ॥

સંવર તત્ત્વના ૫૭ ભેદનું સ્વરૂપ જાણીને આત્મા વિચાર કરે કે, જે કર્મના સંબંધથી આત્મા સંસારભ્રમણ કરે છે, અને આત્મા-સ્વરૂપથી ભ્રષ્ટ થાય છે, તે ભાવી કર્મનો બંધ-રોધ, એ જ સંવર તત્ત્વ છે, માટે તે સંવર તત્ત્વ મારા આત્માનું સ્વરૂપ હોવાથી આદરવા યોગ્ય છે, એમ વિચારી અવિરતિ ગૃહસ્થ હોય, તો સ્થૂલ અહિંસા આદિ અણુવ્રતોરૂપ, તથા પૌષધ આદિ વ્રત-પ્રત્યાખ્યાન રૂપ, દેશવિરતિ અંગીકાર કરે, અને દેશવિરત ગૃહસ્થ હોય તો સંસારસમુદ્રમાં મહાપ્રવહણ સમાન સર્વવિરતિ ચારિત્ર અંગીકાર કરે, એ જ સંવરના ૫૭ ભેદોનું યથાસંભવ પરિપાલન છે. દેશવિરતિ આદરવાથી ૫૭માંના કેટલાક ભેદોનું યથાસંભવ દેશથી ઉપાદેયપણું થાય છે, અને સર્વવિરતિ અંગીકાર કરવાથી સર્વે ૫૭ ભેદોનું પ્રથમ દેશથી, અને અન્તે સર્વથી[1] (સંપૂર્ણ) ઉપાદેયપણું થાય છે. એ પ્રમાણે આત્મસ્વરૂપની સન્મુખ થયેલો આત્મા સંવર તત્ત્વને યથાસંભવ દેશથી અથવા સર્વથી ઉપાદેય સ્વરૂપે પ્રાપ્ત કરે, તો તે આત્મા અનુક્રમે પોતાના સર્વસંવરરૂપ[2] આત્મધર્મ પ્રકટ કરી, અન્તે મોક્ષતત્ત્વ પણ પ્રાપ્ત કરે. એ જ આ સંવરતત્ત્વ જાણવાનો મુખ્ય ઉદ્દેશ છે.[3]

॥ इति ६ संवरतत्त्व ॥

---

૧. દેશ એટલે અલ્પ અંશે વિરતિ એટલે વ્રત-નિયમવાળું ચારિત્ર તે દેશવિરતિ ચારિત્ર કહેવાય. એનું બીજું નામ संयमासंयम એટલે કંઈક અંશે સંયમચારિત્ર છે, અને કંઈક અંશે અસંયમ-અચારિત્ર છે. કારણ કે આ ચારિત્ર ૫ અણુવ્રત-લઘુવ્રત રૂપ છે. અને સામાયિકાદિ ૫ ચારિત્રો ૫ મહાવ્રત રૂપ છે. માટે તે સામાયિક આદિ ચારિત્રની અપેક્ષાએ અત્યંત લઘુ હોવાથી દેશવિરતિ ચારિત્ર સંપૂર્ણ ચારિત્ર રૂપ નથી. આ દેશવિરતિ ચારિત્ર ગૃહસ્થોને-શ્રાવકોને જઘન્યથી ૧ વ્રત અને ઉત્કૃષ્ટથી ૧૨ વ્રત અંગીકાર કરનારને હોય છે. એમાં સ્થાવર-એકેન્દ્રિય જીવોની હિંસાનો ત્યાગ નહિ પણ યતના હોય છે. અને ત્રસજીવોની હિંસાનો તો પ્રાયઃ અનુમતિ સિવાય સર્વથા ત્યાગ હોય છે.

૨. જેમાં સર્વથા વ્રતનિયમનો અભાવ તે અવિરતિ ચારિત્ર, અથવા વ્રત નિયમ આદિનો સદ્‌ભાવ હોય, પરંતુ સમ્યક્ શ્રદ્ધા રહિત (મિથ્યાત્વ યુક્ત) હોય તોપણ અવિરતિ-ચારિત્ર કહેવાય. એમાં પહેલા અર્થવાળા અવિરતપણાને ચારિત્ર શબ્દ જોડવાનું કારણ એ કે માર્ગણાભેદોમાં ચારિત્ર માર્ગણાને વિષે સર્વ સંસારી જીવોનો સમાવેશ કરવાનો છે. અને બીજા અર્થવાળી અવિરતિમાં તો દ્રવ્ય ચારિત્ર અથવા બાહ્ય ચારિત્ર રૂપ ક્રિયા સ્પષ્ટ દેખાય છે, તે કારણથી ચારિત્ર શબ્દ જોડી શકાય છે.

૩. દેશવિરતિમાં ગૃહસ્થને પણ અનેક આરંભ હોવાથી તથા ધર્મધ્યાનની ગૌણતા

## ॥ अथ सप्तमं निर्ज्जरातत्त्वम् ॥

## बन्धतत्त्वं च

### નિર્જરાતત્ત્વના અને બન્ધતત્ત્વના ભેદો

**बारसविहं तवो णिज्जरा य, बंधो चउविगप्पो अ ।**
**पयइ ट्ठिइ-अणुभाग-प्पएसभेएहिं नायव्वो ॥३४॥**

### સંસ્કૃત અનુવાદ

**द्वादशविधं तपो निर्ज्जरा च, बन्धश्चतुर्विकल्पश्च**
**प्रकृतिस्थित्यनुभागप्रदेशभेदैर्ज्ञातव्यः ॥३४॥**

### શબ્દાર્થ

बारसविहं = બાર પ્રકારનો
तवो = તપ
णिज्जरा = નિર્જરાતત્ત્વ છે
य = વળી
बंधो = બન્ધતત્ત્વ
चउविगप्पो = ચાર પ્રકારનો છે

पयइ = પ્રકૃતિબન્ધ
ट्ठिइ = સ્થિતિબન્ધ
अणुभाग = અનુભાગ (રસ) બન્ધ
प्पएस = પ્રદેશબન્ધ
भेएहिं= એ (ચાર) ભેદે-ચાર પ્રકારે
नायव्वो = જાણવો

### અન્વય સહિત પદચ્છેદ

**बारस-विहं तवो णिज्जरा य, पयइ ट्ठिइ अणुभाग प्पएस**
**भेएहिं बंधो चउ विगप्पो नायव्वो ॥३४॥**

### ગાથાર્થ:

બાર પ્રકારનો તપ (સંવર અને) નિર્જરા છે. અને પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ ભેદે કરીને બંધ ચાર પ્રકારે જાણવો. ॥૩૪॥

### વિશેષાર્થ:

આ ગાથામાં बारसविहं तवो णिज्जरा य, એટલા વાક્ય વડે નિર્જરાતત્ત્વ કહ્યું

---

હોવાથી (ગૃહસ્થને) સંવરધર્મની મુખ્યતા નથી.

સંવરધર્મના અધિકારી તે મુખ્યત્વે પરમપૂજ્ય મુનિ મહાત્માઓ જ હોઈ શકે, તોપણ આ ગ્રન્થમાં વિશેષ સ્પષ્ટતા માટે ગૃહસ્થને પણ ગૌણ સંવર ભાવ દર્શાવ્યો છે.

ગુણસ્થાનકોના ચડતા ક્રમ પ્રમાણે સંવર વધવાથી પ્રકૃતિઓનો કર્મબંધ ઓછો ઓછો થતો જાય છે. છેવટે સંવરની સંપૂર્ણતા થતાં ૧૪મા ગુણસ્થાનકમાં તદ્દન કર્મબંધનનો અભાવ થાય છે, તે ઉપરથી ગુણસ્થાનકવાર સંવર અને આશ્રવ કેટલો હોય તે તારવી શકાય તેમ છે.

છે, અને શેષ વાક્ય વડે બંધતત્ત્વ કહ્યું છે. ત્યાં નિર્જરા-દ્રવ્યથી અને ભાવથી એમ બે પ્રકારની છે. કર્મ પુદ્‌ગલાને આત્મપ્રદેશમાંથી ખેરવવાં તે द्रव्यनिर्ज्जरा અને જેનાથી તે કર્મ પુદ્‌ગલો ખરે-નિર્જરે તેવા આત્માના તપશ્ચર્યાદિવાળા શુદ્ધ પરિણામ તે भावनिर्ज्जरा કહેવાય. અથવા અકામ નિર્જરા અને સકામ નિર્જરાનો અર્થ પણ પહેલી ગાથાના અર્થમાં લખ્યો છે, ત્યાંથી જાણવો. ૧૨ પ્રકારના તપનું સ્વરૂપ આગળની ગાથાઓમાં કહેવાશે. શ્રીતત્ત્વાર્થસૂત્રમાં પણ પૂજ્ય શ્રી ઉમાસ્વાતિ વાચકવરે तपसा निर्ज्जरा च એ સૂત્ર વડે તપથી નિર્જરા કહી છે. વળી તપશ્ચર્યાથી નિકાચિત[1] કર્મોનો પણ ક્ષય કહ્યો છે, તપથી નિર્જરા અને च થી સંવર પણ થાય છે.

હવે ગાથાના પૂર્વાર્ધમાં કહેલા बंधो એ શબ્દથી પ્રારંભીને બન્ધતત્ત્વના ૪ ભેદ કહ્યા છે. ત્યાં ક્ષીરનીરવત્ અથવા અગ્નિ અને લોહગોલકવત્ આત્માનો અને કર્મને યોગ્ય કાર્મણ વર્ગણાનો પરસ્પર સંબંધ તે बंध કહેવાય. તેના ચાર ભેદનું સ્વરૂપ ૩૭મી ગાથામાં આવશે.

### છ પ્રકારનો બાહ્ય તપ

**अणसणमूणोअरिया, वित्तीसंखेवणं रसच्चाओ ।**
**कायकिलेसो संली-णया य बज्झो तवो होइ ।।३५।।**

### સંસ્કૃત અનુવાદ

**अनशनमूनौदरिका-वृत्तिसंक्षेपणं रसत्यागः ।**
**कायक्लेशः संलीनता च बाह्यं तपो भवति ।।३५।।**

### શબ્દાર્થ

अणसणं = અનશન તપ
उणोअरिया = ઊનૌદરિકા તપ
वित्तीसंखेवणं = વૃત્તિસંક્ષેપ તપ
रसच्चाओ = રસત્યાગ તપ
कायकिलेसो = કાયક્લેશ તપ
संलीणया = સંલીનતાતપ
य = અને
बज्झो = બાહ્ય
तवो = તપ
होइ = છે

૧. નિકાચિત કર્મ એટલે અતિ ગાઢ રસથી બંધાયેલ કર્મ, તે પણ अल्पनिकाचित અને सुनिकाचित (અતિશય ગાઢ સંબંધવાળું એમ) બે પ્રકારે છે. એમાં તપશ્ચર્યાથી અમુક હદ સુધીનાં અલ્પનિકાચિત કર્મો ક્ષય થાય છે, અને અમુક હદ સુધીનાં સુનિકાચિત કર્મો અવશ્ય વિપાકોદયથી-રસોદયથી ભોગવવાં પડે છે. શ્રી અધ્યાત્મપરીક્ષાદિ ગ્રંથોમાં નિકાચિતકર્મોનો ક્ષય કરનારી અપૂર્વકરણાદિ અધ્યવસાયવાળી ભાવ તપશ્ચર્યા કહી છે. તે પણ અલ્પનિકાચિતકર્મોની અપેક્ષાએ જાણવી.

## અન્વય સહિત પદચ્છેદ

**अणसणं, ऊणोअरिया, वित्ती-संखेवणं, रस-च्चाओ ।**
**काय-किलेसो य संलीणया बज्झो तवो होइ ॥३५॥**

### ગાથાર્થઃ

અનશન, ઊનૌદરિકા, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ અને સંલીનતા બાહ્ય તપ છે. ॥૩૫॥

### વિશેષાર્થઃ

૧. अनशन तप, अन् એટલે નહિ, अशन એટલે આહાર. અર્થાત્-સિદ્ધાન્ત વિધિએ આહારનો ત્યાગ કરવો, તે अनशन[1] તપ કહેવાય, પરંતુ, વ્રત પ્રત્યાખ્યાનની અપેક્ષા રહિત ભૂખ્યા રહેવા માત્રથી અનશન તપ થતો નથી. એ તો લંઘન માત્ર કહેવાય છે.

૨. ऊनौदरिका तप-ऊन એટલે ન્યૂન औदरिका-ઉદરપૂર્ત્તિ કરવી તે. અહીં ઉપકરણની ન્યૂનતા કરવી, અને ક્ષુધા કરતાં ન્યૂન આહાર કરવો તે द्रव्य ऊनौदरिका તથા રાગ વગેરે અલ્પ કરવા તે भाव ऊनौदरिका. આ તપમાં પુરુષનો આહાર ૩૨ કવલ અને સ્ત્રીનો આહાર ૨૮ કવલ પ્રમાણે ગણીને યથાયોગ્ય પુરુષની ઊનૌદરિકા ૯-૧૨-૧૬-૨૪-અને ૩૧ કવલ ભક્ષણ=થી પાંચ પ્રકારે છે, અને સ્ત્રીની-ઉનૌદરિકા ૪-૮-૧૨-૨૦-૨૭ કવલ ભક્ષણ વડે પાંચ પ્રકારે છે.

૩. वृत्तिसंक्षेप-દ્રવ્યાદિક ચાર ભેદે મનોવૃત્તિનો સંક્ષેપ, અર્થાત્ દ્રવ્યથી[2], ક્ષેત્રથી, કાળથી અને ભાવથી ભિક્ષા વગેરેના અભિગ્રહ ધારણ કરવા તે.

૪. रसत्याग तप-રસ એટલે દૂધ-દહીં-ઘી-તેલ-ગોળ-અને તળેલી વસ્તુ એ ૬ લઘુવિગઈ, તથા મદિરા-માંસ-માખણ-અને મધ એ ચાર મહાવિગઈ, ત્યાં મહાવિગઈનો સર્વથા ત્યાગ અને લઘુવિગઈનો દ્રવ્યાદિ ચાર ભેદે યથાયોગ્ય ત્યાગ કરવો, તે રસત્યાગ કહેવાય.

---

૧. તેના બે ભેદ છે : ૧. યાવજ્જીવ, અને ૨. ઇત્વરિક. ત્યાં પાદપોપગમ અને ભક્તપ્રત્યાખ્યાન એ બે અનશન મરણ પર્યંત સંલેખનાપૂર્વક કરાય છે, તેના પણ નિહારિમ અને અનિહારિમ એવા બે બે ભેદ છે. ત્યાં અનશન અંગીકાર કર્યા પછી શરીરને નિયત-સ્થાનથી બહાર કાઢવું તે નિહારિમ, અને તે જ સ્થાનકે રહેવું તે અનિહારિમ. એ ચારેય ભેદ यावज्जीव અનશનના છે, અને इत्वरिक अनशन સર્વથી અને દેશથી એમ બે પ્રકારે છે. ત્યાં ચારે પ્રકારના આહારના ત્યાગવાળો (ચઉવિહાર) ઉપવાસ-છટ્ઠ અટ્ઠમ આદિ સર્વથી કહેવાય. અને નમુક્કારસહિયં, પોરિસી આદિ દેશથી કહેવાય.

૨. દ્રવ્યથી-અમુક વસ્તુનો, ક્ષેત્રથી-અમુક સ્થાનનો, કાળથી અમુક કાળે, અને ભાવથી-રાગદ્વેષ રહિતપણે જે (મનોવૃત્તિઓ પાછી હઠાવવા રૂપ) વૃત્તિ સંક્ષેપ તે, દ્રવ્યાદિકથી ૪ પ્રકારનો કહેવાય.

૫. कायक्लेश तप-વીરાસન આદિ આસનોથી (બેસવાની વિધિઓથી) બેસવું, કાયોત્સર્ગ કરવો, અને કેશનો લોચ કરવો ઇત્યાદિ કાયક્લેશ તપ છે.

૬. संलीनता तप-સંલીનતા એટલે સંવરવું, સંકોચવું, ત્યાં અશુભ માર્ગે પ્રવર્તતી ઇન્દ્રિયો સંવરવી એટલે પાછી હઠાવવી તે इन्द्रिय संलीनता, કષાયો રોકવા તે कषाय संलीनता, અશુભ યોગથી નિવર્તવું તે योग संलीनता, અને સ્ત્રી, પશુ, નપુંસકના સંસર્ગવાળા સ્થાનનો ત્યાગ કરી સારા સ્થાનમાં રહેવું તે विविक्तचर्या संलीनता કહેવાય. એ ૪ પ્રકારનો સંલીનતા તપ જાણવો.

એ પ્રમાણે ૬ પ્રકારનો બાહ્ય તપ છે, કે જે તપ મિથ્યાદષ્ટિઓ પણ કરે છે, લોક પણ જે દેખી તપસ્વી કહે છે, અને બાહ્ય દેખાવવાળો છે, તથા શરીરને તપાવે છે, માટે એ ૬ પ્રકારનો બાહ્યતપ કહેવાય છે.

### ૬ પ્રકારનો અભ્યન્તર તપ

**पायच्छित्तं विणओ, वेयावच्चं तहेव सज्झाओ ।**
**झाणं उस्सग्गो ऽ वि अ, अब्भितरओ तवो होइ ॥३६॥**

### સંસ્કૃત અનુવાદ

**प्रायश्चित्तं विनयो, वैयावृत्त्यं तथैव स्वाध्यायः ।**
**ध्यानं कायोत्सर्गो ऽ पि चाभ्यन्तरं तपो भवति ॥३६॥**

### શબ્દાર્થ

पायच्छित्तं = પ્રાયશ્ચિત્ત તપ
विणओ = વિનય તપ
वेयावच्चं = વૈયાવૃત્ત્ય તપ
तहेव = તેમજ
सज्झाओ = સ્વાધ્યાય તપ
ज्झाणं = ધ્યાન તપ
उस्सग्गो = કાયોત્સર્ગ તપ
अवि = પણ
अ = અને
अब्भितरओ = અભ્યન્તર
तवो = તપ
होइ = છે

### અન્વય સહિત પદચ્છેદ

ગાથાવત્-પરંતુ अ उस्सग्गो अवि-इति

### ગાથાર્થ:

પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ત્ય તેમજ સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ પણ અભ્યન્તર તપ છે. ॥૩૬॥

### વિશેષાર્થ:

હવે ૬ પ્રકારનો અભ્યન્તર તપ કહીએ છીએ, જે તપ લોકો બાહ્ય દૃષ્ટિથી જાણી શકતા નથી, જે તપથી લોકો તપ કરનારને તપસ્વી કહેતા નથી, જેનાથી બાહ્ય શરીર તપતું નથી, પરંતુ અભ્યન્તર આત્માને અને મનને તપાવે છે અને વિશેષતઃ જે તપ અંતરંગ પ્રવૃત્તિવાળો હોય છે, તેવા પ્રાયશ્ચિત્ત આદિકને અભ્યન્તર તપ કહ્યો છે. તેનું સ્વરૂપ આ પ્રમાણે-

**॥ १. प्रायश्चित्त तप दश प्रकारनो ॥**

થયેલા અપરાધની શુદ્ધિ કરવી તે प्रायश्चित्त तप ના ૧૦ ભેદ આ પ્રમાણે-

૧. आलोचना प्रायश्चित्त-કરેલા પાપનો ગુરુ આદિ સમક્ષ પ્રકાશ કરવો તે.

૨. प्रतिक्रमण प्रायश्चित्त-થયેલું પાપ પુનઃ નહિ કરવા માટે મિચ્છા મિ દુક્કડં (મારૂં પાપ મિથ્યા થાઓ એમ) કહેવું-દેવું તે.

૩. मिश्र प्रायश्चित्त-કરેલ પાપ ગુરુ સમક્ષ કહેવું અને મિથ્યા દુષ્કૃત પણ દેવું તે.

૪. विवेक प्रायश्चित्त-અકલ્પનીય અન્નપાન વગેરેનો વિધિપૂર્વક ત્યાગ કરવો તે.

૫. कायोत्सर्ग प्रायश्चित्त-કાયાનો વ્યાપાર બન્ધ રાખી ધ્યાન કરવું તે.

૬. तपः प्रायश्चित्त-કરેલ પાપના દંડરૂપે નીવી પ્રમુખ તપ કરવું તે.

૭. छेद प्रायश्चित्त-મહાવ્રતનો ઘાત થવાથી અમુક પ્રમાણમાં દીક્ષાકાળ છેદવો-ઘટાડવો તે.

૮. मूल प्रायश्चित्त-મહા-અપરાધ થવાથી મૂળથી પુનઃ ચારિત્ર આપવું તે.

૯. अनवस्थाप्य प्रायश्चित्त-કરેલા અપરાધનું પ્રાયશ્ચિત્ત ન કરે ત્યાં સુધી મહાવ્રત ન ઉચ્ચરાવવાં તે.

૧૦. पारांचित प्रायश्चित्त-સાધ્વીનો શીલભંગ કરવાથી, અથવા રાજાની રાણી ઇત્યાદિ સાથે અનાચાર સેવાઈ જવાથી, અથવા તેવા બીજા શાસનના મહા ઉપઘાતક પાપના દંડ માટે ૧૨ વર્ષ ગચ્છ બહાર નીકળી, વેષનો ત્યાગ કરી, મહા-શાસનપ્રભાવના કર્યા બાદ પુનઃ દીક્ષા લઈ, ગચ્છમાં આવવું તે. અહીં प्रायः એટલે વિશેષથી, चित्तની વિશુદ્ધિ કરે, તે પ્રાયશ્ચિત્ત એવો શબ્દાર્થ જાણવો.

**॥ २. विनय सात प्रकारनो ॥**

ગુણવંતની ભક્તિ-બહુમાન કરવું અથવા આશાતના ન કરવી તે વિનય કહેવાય, તે જ્ઞાન-દર્શન-ચારિત્ર, મન-વચન-કાયા અને ઉપચાર એમ ૭[1] પ્રકારનો છે, અથવા મન આદિ ૩ યોગ રહિત ૪ પ્રકારનો પણ છે.

---

૧. ત્યાં ૭ પ્રકારનો વિનય આ પ્રમાણે-

૧. ज्ञान विनय-જ્ઞાન તથા જ્ઞાનીની બાહ્ય સેવા કરવી તે भक्ति, અંતરંગ પ્રીતિ કરવી

## ॥ ३. वैयावृत्त्य दश प्रकारे ॥

આચાર્ય-ઉપાધ્યાય-તપસ્વી-સ્થવિર[૧]-ગ્લાન[૨]-શૈક્ષ[૩]-સાધર્મિક[૪]-કુલ[૫]-ગણ[૬]-સંઘ[૭]-એ ૧૦નું યથાયોગ્ય આહાર, વસ્ત્ર, વસતિ, ઔષધ, પાત્ર, આજ્ઞાપાલન ઇત્યાદિથી ભક્તિ-બહુમાન કરવું, તે ૧૦ પ્રકારે વૈયાવૃત્ત્ય કહેવાય.

---

તે बहुमान, જ્ઞાન વડે દેખેલા પદાર્થોનું સ્વરૂપ ભાવવું તે भावनाविनय, વિધિપૂર્વક જ્ઞાન ગ્રહણ કરવું તે विधिग्रहण, અને જ્ઞાનનો અભ્યાસ કરવો તે अभ्यास विनय એમ પાંચ પ્રકારે જ્ઞાનવિનય છે.

૨. दर्शन विनय-દેવ-ગુરુની ઉચિત ક્રિયા સાચવવી તે शुश्रूषा विनय, અને આશાતના ન કરવી તે अनाशातना વિનય. એમ ૨ પ્રકારનો દર્શન વિનય છે. પુનઃ શુશ્રૂષા વિનય ૧૦ પ્રકારનો છે. તે આ પ્રમાણે, સ્તવના, વંદના કરવી તે सत्कार આસનથી ઊભા થઈ જવું તે अभ्युत्थान, વસ્ત્રાદિ આપવું તે सन्मान, બેસવા માટે આસન લાવી "બેસો" કહેવું તે आसन परिग्रहण, આસન ગોઠવી આપવું તે आसनप्रदान, વંદના કરવી તે कृतिकर्म, બે હાથ જોડવા તે अञ्जलिग्रहण, આવે ત્યારે સામા જવું તે सन्मुखगमन, જાય ત્યારે વળાવવા જવું તે पश्चाद्गमन, અને બેઠા હોય ત્યારે વૈયાવચ્ચ કરવું તે पर्युपासना, એ ૧૦ પ્રકારે શુશ્રૂષા વિનય જાણવો.

તથા અનાશાતના વિનયના ૪૫ ભેદ છે તે આ પ્રમાણે-તીર્થંકર-ધર્મ-આચાર્ય-ઉપાધ્યાય-સ્થવિર-કુલ-ગણ-સંઘ-સાંભોગિક-(એક મંડલીમાં ગોચરીવાળા) તથા સમનોજ્ઞ સાધર્મિક (સમાન સામાચારીવાળા) એ ૧૦ તથા ૫ જ્ઞાન, એ ૧૫ની આશાતનાનો ત્યાગ, તેમજ એ ૧૫નું ભક્તિ-બહુમાન, અને એ ૧૫ની વર્ણસંજ્વલના (ગુણપ્રશંસા) એ પ્રમાણે ૪૫ ભેદે બીજો અનાશાતના દર્શન વિનય જાણવો.

૩. चारित्र विनय - પાંચ ચારિત્રની સદ્દહણા (શ્રદ્ધા) (કાયા વડે) વડે સ્પર્શના આદર-પાલન અને પ્રરૂપણા, તે પાંચ પ્રકારનો ચારિત્ર વિનય જાણવો,

૪-૫-૬. योग विनय - દર્શન તથા દર્શનીનું મન-વચન-કાયા વડે અશુભ ન કરવું, અને શુભમાં પ્રવૃત્તિ કરવી, તે ૩ પ્રકારનો યોગ વિનય છે. (આ ૩ પ્રકારનો યોગ વિનય-ઉપચાર વિનયમાં અન્તર્ગત ગણવાથી મૂળ વિનય ૪ પ્રકારનો થાય છે.)

૭. उपचार विनय - આ વિનય ૭ પ્રકારનો છે. ૧. ગુર્વાદિની પાસે રહેવું, ૨. ગુર્વાદિકની ઇચ્છાને અનુસરવું, ૩. ગુર્વાદિકનો આહાર આણવા વગેરેથી પ્રત્યુપકાર કરવો, ૪. આહારાદિ આપવો, ૫. ઔષધાદિકથી પરિચર્યા કરવી, ૬. અવસરને ઉચિત આચરણ કરવું, અને ૭. ગુર્વાદિકના કાર્યમાં તત્પર રહેવું.

૧. જ્ઞાન, દીક્ષાપર્યાય અને વય વડે અધિક, ૨. વ્યાધિગ્રસ્ત સાધુ, ૩. નવદીક્ષિત શિષ્ય ૪. એક મંડલીમાં ગોચરીના વ્યવહારવાળા, ૫. ચન્દ્રકુલ, નાગેન્દ્રકુલ ઇત્યાદિ. ૬. આચાર્યનો સમુદાય, ૭. સર્વ સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા.

॥ ૪. स्वाध्याय पांच प्रकारे ॥

ભણવું, ભણાવવું, તે वाचना, સંદેહ પૂછવો તે पृच्छना, ભણેલ અર્થ સંભારવો તે परावर्तना, ધારેલા અર્થનું સ્વરૂપ વિચારવું તે अनुप्रेक्षा, અને ધર્મોપદેશ આપવો તે धर्मकथा એ પાંચ પ્રકારનો સ્વાધ્યાય જાણવો.

॥ ૫. ध्यान-शुभध्यान बे प्रकारे ॥

ध्यान એટલે યોગની એકાગ્રતા અથવા યોગનિરોધ એમ બે અર્થ છે. ત્યાં ૪ પ્રકારનું ધર્મધ્યાન અને ૪ પ્રકારનું શુક્લધ્યાન, તે અહીં અભ્યન્તર તપરૂપ નિર્જરાતત્ત્વમાં ગણાય છે, અને ૪ પ્રકારનું[૧] આર્ત્તધ્યાન, તથા ૪ પ્રકારનું રૌદ્રધ્યાન[૨] સંસારવૃદ્ધિ કરનાર હોવાથી અહીં નિર્જરાતત્ત્વમાં ગણાય નહિ. તે ધર્મ[૩] તથા શુક્લધ્યાનના ૪-૪- ભેદ[૪] છે.

---

૧. ચાર પ્રકારનું આર્ત્તધ્યાન આ પ્રમાણે-સ્વજનાદિ ઇષ્ટ વસ્તુનો વિયોગ થવાથી, જે ચિંતા-શોક આદિ થાય, તે इष्टवियोग आर्त्तध्यान, અનિષ્ટ વસ્તુના સંયોગે "તે વસ્તુનો વિયોગ ક્યારે થાય" એમ ચિંતા કરવી તે अनिष्ट संयोग आर्त्तध्यान, શરીરે રોગ થવાથી જે ચિંતા થાય, તે चिंता આર્ત્તધ્યાન, અને ભવિષ્યના સુખની ચિંતા કરવી અને કરેલી તપશ્ચર્યાનું નિયાણું કરવું તે अग्रशोच આર્ત્તધ્યાન.

૨. પ્રાણીઓની હિંસાનું ચિંતન કરવું તે हिंसानुबन्धि; અસત્ય બોલવાનું ચિંતવન તે मृषानुबन्धि, ચોરી કરવાનું ચિંતવન તે स्तेयानुबन्धि અને પરિગ્રહના રક્ષણ માટે અનેક ચિંતા કરવી, તે संरक्षणानुबन्धि રૌદ્રધ્યાન.

૩. धर्मध्यान - "શ્રી જિનેશ્વરની આજ્ઞા-વચન સત્ય છે." એવી શ્રદ્ધાપૂર્વક ચિંતવના કરવી, તે आज्ञाविचय, "રાગ આદિક આશ્રવો આ સંસારમાં અપાયભૂત-કષ્ટરૂપ છે." એમ ચિંતવવું તે अपायविचय, "સુખ, દુઃખ તે પૂર્વ કર્મનો વિપાક (ફળો) છે" એમ ચિંતવવું તે विपाकविचय, અને ષડ્દ્રવ્યાત્મક લોકનું સ્વરૂપ વિચારવું તે संस्थानविचय ધર્મધ્યાન. એ પ્રમાણે ધ્યાનના ૪ ભેદ છે.

૪. शुक्लध्यान - આ ધ્યાનનો પહેલો ભેદ पृथक्त्व वितर्क सविचार છે. પૃથક્ત્વ એટલે ભિન્નતા, તે-જે દ્રવ્ય, ગુણ અથવા પર્યાયનું ધ્યાન ચાલુ હોય તે જ દ્રવ્ય, ગુણ કે પર્યાયમાં સ્થિર ન રહેતાં, તે ધ્યાન અન્ય દ્રવ્ય, ગુણ પર્યાયમાં ચાલ્યું જાય છે. માટે पृथक्त्व તથા શ્રુતજ્ઞાનીને જ આ ધ્યાન (વિશેષતઃ પૂર્વધર લબ્ધિવંતને હોવાથી) પૂર્વગત શ્રુતના ઉપયોગવાળું હોય છે. માટે- वितर्कः શ્રુતમ્ ઇતિ વચનાત્-वितर्क, અને એક યોગથી બીજા યોગમાં, એક અર્થથી બીજા અર્થમાં અને એક શબ્દથી બીજા શબ્દમાં, અથવા શબ્દથી અર્થમાં અને અર્થથી શબ્દમાં, આ ધ્યાનનો વિચાર એટલે સંચાર થાય, માટે (विचारोऽर्थ-व्यञ्जनयोगसंक्रांतिः- ઇતિ વચનાત્) सविचार માટે પૃથક્ત્વ વિતર્ક સવિચાર કહેવાય છે. (આ ધ્યાન શ્રેણિવંતને ૮માથી ૧૧મા ગુણસ્થાન સુધી હોય છે.)

તથા પૂર્વોક્ત પહેલા ભેદથી વિપરીત લક્ષણવાળું, વાયુરહિત દીપકવત્ નિશ્ચલ એક

### ॥ ६. कायोत्सर्ग बे प्रकारे ॥

काय એટલે કાયા વગેરેના વ્યાપારનો उत्सर्ग એટલે ત્યાગ, તે कायोत्सर्ग અથવા (સામાન્ય શબ્દથી,) उत्सर्ग કહેવાય. તે ઉત્સર્ગ દ્રવ્યોત્સર્ગ અને ભાવોત્સર્ગ એમ બે ભેદે છે. ત્યાં દ્રવ્યોત્સર્ગ ૪ પ્રકારનો અને ભાવોત્સર્ગ ૩ પ્રકારનો છે. તે આ પ્રમાણે-

૪. द्रव्योत्सर्ग - ગણ-ગચ્છનો ત્યાગ કરી જિનકલ્પ આદિ કલ્પ અંગીકાર કરવો તે गणोत्सर्ग. (પાદપોપગમ આદિ ભેદવાળા) અનશનાદિક વ્રત લઈને કાયાનો ત્યાગ કરવો, તે कायोत्सर्ग. કલ્પ વિશેષની સામાચારી પ્રમાણે ઉપધિનો ત્યાગ તે, उपधि उत्सर्ग અને અધિક અથવા અશુદ્ધ આહારનો ત્યાગ કરવો, તે अशुद्धभक्तपानोत्सर्ग.

૩. भावोत्सर्ग- કષાયનો ત્યાગ, તે कषायोत्सर्ग. ભવના કારણરૂપ મિથ્યાત્વાદિ બંધહેતુનો ત્યાગ કરવો, તે भवोत्सर्ग. જ્ઞાનાવરણ આદિ કર્મનો ત્યાગ તે कर्मोत्सर्ग.

એ પ્રમાણે ૬ પ્રકારનો અભ્યન્તર તપ પરમનિર્જરાનું કારણ છે, તેનું સ્વરૂપ કહ્યું, તે સાથે નિર્જરાતત્ત્વ પણ સમાપ્ત થયું.

### ૭. નિર્જરાતત્ત્વ જાણવાનો ઉદ્દેશ

ભૂતકાળમાં (અનાદિકાળથી આજ સુધીમાં) સંચિત કર્મોના બળથી આત્મા

---

જ દ્રવ્યાદિકના ચિંતનવાળું હોવાથી अपृथक्त्व એટલે એકત્વપણું, પરંતુ આ ધ્યાન પણ પૂર્વધરને શ્રુતાનુસારી ચિંતનવાળું હોવાથી वितर्क સહિત, અને અર્થ, વ્યંજન અને યોગની પૂર્વે કહ્યા પ્રમાણે સંક્રાન્તિ-સંચરણ ન હોવાથી अविचारवाળું છે. માટે આ બીજું શુક્લધ્યાન एकत्व (अपृथक्त्व) वितर्क अविचार કહેવાય છે. આ ધ્યાનને અન્તે કેવળજ્ઞાન થાય છે.

તેરમા ગુણસ્થાનને અન્તે મન-વચન-યોગ રૂંધ્યા-રોક્યા બાદ, કાયયોગ રૂંધતી વખતે સૂક્ષ્મ કાયયોગી કેવલીને सूक्ष्मक्रिया अनिवृत्ति નામે ત્રીજું શુક્લધ્યાન છે, અર્થાત્ આ ધ્યાનમાં સૂક્ષ્મ કાયયોગરૂપ ક્રિયા હોય છે. અને આ ધ્યાન પાછું વાળનાર (પાડનાર) ન હોવાથી, એનું सूक्ष्म क्रिया अनिवृत्ति નામ છે.

शैलेशी અવસ્થામાં (૧૪ મા ગુણસ્થાને અયોગીને) સૂક્ષ્મકાયક્રિયાનો પણ વિનાશ થાય છે. અને ત્યાંથી પુનઃ પડવાનું પણ નથી, માટે તે અવસ્થામાં व्युच्छिन्न क्रिया अप्रतिपाती નામે ચોથું શુક્લધ્યાન હોય છે. આ ચોથું શુક્લધ્યાન પૂર્વપ્રયોગથી થાય છે, જેમ દંડ વડે ચક્ર ફેરવી દંડ કાઢી લીધા બાદ પણ ચક્ર ફરતું જ રહે છે, તેમ આ ધ્યાન પણ જાણવું.

શુક્લધ્યાનના ચાર ભેદમાં પહેલાં બે શુક્લધ્યાન છદ્મસ્થને, અને છેલ્લાં બે ધ્યાન કેવલિ ભગવંતને હોય છે. તથા પહેલાં ત્રણ ધ્યાન સયોગીને અને છેલ્લું ૧ ધ્યાન અયોગીને હોય છે. તથા એ ચારે ધ્યાનનો પ્રત્યેકનો કાળ અન્તર્મુહૂર્ત પ્રમાણનો હોય છે, છાદ્મસ્થિક ધ્યાન યોગની એકાગ્રતારૂપ છે. અને કૈવલિક ધ્યાન યોગનિરોધરૂપ છે.

સંસારભ્રમણ કરી રહ્યો છે, અને આત્મસ્વરૂપથી ભ્રષ્ટ થયો છે, તે કર્મરૂપી કાષ્ઠ સમૂહોને બાળી ભસ્મીભૂત કરનાર તપશ્ચર્યા ધર્મ તે નિર્જ્જરાતત્ત્વ છે. માટે "નિર્જ્જરાતત્ત્વ તે આત્માનું સ્વરૂપ છે," એમ વિચારી આત્મધર્મ સન્મુખ થયેલો આત્મા, ઉપવાસ, છઠ, અઠમ આદિ તપશ્ચર્યા કરે, છ રસના આસ્વાદનો ત્યાગ કરે, ઇત્યાદિરૂપે[1] બાહ્ય તપશ્ચર્યાનો આદર કરે તથા પ્રાયશ્ચિત્ત વિધિ વગેરે અભ્યન્તર તપશ્ચર્યાનો આદર કરે, એમ બન્ને પ્રકારની તપશ્ચર્યા કરે, તો નિર્જ્જરાતત્ત્વ ઉપાદેય સ્વરૂપે પ્રાપ્ત થાય છે, તેમજ પૂર્વબદ્ધ કર્મો ભસ્મીભૂત થાય છે. તથા નિર્જ્જરાતત્ત્વ પ્રાપ્ત થતાં સંવરતત્ત્વ તો અવશ્ય પ્રાપ્ત થાય છે, કારણ કે એ બન્ને તત્ત્વનો પરસ્પર સંબંધ છે. અને સંવર તથા નિર્જ્જરા પ્રાપ્ત થતાં, બીજાં સર્વે તત્ત્વો પોતપોતાના હેયોપાદેયાદિ સ્વરૂપે પ્રાપ્ત થાય છે, જેથી અન્તે મોક્ષતત્ત્વ પ્રાપ્ત થાય છે અને એ જ આ નિર્જ્જરાતત્ત્વ જાણવાનો મુખ્ય ઉદ્દેશ છે.

॥ इति ७ निर्ज्जरातत्त्व ॥

## ૮. બંધતત્ત્વ

### ચાર પ્રકારના બંધના અર્થ

**पयई सहावो वुत्तो, ठिई कालावहारणं ।**
**अणुभागो रसो णेओ, पएसो दलसंचओ ॥ ३७॥**

---

૧. ઉપવાસ, એકાશન, આયંબિલ, ઊનોદરી, વિગઇત્યાગ, કાયક્લેશ, ઇત્યાદિ અનેક પ્રકારની બાહ્ય તપશ્ચર્યાને "આ તો બાહ્ય તપ છે, એવી તપશ્ચર્યા તો જાનવરો પણ કરે છે." ઇત્યાદિ વચનથી બાહ્ય તપશ્ચર્યારૂપ નિર્જ્જરાધર્મનો અનાદર ન કરવો. કારણ કે અનેક મહાલબ્ધિઓની ઉત્પત્તિ પણ બાહ્ય તપશ્ચર્યા વિના કેવળ અભ્યન્તર તપથી થતી નથી. અભ્યન્તર તપ કરવામાં શૂરા એવા છદ્મસ્થ અરિહંત ભગવંતો પણ ચારિત્ર લીધા બાદ છદ્મસ્થ અવસ્થા પર્યન્ત ઘોર તપશ્ચર્યાઓ આદરે છે ત્યારે જ નિર્જ્જરાધર્મ પ્રગટ થતાં સર્વજ્ઞપણું પ્રાપ્ત થાય છે. માટે બાહ્ય તપશ્ચર્યા આત્માનો ખરો કસોટીધર્મ છે એટલું જ નહિ પણ બાહ્ય તપશ્ચર્યા એ જ અભ્યંતર તપશ્ચર્યાનું લિંગ (સ્પષ્ટ નિશાની) છે. આત્મા જો આત્મધર્મસન્મુખ થયો હોય તો બાહ્ય તપશ્ચર્યા અવશ્ય પ્રાપ્ત થાય છે. વળી બાહ્ય તપ અને અભ્યંતર તપ બન્ને પરસ્પરોત્પાદક છે, એટલે બાહ્ય તપથી પરિણામે અભ્યંતર તપ પ્રગટ થાય છે અને અભ્યન્તર તપથી બાહ્ય તપ તો અવશ્ય પ્રગટ થાય જ, માટે ઉપવાસ આદિ બાહ્યતપ પણ માંગલિક છે, સર્વસિદ્ધિદાયક છે, ને પરંપરાએ મુક્તિદાયક છે, એમ જાણી, હે જિજ્ઞાસુઓ ! તમો પરમ પવિત્ર એવા બાહ્ય તપનો પણ અતિ હર્ષથી આદર કરો, અને બાહ્ય તપનો અવર્ણવાદ ન બોલો. અભ્યન્તર તપ કરતાં બાહ્ય તપ ઊતરતું છતાં સંવરની ક્રિયાઓ કરતાં બાહ્ય તપ ઘણું જ ચડિયાતું હોય છે.

### સંસ્કૃત અનુવાદ

**प्रकृतिः स्वभाव उक्तः, स्थितिः कालावधारणम् ।**
**अनुभागो रसो ज्ञेयः, प्रदेशो दलसंचयः ॥३७॥**

### શબ્દાર્થ

पयई = પ્રકૃતિ
सहावो = સ્વભાવ
वुत्तो = કહ્યો છે
ठिई = સ્થિતિ
काल = કાળનો
अवहारणं = નિશ્ચય
अणुभागो = અનુભાગ
रसो = રસ
णेओ = જાણવો
पएसो = પ્રદેશ
दलसंचओ = દલિકનો સમૂહ

### અન્વય સહિત પદચ્છેદ

**पयई सहावो वुत्तो, कालवहारणं ठिई, अणुभागो रसो**
**णेओ, दलसंचओ पएसो ॥३७॥**

### ગાથાર્થ:

પ્રકૃતિ-સ્વભાવ કહ્યો છે. કાળનો નિશ્ચય તે સ્થિતિ છે, અનુભાગ તે રસ જાણવો, અને દલિકનો સંગ્રહ અથવા સમુદાય તે પ્રદેશ. ॥૩૭॥

### વિશેષાર્થ:

અહીં મોદકના દૃષ્ટાન્તે પ્રકૃતિબન્ધ આદિ ચાર પ્રકારના બંધ તત્ત્વનું સ્વરૂપ કહેવાય છે, તે આ પ્રમાણે-

**૧. પ્રકૃતિબંધ** - આત્મા સાથે બંધાયેલી કાર્મણ વર્ગણા તે કર્મ. કાર્મણ વર્ગણા અને આત્માનો સંબંધ તે બંધ. કોઈ પણ પ્રકારનો સ્વભાવ નક્કી થવા પૂર્વક જ બંધ થાય છે. માટે, તે પ્રકૃતિબંધ, જેમ મોદકમાં સૂંઠનો મોદક હોય તો વાયુ હરે, જીરૂ આદિકનો મોદક પિત્ત હરે, અને કફાપહારી દ્રવ્યનો મોદક કફ હરે, તેમ કોઈક કર્મ જ્ઞાનગુણનું આવરણ કરે, કોઈ કર્મ દર્શનગુણનું આવરણ કરે, ઈત્યાદિ રીતે બંધકાળે એક સમયમાં જુદા જુદા[1] સ્વભાવ નિયત થવા, તે પ્રકૃતિબંધ કહેવાય. અહીં પ્રકૃતિ એટલે સ્વભાવ, એવો અર્થ છે.[2]

---

૧. આઠે કર્મના આઠ સ્વભાવ આગળની ૩૮મી ગાથામાં અને આઠે કર્મના સ્થિતિબંધ ૪૦-૪૧-૪૨મી ગાથામાં કહેવાશે.

૨. જો કે સ્થિતિ, રસ અને પ્રદેશનો સમુદાય એ પ્રકૃતિબંધ એવો અર્થ પણ છે, પરંતુ અહીં તે અર્થનું પ્રયોજન નથી. તેમજ પ્રકૃતિ એટલે ભેદ એવો પણ અર્થ થાય છે.

૨. स्थितिबंध - જે સમયે કર્મ બંધાય છે, તે જ સમયે કોઈપણ કર્મ બંધાતાં "આ કર્મ અમુક કાળ સુધી આત્મપ્રદેશો સાથે રહેશે." એમ વખત નક્કી થવો તે સ્થિતિબંધ કહેવાય. જેમ કોઈ મોદક ૧ માસ સુધી રહે છે. કોઈ મોદક ૧૫ દિવસ રહે છે. અને ત્યારબાદ તે બગડી જાય છે, તેમ કોઈ કર્મ ઉત્કૃષ્ટથી ૭૦ કોડાકોડી સાગરોપમ સુધી અને કોઈ કર્મ ૪૦ કોડાકોડી સાગરોપમ સુધી જીવ સાથે સ્વસ્વરૂપે રહે છે, ત્યારબાદ તે કર્મના સ્વરૂપનો વિનાશ થાય છે, તે સ્થિતિબંધ.

૩. अनुभागबंध - જે સમયે જે કર્મ બંધાય છે, તે કર્મનું ફળ જીવને આહ્લાદકારી-શુભ કે દુઃખદાયી-અશુભ પ્રાપ્ત થશે ? તે શુભાશુભતા પણ તે જ સમયે નિયત થાય છે, તેમજ તે કર્મ જ્યારે શુભાશુભરૂપે ઉદયમાં આવે, ત્યારે તીવ્ર, મંદ કે મંદતર ઉદયમાં આવશે ? તે તીવ્રમંદતા પણ તે જ સમયે નિયત થાય છે, માટે શુભાશુભતા અને તીવ્રમંદતાનું જે નિયતપણું બંધ સમયે થવું, તે अनुभाग बन्ध અથવા रसबन्ध[1] કહેવાય. જેમ કોઈ મોદક અલ્પ વા અતિ મધુર હોય, અથવા અલ્પ વા અતિ કડવો હોય, તેમ કર્મમાં પણ કોઈ કર્મ શુભ હોય, અને કોઈક કર્મ અશુભ હોય, તેમાં પણ કોઈ કર્મ તીવ્ર અનુભવ આપે, કોઈ કર્મ મંદ અનુભવ આપે, એવું બંધાય છે. તેમજ કર્મના ઉદય-ફળ આશ્રયી પણ તીવ્રમંદતા વિચારવી.

૪. प्रदेशबंध[2] - જેમ મોદકોમાં કોઈ મોદક ૦। શેર કણિકનો (લોટનો), કોઈ મોદક તેથી વધારે કણિકનો થાય છે, તેમ બંધ સમયે કોઈ કર્મના ઘણા પ્રદેશો અને

---

૧. અહીં રસબંધનું તથા પ્રદેશબંધનું કિંચિત્ વિશેષ સ્વરૂપ આ પ્રમાણે-

॥ રસબંધ ॥

રાગ દ્વેષ આદિ કર્મબંધના કારણોથી જીવ અભવ્ય જીવરાશિથી અનંત ગુણ અને સિદ્ધ જીવની રાશિથી અનંતમા ભાગ જેટલા પરમાણુઓ વડે બનેલો જે એક સ્કંધ, એવા અનંત કર્મસ્કંધો રૂપ કાર્મણ વર્ગણા પ્રતિ સમયે ગ્રહણ કરે છે. તે કર્મસ્કંધના પ્રત્યેક પરમાણુમાં, કષાયના હેતુ વડે સર્વ જીવરાશિથી અનંતગુણ રસ વિભાગ (રસાંશ) ઉત્પન્ન થાય છે, તે કર્મનો રસ તીવ્ર, તીવ્રતર, તીવ્રતમ મંદ, મંદતર, મંદતમ, ઇત્યાદિ અનેક પ્રકારે હોય છે. ત્યાં ૮૨ પાપ પ્રકૃતિનો તીવ્ર રસ, તીવ્ર સંક્લેશ વડે બંધાય છે. અને ૪૨ પુણ્યપ્રકૃતિનો તીવ્ર રસ, તીવ્ર વિશુદ્ધિ વડે બંધાય છે. અને મંદરસ તેથી વિપરીત રીતે બંધાય છે. તે આ પ્રમાણે-શુભ પ્રકૃતિનો મંદરસ સંક્લેશ વડે, અને અશુભ પ્રકૃતિનો મન્દરસ વિશુદ્ધિ વડે બંધાય છે. તેની સ્થાપના.

| | | |
|---|---|---|
| પુણ્યપ્રકૃતિનો | મંદરસ | સંક્લેશવડે |
| પુણ્યપ્રકૃતિનો | તીવ્રરસ | વિશુદ્ધિવડે |

| | | |
|---|---|---|
| પાપ પ્રકૃતિનો | મંદરસ | વિશુદ્ધિવડે |
| પાપ પ્રકૃતિનો | તીવ્રરસ | સંક્લેશ વડે |

કોઈ કર્મના અલ્પ પ્રદેશો બંધાય છે, પરંતુ દરેક કર્મના પ્રદેશોની સરખી સંખ્યા બંધાતી નથી, તે આ પ્રમાણે- આયુષ્યના સર્વથી અલ્પ, નામ-ગોત્રના તેથી વિશેષ, પણ પરસ્પર તુલ્ય. જ્ઞાન-દર્શન-અન્તરાયના તેથી પણ વિશેષ અને પરસ્પર તુલ્ય.

---

તથા શુભ અને અશુભ પ્રકૃતિઓના એકસ્થાનિક આદિ ચાર પ્રકારના રસબંધ, ૪ પ્રકારના કષાયમાંથી જે કષાય વડે બંધાય છે, તેની સ્થાપના.

| કયા કષાય વડે ? | પુણ્ય પ્રકૃતિનો | પાપ પ્રકૃતિનો |
|---|---|---|
| અનંતાનુબન્ધિ કષાય વડે | દ્વિસ્થાનિક રસબંધ | ચતુઃસ્થાનિક રસબંધ |
| અપ્રત્યાખ્યાનીય કષાય વડે | ત્રિસ્થાનિક રસબંધ | ત્રિસ્થાનિક રસબંધ |
| પ્રત્યાખ્યાનીય કષાય વડે | ચતુઃસ્થાનિક રસબંધ | દ્વિસ્થાનિક રસબંધ |
| સંજ્વલન કષાય વડે | ચતુઃસ્થાનિક રસબંધ | એકસ્થાનિક રસબંધ |

અહીં શુભ પ્રકૃતિનો એકસ્થાનિક રસબંધ હોય જ નહિ, અને અશુભમાં પણ મતિ આદિ ૪ જ્ઞાનાવરણીય, ૩ દર્શનાવરણીય (કેવલ૦ વિના), સંજ્વલન ક્રોધાદિ, પુરુષવેદ અને ૫ અન્તરાય એ ૧૭ પ્રકૃતિનો જ એકસ્થાનિક રસબંધ ૯ મે ગુણસ્થાને હોય છે, શેષ અશુભ પ્રકૃતિઓનો જઘન્યથી પણ દ્વિસ્થાનિક રસ બંધાય છે.

તથા અશુભ પ્રકૃતિનો રસ લીંબડાના રસ સરખો કડવો, એટલે જીવને પીડાકારી હોય છે. અને શુભ પ્રકૃતિનો રસ શેરડી સરખો મધુર એટલે જીવને આહ્‌લાદકારી હોય છે. તે શુભાશુભ રસના જે એકસ્થાનિકાદિ ૪ ભેદ છે, તેનું સ્વરૂપ આ પ્રમાણે-

દાખલા તરીકે - લીંબડાનો અથવા શેરડીનો સ્વાભાવિક ૩ શેર રસ તે एकस्थानिक રસ, મંદ હોય છે. ઉકાળીને ૧ાા શેર (અર્ધ) રહેલ તેવો द्विस्थानिक રસ, તીવ્ર હોય છે. ત્રણ ભાગ (૩ શેર)માંથી ઉકાળીને ૧ ભાગ (૧ શેર) રહે, તે त्रिस्थानिक રસ, તીવ્રતર હોય છે. અને ઉકાળીને ચોથા ભાગ જેટલો ૦ાા શેર રહે, તેવો चतुःस्थानिक રસ તીવ્રતમ હોય છે. એ ચાર ભેદ પણ પરસ્પર અનંતગુણ તરતમતાવાળા (તફાવતવાળા) હોય છે.

## પ્રદેશ બંધ

૨. લોકને વિષે-ઔદારિક-વૈક્રિય-આહારક-તૈજસ-શ્વાસોચ્છ્‌વાસ-ભાષા-મન અને કાર્મણ એ ૮ જાતની પુદ્‌ગલવર્ગણા જીવને ગ્રહણ યોગ્ય છે, અને ૮ અગ્રહણ યોગ્ય વર્ગણા પણ છે. તેમાં સરખી સંખ્યાવાળા પરમાણુઓના બનેલા અનેક સ્કંધો તે એક वर्गणा કહેવાય, તેવી અનંત વર્ગણાઓ જીવ એક સમયમાં ગ્રહણ કરે છે. અહીં પ્રદેશબંધના પ્રસંગમાં તો ૮મી કાર્મણ વર્ગણાની જ અનંત વર્ગણાનો એક સ્કંધ. એવા અનંત સ્કંધો જીવ પ્રતિસમય ગ્રહણ કરે છે, એમ જાણવું. એ આઠેય વર્ગણા અનુક્રમે અધિક અધિક સૂક્ષ્મ છે, અને અનંત અનંત પ્રદેશે અધિક છે, પરંતુ ક્ષેત્રાવગાહન (એકેક સ્કંધને રહેવાની જગ્યા) અનુક્રમે અલ્પ અલ્પ છે. તોપણ અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી જાણવી. જેમ ઔદારિકનો એક સ્કંધ જેટલા ક્ષેત્રમાં અવગાહે (સમાય) તેનાથી અસંખ્યાતમા ભાગ જેટલા (ન્યૂન) ક્ષેત્રમાં વૈક્રિયનો ૧ સ્કંધ અવગાહે છે

મોહનીયના તેથી પણ વિશેષ. અને વેદનીયના સર્વથી વિશેષ પ્રદેશો બંધાય છે. એ પ્રદેશબંધ જાણવો.

પૂર્વોક્ત ચારે પ્રકારના બન્ધ, બન્ધ સમયે સમકાળે જ બંધાય છે, પરંતુ અનુક્રમે બંધાય નહિ તથા પ્રકૃતિબંધ અને પ્રદેશબન્ધ યોગથી થાય છે, અને સ્થિતિબંધ, રસબંધ કષાયથી થાય છે.

## કર્મોના સ્વભાવો

**पडपडिहारऽसिमज्ज-हडचित्तकुलालभंडगारीणं ।**
**जह एएसिं भावा, कम्माणऽवि जाण तह भावा ॥३८॥**

### સંસ્કૃત અનુવાદ

**पटप्रतिहारासिमद्य-हडिचित्रकुलालभाण्डागारीणाम् ।**
**यथैतेषां भावाः कर्मणामपि जानीहि तथा भावाः ॥३८॥**

### શબ્દાર્થ

| | |
|---|---|
| पड = પાટો | हड = બેડી |
| पडिहार = દ્વારપાળ | चित्त = ચિતારો |
| असि = તરવાર (ખડ્ગ) | कुलाल = કુંભાર |
| मज्ज = મદિરા | भंडगारीणं = ભંડારી |

---

(સમાય છે.) તે વર્ગણાઓનો પ્રદેશક્રમ આ પ્રમાણે-

પરમાણુથી પ્રારંભીને અભવ્યથી અનંતગુણ અને સિદ્ધના અનંત ભાગ જેટલા (નિયત સંખ્યાવાળા) અનંત પરમાણુઓના બનેલા સ્કંધો જીવ ગ્રહણ કરી શકે નહિ. માટે એ સર્વે અગ્રાહ્ય વર્ગણા જાણવી, ત્યારબાદ ૧ પરમાણુ અધિક સ્કંધ જીવ ગ્રહણ કરી ઔદારિક શરીર રચી શકે છે, તે માટે તે ઔદારિકની જઘન્ય વર્ગણા, ત્યારબાદ એકેક પરમાણુ વૃદ્ધિવાળી અનંત औदारिकवर्गणाओ છે. ત્યારબાદ પુનઃ એકેક પરમાણુ અધિક અગ્રહણ યોગ્ય વર્ગણાઓ અનંત છે, ત્યારબાદ ઔદારિક પદ્ધતિએ એકેક પરમાણુ અધિક અનંત વર્ગણાઓ वैक्रिय शरीर योग्य છે. ત્યારબાદ પુનઃ અનંત વર્ગણાઓ અગ્રહણ યોગ્ય છે. ત્યાર બાદ आहारक शरीर योग्य અનંત વર્ગણા છે. એ પ્રમાણે આઠ અગ્રહણ યોગ્ય વર્ગણાઓ અને આઠ ગ્રહણ યોગ્ય વર્ગણાઓ એક એકના આંતરામાં રહેલી છે.

એ આઠ વર્ગણામાંની પહેલી ચાર વર્ગણાઓ ૮ સ્પર્શવાળી છે, અને દૃષ્ટિગોચર થાય છે, માટે બાદર પરિણામી છે. અને છેલ્લી ચાર વર્ગણાઓ શીત-ઉષ્ણ-સ્નિગ્ધ-રૂક્ષ એ ચાર સ્પર્શયુક્ત છે, અને દૃષ્ટિને અગોચર છે માટે સૂક્ષ્મ પરિણામી છે, જેથી ઇન્દ્રિયગોચર થાય નહિ, એ પ્રમાણે પ્રદેશ બંધના પ્રસંગે ૮ વર્ગણા કહી. પરંતુ અહીં કર્મબંધનો પ્રસંગ હોવાથી કાર્મણ વર્ગણાનો જ ઉપયોગ છે.

| | |
|---|---|
| जह = જેમ | अवि = પણ |
| एएसिं = એ વસ્તુઓના | जाण = જાણવા |
| भावा = સ્વભાવ છે | तह = તેવી રીતે |
| कम्माण = કર્મોના | भावा = સ્વભાવ |

**અન્વય સહિત પદચ્છેદ**

**पड पडिहार असि मज्ज, हड चित्त कुलाल भंडगारीणं ।**
**जह एएसिं भावा, कम्माण अवि तह भावा जाण ॥ ३८॥**

**ગાથાર્થ:**

એ પાટો-દ્વારપાળ-ખડ્ગ-મદિરા-બેડી-ચિતારો-કુંભાર-અને ભંડારીના જેવા સ્વભાવો છે. તેવા આઠ કર્મોના પણ સ્વભાવો જાણવા. ॥૩૮॥

**વિશેષાર્થ:**

૧. જ્ઞાનાવરણીય કર્મનો સ્વભાવ જીવનો જ્ઞાનગુણ આવરવાનો છે. અને તે જ્ઞાનાવરણીય કર્મ ચક્ષુના પાટા સરખું છે એટલે ચક્ષુએ પાટો બાંધ્યાથી જેમ કોઈ વસ્તુ દેખી-જાણી શકાય નહિ, તેમ જ્ઞાનાવરણીય કર્મરૂપ પાટાથી જ્ઞાનરૂપ ચક્ષુ વડે કંઈ જાણી શકાય નહિ.

આ કર્મથી જીવનો અનંત જ્ઞાનગુણ અવરાય છે.

૨. દર્શનાવરણીય કર્મનો સ્વભાવ જીવના દર્શનગુણને આવરે છે. જેમ દ્વારપાળે રોકેલા મનુષ્યોને રાજા જોઈ શકતો નથી, તેમ જીવરૂપી રાજા દર્શનાવરણ કર્મના ઉદયથી પદાર્થ અને વિષયને દેખી શકતો નથી.

આ કર્મથી જીવનો અનંત દર્શનગુણ અવરાય છે.

૩. વેદનીય કર્મનો સ્વભાવ જીવને સુખ-દુઃખ આપવાનો છે. જેમ મધ વડે લેપાયેલી તરવારને ચાટતાં પ્રથમ મીઠાશ લાગે છે, પરંતુ, જીભ કપાવાથી પશ્ચાત્ દુઃખ ભોગવવું પડે છે, તેમ અહીં શાતાવેદનીયને અનુભવતાં પરિણામે અતિશય અશાતાવેદનીયને પણ અનુભવવી પડે છે.

આ કર્મ જીવના અવ્યાબાધ-અનંત સુખ ગુણને રોકે છે.

૪. મોહનીય કર્મ નો સ્વભાવ જીવના સમ્યક્ત્વ ગુણ તથા અનંત ચારિત્રગુણને રોકવાનો છે, એ મોહનીય કર્મ મદિરા સરખું છે. જેમ મદિરા પીવાથી જીવ બેશુદ્ધ થાય છે, હિત-અહિત જાણતો નથી, તેમ મોહનીયના ઉદયથી પણ જીવ ધર્મ-અધર્મ કંઈ પણ જાણી-આદરી-પાળી શકતો નથી.

આ કર્મથી જીવનો દર્શન અને અનંત ચારિત્રગુણ રોકાય છે.

૫. आयुष्य कर्म નો સ્વભાવ જીવને અમુક ગતિમાં અમુક કાળ સુધી રોકી રાખવાનો છે, માટે એ કર્મ બેડી સરખું છે. જેમ બેડીમાં પડેલો મનુષ્ય રાજાએ નિયમિત કરેલી મુદત સુધી બંદીખાનામાંથી બહાર નીકળી શકે નહિ, તેમ તે તે ગતિ સંબંધી આયુષ્ય કર્મના ઉદયથી જીવ તે તે ગતિમાંથી નીકળી શકતો નથી.

આ કર્મથી જીવનો અક્ષયસ્થિતિ ગુણ રોકાય છે.

૬. नामकर्म નો સ્વભાવ ચિત્રકાર સરખો છે. નિપુણ ચિતારો જેમ અનેક રંગોથી અંગ-ઉપાંગ યુક્ત દેવ, મનુષ્ય આદિનાં અનેક રૂપો ચીતરે છે, તેમ ચિતારા સરખું नामकर्म પણ અનેક વર્ણવાળાં અંગ-ઉપાંગ યુક્ત દેવ, મનુષ્ય આદિ અનેક રૂપો બનાવે છે.

આ કર્મનો સ્વભાવ જીવના અરૂપી ગુણને રોકવાનો છે.

૭. गोत्रकर्म કુંભાર સરખું છે. જેમ કુંભાર ચૉરી, કુંભસ્થાપના વગેરે માટે ઉત્તમ ઘડા બનાવે, તો માંગલિક તરીકે પૂજાય છે, અને મદિરાદિકના ઘડા બનાવે તો નિંદનીય થાય છે. તેમ જીવ પણ ઉચ્ચ ગોત્રમાં જન્મે તો પૂજનીક અને નીચ[1] ગોત્રમાં જન્મે તો નિંદનીક થાય છે. આ કર્મનો સ્વભાવ જીવના અગુરુલઘુ ગુણને રોકવાનો છે.

---

૧. ચાલુ જમાનામાં ઉચ્ચ કુળના તથા નીચ કુળના મનુષ્યોના પરસ્પરના કેટલાક વ્યવહારોમાં તથાપ્રકારની વિષમતા જોઈને કેટલાક જનો એવો ઉપદેશ આપતા સંભળાય છે કે, મનુષ્યત્વ સર્વ મનુષ્યમાં સરખું છે. માટે કોઈએ કોઈને ઉચ્ચ-નીચ માનવો અથવા તેમ માનીને ખાનપાન આદિ વ્યવહારોમાં જાતિભેદ કે વર્ણભેદ રાખવો તે અમાનુષી-રાક્ષસી આચાર છે. ઉચ્ચ-નિચપણાનો ભેદ તો ટૂંકી દષ્ટિવાળા પૂર્વજોએ મતિકલ્પનાથી ઊભો કરેલો છે. માટે આ વિચારની ઉદારતાવાળા જમાનામાં તો તે ભેદ સર્વથા નાબૂદ કરવા જેવો છે. ઇત્યાદિ કંઈક વિચિત્ર માન્યતાઓ ઊભી કરી સર્વ મનુષ્ય સાથે ખાનપાન આદિકના સર્વ વ્યવહાર સમાન રીતે રાખવાનો ઉપદેશ આપે છે, પરંતુ તે સર્વ માન્યતાઓ આર્યધર્મની વિરુદ્ધ છે. કારણ કે શ્રી જિનેન્દ્રશાસ્ત્રોના આધારથી વિચારતાં તો આ સાતમા ગોત્રકર્મના ૨ ભેદ ઉપરથી ઉચ્ચ-નીચપણાનો વ્યવહાર કર્મજન્ય હોવાથી કુદરતી જ સમજાય છે. પરંતુ કોઈ પૂર્વાચાર્યોએ મનઃ-કલ્પિત ભેદ ઊભો કર્યો હોય તેમ કોઈ રીતે માની શકાય નહિ. તથા ઉચ્ચ-નીચપણાનો ભેદ ગુણ-કાર્ય-આચાર અને જન્મ (તથા ક્ષેત્ર) ઉપર આધાર રાખે છે. તથા ઉચ્ચનીચપણાનો ભેદ વચનમાત્રથી ભલે માનવામાં ન આવે, પરંતુ કુદરતના કાયદાને તાબે થઈને તો તેઓ પણ પ્રવૃત્તિથી તે ભેદને કેટલીક રીતે સ્વીકારે જ છે.

પુનઃ શ્રી મહાવીરસ્વામી બ્રાહ્મણના ભિક્ષુકકુળમાં અવતર્યા (ગર્ભમાં આવ્યા) તે કારણથી સૌધર્મ ઇન્દ્ર સરખા દેવાધિપતિનું સિંહાસન પણ ચળાયમાન થયું અને ઇન્દ્રને પોતાની આવશ્યક ફરજ વિચારી ગર્ભસંહરણ જેવા પરિશ્રમમાં ઊતરવું પડ્યું, તેથી ઉચ્ચ નીચપણાનો ભેદ પ્રાચીન અને કુદરતી છે, એમ સ્પષ્ટ થાય છે. નહિતર ચાલુ જમાનાની ઉપરોક્ત માન્યતા પ્રમાણે વિચારીએ તો શ્રી મહાવીર ભગવાન જો દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિથી જન્મ ધારણ કરે તો શું

૮. अन्तरायकर्म ભંડારી સરખું છે. જેમ રાજા દાન આપવાના સ્વભાવવાળો (દાતાર) હોય પરંતુ રાજ્યની તિજોરીનો વહીવટ કરનાર ભંડારી જો પ્રતિકૂળ હોય તો અમુક અમુક પ્રકારની રાજ્યને ખોટ-તોટો છે ઇત્યાદિ વારંવાર સમજાવવાથી રાજા પોતાની ઇચ્છા મુજબ દાન ન આપી શકે, તેમ જીવનો સ્વભાવ તો અનંતદાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય લબ્ધિવાળો છે, પરંતુ આ અન્તરાય કર્મના ઉદયથી જીવના તે અનંત દાનાદિ સ્વભાવ સાર્થક-પ્રગટ થઈ શકતા નથી.

---

જ્ઞાન-દર્શન-ચારિત્રની ઉત્કૃષ્ટ આરાધના ન કરી શકે ? અથવા મોક્ષપદ ન પામી શકે ? શું બ્રાહ્મણના ભિક્ષુકકુળમાં જન્મેલા જીવોને શાસ્ત્રમાં મોક્ષપદનો નિષેધ કર્યો છે ? શું બ્રાહ્મણીનું અને ત્રિશલા ક્ષત્રિયાણીનું મનુષ્યપણું સરખું ન હતું ! તથા સૌધર્મ ઇન્દ્ર જેવા દેવાધિપતિને બે સ્ત્રીઓના મનુષ્યત્વની સમાનતા વગેરે દલીલો નહિ સમજાઈ હોય ! કે જેથી "તીર્થંકરો, ચક્રવર્તીઓ, વાસુદેવો, બલદેવો, ભિક્ષુકકુળમાં ઉત્પન્ન થાય નહિ, અને કદાચ અનંતકાળે ઉત્પન્ન થવા જેવો નહિ બનવા યોગ્ય આશ્ચર્યભૂત બનાવ બને (ઉત્પન્ન થાય) તોપણ જન્મ તો પામે જ નહિ એ અનાદિસિદ્ધ નિયમનો ભંગ થવાની અસર આજે ભરતક્ષેત્રમાં દેખાય છે, તેથી મારો અનાદિ સિદ્ધ આચાર-ધર્મ છે-કે મારે એ નિયમનો ભંગ ન થવા દેવો," ઇત્યાદિ વિચાર કરી ગર્ભસંહરણ જેવો વિચિત્ર પરિશ્રમ કરવો પડ્યો.

માટે અહીં સંક્ષિપ્ત સારાંશ એટલો જ સમજવો જોઈએ. उच्च-नीच-पणानो भेद पूर्वजोए नवीन ऊभो करेलो नथी परन्तु अनादिकालनो अने अकृत्रिम છે. જૈનશાસ્ત્રને વિષે સ્વર્ગમાં પણ કિલ્બિષિક જાતિના દેવો અતિ નીચગોત્રવાળા કહેલા છે.

તથા આ બાબતમાં એટલું લક્ષ્ય અવશ્ય રાખવું જોઈએ કે ઉચ્ચ-નીચપણાનો ભેદ સ્વાભાવિક જાણીને ઊંચા દરજ્જાવાળા મનુષ્યે ઊતરતા દરજ્જાવાળા મનુષ્ય પ્રત્યે તિરસ્કારવૃત્તિ રાખવી, તેનું અપમાન કરવું, કે ગાળો દેવી, ઇત્યાદિ ક્ષુદ્ર ક્ષુદ્રવૃત્તિથી વર્ત્તવું તે કોઈ પણ રીતે યોગ્ય ન હોઈ શકે. કારણ કે ઈર્ષ્યા-તિરસ્કાર ઇત્યાદિ ક્ષુદ્ર વૃત્તિઓ સજ્જનાતાદર્શક નથી. માટે ભાઈચારાની અંતર્વૃત્તિ કાયમ રાખીને પરસ્પર વ્યવહાર પ્રવૃત્તિ તો શાસ્ત્રની તથા મહાપુરુષોની મર્યાદાને અનુસારે રાખવી ઉચિત છે.

ઉચ્ચ-નીચની કુદરતી મર્યાદાને અને આર્ય વ્યવસ્થાને અનુસરવા છતાં ભાઈચારો રાખી શકાય છે. તે બેયને પરસ્પર વિરોધ નથી, પ્રાચીનકાળના એક વિદ્વાને તો ભલામણ કરી છે કે "આર્ય વ્યવસ્થાનો લોપ થતાં આર્ય પ્રજાનો નાશ જ થાય, માટે આર્ય ધર્મગુરુઓએ અને આર્ય રાજાઓએ તેની બરાબર રક્ષા કરવી જ જોઈએ."

ઉચ્ચ-નીચનો ભેદ પ્રાણી માત્રમાં છે. પોપટ અને કાગડો, ગધેડો અને હાથી. અનાર્ય જાતિઓમાં પણ એ ભેદ છે, અમીર કુટુંબ, લોર્ડઝકુટુંબ વગેરે વ્યવસ્થા આ ભેદોની સૂચક છે પરંતુ સર્વ પ્રાણી માત્રમાં આર્ય જાતિ જગત્ શ્રેષ્ઠ છે. તે વાત ન સમજનારા હાલમાં આગળ વધતી પ્રજાઓના પ્રચારકાર્યના બળથી આપણાં આર્યકુટુંબોમાં જન્મેલા ભાઈઓ પણ તે વાતાવરણથી વ્યુદ્ગ્રાહિત થઈ સમાનતાના બહાના નીચે, ઉપર પ્રમાણે એક્તાના વિચારોનો પ્રચાર કરે છે. જે આર્યપ્રજાને પરિણામે અત્યન્ત અહીત કરે છે. તેમ છતાં ભેદ તો ત્રિકાળમાંયે મટનાર નથી.

## ૮ મૂળ અને ૧૫૮ ઉત્તર પ્રકૃતિઓ

**इह नाणदंसणावरणवेयमोहाउनामगोयाणि ।**
**विग्घं च पण नव दु अट्ठवीस चउ तिसयदुपणविहं ॥३९॥**

### સંસ્કૃત અનુવાદ

**अत्र ज्ञानदर्शनावरणवेद्यमोहायुर्नामगोत्राणि**
**विघ्नं च पञ्चनवद्व्यष्टाविंशतिचतुस्त्रिशतद्विपञ्चविधम् ॥३९॥**

### શબ્દાર્થ

इह = અહીં
नाण = જ્ઞાનાવરણીય
दंसणावरण = દર્શનાવરણીય
वेय = વેદનીય
मोह = મોહનીય
आउ = આયુષ્ય
नाम = નામ
गोयाणि = ગોત્ર
विग्घं = અન્તરાય
च = અને
पण = પાંચ
नव = નવ
दु = બે
अट्ठवीस = અઠ્ઠાવીસ
चउ = ચાર
तिसय = એકસો ત્રણ
दु = બે
पण = પાંચ
विहं = પ્રકારવાળા

### અન્વય સહિત પદચ્છેદ

**इह पण नव-दु-अट्ठवीस-चउ-तिसय-दु-पण-विहं ।**
**नाण-दंसणावरण-वेय-मोह-आउ-नाम-गोयाणि च विग्घं ॥**

### ગાથાર્થ:

અહીં પાંચ, નવ, બે, અઠ્ઠાવીસ, ચાર, એકસો ત્રણ, બે અને પાંચ પ્રકારવાળા (અનુક્રમે) જ્ઞાન અને દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય (કર્મ) છે.

### વિશેષાર્થ:

પુણ્યતત્ત્વમાં અને પાપતત્ત્વમાં કહેવાયેલી ૧૨૪ પ્રકૃતિમાં વર્ણ વગેરે ૪ શુભ અને અશુભ એમ બે વાર ગણાયેલ છે, તેને બદલે એક વાર ગણતાં ૧૨૦ પ્રકૃતિ થાય, પરંતુ તે વર્ણાદિ ૪ ના ઉત્તરભેદ ગણતાં ૧૩૬ થાય. નામકર્મમાં પાંચ શરીર ગણાવ્યાં છે. તેની સાથે ૧૫ બંધન અને ૫ સંઘાતન ઉમેરતાં ૧૫૬ પ્રકૃતિ થાય. તેમાં

સમ્યક્ત્વ મોહનીય અને મિશ્ર મોહનીય ઉમેરતાં ૧૫૮ પ્રકૃતિઓ થાય. આ રીતે ગણતાં મોહનીયની ૨૬ ને બદલે ૨૮ અને નામકર્મની ૬૭ ને બદલે ૧૦૩ પ્રકૃતિઓ થશે. બે મોહનીય તથા સંઘાતન અને બંધનું સ્વરૂપ પહેલા કર્મગ્રંથમાં સમજાશે.

## સ્થિતિબંધ-ઉત્કૃષ્ટ

**नाणे य दंसणावरणे, वेयणिए चेव अंतराए अ ।**
**तीसं कोडाकोडी, अयराणं ठिइ अ उक्कोसा ॥४०॥**

### સંસ્કૃત અનુવાદ

**ज्ञाने च दर्शनावरणे, वेदनीये चैवान्तराये च ।**
**त्रिंशत्कोटीकोट्योऽतराणां स्थितिश्चोत्कृष्टा ॥४०॥**

### શબ્દાર્થ

नाणे = જ્ઞાનાવરણીય
य = અને
दंसणावरणे = દર્શનાવરણીય
वेयणिए = વેદનીય
चेव = નિશ્ચે
अंतराए = અન્તરાય
तीसं = ત્રીસ
कोडाकोडी = કોટાકોટી (ક્રોડક્રોડ)
अयराणं = સાગરોપમોની
ठिइ = સ્થિતિ
ऊक्कोसा = ઉત્કૃષ્ટ

### અન્વય સહિત પદચ્છેદ

**नाणे य दंसणावरणे, वेयणिए च एव अंतराए अ ।**
**उक्कोसा ठिई अयराणं, तीसं कोडाकोडी ॥४०॥**

### ગાથાર્થ:

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અન્તરાય (કર્મ)[1]ની ઉત્કૃષ્ટ સ્થિતિ સાગરોપમોની ત્રીસ કોડાકોડી છે.

૧. અહીં જે કર્મ જેટલા કોડાકોડી સાગરોપમનું બંધાય તે કર્મની તેટલા ૧૦૦ વર્ષ અબાધા (અનુદય અવસ્થા) હોય છે, જેથી જ્ઞાનાવરણીયની અબાધા ૩૦૦૦ વર્ષની છે માટે ૩૦ કોડાકોડી સાગરોપમ સ્થિતિબંધવાળું જ્ઞાનાવરણીય કર્મ ૩૦૦૦ વર્ષ ગયા પછી ઉદયમાં આવે અને પ્રતિસમયે અનુક્રમે વિશેષહીન વિશેષહીન કર્મ પુદ્‌ગલો ઉદયમાં આવી નિર્જરતાં ૩૦ કોડાકોડી સા૦ કાળ પૂર્ણ થયે તે કર્મનો એક પણ અણુ જીવ સાથે વિદ્યમાન હોય નહિ. જેમ જેમ સ્થિતિબંધ ન્યૂન થાય તેમ તેમ અબાધા પણ ન્યૂન-ન્યૂનતર થતાં યાવત્ અન્તર્મુહૂર્તની જઘન્ય અબાધા હોય છે. એ પ્રમાણે આયુષ્ય સિવાય શેષ સાતે કર્મની અબાધા સ્થિતિને અનુસારે હીનાધિક હોય છે. અને આયુષ્યની અબાધા અનિયમિત

### વિશેષાર્થઃ

ક્રોડને ક્રોડે ગુણવાથી ક્રોડાકોડી થાય. તેવી ત્રીસ કોડાકોડી સાગરોપમ એટલે ૩૦,૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦.

## सित्तरि कोडाकोडी, मोहणिए वीस नाम गोएसु ।
## तित्तीसं अयराइं, आउट्ठिइबंध उक्कोसा ॥४१॥

### સંસ્કૃત અનુવાદ

**सप्ततिः कोटीकोट्यो मोहनीये विंशतिर्नामगोत्रयोः**
**त्रयस्त्रिंशदतराण्यायुः-स्थितिबन्ध उत्कर्षात् ॥४१॥**

### શબ્દાર્થ

सित्तरी = સિત્તેર (૭૦)
कोडाकोडी = કોડાકોડી
मोहणिए = મોહનીય કર્મનો
वीस = વીસ (કોડાકોડી)
नाम = નામકર્મનો
गोएसु = ગોત્ર કર્મનો
तित्तीसं = તેત્રીસ
अयराइं = સાગરોપમ
आउ = આયુષ્યનો
ट्ठिइबंध = સ્થિતિબંધ
उक्कोसा = ઉત્કૃષ્ટથી

### અન્વય સહિત પદચ્છેદ

**मोहणिए सित्तरि नाम-गोएसु वीस कोडाकोडी ।**
**उक्कोसा आउ ट्ठिइबंध तित्तीसं अयराइं ॥४१॥**

### ગાથાર્થઃ

મોહનીયની સિત્તેર, નામ અને ગોત્રની વીસ કોડાકોડી અને આયુષ્યનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ તેત્રીસ સાગરોપમ છે.

---

છે. કારણ કે ઉત્કૃષ્ટ સ્થિતિબંધે જઘન્ય અબાધા પણ હોય અને જઘન્ય સ્થિતિબંધે ઉત્કૃષ્ટ અબાધા પણ હોય છે.

જઘન્ય સ્થિતિબંધે જઘન્ય અબાધા, જઘન્ય સ્થિતિબંધે ઉત્કૃષ્ટ અબાધા, ઉત્કૃષ્ટ સ્થિતિબંધે જઘન્ય અબાધા, અને ઉત્કૃષ્ટ સ્થિતિબંધે ઉત્કૃષ્ટ અબાધા એમ આયુષ્યની અબાધાની ચતુર્ભંગી જાણવી.

જઘન્ય અબાધા અન્તર્મુહૂર્ત એટલે સાધિક ૮૫ આવલિકા, અને ઉત્કૃષ્ટ અબાધા પૂર્વક્રોડ વર્ષનો ત્રીજો ભાગ (એટલે ૨૩૫૨ ૦૦૦૦૦,૦૦૦૦૦,૦૦૦૦૦૦૦) વર્ષ પ્રમાણ

### વિશેષાર્થ:

ઉત્કૃષ્ટ આયુષ્ય ૩૩ સાગરોપમનું હોય છે, અને આયુષ્યકર્મનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પૂર્વ ક્રોડનો ત્રીજો ભાગ અધિક ૩૩ સાગરોપમ હોય છે. એ વિશેષ સમજવાનું છે, એટલે કે ઉત્કૃષ્ટ અબાધાકાળ વધારે હોય છે.

### જઘન્ય સ્થિતિબંધ

**बारस मुहुत्तं जहन्ना, वेयणिए अट्ठ नाम गोएसु ।**
**सेसाणंतमुहुत्तं एयं बंधट्ठिईमाणं ॥४२॥**

### સંસ્કૃત અનુવાદ

**द्वादश मुहूर्तानि जघन्या, वेदनीयेऽष्टौ नामगोत्रयोः ।**
**शेषाणामन्तर्मुहूर्तमे-तद्बन्धस्थितिमानम् ॥४२॥**

### શબ્દાર્થ

बारस = બાર (૧૨)
मुहुत्त = મુહૂર્ત
जहन्ना = જઘન્ય સ્થિતિ
वेयणिए = વેદનીય કર્મની
अट्ठ = આઠ મુહૂર્ત
नाम = નામ કર્મની
गोएसु = ગોત્ર કર્મની
सेसाण = શેષ પાંચ કર્મની
अंतमुहूत्तं = અન્તર્મુહૂર્ત
एयं = આ
बंधट्ठिई = સ્થિતિબંધનું
माणं = માન, પ્રમાણ છે.

### અન્વય સહિત પદચ્છેદ

**वेयणिए जहन्ना बारस मुहुत्त, नाम गोएसु अट्ठ ।**
**सेसाण अंतमुहुत्तं, एयं बंधट्ठि माणं ॥४२॥**

### ગાથાર્થ:

વેદનીય કર્મની જઘન્ય-૧૨ મુહૂર્ત, નામકર્મની તથા ગોત્ર કર્મની ૮ મુહૂર્ત, અને શેષ પાંચ કર્મની અન્તર્મુહૂર્ત : આ સ્થિતિબંધનું પ્રમાણ છે.

### વિશેષાર્થ:

સુગમ છે એ પ્રમાણે પ્રકૃતિબંધ અને સ્થિતિબંધનું સ્વરૂપ ગાથાથી કહ્યું, પરંતુ રસબંધ અને પ્રદેશ બંધનું સ્વરૂપ ગાથા દ્વારા કહેલું નથી, માટે તે સ્વરૂપ અપૂર્ણ ન રહેવાના કારણે ૩૭મી ગાથાના અર્થ પ્રસંગે લખ્યું છે, ત્યાંથી જાણવું.

### ॥ બંધતત્ત્વ જાણવાનો ઉદ્દેશ ॥

બંધતત્ત્વના ૪ ભેદનું સ્વરૂપ સમજી આત્મા વિચાર કરે કે "મારો આત્મા શુદ્ધ સ્વરમણતા રૂપ ચિદાનંદમય છે અને અક્ષયસ્થિતિરૂપ છે. તેને બદલે કર્મોના બંધને લીધે જ તેને પોતાના જ્ઞાનાદિ સ્વભાવો છોડીને જુદા જુદા સ્વરૂપે અમુક અમુક ઓછા-વત્તા વખત સુધી નાચવું પડે છે, પોતાના ખરા સ્વરૂપને ભૂલી જઈ અનેક વિપરીત પ્રસંગોમાંથી પસાર થવું પડે છે, અને અનેક કષ્ટો સહન કરવાં પડે છે. વળી કર્મનો પ્રકૃતિબંધ તો મારા અનંત જ્ઞાનાદિ ગુણોને આવૃત કરનારો છે, અને મારે તો અનંત જ્ઞાનાદિ ગુણો પ્રગટ કરવાના છે. કર્મનો સ્થિતિબંધ વધુમાં વધુ ૭૦ કોડાકોડી સાગરોપમ છે, અને મારી સ્થિતિ તો અક્ષયસ્થિતિ છે. કર્મનો રસબંધ તો શુભાશુભ તથા ઘાતિ-અઘાતિ છે, અને મારો રસ તો અખંડ ચિદાનંદમય વિશુદ્ધ સ્વરૂપવાળો છે, કર્મનો પ્રદેશબંધ તો અનંત પ્રદેશી અને જડ સ્વરૂપ છે, પરંતુ હું તો અસંખ્ય પ્રદેશી અને ચૈતન્યસ્વરૂપ છું, એ પ્રમાણે બંધતત્ત્વનું સ્વરૂપ અને મારૂં સ્વરૂપ સર્વાંશે ભિન્ન હોવાથી મારો અને કર્મનો સંબંધ ન ઘટે[1] ઇત્યાદિ વિચાર કરી કર્મબંધ તોડવાનો ઉપાય કરે, અને આત્માનો અબંધ ધર્મ પ્રગટ કરવા સન્મુખ થાય. વળી ધન, કુટુંબ, પરિવાર, શરીર આદિ કર્મબંધનાં બાહ્ય નિમિત્ત તથા ક્રોધ, માન, માયા, લોભ આદિ જે કર્મબંધનાં અંતરંગ નિમિત્ત છે, તે સર્વનો ત્યાગ કરી નિર્જ્જરા તથા સંવર આદિ ઉપાદેય તત્ત્વોને ઉપાદેય સ્વરૂપે પ્રાપ્ત કરે, અને પાપ આદિ હેય તત્ત્વોને હેય સ્વરૂપે પ્રાપ્ત કરી પાપ આદિક વર્જે, તો આત્માની ઉત્કૃષ્ટ દશા પ્રાપ્ત થતાં (૧૪ મે ગુણસ્થાને) આત્માનો અબંધક ધર્મ પ્રગટ કરી અન્તે તે આત્મા મોક્ષપદને પ્રાપ્ત કરે, જેથી કર્મબંધનો સર્વથા વિનાશ થાય.

॥ इति ८ बन्धतत्त्व ॥

### ॥ अथ नवमं मोक्ष-तत्त्वम् ॥

### નવ અનુયોગદ્વાર રૂપે ૯ ભેદો

**संतपय-परूवणया, दव्वपमाणं च खित्त फुसणा य ।**
**कालो अ अंतरं भाग भाव अप्पाबहुं चेव ॥४३॥**

**સંસ્કૃત અનુવાદ**

**सत्पदप्ररूपणा, द्रव्यप्रमाणं च क्षेत्रं स्पर्शना च ।**
**कालश्चान्तरं भागो, भावोऽल्पबहुत्वं चैव ॥४३॥**

---

૧. કર્મના સંજોગથી જીવે ઘણી જ દુ:ખની પરંપરા ભોગવી છે. संजोगमूला जीवेण पत्ता दुक्खपरम्परा.

### શબ્દાર્થ

संतपय = સત્પદ (વિદ્યમાન પદની)
परूवणया = પ્રરૂપણા
दव्वपमाणं = દ્રવ્ય પ્રમાણ
च = વળી, અને
खित्त = ક્ષેત્ર
फुसणा = સ્પર્શના
कालो = કાલ
अंतरं = અન્તર
भाग = ભાગ
भाव = ભાવ
अप्पाबहुं = અલ્પબહુત્વ
चेव = નિશ્ચય

### અન્વય સહિત પદચ્છેદ

**सन्तपय परूवणया, दव्व पमाणं च खित्त य फुसणा ।**
**कालो अ अंतरं भाग भाव अप्पाबहुं च एव ॥४३॥**

### ગાથાર્થ:

સત્પદપ્રરૂપણા-દ્રવ્યપ્રમાણ-ક્ષેત્ર-સ્પર્શના-કાળ-અન્તર-ભાગ-ભાવ અને અલ્પબહુત્વ ॥૪૩॥

### વિશેષાર્થ:

૧. મોક્ષ અથવા સિદ્ધ સત્ વિદ્યમાન છે કે નહિ ? તે સંબંધી પ્રરૂપણા-પ્રતિપાદન કરવું, તે સત્પદ પ્રરૂપણા, અને જો છે તો ગતિ આદિ ૧૪ માર્ગણામાંથી કઈ કઈ માર્ગણામાં તે મોક્ષપદ છે તે સંબંધી પ્રરૂપણા કરવી તે પણ सत्पद प्ररुपणाद्वार.

૨. સિદ્ધના જીવો કેટલા છે ? તેની સંખ્યા સંબંધી વિચાર કરવો તે द्रव्य प्रमाणद्वार.

૩. સિદ્ધના જીવો કેટલા ક્ષેત્રથી અવગાહ્યા છે, રહ્યા છે. તે નક્કી કરવું તે क्षेत्रद्वार.

૪. સિદ્ધના જીવ કેટલા આકાશપ્રદેશને તથા સિદ્ધને સ્પર્શે છે ? એટલે ક્ષેત્ર થી અને परस्पर એમ ૨ પ્રકારે કેટલી સ્પર્શના છે ? તેનો વિચાર કરવો તે ૨ પ્રકારનું स्पर्शना द्वार છે.

૫. સિદ્ધપણું કેટલા કાળ સુધી રહે ? તેનો વિચાર કરવો તે कालद्वार.

૬. સિદ્ધને અંતર (આંતરૂં) છે કે નહિ ? અર્થાત્ સિદ્ધ કોઈ વખતે સંસારી થઈ પુનઃ સિદ્ધ થાય એવું બને કે નહિ ? તે સંબંધી વિચાર કરવો તે कालअन्तर द्वार તથા તે પરસ્પર અન્તર છે કે નહીં, તે परस्पर अन्तर द्वार એ બે પ્રકારનું અન્તરદ્વાર છે.

૭. સિદ્ધના જીવો સંસારી જીવોથી કેટલામા ભાગે છે, એ વિચારવું તે भावद्वार.

૮. ઉપશમ આદિ ૫ ભાવમાં સિદ્ધ કયા ભાવે ગણાય ? એ વિચારવું તે भावद्वार.

૯. સિદ્ધના ૧૫ ભેદમાંથી ક્યા ભેદવાળા સિદ્ધ થતા એક બીજાથી કેટલા ઓછા-વત્તા છે ? તે સંબંધી વિચાર કરવો તે **अल्पबहुत्वद्वार**

જૈનશાસ્ત્રોમાં પદાર્થોની વિચારણા માટે જિજ્ઞાસુઓની શંકાઓના જવાબ રૂપમાં જુદા-જુદા માર્ગો બતાવ્યા હોય છે. તેને અનુયોગ કહે છે. એવા અનુયોગ ઘણી જાતના હોય છે. તેમાંના અહીં બતાવેલા ૯ અનુયોગો વિશેષ પ્રચારમાં છે. અને સામાન્ય રીતે દરેક પદાર્થોનો તે અનુયોગોથી વિચાર ચલાવી શકાય છે. નવતત્ત્વની વિચારણા વખતે ખાસ કરીને મોક્ષતત્ત્વનું સ્વરૂપ એ નવ અનુયોગો દ્વારા સમજાવ્યું છે. તેથી તેને તેના ભેદ કહ્યા છે. ખરી રીતે એ ૯ મા તત્ત્વના જ ૯ ભેદો નથી, દરેકને લાગુ પડે છે.

## સત્પદપ્રરૂપણા

**संतं सुद्धपयत्ता विज्जंतं खकुसुमंव्व न असंतं ।**
**मुक्खत्ति पयं तस्स उ, परूवणा मग्गणाईहिं ॥४४॥**

### સંસ્કૃત અનુવાદ

**सत्, शुद्धपदत्वाद्विद्यमानं, खकुसुमवत् न असत् ।**
**"मोक्ष" इति पदं तस्य तु प्ररूपणा मार्गणादिभिः ॥४४॥**

### શબ્દાર્થ

संतं = સત્ વિદ્યમાન
सुद्ध = શુદ્ધ-એક
पयत्ता = પદપણું, પદરૂપ હોવાથી
विज्जंतं = વિદ્યમાન છે.
ख = આકાશના
कुसुमंव्व = પુષ્પની પેઠે
न = નથી
असंतं = અવિદ્યમાન અછતું, અસત્

मुक्ख = મોક્ષ
त्ति = ઇતિ-એ
पयं = પદ, શુદ્ધ પદ છે
तस्स = તે મોક્ષપદની (મોક્ષ તત્ત્વની)
उ = વળી
परूवणा = પ્રરૂપણા
मग्गणाईहिं = ૧૪ માર્ગણાદિ વડે (કરાય છે.)

### અન્વય સહિત પદચ્છેદ

**संतं, सुद्ध पयत्ता विज्जंतं खकुसुमंव्व न असंतं ।**
**"मुक्ख" त्ति पयं, उ मग्गणाईहिं तस्स परूवणा ॥४४॥**

### ગાથાર્થ:

"મોક્ષ" સત્ છે. = શુદ્ધ પદ હોવાથી વિદ્યમાન છે. આકાશના ફૂલની પેઠે

અવિદ્યમાન નથી. - "મોક્ષ" એ જાતનું પદ છે. અને માર્ગણા વડે તેની વિચારણા થાય છે.

## વિશેષાર્થઃ

ન્યાયશાસ્ત્રમાં કોઈ પણ વસ્તુ સાબિત કરી આપવા માટે પાંચ અવયવવાળા વાક્યનો પ્રયોગ થાય છે. ૧લા અવયવમાં-જેમાં અને જે સાબિત કરવાનું હોય તે આવે છે, તે प्रतिज्ञा. બીજામાં સાબિતીનું કારણ આપવામાં આવે છે તે हेतु. ૩ જામાં તેને અનુકૂળ કે વિરુદ્ધ પ્રકારનો દાખલો હોય છે તે उदाहरण. ૪ થામાં ઉદાહરણ પ્રમાણે ઘટાવવાનું હોય છે તે उपनय. ૫ મામાં પ્રતિજ્ઞા પ્રમાણે સાબિતી જાહેર કરવાની હોય છે. તેને निगमन કહે છે. અહીં મોક્ષ સાબિત કરવા માટે ગાથામાં સંક્ષેપથી એ પાંચ અવયવોનો પ્રયોગ કર્યો છે. તે આ પ્રમાણે -

પ્રતિજ્ઞા-મોક્ષ, સત્ છે.

હેતુ-શુદ્ધ=એકલા પદના અર્થરૂપ હોવાથી વિદ્યમાન છે.

ઉદાહરણ-જે જે એક પદો હોય, તેના અર્થો હોય જ. જેમકે : ઘોડો, ગાય, વગેરે, એક એક પદો છે, માટે તેના પદાર્થો પણ છે. તેમજ જે જે શુદ્ધ=એકલાં પદો નથી, પણ જોડાયેલ પદો છે-તેના અર્થો હોય કે ન પણ હોય. રાજપુત્ર એ અશુદ્ધ પદ છે. છતાં તેનો અર્થ છે; અને આકાશનું ફૂલ, તેનો અર્થ નથી. તેવું આ અસત્ નથી. આવી વિરુદ્ધ ઘટનાવાળું ઉદાહરણ ગાથામાં આપ્યું છે.

ઉપનય-"મોક્ષ" એ શુદ્ધ પદ છે. માટે તેનો અર્થ છે.

નિગમન-તે મોક્ષ પદના અર્થરૂપ જે પદાર્થ તે જ મોક્ષ. અહીં ઉપનય અને નિગમન એકી સાથે ટૂંકામાં કહ્યા છે. એ રીતે મોક્ષની હયાતી સાબિત થઈ ચૂક્યા પછી માર્ગણા વગેરેથી તેની વિચારણા કરવાથી તેના સ્વરૂપની વિસ્તારથી સાબિતીઓ મળે છે. અને દ્રવ્યપ્રમાણ વગેરે પણ હયાતી સાબિત હોય તો જ વિચારી શકાય છે.

**પ્રશ્ન**-અહીં ડિત્થ, કત્થ, ઈત્યાદિ કલ્પિત એક-એક પદવાળા પણ પદાર્થ નથી. તેમ એક પદવાળું મોક્ષ પણ નથી, એમ માનવામાં શું વિરુદ્ધ છે ?

**ઉત્તર**-જે શબ્દનો અર્થ કે વ્યુત્પત્તિ થઈ શકે તે पद કહેવાય. પણ અર્થ શૂન્ય શબ્દને પદ કહેવાય નહીં. અને सिद्ध અથવા मोक्ष એ શબ્દ તો અર્થ અને વ્યુત્પત્તિ યુક્ત છે, માટે પદ કહેવાય છે, પરંતુ ડિત્થ, કત્થ ઈત્યાદિ શબ્દો અર્થશૂન્ય છે, માટે પદ ન કહેવાય. માટે તે પદોવાળી વસ્તુ પણ નથી. પરંતુ સિદ્ધ, મોક્ષ એ તો પદ છે. અને તેથી તેની વસ્તુ પણ છે.

## ૧૪ મૂળમાર્ગણાઓ

**गइ इंदिए अ काए, जोए वेए कसाय नाणे अ ।**
**संजम दंसण लेसा, भव सम्मे सन्नि आहारे ॥४५॥**

### સંસ્કૃત અનુવાદ

**गतिरिन्द्रियं च कायः, योगो वेदः कषायो ज्ञानं च ।**
**संयमो दर्शनं लेश्या, भव्यः सम्यक्त्वं संज्ञ्याहारः ॥४५॥**

### શબ્દાર્થ

| | | |
|---|---|---|
| गइ = ગતિ | कसाय = કષાય | भव = ભવ્ય |
| इंदिए = ઇન્દ્રિય | नाणे = જ્ઞાન | सम्मे = સમ્યક્ત્વ |
| काए = કાય | संजम = ચારિત્ર | सन्नि = સંજ્ઞિ |
| जोए = યોગ | दंसण = દર્શન | आहारे = આહાર |
| वेए = વેદ | लेसा = લેશ્યા | |

### અન્વય સહિત પદચ્છેદ

ગાથાવત્-

### ગાથાર્થ:

ગતિ, ઇન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, ચારિત્ર, દર્શન, લેશ્યા, ભવ્ય, સમ્યક્ત્વ, સંજ્ઞી અને આહાર.

### વિશેષાર્થ:

માર્ગણા એટલે શોધન, જૈન શાસ્ત્રમાં કોઈ પણ પદાર્થનો વિસ્તારથી વિચાર સમજવાને માટે, એટલે કે તે પદાર્થનું ઊંડું તત્ત્વ-રહસ્ય-સ્વરૂપ શોધવા માટે આ ૧૪ સ્થાનો ઉપર ઘટના કરવામાં આવે છે. તે પણ એક રીતે એક જાતના અનુયોગ જ છે.

### માર્ગણાઓના પેટા પદો

| (१) गति ४ | (२) इन्द्रिय ५ | (३) काय ६ |
|---|---|---|
| ૧. દેવગતિ | ૧. એકેન્દ્રિય જાતિ | ૧. પૃથ્વીકાય |
| ૨. મનુષ્યગતિ | ૨. દ્વીન્દ્રિય જાતિ | ૨. અપ્કાય |
| ૩. તિર્યંચગતિ | ૩. ત્રીન્દ્રિય જાતિ | ૩. તેઉકાય |
| ૪. નરકગતિ | ૪. ચઉરિન્દ્રિય જાતિ | ૪. વાઉકાય |
| | ૫. પંચેન્દ્રિય જાતિ | ૫. વનસ્પતિકાય |
| | | ૬. ત્રસકાય |

| (४) योग ३ | (५) वेद ३ | (६) कषाय ४ |
|---|---|---|
| ૧. મનોયોગ | ૧. સ્ત્રીવેદ | ૧. ક્રોધ |
| ૨. વચનયોગ | ૨. પુરુષવેદ | ૨. માન |
| ૩. કાયયોગ | ૩. નપુંસકવેદ | ૩. માયા |
| | | ૪. લોભ |

| (७) ज्ञान ८ | (८) संयम ७ | (९) दर्शन ४ |
|---|---|---|
| ૧. મતિજ્ઞાન | ૧. સામાયિક ચારિત્ર | ૧. ચક્ષુર્દર્શન |
| ૨. શ્રુતજ્ઞાન | ૨. છેદોપસ્થાપન ચારિત્ર | ૨. અચક્ષુર્દર્શન |
| ૩. અવધિજ્ઞાન | ૩. પરિહાર વિશુદ્ધિ | ૩. અવધિદર્શન |
| ૪. મનઃપર્યવજ્ઞાન | ૪. સૂક્ષ્મસંપરાય ચારિત્ર | ૪. કેવલદર્શન |
| ૫. કેવળજ્ઞાન | ૫. યથાખ્યાત ચારિત્ર | |
| ૬. મતિઅજ્ઞાન | ૬. દેશવિરતિ ચારિત્ર | |
| ૭. શ્રુતઅજ્ઞાન | ૭. અવિરતિ ચારિત્ર | |
| ૮. વિભંગજ્ઞાન | | |

| (१०) लेश्या ६ | (११) भव्य २ | (१२) सम्यक्त्व ६ |
|---|---|---|
| ૧. કૃષ્ણલેશ્યા | ૧. ભવ્ય | ૧. ઉપશમ |
| ૨. નીલલેશ્યા | ૨. અભવ્ય | ૨. ક્ષયોપશમ |
| ૩. કાપોતલેશ્યા | | ૩. ક્ષાયિક |
| ૪. તેજોલેશ્યા | | ૪. મિશ્ર |
| ૫. પદ્મલેશ્યા | | ૫. સાસ્વાદન |
| ૬. શુક્લલેશ્યા | | ૬. મિથ્યાત્વ |

| (१३) संज्ञि २ | (१४) आहार २ |
|---|---|
| ૧. સંજ્ઞી | ૧. આહાર |
| ૨. અસંજ્ઞી | ૨. અનાહાર[1] |

એ દરેકમાંની કોઈપણ એક મૂળ માર્ગણામાં સર્વ સંસારી જીવોનો સમાવેશ થઈ જાય છે.

---

**[1]એ ૬૨ ભેદનો સંક્ષિપ્ત અર્થ**

૧. **ગતિમાર્ગણા ૪** - ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષી અને વૈમાનિક એ ચાર પ્રકારમાંની કોઈપણ દેવપણાની પરિસ્થિતિ તે ૧ દેવગતિ મનુષ્યપણું પ્રાપ્ત થવું તે ૨ મનુષ્ય ગતિ, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, પશુ, પક્ષી,

મત્સ્ય, આદિક યોનિઓમાં ઉત્પન્ન થવું તે ૩ तिर्यंच गति અને રત્નપ્રભાદિ સાત પૃથ્વીઓમાં નારકીપણે ઊપજવું તે नरकगति.

**૨. જાતિ માર્ગણા ૫** - સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય પાંચ ઇન્દ્રિયોમાંથી અનુક્રમે ૧-૨-૩-૪-૫ ઇન્દ્રિયવાળા જીવ, તે એકેન્દ્રિય જાતિ, દ્વીન્દ્રિય જાતિ, ઇત્યાદિ-યાવત્ પંચેન્દ્રિય જાતિ કહેવાય.

**૩. કાય માર્ગણા ૬** - પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ રૂપ કાય=શરીરો અને હાલી ચાલી શકે તેવી કાયા=શરીરો ધારણ કરે તે જીવો અનુક્રમે पृथ्वीकाय, अप्काय, तेउकाय, वायुकाय, वनस्पतिकाय, અને त्रसकाय.

**૪. યોગ માર્ગણા ૩** - વિચાર વખતે પ્રવર્તતું આત્માનું સ્ફુરણ તે मनोयोग, વચનોચ્ચાર વખતે પ્રવર્તતું આત્માનું સ્ફુરણ તે वचनयोग, કાયાની સ્થૂલ-સૂક્ષ્મ ચેષ્ટાથી પ્રવર્તતું આત્માનું સ્ફુરણ તે काययोग.

**૫. વેદ માર્ગણા ૩** - સ્ત્રીજાતને થતો પુરુષ સંગનો અભિલાષ તે स्त्रीवेद, પુરુષ જાતને થતો સ્ત્રીસંગનો અભિલાષ તે पुरुष वेद, અને ત્રીજી જાતને સ્ત્રી તથા પુરુષ એ બન્નેના સંગનો અભિલાષ તે नपुंसकवेद.

**૬. કષાય માર્ગણા ૪** - ખેદ, ઈર્ષ્યા, ગુસ્સાની લાગણી તે क्रोध, ગર્વની લાગણી તે मान, છળ, કપટની લાગણી તે माया, અને ઇચ્છા, તૃષ્ણા, મમતાની લાગણી તે लोभ. આ ચારેય લાગણીઓ એવી છે કે તે પ્રગટ થાય ત્યારે અવશ્ય નવાં કર્મો બંધાય જ છે, કર્મબંધનો મોટો આધાર તેની ઉપર છે. માટે તે कषाय કહેવાય છે.

**૭. જ્ઞાન માર્ગણા ૮** - મન અને ઇન્દ્રિયોના પદાર્થ સાથેના સંબંધથી જે (અર્થ સંજ્ઞારહિત હોય તોપણ) યથાર્થ જ્ઞાન થાય તે मतिज्ञान, તથા મન અને ઇન્દ્રિયોના સંબંધથી શ્રુતને અનુસારે (શાસ્ત્રાનુસારી) અર્થની સંજ્ઞાવાળું જે યથાર્થ જ્ઞાન થાય તે श्रुतज्ञान, અમુક હદ સુધીનું રૂપી પદાર્થનું (પુદ્ગલ દ્રવ્યનું) જે જ્ઞાન ઇન્દ્રિય અને મનની મદદ વિના આત્મસાક્ષાત્-પ્રત્યક્ષ થાય તે ૩ अवधिज्ञान, ૨ા દ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય પ્રાણીઓના મનોગત વિચાર જાણી શકાય તેવું જ્ઞાન તે मनःपर्यवज्ञान. આ મનઃપર્યવ જ્ઞાનમાં પણ આત્માને ઇન્દ્રિય તથા મનની જરૂર હોતી નથી, માટે એ પણ આત્મસાક્ષાત્ જ્ઞાન છે. તથા સર્વ પદાર્થનું સંપૂર્ણ જ્ઞાન તે केवलज्ञान. આ જ્ઞાન પણ મન અને ઇન્દ્રિયો વિના આત્મસાક્ષાત્ થાય છે.

એ ૫ પ્રકારનાં જ્ઞાન, અને ૩ પ્રકારનાં અજ્ઞાન તે પણ જ્ઞાનના ભેદમાં ગણાય છે, તેથી ૮ જ્ઞાન કહેવાય છે. અજ્ઞાનમાં अ=ઊલટું વિપરીત અથવા ઊતરતા દરજ્જાનું ज्ञान તે अज्ञान કહેવાય. પરંતુ (अ એટલે અભાવ એવા અર્થથી) જ્ઞાનનો અભાવ તે अज्ञान એમ નહિ. આ જ્ઞાન મિથ્યાત્વ યુક્ત હોવાથી અજ્ઞાન કહેવાય છે, માટે મિથ્યાદષ્ટિઓનું જ્ઞાન તે અજ્ઞાન અને સમ્યગ્દષ્ટિઓનું જ્ઞાન તે જ્ઞાન કહેવાય.

**પ્રશ્ન**- સમ્યગ્દષ્ટિની પેઠે મિથ્યાદષ્ટિઓ પણ "ઘટને ઘટ" "પટને પટ" ઇત્યાદિ

વસ્તુના છતા (વિદ્યમાન) ધર્મ કહે છે, પરંતુ "ઘટને પટ" તથા "પટને ઘટ" એમ વિપરીત સમજતા અને કહેતા પણ નથી. તો પછી એકને જ્ઞાન કહેવું અને બીજાને અજ્ઞાન કહેવું એ પક્ષપાત કેમ ?

**ઉત્તર**- તેમાં પક્ષપાત નથી. ખરી વસ્તુસ્થિતિ છે. ઘડો જેમ એક દૃષ્ટિથી ઘડો છે. તેમ બીજી દૃષ્ટિથી તેનાં બીજાં અનેક સ્વરૂપો છે. મિથ્યાદૃષ્ટિવાળાના ધ્યાનમાં એ બીજાં અનેક સ્વરૂપો હોતાં નથી. અને સમ્યગ્દૃષ્ટિ જે વખતે ઘડાને ઘડો કહે છે, તે વખતે તેનાં બીજાં સ્વરૂપો તેના ખ્યાલમાં હોય છે, અને મિથ્યાદૃષ્ટિ ઘડાને ઘડો જ કહે છે, તેનો અર્થ એ કે બીજાં સ્વરૂપોનું તેનું અજ્ઞાન છે. એટલે ઘડાને જેવો છે, તેવો તે જાણતો નથી. આ જ કારણથી વ્યવહારમાં ઘણી સાચી વસ્તુને ખોટી અને ખોટીને સાચી માની બેસે છે જેથી અનર્થ પરંપરા વધે છે. દૃષ્ટિ એટલે ખ્યાલ, ઉદ્દેશ. ખોટા ખ્યાલ કે ઉદ્દેશવાળો માણસ તે મિથ્યાદૃષ્ટિ, અને સાચા ખ્યાલ કે ઉદ્દેશવાળો માણસ તે સમ્યગ્દૃષ્ટિ. આ ભેદ સહેજે સમજાય તેવો છે.

મિથ્યાદૃષ્ટિનાં મતિ, શ્રુત અને અવધિજ્ઞાન. તે मतिअज्ञान, श्रुत-अज्ञान, અને विभङ्गज्ञान કહેવાય છે. वि- વિરુદ્ધ. भङ्ग- બોધ જેમાં તે विभङ्गज्ञान.

**ખુલાસો**- શ્રુતજ્ઞાનમાં એ સમજવાનું છે કે રામાયણ-ભારતવેદ વગેરે શાસ્ત્રોના પ્રણેતા મિથ્યાદૃષ્ટિઓ છતાં તેને જે રીતે સમજવા જોઈએ તે રીતે સમજી લેનાર સમ્યગ્દૃષ્ટિ, તેને શાસ્ત્રોનું સમ્યક્શ્રુત ગણાય છે અને આચારાંગ વગેરે શાસ્ત્રોના પ્રણેતા સમ્યગ્દૃષ્ટિઓ છતાં મિથ્યાદૃષ્ટિ તેને યથાર્થ રીતે ન જાણી શકે તે મિથ્યાદૃષ્ટિઓને આચારાંગાદિકથી થતું જ્ઞાન તે મિથ્યાજ્ઞાન-શ્રુત અજ્ઞાન ગણાય છે.

મિથ્યાદૃષ્ટિને છેલ્લાં બે જ્ઞાન ન થાય માટે તેનાં અજ્ઞાન નથી હોતાં.

**૮. સંયમમાર્ગણા ૭** - સંવરતત્ત્વના પાંચ ચારિત્રના અર્થમાં કહેલી છે ત્યાંથી જાણવી. સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મ સંપરાય, યથાખ્યાત, દેશવિરતિ, અને અવિરતિ.

**૯. દર્શનમાર્ગણા ૪** - ચક્ષુથી થતો સામાન્ય ધર્મનો બોધ, તે चक्षुर्दर्शन, ચક્ષુ સિવાયની ૪ ઇન્દ્રિયો અને મન, એ ૫ થી થતો સામાન્ય ધર્મનો બોધ, તે ૨ अचक्षुर्दर्शन, ૩ અવધિજ્ઞાનીને રૂપી પદાર્થ જાણવામાં થતો સામાન્ય ધર્મનો બોધ, તે अवधिदर्शन, અને કેવળજ્ઞાનીને સર્વે પદાર્થના સર્વ ભાવ જાણવામાં થતો સામાન્ય ધર્મનો બોધ, તે ૪ केवलदर्शन. અહીં સામાન્ય ધર્મના ઉપયોગનું કારણ તે दर्शन અને વિશેષ ધર્મના ઉપયોગનું કારણ તે ज्ञान.

**૧૦. લેશ્યા માર્ગણા ૬** - लेश्या સ્વભાવનું બંધારણ. દરેક પ્રાણીને જન્મથી જ અમુક પ્રકારની પરિણતિવાળો સ્વભાવ બંધાય છે. તે લેશ્યા છે. તેની અલ્પતા, તીવ્રતા તથા શુભાશુભપણાથી સામાન્ય રીતે છ પ્રકાર પડે છે. સ્વભાવ તે ભાવ લેશ્યા. અને તેમાં નિમિત્તભૂત કૃષ્ણાદિ પુદ્ગલો તે દ્રવ્ય લેશ્યા.

અહીં લેશ્યા પુદ્‌ગલસ્વરૂપ હોવાથી શુભ વર્ણ, શુભ ગંધ, શુભ રસ અને શુભ સ્પર્શવાળી હોય તે शुभलेश्या અને અશુભવર્ણાદિ યુક્ત હોય તે अशुभलेश्या છે.

તથા પુદ્‌ગલસ્વરૂપ દ્રવ્યલેશ્યા જો કે વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ એ ચારે ગુણ યુક્ત છે. તોપણ શાસ્ત્રમાં વર્ણની મુખ્યતાએ વર્ણભેદથી લેશ્યાના પણ ૬ ભેદ કહ્યા છે, તે આ પ્રમાણે-કૃષ્ણવર્ણ યુક્ત પુદ્‌ગલમય ૧ कृष्णलेश्या નીલ (લીલા) વર્ણનાં પુદ્‌ગલવાળી ૨ नीललेश्या, લીલો અને લાલ એ વર્ણની મિશ્રતાવાળી અથવા કબૂતર સરખા વર્ણવાળી ૩ कापोतलेश्या, લાલ વર્ણયુક્ત પુદ્‌ગલવાળી ૪ तेजोलेश्या પીળા વર્ણવાળી, ૫ पीतलेश्या, અને શ્વેત વર્ણવાળી ૬ शुक्ललेश्या એ છ લેશ્યાઓમાંની પહેલી ૩ અશુભ પરિણામવાળી હોવાથી અશુભ, બીજી ૩ શુભ પરિણામવાળી હોવાથી શુભ લેશ્યા છે, તથા અનુક્રમે છયે લેશ્યાઓ અધિક અધિક વિશુદ્ધ પરિણામવાળી છે, એ ૬ લેશ્યાઓના ૬ પ્રકારના પરિણામને અંગે શાસ્ત્રમાં જંબૂફળ ખાનારા ૬ વટેમાર્ગુનું દૃષ્ટાંત કહ્યું છે. તે આ પ્રમાણે-

जंबूफल भक्षक ६ मुसाफरनुं दृष्टान्त - કોઈ નગર તરફ જતાં અરણ્યમાં આવી પડેલા ભૂખ્યા થયેલા ૬ મુસાફરો પાકી ગયેલા જાંબુઓથી નમી પડતું એક મહાન્ જંબૂવૃક્ષ જોઈને તેઓ પરસ્પર જાંબુ ખાવાનો વિચાર કરવા લાગ્યા. તેમાંના પહેલાએ કહ્યું કે "આ આખા વૃક્ષને જ મૂળમાંથી ઉખેડી નીચે પાડીએ (એ कृष्णलेश्या નો પરિણામી)" બીજાએ કહ્યું- "મોટી મોટી શાખાઓ તોડી નીચે પાડીએ (એ नीललेश्याનો પરિણામી)". ત્રીજાએ કહ્યું "નાની નાની શાખાઓ નીચે પાડીએ (એ कापोतलेश्या નો પરિણામી)", ચોથાએ કહ્યું જાંબુના ગુચ્છા નીચે પાડીએ (એ तेजोलेश्या નો પરિણામી), પાંચમાએ કહ્યું કે ગુચ્છાઓમાંથી પાકાં જાંબૂ જ ચૂંટી ચૂંટીને નીચે નાખીએ. (એ पद्मलेश्या નો પરિણામી.)" અને છઠ્ઠાએ કહ્યુ કે જાંબૂ ખાઈને ક્ષુધા મટાડવી એ જ આપણો ઉદ્દેશ છે. તો આ નીચે ભૂમિ ઉપર સ્વતઃ ખરી પડેલાં જાંબૂ જ વીણીને ખાઈએ, કે જેથી વૃક્ષછેદનનું પાપ કરવાની જરૂર પણ ન રહે." (એ शुक्ललेश्याના પરિણામવાળો જાણવો.) એ પ્રમાણે અનુક્રમે વિશુદ્ધ-વિશુદ્ધલેશ્યા પરિણામો એ દૃષ્ટાન્તને અનુસારે વિચારવા. અહીં છ ચોરોનું પણ દૃષ્ટાન્ત વિચારવું.

**૧૧. ભવ્ય માર્ગણા ૨** - જગતમાં કેટલાક જીવો દેવ-ગુરુ-ધર્મની સામગ્રી મળ્યે કર્મરહિત થઈ મોક્ષપદ પામી શકે એવી યોગ્યતાવાળા છે, તે સર્વે भव्य કહેવાય. અને કેટલાક માર્ગમાં કાંગડું જેટલા અને જેવા અલ્પ જીવો એવા પણ છે, કે જેઓ દેવ-ગુરુ-ધર્મની સંપૂર્ણ સામગ્રી મળવા છતાં પણ કર્મરહિત થઈ મોક્ષપદ પામી શકે નહિ તેવા સર્વ જીવો अभव्य કહેવાય. એ ભવ્યત્વ તથા અભવ્યત્વ જીવનો અનાદિ સ્વભાવ છે. પરંતુ સામગ્રીના બળથી નવો સ્વભાવ ઉત્પન્ન થતો નથી. તથા અભવ્ય જીવો તો આટામાં લૂણ જેટલા અલ્પ જ છે અને ભવ્ય જીવો તેથી અનંત ગુણા છે. પુનઃ ભવ્ય જીવોમાં પણ ઘણા એવા જીવ છે કે જેઓ કોઈ કાળે ત્રસપણું પામવાના જ નથી. પરંતુ સૂક્ષ્મ એકેન્દ્રિયમાં જ અનાદિ અનંતકાળ સુધી જન્મમરણ કર્યા કરશે, જેથી મોક્ષપદ પામવાના નથી પરંતુ સ્વભાવે (યોગ્યતા વડે) તો તેઓ ભવ્ય જ છે. કહ્યું છે કે-

**अत्थि अणंता जीवा, जेहिं न पत्तो तसाइ परिणामो ।**
**उववज्जंति चयंति अ, पुणोवि तत्थेव तत्थेव ॥१॥**

**અર્થ** - એવા અનંતાનન્ત જીવો છે, કે જેઓએ ત્રસાદિ (દ્વીન્દ્રિયાદિ) પરિણામ પ્રાપ્ત નથી કર્યો, અને પુનઃ પુનઃ (વારંવાર) ત્યાંને ત્યાં જ (સૂક્ષ્મ એકેન્દ્રિયપણામાં જ) જન્મે છે અને મરણ પામે છે. ॥૧॥

### ૧૨. સમ્યક્ત્વ માર્ગણા ૬

उपशम, क्षायिक, क्षायोपशमिक, मिश्र, सास्वादन અને मिथ्यात्व એ છ ભાવોનો આ માર્ગણામાં સમાવેશ થાય છે.

**૧. ઉપશમ સમ્યક્ત્વ** - અનંતાનુબન્ધિ ક્રોધ, માન, માયા અને લોભ, તથા સમ્યક્ત્વ મોહનીય, મિશ્રમોહનીય, અને મિથ્યાત્વમોહનીય એ ત્રણ દર્શન મોહનીય, એ સાત કર્મ પ્રકૃતિઓની અંતર્મુહૂર્ત સુધી તદ્દન ઉપશાન્તિ થવાથી જે સમ્યગ્ભાવ પ્રગટ થાય છે, તે વખતે એ સાત કર્મો આત્મા સાથે હોય છે, પણ ભારેલા અગ્નિની માફક શાંત પડેલ હોવાથી પોતાની અસર બતાવી શકતાં નથી. આ સમ્યક્ત્વ એક ભવમાં બે વાર અને આખા સંસારચક્રમાં પાંચ વાર પ્રાપ્ત થઈ શકે છે. અંતર્મુહૂર્તથી વધારે વખત આ સમ્યક્ત્વ ન ટકે અને લગભગ નિરતિચાર હોય છે.

**૨. ક્ષાયિક સમ્યક્ત્વ** - ઉપર કહેલી સાતેય કર્મપ્રકૃતિઓનો તદ્દન ક્ષય થવાથી આ સમ્યક્ત્વ પ્રગટ થાય છે, તેનો કાળ સાદિ અનંત છે. આ સમ્યક્ત્વ નિરતિચાર હોય છે.

**૩. ક્ષાયોપશમિક સમ્યક્ત્વ** - ઉપર કહેલી સાત પ્રકૃતિમાંથી છની ઉપશાન્તિ હોય, અને ફક્ત સમ્યક્ત્વ મોહનીય કર્મનો ઉદય થઈ ક્ષય થતો હોય છે, તેથી તેનું નામ ક્ષય અને ઉપશમ યુક્ત સમ્યક્ત્વ કહ્યું છે. તેનો વધારેમાં વધારે સાધિક ૬૬ સાગરોપમ કાળ છે. આ સમ્યક્ત્વીને શંકા-આકાંક્ષા વગેરે અતિચારોનો એટલા પૂરતો સંભવ છે.

**૪. મિશ્ર સમ્યક્ત્વ** - ઉપર કહેલી સાતમાંની ફક્ત મિશ્ર મોહનીય કર્મની પ્રકૃતિ ઉદયમાં હોય, બાકીની ઉપશાન્ત હોય, તે વખતે જે સમ્યગ્-મિથ્યારૂપ ભાવ ફક્ત અંતર્મુહૂર્ત સુધી હોય, તે મિશ્ર સમ્યક્ત્વ, તેથી જૈન ધર્મ ઉપર ન રાગ ન દ્વેષ એવી સ્થિતિ હોય છે.

**૫. સાસ્વાદન સમ્યક્ત્વ** - ઉપર જણાવેલા અંતર્મુહૂર્તના વખતવાળા ઉપશમ

૧. અભવ્ય જીવો મોક્ષપદ નથી પામતા એટલું જ નહિ, પરંતુ નીચે લખેલા ઉત્તમ ભાવો પણ નથી પામતા.

ઇન્દ્રપણું, અનુત્તર દેવપણું, ચક્રવર્તિપણું, વાસુદેવપણું, પ્રતિવાસુદેવપણું, બળદેવપણું, નારદપણું, કેવલિ હસ્તે દીક્ષા, ગણધર હસ્તે દીક્ષા, સંવત્સરી દાન, શાસન, અધિષ્ઠાયક દેવદેવીપણું, લોકાન્તિક દેવપણું, યુગલિક દેવોના અધિપતિપણું, ત્રાયસ્ત્રિંશત્ દેવપણું, પરમાધામીપણું, યુગલિક મનુષ્યપણું, પૂર્વધર લબ્ધિ, આહારક લબ્ધિ, પુલાક લબ્ધિ, સંભિન્નશ્રોતોલબ્ધિ, ચારણ લબ્ધિ, મધુસર્પિ લબ્ધિ, ક્ષીરાસવ લબ્ધિ, અક્ષીણ મહાનસી લબ્ધિ, જિનેન્દ્ર પ્રતિમાને ઉપયોગી પૃથ્વીકાયાદિપણું, ચક્રવર્તિના ૧૪ રત્નપણું, સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્ર શુક્લપક્ષીપણું, જિનેન્દ્રના માતા-પિતાપણું, યુગપ્રધાનપણું ઇત્યાદિ (ઇતિ અભવ્યકુલકે).

### માર્ગણાઓમાં મોક્ષની પ્રરૂપણા

**नरगइ पणिंदि तस भव, सन्नि अहक्खाय खइअसम्मत्ते ।**
**मुक्खोऽणाहार केवल-दंसणनाणे, न सेसेसु ॥४६॥**

### સંસ્કૃત અનુવાદ

**नरगतिपंचेन्द्रिय त्रसभव्यसंज्ञियथाख्यातक्षायिकसम्यक्त्वे ।**
**मोक्षोऽनाहारकेवलदर्शनज्ञाने, न शेषेषु ॥४६॥**

### શબ્દાર્થ

| | |
|---|---|
| नरगइ = મનુષ્યગતિ | सन्नि = સંજ્ઞિ |
| पणिंदि = પંચેન્દ્રિય જાતિ | अहक्खाय = યથાખ્યાત ચારિત્ર |
| तस = ત્રસકાય | खइअसम्मत्ते = ક્ષાયિક સમ્યક્ત્વમાં |
| भव = ભવ્ય | मुक्खो = મોક્ષ છે |

સમ્યક્ત્વથી પડીને મિથ્યાત્વે પહોંચતાં પહેલાં એક સમયથી માંડીને ૬ આવલિકા સુધી સમ્યક્ત્વના યત્કિંચિત્-કાંઈક સ્વાદરૂપ આ સમ્યક્ત્વ હોય છે, પછી તુરત જ મિથ્યાત્વ પામે જ છે. જેમ ક્ષીરનું ભોજન કરીને કોઈપણ પ્રકારના ઉત્ક્લેશથી વમન થઈ જાય, છતાં તેને ક્ષીરનો જેમ કાંઈક સ્વાદ આવે છે તે પ્રમાણે स-સહિત आस्वाद-સ્વાદ. સ્વાદસહિત હોય તે સાસ્વાદન.

૬. **મિથ્યાત્વ** - અનંતાનુબંધીય કષાયો અને મિથ્યાત્વ મોહનીયના ઉદયથી જે મિથ્યાભાવ પ્રગટે છે તે મિથ્યાત્વ છે.

સમ્યક્ત્વ માર્ગણામાં સમ્યક્ત્વ શબ્દ સમ્યગ્ અને મિથ્યાત્વ એ બન્ને ભાવનો ઉપલક્ષણથી સંગ્રહ કરનાર છે. જેમ ભવ્ય, સંજ્ઞિ, આહારી નામ છતાં અભવ્ય; અસંજ્ઞિ-અણાહારી વગેરેનો સંગ્રહ થાય છે. એમ ઘણી માર્ગણાઓમાં સમજવું.

**૧૩. સંજ્ઞિ માર્ગણા ૨** - મનઃપર્યાપ્તિથી અથવા દીર્ઘકાલિકી સંજ્ઞાથી વિશિષ્ટ મનોવિજ્ઞાનવાળા જીવો તે संज्ञि, અને વિશિષ્ટ મનોવિજ્ઞાન રહિત તે असंज्ञि.

**૧૪. આહારી માર્ગણા ૨** - ભવધારણીય શરીર લાયક ઓજ[1] આહાર, લોમ આહાર[2], અને કવલાહાર[3] એ ત્રણ પ્રકારમાંના યથાસંભવ આહારવાળા તે ૧ आहारी, અને એ ત્રણેય આહાર રહિત તે अनाहारी.

---

૧. અપર્યાપ્ત અવસ્થામાં તૈજસ-કાર્મણ શરીર વડે ગ્રહણ કરાતો આહાર તે ओजआहार.
૨. શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા બાદ ત્વચા-શરીર દ્વારા ગ્રહણ કરાતો આહાર તે लोमआहार.
૩. કોળિયાથી મુખ દ્વારા લેવાતો આહાર તે कवलआहार.

अणाहार = અનાહાર
केवलदंसण = કેવળદર્શન
नाणे = કેવળજ્ઞાનમાં
न = (મોક્ષ) નથી.
सेसेसु = શેષ માર્ગણાઓમાં

## અન્વય સહિત પદચ્છેદ

**नर-गइ, पणिंदि, तस, भव, सन्नि, अहक्खाय, खइअ-सम्मत्ते**
**अणाहार, केवल-दंसण-नाणे मुक्खो सेसेसु न ॥४६॥**

### ગાથાર્થ:

મનુષ્યગતિ, પંચેન્દ્રિય જાતિ, ત્રસકાય, ભવ્ય, સંજ્ઞિ, યથાખ્યાત ચારિત્ર, ક્ષાયિક સમ્યક્ત્વ, અનાહાર, કેવળદર્શન અને કેવળજ્ઞાનમાં મોક્ષ છે, અને શેષમાં નથી. ॥૪૬॥

### વિશેષાર્થ:

એ ૧૦ થી[1] શેષ રહેલી કષાય-વેદ-યોગ-અને લેશ્યા એ ચાર માર્ગણામાં મોક્ષ હોય જ નહિ. કારણ કે, અકષાયી, અવેદી, અયોગી, અને અલેશી અવસ્થાવાળા જીવને જ મોક્ષ હોય છે. એટલે ૪ મૂળ અને ૫૨ ઉત્તર ભેદોમાં મોક્ષની માર્ગણા કરતાં વિચારણા ઘટતી નથી એટલે મૂળ તથા ઉત્તર દશ માર્ગણામાં જ મોક્ષની માર્ગણા ઘટે છે.

અહીં સાર એ છે કે, મોક્ષમાં જવાની સંસારી જીવની છેલ્લી (૧૪ મા ગુણસ્થાનની શૈલેશી) અવસ્થામાં જે જે માર્ગણા વિદ્યમાન હોય તે તે માર્ગણામાં મોક્ષ છે એમ કહેવાય, અને શેષ માર્ગણાઓમાં મોક્ષનો અભાવ ગણાય. તથા સંજ્ઞીપણું અને ભવ્યત્વ જો કે અયોગી ગુણસ્થાને અપેક્ષાભેદથી[2] શાસ્ત્રમાં કહ્યું નથી તોપણ અહીં સંજ્ઞીપણું અને ભવ્યત્વ અપેક્ષાપૂર્વક[3] ગ્રહણ કર્યું છે એમ જાણવું.

॥ १ इति सत्पदप्ररूपणा द्वार ॥

---

૧. શ્રી અભયદેવસૂરિ રચિત નવતત્ત્વ ભાષ્યમાં ૧૪ માર્ગણામાં મોક્ષપદની પ્રરૂપણા જુદી રીતે કહી છે. તે આ પ્રમાણે-

**तत्थ य सिद्धा पंचमगइए नाणे य दंसणे सम्मे ।**
**संतित्ति सेसएसुं, पएसु सिद्धे निसेहिज्जा ॥११२॥**

ત્યાં સિદ્ધો પંચમ ગતિમાં (સિદ્ધગતિમાં), તથા કેવળજ્ઞાન, કેવળદર્શન અને ક્ષાયિક સમ્યક્ત્વ એ ચાર માર્ગણામાં સત્-વિદ્યમાન છે, અને તેથી શેષ ૧૦ મૂળ માર્ગણાઓમાં (અને ૫૮ ઉત્તર માર્ગણામાં) સિદ્ધપણાનો નિષેધ જાણવો. આ સત્પદ પ્રરૂપણા પણ અપેક્ષાભેદથી યથાર્થ છે, કારણ કે અહીં સિદ્ધત્વ અવસ્થા આશ્રયીને માર્ગણાઓની પ્રરૂપણા એ પ્રમાણે જ સંભવે છે.

૨-૩. "ભવ્યપણું એટલે મોક્ષગતિને યોગ્ય ફેરફાર પામવાપણું" એ અર્થવાળું ભવ્યત્વ

### દ્રવ્ય પ્રમાણ અને ક્ષેત્ર અનુયોગદ્વાર

**दव्वपमाणे सिद्धाणं जीवदव्वाणि हुंतिऽणंताणि ।**
**लोगस्स असंखिज्जे, भागे इक्को य सव्वेवि ॥४७॥**

### સંસ્કૃત અનુવાદ

**द्रव्यप्रमाणे सिद्धानां जीवद्रव्याणि भवन्त्यनन्तानि ।**
**लोकस्यासंखेयभागे, एकश्च सर्वेऽपि ॥४७॥**

### શબ્દાર્થ

दव्वपमाणे = દ્રવ્ય પ્રમાણ દ્વારમાં
सिद्धाणं = સિદ્ધોના
जीवदव्वाणि = જીવદ્રવ્યો
अणंताणि = અનંત
हुंति = છે
लोगस्स = લોકના
असंखिज्जे = અસંખ્યાતમા
भागे = ભાગે, ભાગમાં
इक्को = એક સિદ્ધ
सव्वेवि = સર્વે સિદ્ધ

### અન્વય સહિત પદચ્છેદ

ગાથાવત્- अणंताणि हुंति सव्वे अवि

### ગાથાર્થ:

સિદ્ધોના દ્રવ્ય પ્રમાણ દ્વારમાં-અનંત જીવદ્રવ્યો છે; લોકના અસંખ્યાતમા ભાગમાં એક અને સર્વે સિદ્ધો હોય છે. ॥૪૭॥

### વિશેષાર્થ:

સિદ્ધના જીવો અનંત છે, કારણ કે જઘન્યથી ૧ સમયને અન્તરે અને ઉત્કૃષ્ટથી ૬ માસને અન્તરે અવશ્ય કોઈ જીવ મોક્ષે જાય એવો નિયમ છે, તેમજ એક સમયમાં જઘન્ય ૧ તથા ઉત્કૃષ્ટથી ૧૦૮ જીવો મોક્ષે જાય, એ પણ નિયમ છે, અને એ પ્રમાણે અનંતકાળ વ્યતીત થઈ ગયો છે. માટે સિદ્ધ જીવો અનંત છે.

---

નિશ્ચયથી મોક્ષપદ પામવાની અવસ્થાવાળા કેવલી ભગવંતને નથી, કારણ કે જીવ કેવળજ્ઞાન પામ્યો ત્યારથી મોક્ષપદ પામી ચૂક્યો, એમ જાણવાનું છે. તો ફરીથી મોક્ષ પામવાનો સંભવ ક્યાં છે ? એ અપેક્ષાએ કેવલી ભગવંતને તેમજ સિદ્ધ ભગવંતને પણ ભવ્યત્વ નથી પણ અભવ્યત્વ છે. ભવ્ય સંસારી જીવ જ કેવળજ્ઞાન પામી મોક્ષે જઈ શકે. એ અપેક્ષાએ ભવ્ય માર્ગણા સંભવે છે.

તથા સંજ્ઞીપણું મનોજ્ઞાનવાળા જીવને હોય છે. અને કેવલી ભગવંતને તથા સિદ્ધને (મતિજ્ઞાનાવરણીય ક્ષય થવાથી) મનોજ્ઞાનનો અભાવ છે તેથી સંજ્ઞી પણ નથી. સંજ્ઞી જીવ જ કેવળજ્ઞાન પામી મોક્ષે જઈ શકે એ અપેક્ષાએ સંજ્ઞીમાર્ગણા છે.

(અન્યદર્શનીઓ જે સદાકાળ ઈશ્વર એક જ છે એમ કહે છે તે આ બીજા દ્વારની પ્રરૂપણાથી અસત્ય છે એમ જાણવું).

॥ इति २ द्रव्य प्रमाण द्वार ॥

તથા ક્ષેત્રદ્વાર વિચારતાં સિદ્ધના જીવો લોકના અસંખ્યાતમા ભાગ જેટલા ક્ષેત્રમાં રહ્યા છે, કારણ કે એક સિદ્ધની અવગાહના જઘન્યથી ૧ હાથ ૮ અંગુલ હોય, અને ઉત્કૃષ્ટથી ૧ ગાઉનો છઠ્ઠો ભાગ એટલે ૩૩૩ ધનુષ ૩૨ અંગુલ અર્થાત્ ૧૩૩૩ હાથ અને ૮ અંગુલ એટલી ઊંચી અવગાહના હોય છે. અને એ ક્ષેત્ર લોકના અસંખ્યાતમા ભાગ જેટલું જ છે, માટે એકેક સિદ્ધ પણ લોકના અસંખ્યાતમા ભાગમાં રહ્યા છે. તથા સર્વ સિદ્ધ આશ્રયી વિચારીએ તો ૪૫ લાખ યોજનવાળી સિદ્ધશિલા પૃથ્વી ઉપર એક યોજનને અન્તે ૪૫ લાખ યોજન તિર્યક્ (આડા) વિસ્તારવાળા ૧/૬ (એક ષષ્ઠમાંશ) ગાઉ ઊર્ધ્વપ્રમાણ જેટલા આકાશક્ષેત્રમાં સિદ્ધ જીવો અલોકની આદિ અને લોકના અંતને સ્પર્શીને રહ્યા છે તે સર્વ ક્ષેત્ર પણ લોકના અસંખ્યાતમા ભાગ જેટલું છે, માટે સર્વ સિદ્ધ પણ લોકના અસંખ્યાતમા ભાગમાં રહ્યા છે, એ પ્રમાણે બે રીતે ક્ષેત્ર દ્વાર કહ્યું (અન્ય દર્શનીઓ જે કહે છે કે ઈશ્વર એક જ છે અને તે પણ આ સચરાચર (ત્રસ-સ્થાવર તથા જડ-ચેતનમય) જગતમાં સર્વ સ્થાને વ્યાપી રહ્યો છે. તે આ ત્રીજા દ્વારની પ્રરૂપણાથી અસત્ય છે, એમ જાણવું.)

॥ इति ३ क्षेत्र द्वार ॥

### સ્પર્શના કાળ અને અન્તર અનુયોગ દ્વારો

## फुसणा अहिया कालो, इग सिद्ध पडुच्च साइओणंतो ।
## पडिवायाभावाओ, सिद्धाणं अंतरं नत्थि ॥४८॥

### સંસ્કૃત અનુવાદ

**स्पर्शनाधिका कालः एकसिद्धं प्रतीत्य साद्यनन्तः ।**
**प्रतिपाताऽभावतः सिद्धानामन्तरं नास्ति ॥४८॥**

### અન્વય સહિત પદચ્છેદ

**फुसणा अहिया कालो इग सिद्ध पडुच्च साइओणंतो ।**
**पडिवाय अभावाओ सिद्धाणं अंतरं नत्थि ॥४८॥**

### શબ્દાર્થ

फुसणा = સ્પર્શના
अहिया = અધિક છે.
कालो = કાળ
इग सिद्ध = એક સિદ્ધની

पडुच्च = આશ્રયી, અપેક્ષાએ
साइओणंतो = સાદિ અનંત છે.
पडिवाय = પ્રતિપાતના, પડવાના (પુનઃસંસારમાં આવવાના)
अभावाओ = અભાવથી
सिद्धाणं = સિદ્ધોને
अंतरं = અન્તર
नत्थि = નથી.

**ગાથાર્થ:**

સ્પર્શના અધિક છે, એક સિદ્ધને આશ્રયીને સાદિ અનંતકાળ છે, પડવાનો અભાવ હોવાથી સિદ્ધોમાં અંતર નથી.

**વિશેષાર્થ:**

જેમ એક પરમાણુ એક આકાશપ્રદેશમાં સમાઈ રહ્યો છે તે ૧ આકાશ પ્રદેશની अवगाहना કહેવાય. અને તે પરમાણુને ચારે દિશાએ જ તથા ઊર્ધ્વ અને અધઃ એકેક આકાશ પ્રદેશ મળી સ્પર્શેલા ૬ પ્રદેશ અને પૂર્વોક્ત અવગાહનાનો ૧ પ્રદેશ મળી ૭ આકાશપ્રદેશની स्पर्शना કહેવાય. તેમ પ્રત્યેક સિદ્ધને અવગાહનાક્ષેત્રથી સ્પર્શનાક્ષેત્ર અધિક હોય છે, તે કેવળ સિદ્ધને જ નહિ પરંતુ પરમાણુ આદિ દરેક દ્રવ્ય માત્રને સ્પર્શના અધિક હોય છે. એ क्षेत्र स्पर्शना (આકાશ પ્રદેશ આશ્રયી સ્પર્શના) કહી. હવે સિદ્ધને સિદ્ધની પરસ્પર સ્પર્શના પણ અધિક છે, તે આ પ્રમાણે-

એક વિવક્ષિત સિદ્ધ જે આકાશપ્રદેશોમાં અવગાહી રહેલ છે, તે દરેક આકાશપ્રદેશમાં એકેક પ્રદેશની હાનિ-વૃદ્ધિએ અનંત અનંત બીજા સિદ્ધ જીવો પણ તે સિદ્ધના આત્મપ્રદેશોને હીનાધિક આક્રમીને અવગાહ્યા છે. તે विषमावगाही सिद्ध કહેવાય. તેમજ તે સિદ્ધની અવગાહનામાં તે અને તેટલા જ આકાશપ્રદેશમાં સંપૂર્ણ અન્યૂનાતિરિક્તપણે-(હીનાધિકતા રહિત) બીજા અનંત સિદ્ધ જીવો (તે સિદ્ધને) સંપૂર્ણ આક્રમીને (સ્પર્શીને-પ્રવેશીને) અવગાહ્યા છે, તે તુલ્ય અવગાહનાવાળા સિદ્ધો समावगाही કહેવાય. તે વિવક્ષિત સિદ્ધને સમાવગાહી સિદ્ધોની સ્પર્શના અનંત ગુણી છે, અને વિષમાવગાહી સિદ્ધોની સ્પર્શના તેથી પણ અસંખ્યાત ગુણી છે. કારણ કે અવગાહના પ્રદેશો અસંખ્યાત છે. એ પ્રમાણે परस्पर-स्पर्शना અધિક (એટલે અનંત ગુણ) છે. એ રીતે બન્ને પ્રકારની स्पर्शना અધિક કહી.

॥ इति ४ स्पर्शना द्वार ॥

હવે કાળદ્વાર-એક સિદ્ધ આશ્રયી વિચારતાં તે જીવ અથવા સિદ્ધ અમુક વખતે મોક્ષે ગયેલ છે. માટે સાદિ (આદિ સહિત) અને સિદ્ધપણાનો અન્ત નથી, માટે

અનંત. એ પ્રમાણે એક જીવ આશ્રયી सादि अनन्त કાળ જાણવો, તથા સર્વે સિદ્ધ આશ્રયી વિચારતાં પહેલો કોણ સિદ્ધ થયો તેની આદિ નથી, તેમજ જગતમાં સિદ્ધનો અભાવ ક્યારે થશે, તે પણ નથી. માટે સર્વ સિદ્ધ આશ્રયી अनादि अनन्त કાળ જાણવો.

॥ इति ५ काळ द्वार ॥

તથા સિદ્ધને પડવાનો અભાવ છે, એટલે પુનઃ સંસારમાં આવવાનું નથી, માટે (પહેલું સિદ્ધત્વ; ત્યારબાદ વચ્ચે સંસારિત્વ, ત્યારબાદ પુનઃ સિદ્ધત્વ, એ પ્રમાણે સંસારના) આંતરાવાળું સિદ્ધત્વ હોતું નથી. અહીં વચ્ચે બીજો ભાવ પામવો તે આંતરૂં-અંતર કહેવાય, તેવું અન્તર काल अन्तर સિદ્ધને નથી. અથવા જ્યાં એક સિદ્ધ રહેલ છે, ત્યાં જ પૂર્વોક્ત રીતે સમાવગાહનાએ તથા વિષમાવગાહનાએ સ્પર્શના દ્વારમાં કહ્યા પ્રમાણે અનંત અનંત સિદ્ધો રહ્યા છે, માટે સિદ્ધોને એક બીજાની વચ્ચે અન્તર (ખાલી જગ્યા) નથી. એ રીતે ક્ષેત્ર આશ્રયી પરસ્પર અન્તર (क्षेत्र अन्तर) પણ નથી. એ[1] अन्तर द्वार કહ્યું.

અહીં અન્યદર્શનકારો કહે છે કે, ઈશ્વર, પોતાના ભક્તોનો ઉદ્ધાર કરવાને અને પાપીઓના શાસન કરવા માટે અનેક વાર અવતાર ધારણ કરે છે તે આ દ્વારથી સર્વથા અસત્ય અને અજ્ઞાનમૂલક છે, એમ જાણવું.

॥ ६ इति अन्तर द्वार ॥

## ભાગ અને ભાવ અનુયોગ દ્વાર

**सव्वजियाणमणंते भागे ते, तेसिं दंसणं नाणं ।**
**खइए भावे, परिणामिए अ पुण होइ जीवत्तं ॥४९॥**

### સંસ્કૃત અનુવાદ

**सर्वजीवानामनन्ते भागे ते, तेषां दर्शनं ज्ञानम् ।**
**क्षायिके भावे, पारिणामिके च पुनर्भवति जीवत्वम् ॥४९॥**

### શબ્દાર્થ

| | |
|---|---|
| सव्व = સર્વ | तेसिं = તે સિદ્ધોનું |
| जियाणं = જીવોના | दंसणं = દર્શન (કેવળ દર્શન) |
| अणंते = અનંતમે | नाणं = (કેવળજ્ઞાન)લ |
| भागे = ભાગે છે, ते: તે સિદ્ધ જીવો | खइए = ક્ષાયિક |

૧ નવતત્ત્વ ભાષ્યની વૃત્તિમાં સિદ્ધ જીવોને આત્મપ્રદેશો ઘન હોવાથી અન્તરછિદ્ર નથી, એમ કહ્યું છે.

भावे = ભાવનું છે
परिणामिए = પારિણામિક ભાવનું
अ = (છંદપૂર્તિ માટે)
पुण = વળી, અને, પરંતુ
होइ = છે
जीवत्तं = જીવત્વ, જીવિત

### અન્વય સહિત પદચ્છેદ

**ते सव्व जियाणं अणंते भागे, तेसिं दंसणं नाणं ।**
**खइए भावे, अ पुण जीवत्तं परिणामिए होइ ॥४९॥**

### ગાથાર્થ:

તેઓ (સિદ્ધો) સર્વ જીવોને અનંતમે ભાગે છે. તેઓનું જ્ઞાન અને દર્શન ક્ષાયિક ભાવે છે, અને જીવપણું પારિણામિક ભાવે છે.

### વિશેષાર્થ:

સિદ્ધ જીવો જો કે અભવ્યથી અનંત ગુણ છે. તોપણ સર્વ સંસારી જીવોના અનંતમા ભાગ જેટલા જ છે, એટલું જ નહિ, પરંતુ નિગોદના જે અસંખ્ય ગોળા અને એકેક ગોળામાં અસંખ્ય નિગોદ અને એકેક નિગોદમાં જે અનંત અનંત જીવ છે. તેવી એક જ નિગોદના પણ અનંતમા ભાગ જેટલા ત્રણે કાળના સર્વ સિદ્ધો છે. કહ્યું છે કે-

**जइआ य होइ पुच्छा जिणाण मग्गंमि, उत्तरं तइआ ।**
**इक्कस्स निगोयस्सवि, अणंतभागो उ सिद्धिगओ ॥१॥**

अर्थ :- જિનેશ્વરના માર્ગમાં-શાસનમાં જ્યારે જ્યારે જિનેશ્વરને પ્રશ્ન કરીએ ત્યારે ત્યારે એ જ ઉત્તર હોય છે કે, એક નિગોદનો પણ અનંતમો ભાગ જ મોક્ષે ગયો છે.

॥ इति ७ भागद्वार ॥

૧. औपशमिक भाव - રાખમાં ઢાંકેલા અગ્નિ સરખી કર્મની (મોહનીય કર્મની) ઉપશાન્ત અવસ્થા (અનુદય અવસ્થા) તે ઉપશમ અને તેથી ઉત્પન્ન થયેલો આત્મ-પરિણામ તે ઔપશમિક ભાવ.

૨. क्षायिक भाव - જળથી બુઝાઈ ગયેલા અગ્નિ સરખો કર્મનો સર્વથા ક્ષય થવો તે ક્ષય, અને તેથી ઉત્પન્ન થયેલો આત્મપરિણામ તે ક્ષાયિક ભાવ.

૩. क्षायोपशमिक भाव - ઉદયમાં પ્રાપ્ત થતા કર્મનો ક્ષય, તથા ઉદયમાં નહિ પ્રાપ્ત થયેલાં (થતાં) કર્મોનો ઉદયના અભાવરૂપ ઉપશમ તે ક્ષયોપશમ, અને તેથી ઉત્પન્ન થયેલો આત્મપરિણામ તે ક્ષાયોપશમિક ભાવ.

૪. औदायिक भाव - કર્મનો ઉદય તે ઉદય અને કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલો ગતિ, લેશ્યા, કષાય, આદિ જીવ પરિણામ (જીવની અવસ્થાઓ) તે ઔદાયિક ભાવ.

૫. पारिणामिक भाव - વસ્તુનો અનાદિ સ્વભાવ (અકૃત્રિમ સ્વભાવ અથવા સ્વાભાવિક સ્વરૂપ) તે પારિણામિક ભાવ.

એ પાંચ ભાવમાં ઔપશમિક ભાવ ફક્ત મોહનીય કર્મનો જ હોય, ક્ષાયિક ભાવ આઠે કર્મનો હોય, ક્ષયોપશમ ભાવ જ્ઞાના૦-દર્શના૦-મોહ૦ અન્તરાય એ ૪ કર્મનો હોય, ઔદાયિક ભાવ આઠે કર્મનો (તથા જીવ રચિત ઔદારિકાદિ પુદ્‌ગલ સ્કંધોને પણ) હોય, અને પારિણામિક ભાવ સર્વ દ્રવ્યનો હોય.

| | | | |
|---|---|---|---|
| **ઔપશમિક** | સમ્યક્ત્વ-૧ | **ઔદાયિક** | ગતિ-૪ |
| ૨ | ચારિત્ર-૧ | ૨૧ | કષાય-૪ |
| | | | લિંગ-૩ |
| | | | મિથ્યાત્વ-૧ |
| | | | અજ્ઞાન-૧ |
| | | | અસંયમ-૧ |
| | | | સંસારિપણું-૧ |
| | | | લેશ્યા-૬ |
| **ક્ષાયિક** | દાન લબ્ધિ | **પારિણામિક** | |
| ૯ | લાભ લબ્ધિ | ૩ | જીવત્વ |
| | ભોગલબ્ધિ | | ભવ્યત્વ |
| | ઉપભોગ લબ્ધિ | | અભવ્યત્વ |
| | વીર્ય લબ્ધિ | | |
| | કેવળજ્ઞાન | | |
| | કેવલદર્શન | | |
| | સમ્યક્ત્વ | | |
| | ચારિત્ર | | |

| | | |
|---|---|---|
| **ક્ષાયોપશમિક** | મતિ જ્ઞાન | શ્રુતજ્ઞાન |
| ૧૮ | અવધિજ્ઞાન | મનઃપર્યવજ્ઞાન |
| | મતિ અજ્ઞાન | શ્રુતઅજ્ઞાન |

| | |
|---|---|
| વિભંગ જ્ઞાન | ચક્ષુર્દર્શન |
| અચક્ષુર્દર્શન | અવધિદર્શન |
| દાનાદિલબ્ધિ-૫ | સમ્યક્ત્વ |
| ચારિત્ર | દેશવિરતિ |

**પ્રશ્ન** :- સિદ્ધ પરમાત્માને જો ક્ષાયિક ભાવ છે, તો ક્ષાયિક ભાવના ૯ ભેદ હોવાને બદલે અહીં કેવળજ્ઞાન અને કેવળદર્શન એ બે જ ક્ષાયિક ભાવ કેમ કહ્યા ? તથાભવ્યત્વ (રૂપ પારિણામિક) ભાવ સિદ્ધને કેમ નહિ ?

**ઉત્તર** :- મૂળ ગાથામાં કેવળજ્ઞાન અને કેવળદર્શન એ બે જ ક્ષાયિક ભાવ સિદ્ધ પરમાત્માને કહ્યા. તે આત્માના જ્ઞાન-દર્શન ગુણની મુખ્યતાએ કહ્યા છે, તથા દર્શનનો અર્થ સમ્યક્ત્વ[1] પણ છે તેથી ક્ષાયિક સમ્યક્ત્વ પણ ગ્રહણ કરતાં શ્રી સિદ્ધમાં ૩ ક્ષાયિકભાવ આ ગાથામાં કહ્યા છે, તોપણ બીજા ૬ ક્ષાયિક ભાવોનો સર્વથા નિષેધ ન જાણવો. શાસ્ત્રોમાં એ ૬ ક્ષાયિક ભાવો માટે અમુક અમુકનો નિષેધ અને ગ્રહણ બન્ને[2] છે, તોપણ એકંદર દૃષ્ટિએ વિચારતાં તે સર્વે અપેક્ષાભેદ હોવાથી સિદ્ધ પરમાત્મામાં નવેય ક્ષાયિક ભાવ હોય એમ કહેવામાં પણ સર્વથા વિરોધ નથી, માટે અપેક્ષાએ સિદ્ધમાં ત્રણ અથવા નવેય ક્ષાયિક ભાવ પણ માનવા.

તથા મોક્ષે જવાને યોગ્ય હોય તે ભવ્ય કહેવાય અને સિદ્ધ પરમાત્મા તો મોક્ષમાં ગયેલા જ છે. તો મોક્ષની હવે યોગ્યતા શી રીતે ઘટી શકે ? એ અપેક્ષાએ શાસ્ત્રમાં "સિદ્ધને નો ભવ્વા નો અભવ્વા એટલે સિદ્ધ પરમાત્મા ભવ્ય પણ નથી તેમ ભવ્ય નહિ એમ પણ (અર્થાત્ અભવ્ય પણ) નથી" એ વચન યુક્તિથી સહેજે સમજાય તેવું છે.

---

૧. શાસ્ત્રોમાં સમ્યક્ત્વ માટે દર્શન શબ્દ પ્રસિદ્ધ છે અને ઘણા શાસ્ત્રકારોએ શ્રી સિદ્ધમાં ૩ ભાવ કહ્યા છે. તેથી અહીં ગાથામાં કહેલા दंसणं પદના ૨ અર્થ કરવામાં વિરોધ નથી.

૨. નવતત્ત્વની પ્રાચીન આચાર્યકૃત અવચૂરિ તથા સાધુરત્નસૂરિકૃત અવચૂરિ ઇત્યાદિ ગ્રંથોમાં સિદ્ધ પરમાત્માને ક્ષાયિક જ્ઞાન અને ક્ષાયિક દર્શન એ ૨ ભાવ જ કહ્યા છે, તેમાં પણ પ્રાચીન અવચૂરિમાં તો ૭ ભાવોનો સ્પષ્ટ અક્ષરોથી નિષેધ કહ્યો છે, તથા નવાંગવૃત્તિકાર શ્રી અભયદેવસૂરિકૃત નવતત્ત્વભાષ્યમાં, એ જ ભાષ્યની યશોદેવઉપાધ્યાયકૃત વૃત્તિમાં, શ્રી તત્ત્વાર્થસૂત્રમાં, શ્રી આચારાંગ નિર્યુક્તિમાં અને મહાભાષ્યમાં ક્ષા૦ જ્ઞાન, ક્ષા૦ દર્શન અને ક્ષા૦ સમ્યક્ત્વ એ ભાવ કહ્યા છે, શેષ ૬ ભાવનો સ્પષ્ટ નિષેધ કહ્યો છે. દિગંબર સંપ્રદાયના તત્ત્વાર્થ શ્લોકવાર્તિક તથા રાજવાર્તિકમાં ક્ષા૦ વીર્ય ૪ લબ્ધિ સિવાય ૫ ભાવ કહ્યા છે. (પરંતુ દાનાદિ ૪ લબ્ધિનો સ્પષ્ટ નિષેધ નથી.) કાળ લોકપ્રકાશમાં મહાભાષ્ય પ્રમાણે ૩ ભાવ ગ્રહણ કર્યા છે અને કેટલાક આચાર્યોના મતે નવે ક્ષાયિક ભાવ ગ્રહણ કર્યા છે.

એ દરેક વિસંવાદ અપેક્ષા રહિત નથી, તોપણ સંક્ષેપમાં એટલું જ સમજવું કે કોઈ

### અલ્પ બહુત્વ અનુયોગ

## थोवा नपुंससिद्धा, थी नर सिद्धा कमेण संखगुणा ।
## इअ मुक्खतत्तमेअं, नवतत्ता लेसओ भणिया ॥५०॥

### સંસ્કૃત અનુવાદ

**स्तोका नपुंसकसिद्धाः स्त्रीनरसिद्धाः क्रमेण संख्यगुणाः ।**
**इति मोक्षतत्त्वमेत-न्नवतत्त्वानि लेशतो भणितानि ॥५०॥**

---

ભાવ સવ્યપદેશપણાના (ઉપચરિતપણાના) કારણથી, કોઈ ભાવ કાર્યભાવના કારણથી અને કોઈ ભાવ સંસારી જીવના અંગે ગુણસ્થાનવૃત્તિના કારણથી ઇત્યાદિ કારણથી નિષેધેલા છે. અને આત્માના મૂળ ગુણરૂપ જ્ઞાન, દર્શન અપેક્ષાથી પણ નિષેધાય નહીં. ગ્રહણ ધારણ યોગ્ય બાદર પરિણામી પુદ્‌ગલ સ્કંધોના વિષયવાળી દાનાદિક ૪ લબ્ધિઓ કર્મપ્રકૃતિ આદિ ગ્રંથોમાં કહી છે, પુદ્‌ગલોના ગ્રહણ-ધારણનો અભાવ હોવાથી દાનાદિ કાર્યના અભાવની અપેક્ષાએ૪ લબ્ધિઓ શ્રી સિદ્ધ પરમાત્મામાં નથી એમ કહી શકાય, તથા वि. વિશેષથી જે ईरयति-प्रेरयति - પ્રેરણા કરે તે वीर्य એ વ્યુત્પત્તિલક્ષણ શ્રી સિદ્ધ પરમાત્મામાં પ્રેરણા વૃત્તિના અભાવે ઘટતું નથી અથવા વીર્યનું લક્ષણ ક્રિયાપ્રવૃત્તિ તે શ્રી સિદ્ધમાં નથી, તેથી સિદ્ધ પરમાત્મામાં વીર્ય નથી. એમ કહી શકાય અને તેથી જ શ્રી ભગવતી સૂત્રના પહેલા શતકના ૮ મા ઉદ્દેશમાં सिद्धा णं अविरिया એ સૂત્રની વૃત્તિમાં सकरणवीर्याभावादवीर्याः सिद्धाः (= યોગ પ્રવૃત્તિરૂપ કરણવીર્યના અભાવથી સિદ્ધો વીર્ય રહિત છે.) એમ કહ્યું છે તથા चर्यते गम्यते अनेन निर्वृत्तौ इति चारित्रम् એટલે જેના વડે મોક્ષમાં જવાય તે ચારિત્ર અથવા अष्टविधकर्मचयरिक्तीकरणात् चारित्रम् એટલે આઠ પ્રકારના કર્મસંગ્રહનો (કર્મસમૂહનો) નાશ કરનાર હોવાથી ચારિત્ર કહેવાય. ઇત્યાદિ ચારિત્રનાં વ્યુત્પત્તિલક્ષણોમાંનું કોઈ પણ વ્યુત્પત્તિલક્ષણ શ્રી સિદ્ધમાં ઘટતું નથી. તેમજ ચારિત્રના પાંચ ભેદોમાંનો કોઈ પણ ભેદ (અર્થાત્ ક્ષાયિક યથાખ્યાત ચારિત્ર પણ) શ્રી સિદ્ધોમાં છે નહિ તે કારણથી શ્રી સિદ્ધમાં ચારિત્રનો અભાવ છે, માટે જ સિદ્ધાંતમાં "સિદ્ધને नो चारित्ती नो अचारित्ती એટલે સિદ્ધ ચારિત્રી છે એમ પણ નથી, તેમજ સિદ્ધમાં ચારિત્ર નથી એમ પણ નથી." એ વચન કહ્યું છે તથા જો કે ક્ષાયિક સમ્યક્ત્વ તો લગભગ સર્વ શાસ્ત્રને સમ્મત છે. તો પણ કોઈ સ્થાને સમ્યક્ત્વનો નિષેધ પણ ઉપર ટિપ્પણીમાં કહ્યા પ્રમાણે હોય તો તે સમ્યક્ત્વનો અર્થ "શ્રી વીતરાગના વચન ઉપર પ્રતીતિરૂપ શ્રદ્ધા" એમ જાણવો, જેથી શ્રી સિદ્ધ તો પોતે વીતરાગ છે, તો એમને બીજા કયા વીતરાગના વચનની શ્રદ્ધા ઘટી શકે ? તે કારણથી ક્ષાયિક ભાવની શ્રદ્ધાના અભાવે શ્રી સિદ્ધને ક્ષાયિક સમ્યક્ત્વ પણ ઘટી શકતું નથી એમ જાણવું, એ પ્રમાણે બનતાં સુધી શાસ્ત્રના વિસંવાદ પણ અપેક્ષાવાદથી સમજવા એ જ શ્રીજિનેન્દ્રવચનની પરમ પવિત્ર આરાધના છે.

## શબ્દાર્થ

| | |
|---|---|
| थोवा = થોડા, અલ્પ | संखगुणा = સંખ્યાત ગુણ છે |
| नपुंस = નપુંસક લિંગે | इअ = એ, એ પ્રમાણે |
| सिद्धा = સિદ્ધ થયેલા | मुक्खततं = મોક્ષતત્ત્વ |
| थी = સ્ત્રી લિંગે | एअं = એ, એ પ્રમાણે |
| नर = પુરુષ લિંગે | नवतत्ता = નવ તત્ત્વો |
| सिद्धा = સિદ્ધ થયેલા | लेसओ = લેશથી, સંક્ષેપથી |
| भणिया = કહ્યા | कमेण = અનુક્રમે |

## અન્વય અને પદચ્છેદ

**नपुंस सिद्धा थोवा, थी नर सिद्धा कमेण संख गुणा ।**
**इअ मुक्ख तत्तं एअं नव तत्ता लेसओ भणिया ॥५०॥**

## ગાથાર્થ:

નપુસંક લિંગે સિદ્ધ થોડા છે, સ્ત્રીલિંગે સિદ્ધ અને પુરુષ લિંગે સિદ્ધ અનુક્રમે સંખ્યાત ગુણ છે. એ પ્રમાણે આ મોક્ષતત્ત્વ છે. નવતત્ત્વો ટૂંકામાં કહ્યાં છે. ॥૫૦॥

## વિશેષાર્થ:

નપુંસક લિંગવાળા જીવો એક સમયમાં ઉત્કૃષ્ટ ૧૦ મોક્ષે જાય માટે નપુંસક સિદ્ધ અલ્પ, સ્ત્રીઓ એક સમયમાં ઉત્કૃષ્ટથી ૨૦ મોક્ષે જાય, માટે દ્વિગુણ થવાથી સ્ત્રીલિંગ સિદ્ધ સંખ્યાત ગુણ કહ્યા છે, અને પુરુષો એક સમયમાં ૧૦૮ મોક્ષે જાય છે માટે સ્ત્રીથી પણ પુરુષ સિદ્ધ સંખ્યાત ગુણ જાણવા. (દ્વિગુણથી ન્યૂન તે વિશેષાધિક, અને દ્વિગુણ, ત્રિગુણ વગેરે તે સંખ્યાત ગુણ કહેવાય). નપુંસકાદિને મોક્ષ કહ્યો તે નપુંસકાદિ વેદ આશ્રયિ નહિ પણ નપુંસકાદિ લિંગ આશ્રયિ મોક્ષ જાણવો, કારણ કે સવેદીને મોક્ષ ન હોય.

તથા અહીં ૧૦[1] પ્રકારના જન્મ નપુંસકોને ચારિત્રનો જ અભાવ હોવાથી મોક્ષે જઈ શકતા નથી, પરંતુ જન્મ્યા બાદ કૃત્રિમ રીતે થયેલા[1] ૬ પ્રકારના નપુંસકોને ચારિત્રનો લાભ હોવાથી મોક્ષે જાય છે. માટે નપુંસક સિદ્ધ તે કૃત્રિમ નપુંસકની અપેક્ષાએ જાણવા.

---

૧. ૧૦ પ્રકારના જન્મ નપુંસકોનું સ્વરૂપ શ્રી ધર્મબિંદુ વૃત્તિ આદિક ગ્રંથોથી જાણવું, તેનું સ્વરૂપ સંક્ષેપમાં પણ અહીં કહેવું યોગ્ય ધાર્યું નથી, અને ૬ પ્રકારના કૃત્રિમ નપુંસકોના સ્વરૂપ માટે જુઓ ૫૫મી ગાથાનું ટિપ્પણ.

એ પ્રમાણે વેદની અપેક્ષાએ પણ વેદ રહિત લિંગભેદે अल्पबहुत्व द्वार કહ્યું. જિનસિદ્ધાદિ ભેદમાં અલ્પબહુત્વ[૧] આ પ્રમાણે-

### સિદ્ધના શેષ ભેદનું અલ્પબહુત્વ

૧. જિનસિદ્ધ અલ્પ, અને અજિનસિદ્ધ તેથી અસંખ્યગુણા.
૨. અતીર્થસિદ્ધ અલ્પ, અને તીર્થસિદ્ધ તેથી અસંખ્યગુણા.
૩. ગૃહસ્થલિંગસિદ્ધ અલ્પ, તેથી અન્યલિંગ સિદ્ધ (અ) સંખ્યાત ગુણા, અને તેથી સ્વલિંગસિદ્ધ (અ) સંખ્યાત ગુણા.
૪. સ્વયંબુદ્ધસિદ્ધ અલ્પ, તેથી પ્રત્યેકબુદ્ધસિદ્ધ સંખ્યાતગુણા, તેથી બુદ્ધિબોધિત સિદ્ધ સંખ્યગુણા.
૫. અનેક સિદ્ધ અલ્પ, અને એક સિદ્ધ તેથી (અ) સંખ્યાતગુણા.

### જાણવા લાયક નવતત્ત્વો જાણવાનું ફળ

**जीवाइनवपयत्थे जो जाणइ तस्स होइ सम्मत्तं ।**
**भावेण सद्दहंतो अयाणमाणेऽवि सम्मत्तं ॥५१॥**

### સંસ્કૃત અનુવાદ

**जीवादिनवपदार्थान् यो जानाति तस्य भवति सम्यक्त्वम् ।**
**भावेन श्रद्दधतोऽज्ञानवतोऽपि सम्यक्त्वम् ॥५१॥**

### શબ્દાર્થ

जीवाइ = જીવ વગેરે
नव = નવ
पयत्थे = પદાર્થોને, તત્ત્વોને
जो = જે જીવ
जाणइ = જાણે
तस्स = તે જીવને
होइ = થાય છે, હોય છે
सम्मत्तं = સમ્યક્ત્વ
भावेण = ભાવપૂર્વક
सद्दहंतो = શ્રદ્ધા કરતા જીવને
अयाणमाणे = અજ્ઞાન હોતે છતે
अवि = પણ
सम्मत्तं = સમ્યક્ત્વ

### અન્વય સહિત પદચ્છેદ

ગાથાવત્ પરંતુ तस्स सम्मत्तं होइ ઇતિ વિશેષ.

---

૧. સિદ્ધોના અલ્પબહુત્વનો વિષય ઘણા વિસ્તારવાળો છે, અને અનેક પ્રકારનો છે. તે વિસ્તરાર્થીએ શાસ્ત્રાન્તરથી જાણવા યોગ્ય છે.

**ગાથાર્થ:**

જીવાદિ નવ પદાર્થોને જે જાણે તેને સમ્યક્ત્વ હોય, બોધ વિના પણ ભાવથી શ્રદ્ધા રાખનારને પણ સમ્યક્ત્વ હોય છે.

**વિશેષાર્થ:**

જીવ, અજીવ, આદિ નવ તત્ત્વોનું સ્વરૂપ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ વડે સમજાય છે, અને તે સમજનાર આત્માને સત્યાસત્યનો વિવેક થાય છે, ધર્મ-અધર્મ, હિત-અહિત (નવતત્ત્વનો જ્ઞાતા) જાણે છે, તેથી તેને સર્વજ્ઞભાષિત વચન જ સત્ય લાગે છે, અને તેમ થતાં નિશ્ચય સમ્યક્ત્વ (યથાર્થ વસ્તુતત્ત્વની શ્રદ્ધા) પ્રગટ થાય છે. પરંતુ જો જ્ઞાનાવરણીયનો તેવો તીવ્ર ક્ષયોપશમ ન હોય અને જીવ અજીવ આદિ તત્ત્વોનું જ્ઞાન ન હોય તોપણ "जं जिणेहिं पन्नत्तं तमेव सच्चं- શ્રી જિનેશ્વરે જે કહ્યું છે તે જ સત્ય" એવા અતિ દઢ સંસ્કારવાળા જીવને પણ (નવતત્ત્વનું જ્ઞાન ન હોવા છતાં) સમ્યક્ત્વ અવશ્ય હોય છે.

સમ્યક્ત્વ છે કે નહિ તેનો સર્વથા નિશ્ચય પ્રાયઃ અસર્વજ્ઞ જીવ જાણી શકે નહિ, પરંતુ સમ્યક્ત્વનાં જે ૬૭ લક્ષણો કહ્યાં છે તે લક્ષણોને અનુસારે અનુમાન વડે જીવ સ્થૂલ દૃષ્ટિએ (એટલે વ્યવહારમાત્રથી) પોતાના આત્મામાં તેમજ પરમાં વ્યવહાર સમ્યક્ત્વનો સદ્‌ભાવ કે અભાવ અનુમાનથી વિચારી શકે અથવા જાણી શકે.

**સમ્યક્ત્વ એટલે શું ?**

**सव्वाइं जिणेसर-भासियाइं वयणाइं नन्नहा हुंति ।**
**इइ बुद्धी जस्स मणे, सम्मत्तं निच्चलं तस्स ॥५२॥**

**સંસ્કૃત અનુવાદ**

**सर्वाणि जिनेश्वरभाषितानि वचनानि नान्यथा भवन्ति ।**
**इति बुद्धिर्यस्य मनसि, सम्यक्त्वं निश्चलं तस्य ॥५२॥**

**શબ્દાર્થ**

सव्वाइं = સર્વે (વચનો)
जिणेसर = જિનેશ્વરનાં
भासियाइं = કહેલાં
वयणाइं = વચનો
न = ન
अन्नहा = અન્યથા, અસત્ય
हुंति = હોય

इइ = એવા પ્રકારની
बुद्धी = બુદ્ધિ
जस्स = જેના
मणे = હૃદયમાં, મનમાં
सम्मत्तं = સમ્યક્ત્વ
निच्चलं = નિશ્ચલ, દઢ
तस्स = તેને

## અન્વય સહિત પદચ્છેદ

**जिणेसर भासिआइं सव्वाइं वयणाइं अन्नहा न हुंति ।**
**जस्स मणे इइ बुद्धी तस्स सम्मत्तं निच्चलं ॥५२॥**

**ગાથાર્થ:**

"શ્રી જિનેશ્વરે કહેલાં સર્વે (કોઈપણ) વચનો અસત્ય ન હોય" (એટલે સર્વે વચનો સત્ય જ હોય) જેના હૃદયમાં એવી બુદ્ધિ હોય તેનું સમ્યક્ત્વ દઢ છે. ॥૫૨॥

**વિશેષાર્થ:**

અસત્ય વચન બોલવામાં ક્રોધ-લોભ-ભય-હાસ્ય એ ૪ મૂળ કારણ છે, તથા લજ્જા-દાક્ષિણ્ય-ઈર્ષ્યા ઇત્યાદિ બીજાં વિશેષ કારણો પણ અનેક છે, પરંતુ તે સર્વ એ ૪ મૂળ કારણમાં અન્તર્ગત છે. શ્રી જિનેશ્વર ભગવંત રાગ, દ્વેષ, ક્રોધ, લોભ, ભય, હાસ્ય ઇત્યાદિ સર્વ દૂષણોથી સર્વથા રહિત છે. એક અંશમાત્ર પણ રાગ-દ્વેષ આદિ દોષ રહ્યો હોય તો વીતરાગ ન કહેવાય, તો એવા શ્રી વીતરાગ ભગવંત સર્વજ્ઞને અસત્ય બોલવાનું શું પ્રયોજન હોય ? માટે શ્રી વીતરાગ ભગવંત જે જે વચન કહે તે તે સંપૂર્ણ સત્ય જ હોય, એક પણ વચન અસત્ય ન હોય એવી દઢ ખાતરી જેના હૃદયમાં સંસ્કાર પામી ગઈ છે તેવા જીવને સમ્યક્ત્વ (એટલે સમ્યક્ શ્રદ્ધા) હોય છે અને તે પણ અતિ નિશ્ચલ (ઇન્દ્રજાળ આદિ કોઈપણ કપટપ્રયોગોથી ચલાયમાન ન થાય તેવું) સમ્યક્ત્વ હોય છે. અન્ય દર્શનોના અનેક ચમત્કાર દેખીને પણ "આ દર્શન-ધર્મ પણ શ્રેષ્ઠ છે." એવો મોહ કદી ન થાય, કોઈ પણ દર્શન વીતરાગ ભગવંતના ધર્મથી ચઢિયાતું નથી એમ જાણે, વીતરાગ ભગવંતના કહેલા ધર્મ જેવો દુનિયામાં કોઈ પણ અન્ય ધર્મ થયો નથી, છે નહિ અને થશે પણ નહિ. સર્વે ધર્મોમાં જે જે કંઈ સાર-તત્ત્વ હશે અથવા કેટલાક સત્ય પદાર્થો હશે તો તે સર્વ વીતરાગના વચન-ધર્મરૂપી સમુદ્રના જળના ઊડીને ગયેલા છાંટા સરખા જ છે. જીવનું સ્વરૂપ, કર્મનું સ્વરૂપ તથા દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ જે વીતરાગ ભગવંતે કહ્યું છે તે કોઈ પણ ધર્મમાં નથી એ સ્પષ્ટ છે, તથા અનેકાન્તવાદ અને સંપૂર્ણ અહિંસાદિક ધર્મો જેવા વીતરાગ ભગવંતે કહ્યા છે, તેવા કોઈ પણ ધર્મમાં નથી, એવી દઢ ખાતરી એ જ सम्यक्त्व કહેવાય. આ સમ્યક્ત્વ પોતે પદાર્થ નથી, પરંતુ જીવનો ગુણ છે.

પુનઃ મૂળ ગાથામાં सव्वाइं वयणाइं પદ હોવાથી એમ જાણવું કે જિનેશ્વરપ્રરૂપિત સર્વે વચનો સત્ય છે એવી પ્રતીતિનું નામ જ સમ્યક્ત્વ છે, પરંતુ પોતાની બુદ્ધિમાં જેટલાં યુક્તિવાળાં તેટલાં સત્ય અને બીજાં વચન અસત્ય એવી પ્રતીતિવાળાને સમ્યક્ત્વ ન હોય, એટલું જ નહિ પરંતુ એક જ વચન અથવા પદ અથવા અક્ષર ન માને, અને શેષ સર્વ વચનોનો સ્વીકાર કરે તોપણ મિથ્યાદૃષ્ટિ જીવ જાણવો.

શાસ્ત્રમાં કહ્યું છે કે- पयमवि असद्दहन्तो मिच्छादिट्ठी जओ भणिओ જે કારણથી સર્વે વચનો સદહતો (સત્ય માનતો) હોય, અને એક પદ માત્રને પણ અસદ્દહતો (અસત્ય માનતો) હોય, તો તે મિથ્યાદૃષ્ટિ કહ્યો છે.

તથા શ્રી જિનેશ્વર ભગવંતના ધર્મને શ્રેષ્ઠ માનતો હોય, તે સાથે બીજા ધર્મો પણ સારા છે, બીજા ધર્મોમાં પણ અહિંસાદિક માર્ગ કહેલા છે, ઇત્યાદિ માનતો હોય અને મધ્યસ્થ-તટસ્થપણું દર્શાવતો હોય તો તે પણ મિથ્યાદૃષ્ટિ જાણવો.[1] કારણ કે તે વિવેકશૂન્ય છે. છાશ અને દૂધ બન્ને ઉજ્જવલ દેખીને બન્નેને ઉજ્જવલતા માત્રથી શ્રેષ્ઠ માનનાર વિવેકશૂન્ય જ કહેવાય. મધ્યસ્થતા અને તટસ્થતા તો તે કહેવાય કે "સર્વે દર્શનો કદી સત્ય ન હોય, હોય તો કોઈ પણ એક દર્શન જ સત્ય હશે" એમ માનતો હોય, કયું દર્શન સત્ય તે ભલે સ્પષ્ટ ન જાણતો હોય, પરંતુ એવી માન્યતા હોય તો મધ્યસ્થ કહેવાય, એવા મધ્યસ્થને શાસ્ત્રમાં ઉત્તમ ગુણવંત ભદ્રકપરિણામી કહ્યો છે, એવી મધ્યસ્થતાવાળો પુનઃ "સંપૂર્ણ અહિંસાદિક માર્ગ એ જ ધર્મ છે, સાંસારિક મોહની ચેષ્ટારહિત સર્વજ્ઞ એ જ દેવ હોઈ શકે, અને તે દેવના વચનમાર્ગે ચાલનાર સાંસારિક ઉપાધિઓથી મુક્ત થયેલ અને તે દેવના વચનને અનુસરી ઉપદેશ આપનાર સાધુ તે જ ગુરુ હોઈ શકે" ઇત્યાદિ મોક્ષમાર્ગને અનુકૂળ સંસ્કારવાળો હોય તો (તે મધ્યસ્થ પણ) સમ્યગ્દૃષ્ટિ હોઈ શકે છે. આ ગાથાનો અર્થ સંપૂર્ણ નવતત્ત્વ પ્રકરણના સારરૂપ છે, જેથી સંક્ષેપમાં એટલો ભાવ તો અવશ્ય સમજવો જોઈએ.

### સમ્યક્ત્વ મળવાથી થતો લાભ

**अंतोमुहुत्तमित्तंपि, फासियं हुज्ज जेहिं सम्मत्तं ।**
**तेसिं अवड्ढपुग्गल-परियट्टो चेव संसारो ॥५३॥**

### સંસ્કૃત અનુવાદ

**अन्तर्मुहूर्तमात्रमपि, स्पृष्टं भवेद् यैः सम्यक्त्वम् ।**
**तेषामपार्द्धपुद्गलपरावर्तश्चैव संसारः ॥५३॥**

### શબ્દાર્થ

| | |
|---|---|
| अंतोमुहुत्त = અન્તર્મુહુર્ત | फासियं = સ્પર્શ્યું |
| मित्तं = માત્ર | हुज्ज = હોય |
| अपि = પણ | जेहिं = જે જીવોએ |

૧. એવી મધ્યસ્થ માન્યતાવાળાને કેટલાક મિશ્રસમ્યગ્દૃષ્ટિ કહે છે, સમજે છે, પરંતુ તે મિશ્રદૃષ્ટિ ન હોઈ શકે, કારણ કે શાસ્ત્રમાં એ માન્યતાવાળાને अनभिग्रहिक मिथ्यात्व કહ્યું છે.

सम्मत्तं = સમ્યક્ત્વ
तेसिं = તે જીવોનો
अवड्ढ = અપાર્ધ (છેલ્લો અર્ધ)
पुग्गलपरियट्टो = પુદ્ગલ પરાવર્ત્ત
चेव = નિશ્ચય
संसारो = સંસાર (બાકી રહે છે)

### અન્વય અને પદચ્છેદ

**जेहिं अंतोमुहुत्तमित्तं अपि सम्मत्तं फासियं हुज्ज ।**
**तेसिं संसारो चेव अवड्ढपुग्गलपरियट्टो ॥५३॥**

### ગાથાર્થ:

જે જીવોએ અન્તર્મુહૂર્ત્ત માત્ર પણ સમ્યક્ત્વ સ્પર્શ્યું હોય, તે જીવોનો સંસાર માત્ર અર્ધ પુદ્ગલપરાવર્ત્ત જેટલો જ બાકી રહે છે. ॥૫૩॥

### વિશેષાર્થ:

૯ સમયનું જઘન્ય અન્તર્મુહૂર્ત્ત તથા બે ઘડીમાં ૧ સમય ન્યૂન કાળ તે ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત્ત, અને ૧૦-૧૧ ઇત્યાદિ સમયોથી યાવત્ ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત્તથી અભ્યન્તરના મધ્યના સર્વે કાળભેદ (તેટલા ભેદવાળાં-અસંખ્યાત) મધ્યમ અન્તર્મુહૂર્ત્ત છે, અહીં મધ્યમ અન્તર્મુહૂર્ત્ત અસંખ્ય સમયનું ગ્રહણ કરવું. તેવા (મધ્યમ) અન્તર્મુહૂર્ત્ત માત્ર જેટલો કાળ પણ સમ્યક્ત્વનો લાભ થયો હોય તો અનેક મહા-આશાતનાઓ આદિક પાપનાં કારણથી કદાચ ૦।। પુદ્ગલપરાવર્ત્ત[1] જેટલો અનંતકાળ રખડે તોપણ પુનઃ સમ્યક્ત્વ પામી ચારિત્ર લઈ જીવ મોક્ષે જઈ શકે છે. અહીં સમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં જે ગ્રન્થિભેદ થાય છે, તે ગ્રન્થિભેદ એક વાર થયા બાદ પુનઃ તેવી ગ્રન્થિ (નિબિડ રાગ-દ્વેષ રૂપ ગાંઠ) જીવને પ્રાપ્ત થતી નથી.[2] માટે તે ગ્રંથિભેદના પ્રભાવે અર્ધ પુદ્ગલપરાવર્ત્તે પણ અવશ્ય મોક્ષ થાય છે. જો પુનઃ તેવી અનેક મહા-આશાતનાઓ આદિક ન કરે તો કોઈક જીવ તે જ ભવે અથવા ત્રીજે[3] સાતમે અને આઠમે ભવે પણ મોક્ષ પામે છે. અહીં ગાથામાં अपार्ध શબ્દ કહ્યો તે अप એટલે વ્યતીત થયેલ છે પહેલો અર્ધ ભાગ જેનો એવો છેલ્લો અર્ધ ભાગ તે अपार्ध, અથવા अप એટલે કિંચિત્ ન્યૂન એવો अर्ध પુદ્ગલપરાવર્ત્ત તે अपार्ध પુદ્ગલપરાવર્ત્ત એમ બે અર્થ છે. વળી દ્રવ્યાદિ ચાર પ્રકારના પુદ્ગલપરાવર્ત્તમાંથી અહીં સૂક્ષ્મ ક્ષેત્ર પુદ્ગલપરાવર્ત્તનો અર્ધ ભાગ જાણવો, પરંતુ દ્રવ્યાદિ ત્રણનો નહિ.

---

૧. પુદ્ગલ પરાવર્ત્તનું સ્વરૂપ આગળ ૫૪મી ગાથાના અર્થમાં કહેવાશે.

૨. અર્થાત્ એવો તીવ્ર રાગદ્વેષરૂપ પરિણામ આત્માને પુનઃ પ્રાપ્ત થતો નથી.

૩. અથવા આશાતનાઓની પરંપરાને અનુસરીને તેથી અધિક સંખ્યાત ભવે પણ મોક્ષ પામે છે.

## પુદ્‌ગલ પરાવર્ત્તન એટલે ?

**उस्सप्पिणी अणंता, पुग्गलपरियट्टओ मुणेयव्वो ।**
**तेऽणंताऽतीअद्धा, अणागयद्धा अणंतगुणा ॥५४॥**

### સંસ્કૃત અનુવાદ

**उत्सर्पिण्योऽनन्ताः पुद्गलपरावर्तको ज्ञातव्यः ।**
**तेऽनन्ता अतीताद्धा, अनागताद्धानन्तगुणाः ॥५४॥**

### શબ્દાર્થ

उस्सप्पिणी = ઉત્સર્પિણીઓ
अणंता = અનંત
पुग्गलपरियट्टओ = પુદ્‌ગલ પરાવર્ત્ત કાળ
मुणेयव्वो = જાણવો
ते = તે પુદ્‌ગલ પરાવર્ત્તો
अणंता = અનંતા
अतीअ = અતીત, વ્યતીત, ભૂત
अद्धा = કાળ
अणागय = અનાગત, ભવિષ્ય
अणंतगुणा = અનંતગુણ

### અન્વય સહિત પદચ્છેદ

**अणंता उस्सप्पिणी पुग्गलपरियट्टओ मुणेयव्वो ।**
**ते अणंता अतीअ अद्धा, अणंत गुणा अणागय अद्धा ॥५४॥**

### ગાથાર્થ:

અનંત ઉત્સર્પિણી તથા અવસર્પિણીનો ૧ પુદ્‌ગલ પરાવર્ત્તકાળ જાણવો, તેવા અનંત પુદ્‌ગલપરાવર્ત્તનો અતીતકાળ અને તેથી અનંતગુણો અનાગતકાળ છે.॥૫૪॥

### વિશેષાર્થ:

સુગમ છે, તોપણ આ સ્થાને અતિ ઉપયોગી હોવાથી પુદ્‌ગલપરાવર્ત્તનું સંક્ષિપ્ત સ્વરૂપ કહેવાય છે.

અહીં આઠ[1] પ્રકારના પુદ્‌ગલપરાવર્ત્ત છે, પરંતુ સમ્યક્ત્વના સંબંધમાં ૦॥ પુદ્‌ગલપરાવર્ત્ત સંસાર બાકી રહેવાનો કહ્યો છે તે સૂક્ષ્મ ક્ષેત્ર પુદ્‌ગલ પરાવર્ત્ત છે. તેનું કિંચિત્ સ્વરૂપ આ પ્રમાણે છે-

---

૧. પુદ્‌ગલપરાવર્ત્ત દ્રવ્યથી-ક્ષેત્રથી-કાળથી અને ભાવથી એમ ૪ પ્રકારે છે. તે પણ પ્રત્યેક સૂક્ષ્મ અને બાદર ભેદથી બે બે પ્રકારનો હોવાથી ૮ પ્રકારનો પુદ્‌ગલ પરાવર્ત છે, તેમાંથી અહીં સમ્યક્ત્વના સંબંધમાં જે ૦॥ પુદ્‌ગલ પરાવર્ત સંસાર બાકી રહેવાનું કહ્યું છે. તે સૂક્ષ્મ ક્ષેત્ર પુદ્‌ગલ પરાવર્ત જાણવો. અહીં પુદ્‌ગલ એટલે ચૌદરાજ લોકમાં રહેલાં સર્વ પુદ્‌ગલોને એક જીવ ઔદારિકાદિ કોઈ પણ વર્ગણાપણે (આહારક વિના) ગ્રહણ કરીને મૂકે તેમાં જેટલો કાળ લાગે

## ॥ સૂક્ષ્મ ક્ષેત્ર પુદ્ગલ પરાવર્ત્તનું સ્વરૂપ ॥

વર્તમાન સમયે કોઈ જીવલોકાકાશના અમુક નિયત આકાશપ્રદેશમાં રહી મરણ પામ્યો. પુનઃ કેટલોક કાળ વીત્યા બાદ તે જીવ સ્વાભાવિક રીતે તે નિયત આકાશપ્રદેશની પંક્તિમાં રહેલા સાથેના આકાશપ્રદેશમાં મરણ પામ્યો, ત્યારબાદ પુનઃ કેટલેક કાળે તે જ જીવ તે જ પંક્તિમાં નિયત આકાશપ્રદેશની સાથેના ત્રીજા આકાશપ્રદેશમાં મરણ પામ્યો, એ પ્રમાણે વારંવાર મરણ પામવા વડે તે અસંખ્ય આકાશપ્રદેશની સંપૂર્ણ (જ્યાંથી ગણતરીની શરૂઆત કરી છે, ત્યાંથી આગળની સંપૂર્ણ) શ્રેણિ-પંક્તિ પૂર્ણ કરે, ત્યારબાદ તે પંક્તિની સાથે રહેલી બીજી ત્રીજી યાવત્ આકાશના તે પ્રતરમાં રહેલી સાથે સાથેની અસંખ્ય શ્રેણિઓ પહેલી પંક્તિની માફક મરણ વડે અનુક્રમે પૂર્ણ કરે, ત્યારબાદ બીજા આકાશપ્રતરની અસંખ્ય શ્રેણિઓ મરણ વડે પૂર્ણ કરે, અને તે પ્રમાણે યાવત્ લોકાકાશના અસંખ્ય પ્રતરો ક્રમવાર પૂર્ણ કરે, અને લોકાકાશનો એક પ્રદેશ પણ મરણ વડે (નહિ પુરાયેલો) બાકી ન રહે, એવી રીતે વિવક્ષિત એક જીવના મરણ વડે સંપૂર્ણ લોકાકાશ ક્રમવાર પુરાતાં જેટલો કાળ (જે અનંતકાળ) લાગે તે અનંતકાળનું નામ ૧ सूक्ष्म क्षेत्रपुद्गल-परावर्त કહેવાય. એવા અનંત પુદ્ગલ પરાવર્ત્ત એક જીવે વ્યતીત કર્યા છે અને ભવિષ્યમાં કરશે, પરંતુ જો અન્તર્મુહૂર્ત્ત કાળમાત્ર પણ જીવને સમ્યક્ત્વ પ્રાપ્ત થાય તો ઉત્કૃષ્ટથી (સૂ૦ ક્ષે૦ પુદ્ગલપરા૦ રૂપ) તે એક અનંત કાળમાંનો અર્ધ અનંતકાળ જ બાકી રહે કે જે કાળ વ્યતીત થયેલા કાળરૂપ મહાસમુદ્રના એક બિંદુ જેટલો પણ નથી. અને જો સમ્યક્ત્વ ન પામે તો હજી ભવિષ્યમાં તે જીવને આ સંસારમાં તેથી પણ ઘણા અનંત સૂક્ષ્મ ક્ષેત્ર પુદ્ગલપરાવર્ત્ત રઝળવાનું છે જ.

વળી ભવિષ્યકાળ તે ભૂતકાળ જેટલો જ તુલ્ય નથી, પરંતુ અનંત ગુણ છે, માટે જ મૂળ ગાથામાં કહ્યું છે કે ભૂતકાળમાં અનંત પુદ્ગલ પરાવર્ત્ત વ્યતીત થયા છે, અને ભવિષ્યકાળમાં તેથી પણ અનંતગુણા સૂક્ષ્મક્ષેત્ર પુ૦ પરા૦ વ્યતીત થવાના છે. એટલે તે વ્યતીત થયેલા અનંત સૂ૦ ક્ષે૦ પુ૦ પરા૦ થી પણ અનંતગુણ સૂ૦ ક્ષે૦ પુ૦ પરા૦ જેટલો ભવિષ્ય કાળ છે.

---

તે द्रव्य पुद्गलपरावर्त, લોકાકાશના પ્રદેશોને એક જીવ મરણ વડે સ્પર્શી સ્પર્શીને મૂકે તેમાં જેટલો કાળ લાગે તેટલા કાળનું નામ क्षेत्र पुद्गलपरावर्त ઉત્સર્પિણી તથા અવસર્પિણીના સમયોને એક જીવ વારંવાર મરણ વડે સ્પર્શી સ્પર્શીને મૂકે તેમાં જેટલો કાળ થાય તે काल पुद्गलपरावर्त, અને રસબંધના અધ્યવસાયો એક જીવ પૂર્વોક્ત રીતે મરણ વડે સ્પર્શી-સ્પર્શીને છોડે તેમાં જે કાળ લાગે તે भावपुद्गलपरावर्त કહેવાય. એમાં કાંઈ પણ અનુક્રમ વિના પુદ્ગલાદિને જેમ તેમ સ્પર્શી-સ્પર્શીને મૂકવાથી (પૂર્ણ કરવાથી) ચાર બાદર પુદ્ગલપરાવર્ત્ત થાય છે. અને અનુક્રમે સ્પર્શી-સ્પર્શીને મૂકવાથી ચાર સૂક્ષ્મ પુદ્ગલ પરાવર્ત થાય છે. ચારેય પુદ્ગલપરાવર્ત્તમાં અનંત અનંત કાળચક્ર અતીત થાય છે.

## પ્રસંગે સિદ્ધના ૧૫ ભેદો

**जिण अजिण तित्थऽतित्था, गिहि अन्न सलिंग थी नर नपुंसा ।**
**पत्तेय सयंबुद्धा, बुद्धबोहिय इक्कणिक्का य ॥५५॥**

### સંસ્કૃત અનુવાદ

**जिनाजिनतीर्थातीर्था गृह्यन्यस्वलिङ्गस्त्रीनरनपुंसकाः ।**
**प्रत्येकस्वयंबुद्धौ, बुद्धबोधितैकानेकाश्च ॥५५॥**

### શબ્દાર્થ

जिण = જિનસિદ્ધ
अजिण = અજિનસિદ્ધ
तित्थ = તીર્થસિદ્ધ
अतित्था = અતીર્થ સિદ્ધ
गिहि = ગૃહસ્થલિંગ સિદ્ધ
अन्न = અન્યલિંગ સિદ્ધ
सलिंग = સ્વલિંગ સિદ્ધ
थी = સ્ત્રીલિંગ સિદ્ધ
नर = પુરુષલિંગ સિદ્ધ
नपुंसा = નપુંસકલિંગ સિદ્ધ
पत्तेय = પ્રત્યેકબુદ્ધ સિદ્ધ
सयंबुद्धा = સ્વયંબુદ્ધ સિદ્ધ
बुद्धबोहिया = બુદ્ધબોધિત સિદ્ધ
इक्क = એક સિદ્ધ
अणिक्का = અનેક સિદ્ધ
य = અને

### અન્વય સહિત પદચ્છેદ

**जिण अजिण तित्थ अतित्था, गिहि अन्न सलिंग थी नर नपुंसा ।**
**पत्तेय सयंबुद्धा बुद्धबोहीय इक्क य अणिक्का ॥५५॥**

### ગાથાર્થ:

જિનસિદ્ધ - અજિનસિદ્ધ - તીર્થસિદ્ધ - અતીર્થસિદ્ધ - ગૃહસ્થલિંગસિદ્ધ અન્યલિંગ સિદ્ધ - સ્વલિંગસિદ્ધ - સ્ત્રીસિદ્ધ - પુરુષસિદ્ધ - નપુંસક સિદ્ધ - પ્રત્યેક બુદ્ધસિદ્ધ - સ્વયંબુદ્ધ સિદ્ધ - બુદ્ધબોધિત સિદ્ધ - એકસિદ્ધ અને અનેકસિદ્ધ એ સિદ્ધના ૧૫ ભેદ છે. ॥૫૫॥

### વિશેષાર્થ:

આ કહેવાતા ૧૫ પ્રકારના સિદ્ધ જો કે સર્વથા ભિન્ન ભિન્ન નથી પરંતુ એક બીજામાં અન્તર્ગત છે. તોપણ વિશેષ બોધ થવા માટે ૧૫ ભેદ જુદા જુદા કહ્યા છે. ત્યાં પ્રથમ એ ૧૫ ભેદનું સ્વરૂપ સંક્ષેપમાં આ પ્રમાણે છે-

૧. જિનસિદ્ધ - તીર્થંકરપદવી પામીને મોક્ષે જાય તે, અર્થાત્ તીર્થંકર ભગવંત જિનસિદ્ધ કહેવાય.

૨. अजिनसिद्ध – તીર્થંકર પદવી પામ્યા વિના સામાન્ય કેવલિ થઈને મોક્ષે જાય તે.

૩. तीर्थसिद्ध – શ્રી તીર્થંકર ભગવંત પોતાને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા બાદ તુરત દેશના સમયે મળેલી પહેલી જે પરિષદ્‌માં ગણધરની તથા સાધુ-સાધ્વી-શ્રાવક-અને શ્રાવિકા રૂપ ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે, તે શ્રી ગણધર તથા ચતુર્વિધ સંઘ તીર્થ કહેવાય છે, તે તીર્થની સ્થાપના થયા બાદ જે જીવ મોક્ષે જાય, તે તીર્થસિદ્ધ કહેવાય.

૪. अतीर्थसिद्ध – પૂર્વે કહ્યા પ્રમાણે તીર્થની સ્થાપના થયા પહેલાં મોક્ષે જાય તે.

૫. गृहस्थलिंग सिद्ध – ગૃહસ્થના[1] વેષમાં જ મોક્ષે જાય તે.

૬. अन्यलिंग सिद्ध – અન્યદર્શનીઓના સાધુવેષમાં એટલે તાપસ, પરિવ્રાજક આદિ વેષમાં રહ્યા છતાં મોક્ષે જાય તે અન્યલિંગ સિદ્ધ.

૭. स्वलिंग सिद्ध – શ્રી જિનેશ્વર ભગવંતે જે સાધુવેશ કહ્યો છે તે સ્વલિંગ કહેવાય. તેવા સાધુવેષમાં મોક્ષે જાય તે સ્વલિંગ સિદ્ધ.

---

૧. આ બે ભેદને અંગે કેટલાક જીવો અજ્ઞાનથી એમ કહે છે કે "ગૃહસ્થના વેષમાં પણ મોક્ષ છે, અને તાપસ આદિના સાધુવેષમાં પણ મોક્ષ કહ્યો છે, માટે સંસાર છોડીને સાધુ બનવાથી જ મોક્ષ મળે એવો નિશ્ચય નથી, ઘરમાં રહ્યા છતાં મોક્ષ મળે" આ કહેવું સર્વથા અજ્ઞાનમૂલક છે, કારણ કે એ રીતે ગૃહસ્થાદિ વેષવાળા મોક્ષે ન જાય, પરંતુ કદાચિત્ ગૃહસ્થાદિને તીવ્ર વૈરાગ્ય ઉત્પન્ન થયે કેવળજ્ઞાન પામ્યા બાદ મોક્ષે જવાનો અલ્પ કાળ રહ્યો હોય તો તેઓ મુનિવેષ ધારણ કર્યા વિના મોક્ષે જાય, અને કાળ દીર્ઘ હોય તો અવશ્ય મુનિવેષ ધારણ કરે છે, એવો શાસ્ત્રપાઠ છે. માટે ગૃહસ્થ હોય અથવા તાપસાદિ હોય કે સાધુ હોય પરંતુ જિનેન્દ્ર ભગવંતનાં વચનોનો અનાદર કરીને કોઈપણ મોક્ષે જઈ શકે જ નહિ. સાધુવેષનું શું પ્રયોજન છે ? એમ કહેનાર અને માનનારને સમ્યક્ત્વ પણ ન હોય તો મોક્ષની વાત જ શી ?

વળી અહીં બીજી વાત એ છે કે અન્યદર્શનીય બાવા તાપસ વગેરે દરેક દર્શનવાળાના વેષમાં મોક્ષપ્રાપ્તિ કહી તેથી શ્રી જિનેન્દ્રધર્મનું નિષ્પક્ષપાતપણું અત્યંત સ્પષ્ટ થાય છે. શ્રી જિનેશ્વરોએ કેવળ જૈનદર્શનના વેષવાળા સાધુઓને અથવા શ્રાવકોને જ મોક્ષ હોય એવો પક્ષપાત-આગ્રહ રાખ્યો નથી, પરંતુ કહ્યું છે કે-

**सेयंबरो य आसंबरो बुद्धो, य अहव अन्नो वा ।**
**समभावभाविअप्पा, लहइ मुक्खं न संदेहो ॥१॥**

અર્થ :- શ્વેતામ્બર જૈન હોય અથવા આશામ્બર (દિગંબર) જૈન હોય, અથવા બૌદ્ધદર્શનનો હોય અથવા બીજા કોઈપણ દર્શનવાળો ચાહે મુસલમાન, પારસી, ખ્રિસ્તી, યહૂદી ઇત્યાદિમાંનો કોઈ પણ હોય તો પણ સમભાવ (સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપ આત્મસ્વભાવ) વડે ભાવિત-વાસિત-યુક્ત થયેલો આત્મા-જીવ મોક્ષ પામે એમાં કોઈપણ સંદેહ નથી, માટે એટલું તો અવશ્ય જાણવું જોઈએ કે મોક્ષમાર્ગ તો હંમેશાં એક જ પ્રકારનો

૮. स्त्रीलिंग सिद्ध[1] - સ્ત્રી મોક્ષે જાય તે.

૯. पुरुषलिंग सिद्ध - પુરુષો મોક્ષે જાય તે.

૧૦. नपुंसकलिंग सिद्ध - કૃત્રિમ[2] નપુસંકો મોક્ષે જાય તે. અહીં જન્મ નપુંસકને ચારિત્રની પ્રાપ્તિ ન હોવાથી મોક્ષ પણ હોય નહિ.

૧૧. प्रत्येकबुद्ध[3] सिद्ध - સંધ્યાના પલટાતા ક્ષણિક રંગ આદિ નિમિત્તથી વૈરાગ્ય પામી મોક્ષે જાય તે.

૧૨. स्वयंबुद्ध[4] सिद्ध - સંધ્યારંગ આદિ નિમિત્ત વિના તથા ગુરુ આદિકના ઉપદેશ વિના (જાતિસ્મરણાદિકથી પણ) પોતાની મેળે વૈરાગ્ય પામી મોક્ષે જાય તે.

૧૩. बुद्धबोधित सिद्ध-बुद्ध - ગુરુના बोधित - ઉપદેશથી બોધ (વૈરાગ્ય) પામીને મોક્ષે જાય તે.

૧૪. एकसिद्ध - એક સમયમાં ૧ મોક્ષે જાય તે.

૧૫. अनेकसिद्ध - એક સમયમાં અનેક મોક્ષે જાય તે. અહીં જઘન્યથી ૧

---

હોય, પરંતુ હિંસા અને અહિંસા, સત્ય અને અસત્ય, ત્યાગ, અત્યાગ, રાગ અને વૈરાગ્ય એમ બે બે પ્રકારે મોક્ષ માર્ગ ન જ હોય, અને તેવા અહિંસાદિ માર્ગોનો સ્વીકાર દૃઢ રીતે અકસ્માત્ પ્રાપ્ત થતાં તે તાપસ આદિ તત્ત્વથી જૈનદર્શન પામે છે, અને ઉત્કૃષ્ટ વૈરાગ્યથી કેવળજ્ઞાન પણ પામે છે, પરંતુ આયુષ્ય અન્તર્મુહૂર્તથી અધિક હોય અને વેષની સામગ્રી મળે તો તે તાપસો શીઘ્ર પોતાનો વેષ બદલી સાધુનો વેષ ગ્રહણ કરે છે. તેનું કારણ એ જ કે તે વેષ હવે પોતાનો જ પ્રરૂપેલો ગણાય. અન્યથા નિરૂપયોગી થઈ જાય છે, અને જો તે તાપસ આદિ અંતગડ (અન્તર્મુહૂર્તમાં મોક્ષ પામનાર) કેવલી થયા હોય તો તે વેષમાં રહ્યા છતાં જ મોક્ષે જાય છે, કાળની અલ્પતા એ જ વેષની અપરાવૃત્તિમાં મુખ્ય કારણ છે.

૧. સ્તન આદિ લિંગયુક્ત તે लिंगस्त्री. પુરુષસંગની અભિલાષાવાળી હોય તે वेदस्त्री. ત્યાં વેદસ્ત્રીને મોક્ષ ન હોય. તેવી જ રીતે દાઢી, મૂછ આદિ લિંગવાળો लिंगपुरुष, અને સ્ત્રીસંગની ઇચ્છાવાલો वेदपुरुष છે. તેમજ સ્ત્રીનાં અને પુરુષના ચિહ્નની વિષમતાવાળો लिंग नपुंसक તથા પુરુષ તથા સ્ત્રી ઉભયની ઇચ્છાવાળો वेद नपुंसक છે. ત્યાં વેદ પુરુષ અને વેદ નપુંસકને મોક્ષ નથી. અને લિંગપુરુષ તથા લિંગનપુંસકને મોક્ષ છે.

૨. કૃત્રિમ નપુંસકના ૬ ભેદ તે આ પ્રમાણે :- (૧) वर्धितक - ઇન્દ્રિયના છેદવાળા પાવઇયા વગેરે. (૨) चिप्पित - જન્મતાં જ મર્દનથી ગળાવેલ વૃષણવાળા. (૩) मंत्रोपहत - મંત્રપ્રયોગે પુરુષત્વનો નાશ થયેલ હોય એવા. (૪) औषधोपहत - ઔષધિપ્રયોગથી હણાયેલ પુરુષત્વવાળા. (૫) ऋषिशप्त - મુનિના શાપથી હણાયેલા પુરુષત્વવાળા અને (૬) देवशप्त - દેવના શાપથી હણાયેલા પુરુષત્વવાળા. આ પ્રકારના નપુંસકો વેદની મંદતાવાળા હોવાથી ચારિત્ર આરાધી મોક્ષ પામી શકે છે.

૩-૪. અહીં પ્રત્યેકબુદ્ધ અને સ્વયંબુદ્ધમાં બોધિ-ઉપધિ-શ્રુતજ્ઞાન-વેષ અને લિંગનો તફાવત ગ્રંથાંતરથી જાણવો.

સમયમાં ૧ જીવ મોક્ષે જાય, અને ઉત્કૃષ્ટથી ૧ સમયમાં ૧૦૮ જીવ મોક્ષે જાય છે. તેમાં પણ નીચેના કોષ્ટક[1] પ્રમાણે નિયમ જાણવો.

| જીવ સંખ્યા | નિરન્તર મોક્ષે જાય |
|---|---|
| ૧ થી ૩૨ | ૮ સમય સુધી, ત્યાર બાદ અવશ્ય અન્તર પડે. |
| ૩૩ થી ૪૮ | ૭ સમય સુધી, ત્યાર બાદ અવશ્ય અન્તર પડે. |
| ૪૯ થી ૬૦ | ૬ સમય સુધી, ત્યાર બાદ અવશ્ય અન્તર પડે. |
| ૬૧ થી ૭૨ | ૫ સમય સુધી, ત્યાર બાદ અવશ્ય અન્તર પડે. |
| ૭૩ થી ૮૪ | ૪ સમય સુધી, ત્યાર બાદ અવશ્ય અન્તર પડે. |
| ૮૫ થી ૯૬ | ૩ સમય સુધી, ત્યાર બાદ અવશ્ય અન્તર પડે. |
| ૯૭ થી ૧૦૨ | ૨ સમય સુધી, ત્યાર બાદ અવશ્ય અન્તર પડે. |
| ૧૦૩ થી ૧૦૮ | ૧ સમય સુધી, ત્યાર બાદ અવશ્ય અન્તર પડે. |

એ પ્રમાણે અનેક સિદ્ધનો નિયમ છે. વળી સિદ્ધોનું જઘન્ય અન્તર ૧ સમય અને ઉત્કૃષ્ટ અન્તર ૬ માસનું છે. અર્થાત્ ૬ માસ સુધી પણ કોઈ જીવ મોક્ષમાં ન જાય એમ બને છે. ત્યારબાદ કોઈક જીવ અવશ્ય મોક્ષે જાય.

તથા ઉપર કહેલા ૧૫ ભેદમાં મૂળ ભેદ વિચારીએ તો સિદ્ધના ત્રણ રીતે ૨ ભેદ અને ત્રણ રીતે ૩ ભેદ હોય છે. તે આ પ્રમાણે-

| | |
|---|---|
| ૧. જિનસિદ્ધ-અજિનસિદ્ધ | ૧. ગૃહીલિંગ-અન્યલિંગ-સ્વલિંગ |
| ૨. તીર્થસિદ્ધ-અતીર્થસિદ્ધ | ૨. સ્ત્રીલિંગ-પુરુષલિંગ-નપુંસકલિંગ |
| ૩. એકસિદ્ધ-અનેકસિદ્ધ | ૩. સ્વયંબુદ્ધ-પ્રત્યેકબુદ્ધ-બુદ્ધબોધિત |

એ પ્રમાણે ૬ મૂળ ભેદોની પરસ્પર સંક્રાંતિ (એક બીજામાં અન્તર્ગતપણું) સ્વબુદ્ધિથી યથાર્થ વિચારવી. જેમકે = જે અજિનસિદ્ધ તે શેષ ૧૩ ભેદે સિદ્ધ થાય, અને સ્વલિંગસિદ્ધ તે શેષ ૧૨ ભેદે સિદ્ધ થાય, એ પ્રમાણે બે બે મૂળ ભેદમાંનો પ્રત્યેક ભેદ શેષ ૧૩ ભેદે, અને ત્રણ ત્રણ ભેદમાંનો પ્રત્યેક ભેદ શેષ ૧૨ ભેદે સિદ્ધ થાય, પરંતુ જિનસિદ્ધ તો સામાન્યથી શેષ ૭ ભેદે મોક્ષ પામે છે. અથવા એક જીવ એક સમયે સિદ્ધના ૧૫ ભેદમાંથી ૬ ભેદવાળો હોય છે, કારણ કે તે પૂર્વોક્ત ૬ વિકલ્પમાંથી એકેક વિકલ્પ યુક્ત હોય છે. જેમ શ્રી મહાવીરસ્વામી મોક્ષે ગયા તો તે જિનસિદ્ધ-તીર્થસિદ્ધ-એકાકી જવાથી એકસિદ્ધ-સ્વલિંગસિદ્ધ-પુલ્લિંગસિદ્ધ અને સ્વયંબુદ્ધ સિદ્ધ એમ ૬ ભેદયુક્ત સિદ્ધ થયા.

---

૧. એ કોષ્ટક અંકમાત્રથી સમજી રાખવું ઠીક છે, કારણ કે એ અંકનો સમયની ગણતરી સાથે ૩-૪ પ્રકારનો અર્થ છે. તે પ્રાથમિક અભ્યાસીઓને સમજવામાં કઠિન છે.

## ૧૫. ભેદોનાં દૃષ્ટાન્તો

**जिणसिद्धा अरिहंता, अजिणसिद्धा य पुंडरिअपमुहा ।**
**गणहारि तित्थसिद्धा अतित्थसिद्धा य मरुदेवा ॥५६॥**

### સંસ્કૃત અનુવાદ

**जिनसिद्धा अर्हन्तो, अजिनसिद्धाश्च पुण्डरिकप्रमुखाः ।**
**गणधारिणस्तीर्थसिद्धा, अतीर्थसिद्धा च मरुदेवी ॥५६॥**

### શબ્દાર્થ

जिणसिद्धा = જિનસિદ્ધ
अरिहंता = તીર્થંકર ભગવંતો
अजिणसिद्धा = અજિનસિદ્ધ
पुंडरिअ = પુંડરિક ગણધર
पमुहा = વગેરે
गणहारि = ગણધરો
तित्थसिद्धा = તીર્થસિદ્ધ
अतित्थसिद्धा = અતીર્થસિદ્ધ
य = અને
मरुदेवा = મરુદેવી માતા

### અન્વય સહિત પદચ્છેદ

ગાથાવત્ સુગમ છે-

### ગાથાર્થ:

જિનસિદ્ધ તે તીર્થંકર ભગવંતો, અજિનસિદ્ધ તે પુંડરિક ગણધર વગેરે, ગણધર ભગવંતો તીર્થસિદ્ધ અને મરુદેવા માતા અતીર્થસિદ્ધ ॥૫૬॥

### વિશેષાર્થ :

તીર્થંકર ભગવંત મોક્ષે જાય તે જિનસિદ્ધ કહેવાય. શ્રી ઋષભદેવ સ્વામીના પ્રથમ ગણધર પુંડરિકસ્વામી વગેરે ગણધરો તથા બીજા પણ મુનિ વગેરે તીર્થંકર પદવી રહિત, સામાન્ય કેવલી હોઈને મોક્ષે ગયા અને જાય છે માટે તે સર્વ અજિન-સિદ્ધ કહેવાય, તથા તીર્થસ્થાપન વખતે ગણધરની સ્થાપના સહુથી પ્રથમ હોય છે, અને ત્યારબાદ જ તેઓ મોક્ષે જાય છે, માટે ગણધર તો અવશ્ય તીર્થસિદ્ધ કહેવાય અને તે સિવાયના બીજા સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા તીર્થસ્થાપના બાદ મોક્ષે જાય તો તે પણ તીર્થસિદ્ધ કહેવાય તથા આ અવસર્પિણીમાં પહેલા ભગવંત શ્રી ઋષભદેવને કેવળજ્ઞાન થયા બાદ સમવસરણમાં દેશના ચાલુ હતી, અને તીર્થ સ્થાપના હજી થઈ ન હતી, તેટલામાં પુત્રવિરહથી અંધ થયેલાં શ્રી મરુદેવા માતા હસ્તિ ઉપર બેસી પોતાના પુત્રની ઋદ્ધિ દેખવા જતાં માર્ગમાં જ ઉત્કૃષ્ટ વૈરાગ્યથી

કેવળજ્ઞાન પામી આ ચોવીશીમાં સર્વથી પહેલાં મોક્ષે ગયાં, માટે આ અવસર્પિણીમાં સર્વથી પ્રથમ अतीर्थ सिद्ध મરુદેવા માતા છે. તેવી જ રીતે પૂર્વે તીર્થંકરનું તીર્થશાસન વિચ્છેદ પામ્યા બાદ અને નવું તીર્થ હજી સ્થપાયું ન હોય તે પહેલાં અંતરાલ કાળમાં જે કોઈ જીવો જાતિસ્મરણાદિ વડે વૈરાગ્ય પામી મોક્ષે જાય, તે સર્વે अतीर्थ सिद्ध કહેવાય, (એમ શ્રી પન્નવણાજીની વૃત્તિમાં કહ્યું છે.)

**गिहिलिंग सिद्ध भरहो, वक्कलचीरी य अन्नलिंगम्मि ।**
**साहू सलिंगसिद्धा, थीसिद्धा चंदणापमुहा ॥५७॥**

**સંસ્કૃત અનુવાદ**

**गृहिलिंगसिद्धो भरतो, वल्कलचीरी चान्यलिङ्गे ।**
**साधवः स्वलिङ्गसिद्धाः स्त्रीसिद्धाश्चन्दनाप्रमुखाः ॥५७॥**

**શબ્દાર્થ**

गिहिलिंगसिद्ध = ગૃહસ્થલિંગસિદ્ધ
भरहो = ભરત ચક્રવર્તી
वक्कलचीरी = વલ્કલચીરી તાપસ
य = અને
अन्नलिंगम्मि = અન્યલિંગે
साहू = સાધુઓ
सलिंगसिद्धा = સ્વલિંગસિદ્ધ
थीसिद्धा = સ્ત્રીસિદ્ધ
चंदणा = ચંદનબાળા
पमुहा = વગેરે

**અન્વય સહિત પદચ્છેદ**

ગાથાવત્ સુગમ છે-

**ગાથાર્થ:**

ગૃહસ્થલિંગે સિદ્ધ તે ભરત ચક્રવર્તિ, તથા વલ્કલચીરી અન્યલિંગે સિદ્ધ, સાધુઓ સ્વલિંગસિદ્ધ, અને સ્ત્રીલિંગે સિદ્ધ તે ચંદનબાળા વગેરે ॥૫૭॥

**વિશેષાર્થ:**

છ ખંડના અધિપતિ ભરત ચક્રવર્તિ-શ્રી ઋષભદેવના પુત્ર આ અવસર્પિણીમાં પહેલા ચક્રવર્તી થયા. તેઓ આરિસાભવનમાં એક વીંટી પડી જતાં અંગુલિ શોભા રહિત દેખી વૈરાગ્ય પામ્યા કે આ અંગ પણ વસ્તુ વડે જ શોભીતું છે, ઇત્યાદિ તીવ્ર ભાવનાથી કેવળજ્ઞાન પામ્યા, અને ઇન્દ્રે આપેલો સાધુવેષ ગ્રહણ કરી પૃથ્વીતલ ઉપર વિહાર કરી અનુક્રમે નિર્વાણ પામ્યા. અહીં ભરત ચક્રવર્તીને આરિસાભવનમાં ગૃહસ્થવેષમાં જ કેવળજ્ઞાન થયું તેથી गृहिलिंगसिद्ध કહ્યા છે.

તથા પ્રસન્નચંદ્ર રાજર્ષિના ભાઈ વલ્કલચીરીનો જન્મ માતા-પિતાએ તાપસી દીક્ષા લીધા બાદ વનમાં થયો હતો અને वल्कल વૃક્ષની છાલનું चीर - वस्त्र પહેરતા હોવાથી વલ્કલચીરી નામ થયું હતું. તે એક દિવસ પોતાના પિતાની તુંબડી વગેરે દેખીને જાતિસ્મરણ જ્ઞાન થતાં પોતે પૂર્વ ભવમાં ચારિત્ર પાળ્યું હતું એમ સ્મરણ થયું, અને તે વૈરાગ્ય વૃદ્ધિથી કેવળજ્ઞાન પામ્યા, તેથી વલ્કલચીરી अन्यलिंग સિદ્ધ છે. તેમજ શ્રી ગૌતમસ્વામીએ અષ્ટાપદ પર્વત ઉપર ૧૫૦૦ તાપસને પ્રતિબોધ પમાડ્યો અને સર્વને કેવળજ્ઞાન થયું તેથી તે સર્વે પણ અન્યલિંગસિદ્ધ કહેવાય.

તથા શ્રી જિનેશ્વર ભગવંતે જેવો સાધુવેષ કહ્યો છે તેવો સાધુવેષ અંગીકાર કરી જે સાધુઓ મોક્ષે જાય તે स्वलिंग सिद्ध કહેવાય.

તથા મહાવીર પ્રભુના છ માસિક અભિગ્રહને અડદના બાકળા વહોરાવી પૂર્ણ કરનાર ચંપાનગરના દધિવાહન રાજાની પુત્રી વસુમતી, એનું બીજું નામ ચંદનબાળા તેણે દીક્ષા લીધી અને તીર્થ સ્થાપનામાં પ્રભુએ મુખ્ય સાધ્વી સ્થાપી. તે ચંદનબાળાને પોતાની શિષ્યા મૃગાવતીના નિમિત્તથી કેવળજ્ઞાન થયું. તેથી ચંદનબાળા स्त्रीसिद्ध કહેવાય, તેમજ મરુદેવા માતા વગેરે સર્વે સ્ત્રી[1]લિંગસિદ્ધ કહેવાય.

**पुंसिद्धा गोयमाइ गांगेयाइ नपुंसया सिद्धा ।**
**पत्तेय-सयंबुद्धा, भणिया करकंडु-कविलाई ॥५८॥**

### સંસ્કૃત અનુવાદ

**पुरुषसिद्धा गौतमादयो, गाङ्गेयादयो नपुंसकाः सिद्धाः ।**
**प्रत्येकस्वयंबुद्धाः भणिताः करकण्डुकपिलादयः ॥५८॥**

### શબ્દાર્થ

पुंसिद्धा = પુરુષ સિદ્ધ
गोयमाइ = ગૌતમ વગેરે
गांगेयाइ = ગાંગેય વગેરે
नपुंसया = નપુંસક
सिद्धा = સિદ્ધ
पत्तेय = પ્રત્યેકબુદ્ધ સિદ્ધ
सयंबुद्धा = સ્વયંબુદ્ધ સિદ્ધ
भणिया = કહ્યા
करकंडु = કરકંડુ મુનિ
कविलाई = કપિલમુનિ વગેરે

---

૧. અહીં દિગંબર સંપ્રદાયવાળા સ્ત્રીને મોક્ષ માનતા નથી, તે સર્વજ્ઞ વચનને અનુસારે નથી.

## અન્વય સહિત પદચ્છેદ

**गोयम आइ पुंसिद्धा, गांगेय आइ नपुंसया सिद्धा ।**
**करकंडु आइ पत्तेय ( बुद्ध ) कविल आइ सयंबुद्धा भणिया ।।५८।।**

## ગાથાર્થ:

ગૌતમ ગણધર વગેરે પુરુષસિદ્ધ, ગાંગેય વગેરે નપુંસક સિદ્ધ, કરકંડુ મુનિ અને કપિલ વગેરે પ્રત્યેકબુદ્ધ અને સ્વયંબુદ્ધ સિદ્ધ કહ્યા છે. ।।૫૮।।

## વિશેષાર્થ:

ગૌતમ ગણધર શ્રી મહાવીરસ્વામીના મુખ્ય ગણધર હતા. તેમનો શ્રી મહાવીરસ્વામી ઉપર અત્યંત ગુરુરાગ હતો. પ્રભુએ પોતાના નિર્વાણ સમયે ગૌતમ ગણધરને કારણસર બીજે ગામ જવાની આજ્ઞા કરી હતી, ત્યાં બીજે ગામ જઈને આવતાં માર્ગમાં જ શ્રી મહાવીરપ્રભુનું નિર્વાણ થયું સાંભળી અતિ શોકાતુર થતાં પુનઃ અનિત્ય ભાવના પ્રગટ થઈ અને કેવળજ્ઞાન પામ્યા. તે શ્રી ગૌતમસ્વામી (પુરુષ હોવાથી) **पुरुषलिंगसिद्ध** છે. તથા ગાંગેયમુનિ[1] નપુંસક થઈ કેવળજ્ઞાન પામ્યા છે માટે **नपुंसकलिंगसिद्ध** છે.

તથા દધિવાહન રાજાના પુત્ર કરકંડુ એક વૃદ્ધ બળદની દુઃખી અવસ્થા જોઈ વૈરાગ્ય પામી લોચ કરી સ્વયંદીક્ષા તથા મુનિવેષ ગ્રહણ કરી કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા માટે કરકંડુ આદિ **प्रत्येकबुद्धसिद्ध** જાણવા. અહીં સંધ્યારંગ આદિ કોઈ નિમિત્તથી વૈરાગ્ય પામે તે પ્રત્યેકબુદ્ધ કહેવાય. સ્ત્રી પ્રત્યેકબુદ્ધ હોય નહિ, પરંતુ પુરુષ અથવા નપુંસક (પ્રત્યેકબુદ્ધ) હોય છે.

તથા કૌશામ્બી નગરીના જીતશત્રુ રાજાના કશ્યપ પુરોહિતનો પુત્ર કપિલ બ્રાહ્મણ શ્રાવસ્તિ નગરીમાં ગુરુ પાસે અભ્યાસ કરતાં કોઈ દાસીના સ્નેહમાં પડેલો હતો, ત્યાં ધનશ્રેષ્ઠિ પ્રભાતે સૌથી પ્રથમ જગાડનાર બ્રાહ્મણને બે માસા સુવર્ણ આપે છે એમ સાંભળી રાત્રે વહેલા જતાં ચોકીદારોએ પકડી રાજા સમક્ષ ઊભો કરતાં સત્ય બોલવાથી રાજાએ ઇચ્છા પ્રમાણે માગવા કહ્યું. ત્યારે બાગમાં બેસી વિચાર કરી બે માસા સુવર્ણથી ચઢતાં ચઢતાં યાવત્ સર્વ રાજ્ય માગવાની ઇચ્છા

---

૧. આ ગાંગેયમુનિ તે ભીષ્મપિતા નહિ હોય, કારણ કે ભીષ્મપિતા તો ૧૨ મા દેવલોકે ગયા છે, એમ પાંડવચરિત્રમાં કહ્યું છે. તેમ જ શ્રી ભગવતી સૂત્રમાં સાત નરકમાં જનાર જીવો સંબંધી અનેક ભાંગા પૂછનાર ગાંગેય અણગાર પણ નહિ હોય, કારણ કે ત્યાં તે નપુંસક તરીકે કહ્યા નથી, માટે સંભવ છે કે આ ગાંગેયમુનિ બીજા કોઈ હશે.

થતાં શીઘ્ર વિચાર બદલાયો અને વૈરાગ્ય પ્રગટ થયે દીક્ષા ગ્રહણ કરી કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા માટે કપિલ વગેરે स्वयंबुद्ध सिद्ध કહેવાય.

## तह बुद्धबोहि गुरुबोहिया य इगसमये इगसिद्धा य ।
## इगसमयेऽवि अणेगा, सिद्धा तेऽणेगसिद्धा य ॥५९॥

**સંસ્કૃત અનુવાદ**

**तथा बुद्धबोधिता गुरुबोधिता एकसमये एकसिद्धाश्च ।**
**एकसमयेऽप्यनेकाः, सिद्धास्तेऽनेकसिद्धाश्च ॥५९॥**

**શબ્દાર્થ**

तह = તથા
बुद्धबोहिय = બુદ્ધબોધિત સિદ્ધ
गुरुबोहिया = ગુરુથી બોધ પામેલા
इगसमये = એક સમયમાં
(એક સિદ્ધ થાય તે)
इगसिद्धा = એક સિદ્ધ
इगसमए = એક સમયે
अवि = પણ
अणेगा = અનેક
सिद्धा = સિદ્ધ થાય
ते = તે
अणेगसिद्धा = અનેકસિદ્ધ
य = અને

**અન્વય સહિત પદચ્છેદ**

**तह बुद्ध-बोहि य गुरुबोहिया य इग समये इग सिद्धा ।**
**य इग समए अवि अणेगा सिद्धा ते अणेग सिद्धा ॥५९॥**

**ગાથાર્થ:**

તથા ગુરુથી બોધ પામેલા તે બુદ્ધબોધિત સિદ્ધ. વળી એક સમયમાં એક જ સિદ્ધ થયેલા તે એક સિદ્ધ અને એક સમયમાં અનેક સિદ્ધ થાય તે અનેક સિદ્ધ।।૫૯।।

**વિશેષાર્થ:**

પૂર્વ ગાથાઓમાં કહ્યા પ્રમાણે આ ગાથામાં સિદ્ધના ભેદોનાં ઉદાહરણ દર્શાવ્યાં નથી, પરંતુ અર્થ કહ્યો છે, તે અર્થ સ્પષ્ટ છે, અને ઉદાહરણ આ પ્રમાણે-

શ્રી ગૌતમસ્વામી શ્રી મહાવીરપ્રભુથી બોધ પામી મોક્ષે ગયા; માટે શ્રી ગૌતમ ગણધર बुद्धबोधित सिद्ध તથા શ્રી મહાવીરપ્રભુ એકાકી મોક્ષે ગયા છે, માટે શ્રી મહાવીર સ્વામી एकसिद्ध તથા શ્રી ઋષભદેવ પ્રભુ, તેમના ૯૯ પુત્ર અને (તેમના) પુત્ર ભરત ચક્રવર્તીના ૮ પુત્ર મળી એક સમયમાં ૧૦૮ જીવ મોક્ષે ગયા છે, માટે શ્રીઋષભપ્રભુ વગેરે अनेकसिद्ध કહેવાય.

## ॥ મોક્ષતત્ત્વ જાણવાનો ઉદ્દેશ ॥

આ મોક્ષતત્ત્વમાં શ્રી સિદ્ધ પરમાત્માનું સ્વરૂપ સમજીને આત્મા એવો વિચાર કરે કે, અખંડ ચિદાનંદમય શુદ્ધ સ્વરૂપી સિદ્ધ પરમાત્મા અને હું બંને સ્વભાવદશામાં સત્તાએ સરખા છીએ, એ સિદ્ધ પરમાત્મા પણ પ્રથમ મારા જેવી વિભાવદશામાં વર્તનારા સંસારી જીવ જ હતા, પરંતુ એ પરમાત્માએ સંસારી અવસ્થામાં (એટલે કેવળ ગૃહસ્થપણામાં નહિ પણ ગૃહસ્થાવાસ તથા શ્રમણઅવસ્થામાં) પણ પોતાનું આત્મબળ પ્રગટ કરી, કર્મનાં બંધન તોડી, વિભાવદશા દૂર કરી, આત્માનો સહજ સ્વભાવ પ્રગટ કરી નિર્વાણ પામી ચૌદરાજ લોકના અંતે અક્ષય સ્થિતિ પ્રાપ્ત કરી, આજે આવી પરમ વિશુદ્ધ દશારૂપ સિદ્ધ પરમાત્મપદ પ્રાપ્ત કર્યું છે, અને હું હજી વિભાવદશામાં રમી રહ્યો છું, માટે હું પણ એવું આત્મબળ પ્રગટ કરૂં તો સિદ્ધ પરમાત્મા થઈ શકું, એમ સમજી આત્મા પોતાની સિદ્ધદશા પ્રગટ કરવા સન્મુખ થાય. ધન, કુટુંબ, શરીર આદિ બાહ્ય બંધનો તથા કામ-ક્રોધાદિ અભ્યન્તર બંધનો તોડે અને પોતાનો સહજ સ્વભાવ પ્રગટ કરે તો મુક્ત થઈ પરમાત્મદશા પ્રાપ્ત કરે, એ જ મોક્ષતત્ત્વ જાણવાનો મુખ્ય ઉદ્દેશ છે.

॥ इति ९ मोक्षतत्त्वम् ॥

આ નવતત્ત્વ પ્રકરણનો વિશેષાર્થ સમાપ્ત થયો. ભવ્ય જીવોએ આ નવતત્ત્વનો અભ્યાસ કરી શ્રી જિનેશ્વર ભગવંતની આજ્ઞાનું સમ્યક્ શ્રદ્ધાન કરી, સમ્યક્ આચાર-વિચારરૂપ સમ્યક્ ચારિત્રનું પરિપાલન કરી મુક્તિપદ પ્રાપ્ત કરવું; એ જ આ નવતત્ત્વ જાણવાનો સાર છે. મતિદોષથી અથવા લેખનદોષથી અથવા પ્રેસદોષથી થયેલી ભૂલચૂકને માટે मिथ्यादुष्कृत દઈએ છીએ, તે ગંભીર હૃદયવાળા સજ્જનો મારા સરખા કૃપાપાત્ર અર્થલેખક પ્રત્યે ક્ષમા આપી સુધારી વાંચશે.

**श्री जैनश्रेयस्कर मण्डलाख्यसंस्थान्तर्गतानेकधार्मिकव्यवहृति-**
**संचालकस्य श्रीमहिसानाख्यनगरनिवासिश्रेष्ठिवर्य**
**श्रीयुतवेणीचन्द्रसुरचन्द्रस्य सत्प्रेरणातः भृगुकच्छ-**
**निवासी श्रेष्ठिवर्य-श्रीयुतानुपचन्द्रस्य विद्यार्थि-**
**चंदुलालेन विरचितः संस्थया च**
**संशोधितः संवर्धितश्चायं श्री**
**नवतत्त्वप्रकरणविशेषार्थः**

**समाप्तः**

# श्री नवतत्त्व प्रकरण

जीवाऽजीवा पुण्णं, पावाऽऽसव संवरो य निज्जरणा ।
बन्धो मुक्खो य तहा, नवतत्ता हुंति नायव्वा ॥१॥

चउदस चउदस बायालीसा बासी अ हुंति बायाला ।
सत्तावन्नं बारस, चउ नव भेया कमेणेसिं ॥२॥

एगविह दुविह तिविहा, चउव्विहा पंच छव्विहा जीवा ।
चेयण-तसइयरेहिं, वेय-गई-करण-काएहिं ॥३॥

एगिंदिय सुहमियरा, सन्नियर पणिंदिया य सबितिचउ ।
अपज्जत्ता पज्जत्ता, कमेण चउदस जियट्ठाणा ॥४॥

नाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा ।
वीरियं उवओगो य, एयं जीअस्स लक्खणं ॥५॥

आहारसरीरिंदिय-पज्जत्ती आणपाणभासमणे ।
चउ पंच पंच छप्पि य, इगविगलाऽसन्नीसन्नीणं ॥६॥

पणिंदिअत्तिबलूसा-साऊ दस पाण चउ छ सग अट्ठ ।
इग-दु-ति-चउरिंदीणं, असन्नि-सन्नीण नव दस य ॥७॥

धम्माधम्मागासा, तिय-तिय-भेया तहेव अद्धा य ।
खंधा देस पएसा, परमाणु अजीव चउदसहा ॥८॥

धम्माऽधम्मा पुग्गल, नह कालो पंच हुंति अज्जीवा ।
चलणसहावो धम्मो, थिरसंठाणो अहम्मो य ॥९॥

अवगाहो आगासं, पुग्गलजीवाण पुग्गला चऊहा ।
खंधा देस पएसा, परमाणु चेव नायव्वा ॥१०॥

सद्दंधयार उज्जोअ, पभा छायातवेहि अ ( इय ) ।
वन्न गंध रसा फासा, पुग्गलाणं तु लक्खणं ॥११॥

एगा कोडि सत्तसट्ठि, लक्खा सत्तहुत्तरी सहस्सा य ।
दो य सया सोलहिया, आवलिया इगमुहुत्तमि ॥१२॥

समयावली मुहुत्ता, दीहा पक्खा य मास वरिसा य ।
भणिओ पलिया सागर, उस्सप्पिणिसप्पिणी कालो ॥१३॥

परिणामि जीव मुत्तं, सपएसा एग खित्त किरिया य ।
णिच्चं कारण कत्ता, सव्वगय इयर अप्पवेसे ॥१४॥

सा उच्चगोअ मणुदुग, सुरदुग पंचिंदिजाइ पणदेहा ।
आइतितणुणुवंगा, आइमसंघयणसंठाणा ॥१५॥

वन्नचउक्कागुरुलहु, परघा उस्सास आयवुज्जोअ ।
सुभखगइनिमिणतसदस, सुरनर तिरिआउ तित्थयरं ॥१६॥

तस बायर पज्जत्तं, पत्तेअ थिरं सुभं च सुभगं च ।
सुस्सर आइज्ज जसं, तसाइदसगं इमं होइ ॥१७॥

नाणंतरायदसगं, नव बीए नीअसाय मिच्छत्तं ।
थावरदस-निरयतिगं, कसाय पणवीस तिरियदुगं ॥१८॥

इगबितिचउजाईओ, कुखगइ उवघाय हुंति पावस्स ।
अपसत्थं वन्नचऊ, अपढमसंघयणसंठाणा ॥१९॥

थावर सुहुम अपज्जं, साहारणमथिरमसुभ-दुभगाणि ।
दुस्सरणाइज्जजसं, थावर-दसगं विवज्जत्थं ॥२०॥

इंदिअ कसाय अव्वय, जोगा पंच चउ पंच तिन्नि कमा ।
किरियाओ पणवीसं, इमा उ ताओ अणुक्कमसो ॥२१॥

काइय अहिगरणिआ, पाउसिया पारितावणी किरिया ।
पाणाइवायारंभिय, परिग्गहिआ मायवत्ती अ ॥२२॥

मिच्छादंसणवत्ती, अपच्चक्खाणा य दिट्ठि पुट्ठि य ।
पाडुच्चिय सामंतो-वणीअ नेसत्थि साहत्थी ॥२३॥

आणवणि विआरणिया, अणभोगा अणवकंखपच्चइया ।
अन्ना पओग समुदाण पिज्ज दोसेरियावहिया ॥२४॥

समिई गुत्ती परिसह, जइधम्मो भावणा चरित्ताणि ।
पण ति दुवीस दस बार, पंचभेएहिं सगवन्ना ॥२५॥

इरिया भासेसणादाणे, उच्चारे समिईसु अ ।
मणगुत्ती वयगुत्ती, कायगुत्ती तहेव य ॥२६॥

खुहा पिवासा सी उण्हं, दंसाचेलारइत्थिओ ।
चरिया निसीहिया सिज्जा, अक्कोस वह जायणा ॥२७॥

अलाभ रोग तणफासा, मल-सक्कार-परीसहा ।
पन्ना अन्नाण सम्मत्तं, इअ बावीस परीसहा ॥२८॥

खंती मद्दव अज्जव, मुत्ती तव संजमे अ बोधव्वे ।
सच्चं सोअं आकिंचणं च बंभं च जइधम्मो ॥२९॥

पढममणिच्चमसरणं, संसारो एगया य अन्नत्तं ।
असुइत्तं आसव संवरो य तह णिज्जरा नवमी ॥३०॥

लोगसहावो बोही-दुल्लहा धम्मस्स साहगा अरिहा ।
एआओ भावणाओ, भावेअव्वा पयत्तेणं ॥३१॥

सामाइअत्थ पढमं, छेओवट्ठावणं भवे बीअं ।
परिहारविसुद्धिअं सुहुमं तह संपरायं च ॥३२॥

तत्तो अ अहक्खायं, खायं सव्वंमि जीवलोगंमि ।
जं चरिऊण सुविहिया, वच्चंति अयरामरं ठाणं ॥३३॥

बारसविहं तवो णिज्जरा य, बंधो चउव्विगप्पो अ ।
पयइ-ट्ठिइ-अणुभाग-प्पएसभेएहिं नायव्वो ॥३४॥

अणसणमूणोअरिया, वित्तीसंखेवणं रसच्चाओ ।
कायकिलेसो संली-णया य बज्झो तवो होइ ॥३५॥

पायच्छित्तं विणओ, वेयावच्चं तहेव सज्झाओ ।
झाणं उस्सग्गोऽवि अ, अब्भिंतरओ तवो होइ ॥ ३६॥

पयई सहावो वुत्तो, ठिई कालावहारणं ।
अणुभागो रसो णेओ, पएसो दलसंचओ ॥३७॥

पडपडिहारऽसिमज्ज-हडचित्तकुलालभंडगारीणं ।
जह एएसिं भावा, कम्माणऽवि जाण तह भावा ॥३८॥

इह नाणदंसणावरण-वेयमोहाउ नामगोआणि ।
विग्घं च पण नव दु अट्ठवीस चउ तिसय दु पणविहं ॥३९॥

नाणे अ दंसणावरणे, वेयणीए चेव अंतराए अ ।
तीसं कोडाकोडी, अयराणं ठिई अ उक्कोसा ॥४०॥

सित्तरि कोडाकोडी, मोहणिए वीस नाम-गोएसु ।
तित्तीसं अयराइं आउट्ठिइबंध उक्कोसा ॥४१॥

बारस मुहुत्तं जहन्ना, वेयणिए अट्ठ नाम गोएसु ।
सेसाणंतमुहुत्तं, एयं बंधट्ठिईमाणं ॥४२॥

संतपयपरूवणया, दव्वपमाणं च खित्त फुसणा य ।
कालो अ अंतरं भाग, भाव अप्पाबहुं चेव ॥४३॥

संतं सुद्धपयत्ता, विज्जतं खकुसुमंव्व न असंतं ।
मुक्खत्ति पयं तस्स उ, परूवणा मग्गणाईहिं ॥४४॥

गइ इंदिए अ काए जोए वेए कसाय नाणे अ ।
संजम दंसण लेसा, भव सम्मे सन्नि आहारे ॥४५॥

नरगइ पणिंदितस भव, सन्नि अहक्खाय खइअसम्मत्ते ।
मुक्खोऽणाहार केवल-दंसणनाणे न सेसेसु ॥४६॥

दव्वपमाणे सिद्धाणं, जीवदव्वाणि हुंतिऽणंताणि ।
लोगस्स असंखिज्जे, भागे इक्को य सव्वेवि ॥४७॥

फुसणा अहिया कालो, इग-सिद्ध-पडुच्च साइओणंतो ।
पडिवायाऽभावाओ, सिद्धाणं अंतरं नत्थि ॥४८॥

सव्वजियाणमणंते, भागे ते तेसिं दंसणं नाणं ।
खइए भावे परिणा-मिए अ पुण होइ जीवत्तं ॥४९॥

थोवा नपुंससिद्धा, थी नर सिद्धा कमेण संखगुणा ।
इअ मुक्खतत्तमेअं नवतत्ता लेसओ भणिआ ॥५०॥

जीवाइ नव पयत्थे, जो जाणइ तस्स होइ सम्मत्तं ।
भावेण सद्दहंतो, अयाणमाणेऽवि सम्मत्तं ॥५१॥

सव्वाइं जिणेसर-भासियाइं वयणाइं नन्नहा हुंति ।
इइ बुद्धी जस्स मणे, सम्मत्तं निच्चलं तस्स ॥५२॥

अंतोमुहुत्तमित्तं-पि फासियं हुज्ज जेहिं सम्मत्तं ।
तेसिं अवड्ढपुग्गल-परिअट्टो चेव संसारो ॥५३॥

उस्सप्पिणी अणंता, पुग्गलपरियट्टओ मुणेयव्वो ।
तेऽणंताऽतीअद्धा, अणागयद्धा अणंतगुणा ॥५४॥

जिणअजिणतित्थऽतित्था, गिहि अन्नसलिंग थी नरनपुंसा ।
पत्तेय सयंबुद्धा, बुद्धबोहिय इक्कणिक्का य ॥५५॥

जिणसिद्धा अरिहंता, अजिणसिद्धा य पुंडरिअपमुहा ।
गणहारि तित्थसिद्धा, अतित्थसिद्धा य मरुदेवा ॥५६॥

गिहिलिंगसिद्ध भरहो, वक्कलचीरी य अन्नलिंगम्मि ।
साहु सलिंगसिद्धा, थीसिद्धा चंदणापमुहा ॥५७॥

पुंसिद्धा गोयमाई, गांगेयाई नपुंसया सिद्धा ।
पत्तेय-सयंबुद्धा, भणिया करकंडु-कविलाई ॥५८॥

तह बुद्धबोहि गुरुबोहिया य इगसमये इगसिद्धा य ।
इगसमयेऽवि अणेगा, सिद्धा तेऽणेगसिद्धा य ॥५९॥

॥ इति श्री नवतत्त्वमूलम् ॥

# શ્રી જૈન શ્રેયસ્કર મંડળ, મહેસાણા

## અમારાં પ્રકાશનો

સામાયિક ચૈત્યવંદનાદિ સૂત્રો
બે પ્રતિક્રમણ મૂળ (ગુજ.)
બે પ્રતિક્રમણ મૂળ (હિન્દી)
બે પ્રતિક્રમણ (સાર્થ)
પંચ પ્રતિક્રમણ મૂળ (ગુજ.)
પંચ પ્રતિક્રમણ મૂળ (હિન્દી)
પંચ પ્રતિક્રમણ (સાર્થ)
જીવ વિચાર
નવતત્ત્વ પ્રકરણ
દંડક - લઘુસંગ્રહણી
ભાષ્યત્રયમ્
કર્મગ્રન્થ ભાગ ૧લો (૧-૨)
કર્મગ્રન્થ ભાગ ૨જો (૩-૪)
કર્મગ્રન્થ ભાગ ૩જો (૫-૬)
તત્ત્વાર્થાધિગમસૂત્ર
પંચ પ્રતિક્રમણ સૂત્રાર્થ
(પં. શ્રી પ્રભુદાસભાઈ કૃત)

આનંદઘન ચોવીશી સાર્થ
દ્રવ્યગુણ પર્યાયનો રાસ
જિનગુણ પદ્યાવલી
સમકિત ૬૭ બોલની સજ્ઝાય
આત્મહિતકર આધ્યાત્મિક
વસ્તુ સંગ્રહ
અભક્ષ્ય અનંતકાય વિચાર (ગુજ.)
અભક્ષ્ય અનંતકાય વિચાર (હિન્દી)
સમાસ સુબોધિકા
સિદ્ધહેમ રહસ્યવૃત્તિ
પહેલી ચોપડી
ધર્મોપદેશ તત્ત્વજ્ઞાન
પંચસંગ્રહ ભાગ ૩
તત્ત્વાર્થાધિગમસૂત્ર ભાગ ૧
તત્ત્વાર્થાધિગમસૂત્ર ભાગ ૨
(પં. શ્રી પ્રભુદાસભાઈ કૃત)

### : ગ્રાહકોને સૂચના :

૧. પુસ્તકો અગાઉથી નાણાં મળ્યા પછી કે વી.પી. થી મોકલી શકાય છે.
૨. પોસ્ટેજ પેકીંગ વગેરે ખર્ચ અલગ સમજવાનું છે.

### : પ્રાપ્તિસ્થાન :

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ
સ્ટેશન રોડ, મહેસાણા (ઉ.ગુજરાત)
પી. નં. ૩૮૪૦૦૧
ફોન : ૫૧૩૨૭

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ
બાબુ બિલ્ડીંગ,
તળેટીરોડ, પાલીતાણા (સૌરાષ્ટ્ર)
પીન નં. ૩૬૪૨૭૦

આપના બાળકોને

શ્રદ્ધાળુ, જ્ઞાનવાન

અને

ચારિત્રસંપન્ન બનાવવા

મહેસાણા

પાઠશાળામાં દાખલ

કરો

પ્રવેશ પત્ર મંગાવી

નીચેના સરનામે

ભરી મોકલો

શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા
ઠે. : સ્ટેશન રોડ,
મહેસાણા (ઉ.ગુ.) ૩૮૪૦૦૧.

: મુદ્રક :
ભરત પ્રિન્ટરી
(કાન્તિલાલ ડી. શાહ)
ન્યૂ માર્કેટ, પાંજરાપોળ, રીલીફ રોડ, અમદાવાદ-૧.
ફોન : ૨૨૧૬૪૭૯૮